Chap-3 Part-1

પ્રકરણ - 3

-: શોકોર્મિકવિતાની સમીક્ષા :-

સંશોધનના આ કેન્દ્રવર્તી પ્રકરણમાં મૃત્યુજન્ય શોક અને વિષાદની અભિવ્યક્તિ આપતા શોકોર્મિકાવ્યોની જુદા જુદા ૧૨ પેટા વિભાગોમાં સમીક્ષા આપી છે. તેથી સંશોધનનું આ શીર્ષક પ્રકરણ છે. એમ કહેવું યથાર્થ છે. આ બાર પેટા વિભાગો નીચે પ્રમાણે છે.

૧. શોકોર્મિકવિતામાં સ્વજનસંદર્ભ.
૨. શોકોર્મિકવિતામાં મૃત્યુનું આલેખન.
૩. શોકોર્મિકવિતામાં મંથન, ચિંતન, સમાધાનનું આલેખન.
૪. શોકોર્મિકવિતામાં શોકની ભાવાભિવ્યક્તિ.
૫. લઘુવિષાદકાવ્યોમાં વિષાદની અભિવ્યક્તિ.
૬. શોકોર્મિકવિતામાં કરુણની સ્વાનુભૂતિ.
   અ. કરુણની સ્વનિષ્પત્તિ.
   બ. કરુણની સ્વસંક્રાંતિ.
૭. શોકોર્મિકવિતામાં ભાષાકર્મ
૮. શોકોર્મિકવિતામાં અંજલિનું વૈવિધ્ય
૯. શોકોર્મિકવિતાઓની સિધ્ધિ મર્યાદા.
૧૦. શોકોર્મિકવિતાનો તુલનાત્મક અભ્યાસ.
૧૧. શોકોર્મિકવિતામાં પ્રગટ થતી દાંપત્ય ભાવના.
૧૨. શોકોર્મિકવિતા અને નિવાપાંજલિઓ.

શોકોર્મિકવિતાના કાવ્યસ્વરૂપની શોધના આશયે ઉપરોક્ત બાર મુદ્દામાં વિભાજિત આધાર સમીક્ષા રજૂ કરી છે. એમાં ''અંજલિમાં અભિવ્યક્તિનું વૈવિધ્ય '' અને 'મૃત્યુનું આલેખન'' નિમિત્તે મંથન, ચિંતન, સમાધાનના આલેખનની સાથે મૃત્યુના માંગલ્યની ચર્ચા સમાવિષ્ટ કરી છે. પુથક્કરણ કરતાં ક્યાંક ક્યાંક કેટલાંક મુદ્દાઓ પુનરાવર્તીત થયેલા કદાચ લાગી શકે પરંતુ નગણ્ય ગણાય એવી ભેદરેખાઓને લક્ષમાં રાખીને મુદ્દાઓ પૃથક ગણીને ઉપસાવ્યા છે.

kalpana's

-: શોકોર્મિકવિતાનું સ્વજાતસંદર્ભ :-

ઊર્મિકવિતાનું ઐતિહાસિક મૂળ શોધતાં સંશોધકોને લાગ્યું છે કે કોઈપણ દેશમાં અન્ય કોઈપણ કાવ્ય પ્રકાર પહેલાં ઊર્મિકવિતા હોઈ શકે એ સ્વાભાવિક છે. "માનવ ઊર્મિનાં - સંવેદનના-ભાવોના ઉદ્‌ગાર રૂપ ઊર્મિકવિતા એ કવિતાની ગુંગોટી - સર્વ પ્રથમ ભૂમિકા ૨૬." નો સ્વીકાર સર્વસંમત છે. સૌપ્રથમ આદિ કવિતા ઊર્મિના ઉદ્‌ગાર રૂપે પ્રગટી એમ માનીયે તો તો તે આત્મલક્ષી ઊર્મિનું જ્ઞાન બને એ સ્વાભાવિક છે. તેથી ઊર્મિકવિતા આત્મલક્ષી કવિતાનું સ્વરૂપ પ્રથમ છે અને પરલક્ષીતા તેમાં તે પછી પ્રવેશી , કારણ કે આત્મલક્ષીતા અને પરલક્ષીતા સર્જક ચિત્તના વલણ કે અભિગમથી પડતો ભેદ છે ઊર્મિનું મૂળ તો આત્મલક્ષી જ છે. એ સંદર્ભમાં શોકની ઊર્મિપણ વ્યક્તિગત ઉદ્‌ભવ અને સ્વાનુભવની અભિવ્યક્તિનો વિષય છે. તેથી શોકોર્મિકવિતા પણ સ્પષ્ટ પણે આત્મલક્ષી ઊર્મિ-કવિતા જ કહી શકાય. કવિ ચિત્તના શોકના સ્વાનુભવમાંથી જાગેલી સંવેદના તે શોકોર્મિકવિતા છે.

સુખ અને દુઃખના બે મોટા વર્ગમાં અનેક ભાવચ્છાયાઓના રંગ પલટા ઘરાવતી ઊર્મિઓની સૂક્ષ્મ ભેદ રેખા કલાનો વૈભવ છે. તેની અભિવ્યક્તિ જ કવિતાકલા છે. એમાંથી ખિન્નતા, હતાશા, લાચારી, બેકલતા, અજંપો, શૂન્યમનસ્કસ્થિતિ, ગ્લાનિ, નિરાશા, ઝૂમો, ગદગદ્ કંઠની રુંધામણ, જેવી અનેક અવસ્થાઓ શોકની ઊર્મિની ભાવચ્છાયાઓ છે જેને રસશાસ્ત્રમાં વ્યાભિચારી ભાવાનુભાવો તરીકે ઓળખાવ્યા છે પરંતુ આ બધો જ ભાવચ્છાયાઓ કોઈ એક વર્ગમાં સંકળાયેલી છે. તેને વિષાદ તરીકે ઓળખાવવામાં આવ્યો છે. તેથી વિષાદ શોકનો અનુભાવ છે. શોક ભાવ છે. અને ઉપર્યુક્ત ભાવચ્છાયામાંથી જુદાં જુદાં કવિઓએ એક યા બીજી ભાવને પસંદ કરી કૃતિઓ રચી છે આપણાં ઘણાં વિષાદ-કાવ્યોમાં આ પ્રકારનું વૈવિધ્ય છે તેથી એ શોકોર્મિ કવિતા છે.

kalpana's

બ. ક. ઠા.એ ઊર્મિકવિતાના વર્ગવિભાજનમાં એક વર્ગ વિરહોર્મિ-કવિતાનો ચૂચવ્યો છે. તેમાં બે પેટા વિભાગ છે. દીર્ઘ વિરહોર્મિ-કવિતા અને લઘુ વિરહોર્મિકવિતા, દીર્ઘવિરહોર્મિકવિતા માં વર્ગમાં તો માત્ર મરણ નિમિતક કરુણ પ્રશસ્તિ કવિતાનો જ ઉલ્લેખ છે પરંતુ લઘુ વિરહોર્મિ કવિતાના વર્ગમાં કાવ્યનું પ્રકાર વૈવિધ્ય ઘણું છે. લઘુ-વિરહોર્મિ અને દીર્ઘ વિરહોર્મિકવિતામાં પ્રસંગ, ભાવ, રસ, ભાવનો સંચર સંભવે, જેવાં ઘણા તત્વોનું સામ્ય હોવા છતાં આ બન્ને પ્રકારો જુદા, પોતાનું અસ્તીત્વ ટકાવી સ્થિર થયેલો છે એ ભેદરેખા કોઇ ભૂંસી શકયું નથી. એજ અભિવ્યકિતની મોટી સિધ્ધિ છે. સમાનતા અને ભિન્નતાની વચ્ચે બન્ને વર્ગોની કવિતામાં હાર્દ બની ગૌણ્યોનો વિષાદ બન્ને માટે કાવ્યત્વનો પ્રાણ છે. જેવાં ટૂંકા વિરહોર્મિકાવ્યો માટે ચંદ્રશંકર ભટ્ટ કરે છે.૨૰ "આવાં ટૂંકા વિરહોર્મિકાવ્યોમાં કરુણ પ્રશસ્તિનાં બધાં લક્ષણો હોતાં નથી. પરંતુ મહદ્ અંશે સ્વજનના મૃત્યુનો વિષાદ પ્રધાન હોય છે તેમાં સદ્ગતનાં સ્વજનના ગુણોનો ઈશારો અને પોતાના જીવનમાં તે વ્યકિતનાં સ્થાન અને મહત્વનું ગાન હોય છે માને લીધે વિષાદ તીવ્ર બને છે. આ પ્રકારના ટૂંકા વિરહોર્મિકાવ્યોને ઠાકોરે આપ્યું છે તે નામ સ્વીકારીને વિષાદકાવ્ય કરીશું" વિરહોર્મિ-કવિતા અને તેમાં પણ વિષાદકાવ્યોની દૃષ્ટિએ મૃત્યુજન્ય શોકમાંથી ઉદ્ભવતી કવિતા છે. જેમાં મૃત્યુને કારણે વ્યાપેલો વિરહ છે અને જે શોક, વિષાદ કે વિરહના મૂલમાં સ્વજન, આત્મીયજન કે પ્રિયજન-ની આત્મીયતા પછી વ્યાપેલો અભાવ છે. આ પૃથકકરણ અને વિશ્લેષણ પરથી મળતા સમર્થનને આધારે કહી શકાય કે શોકોર્મિકવિતા મૃત્યુજન્ય શોકને વ્યકત કરતી કવિતા છે. તેના કેન્દ્રમાં સદ્ગત સ્વજન છે.

લઘુ વિરહોર્મિકર્નિા ટૂંકા વિરહોર્મિકાવ્યોમાં, અન્ય પ્રકારોમાં આવતો સ્વજનવિષયક શોકોર્મિકવિતા અને વિષાદકાવ્યોથી કયાં સામ્ય ધરાવે છે અને કેટલો ભેદ ધરાવે છે એ પણ એક અભ્યાસનો

kalpanaz's

નો વિષય છે. આમ તો લઘુ સ્વરૂપની વિરહોર્મિકવિતા મુખ્યત્વે ઉ.''મૃત્યુ જન્ય શોકમાંથી સ્ફુરતા ચતિ દુઃખી કવિતા, પ્રિયજનના પાળિયા, દહેરી, સમાધિ, છત્રી, કબ્ર કે ભવ્ય કોઇ સ્મારક ઉપર કોતરાય'' જેવાં સ્મૃતિ લેખમાં પણ સ્વજન અને તેના મૃત્યુપર શોકની અંજલિ વ્યક્ત કરેલી હોય છે. 'સ્મૃતિ લેખ એ વિરહોર્મિકવિતાનું ટૂંકામાં ટૂંકુ રૂપ છે.'' જેમાં પંકિત સંખ્યા કરતાંય શબ્દ સંખ્યાને ધ્યાનમાં રાખી ચોકકસ માળખાની મર્યાદા સ્વીકારી સદ્‌ગતના જીવનના વ્યકિતત્વના કેન્દ્રરૂપ સદ્‌ગુણને ઉપસાવવામાં આવે છે એટલે સ્મૃતિલેખમાં સ્વજન સંદર્ભ ચોકકસ મર્યાદિત રૂપમાં વ્યકત થાય છે. તેમાં માત્ર વૈયકિતક દૃષ્ટિકોણ જ ધ્યાનમાં રાખવામાં આવેલો જોવા મળે છે.

રાજિયા-મરાશિયામાં કંઈક વિશેષ વિગતે સ્વજન સંદર્ભ કયારેક ઉપલબ્ધ બને છે. આમ તો રાજીયા- મરશિયા સ્વજનના મૃત્યુથી તત્કાલ જન્મેલા શોક યુકત કરુણ કલ્પાંતનું વિલાપગાન છે. જેમાં લાગણીનો પ્રસ્ફોટ ઉદ્‌ગાર, પ્રશસ્તિ, માહિતી, ગુણાનુવાદ ગણાવ, કીર્તિ, મહિમા, ઉજ્જવલ કારકીર્દિનું મરનારનું ગૌરવ, લાક્ષણિકતા જેવું વિગતે વૈવિધ્ય માણવા છતાં વિશિષ્ટ કરુણલય હોવા છતાં તેની વિશિષ્ટ પ્રકારની ચરિત્રવ્યકિત હોવા છતાં, વર્ષોથી હજી આજે પણ તે ચરિતત્વ ધરાવતી હોવા છતાં, સ્વજનની ક્રિયા અને ગાન સાચી લાગણીજન્ય હોય તો પણ કાવ્ય કોટિમાં ગણાયા નથી.

ચિંતનોર્મિકવિતામાં વ્યકિત કેન્દ્રમાં હોય અને તે વ્યકિત સ્વજન હોય તો તેમાં સ્વજનસંદર્ભની રજાવના છે તેવી વ્યકિતનાં ગુણો, સ્વભાવ કાર્ય મગેનું ચિંતન જેમાં ઉપલબ્ધ હોય પરંતુ વ્યકિત સિવાય પણ સ્થળ અને દૃશ્ય પરથી લખાયેલાં ચિંતન કાવ્યોનો વિસ્તાર વધુ છે. જેમાં મારોજ઼ ઉત્તમ છે.

Kalpana's

અંગ્રેજીમાં Ode નામે ઓળખાતું કાવ્ય ગુજરાતીમાં ઉદ્‌બોધન કવિતા નામે પ્રચલિત છે પણ ચંદ્રશંકર ભટ્ટ કહે છે. ''૫. .....નેને બદલે હું 'સંબોધન કવિતા' પર્યાય વધારે ઉચિત માનું છું'' એક વ્યક્તિને ઉદ્દેશીલખાયેલું કાવ્ય સંબોધન કાવ્ય પ્રકારનું કહેવું જોઈએ. ઉદ્‌બોધન સમૂહને -હાવાલાલનું 'ગુજરાતનો તપસ્વી સંબોધન કાવ્ય છે તેમાં પણ વ્યક્તિના જીવનકાર્ય, ગુણ, સ્વભાવનો સંદર્ભ મળે છે. પરંતુ હું એમ માનું છું કે ચિંતનોર્મિ કવિતા અને સંબોધન કવિતામાં વ્યક્તિના સંદર્ભો ઊર્મિ કરતાં માહિતી વધુ ચાલેખાતી હોય તો તે કાવ્યત્વને બાધારૂપ નીવડે. કદાચ માવા જ કોઈ કારણે ચિંતનોર્મિકવિતા, સંબોધન કવિતા, સ્મૃતિ લેખ, રાજિયા-મરસિયા કરતાં ચાપણાં સંસ્કૃતમાં કાલિદાસના રઘુવંશમાં 'અજવિલાપ' અને કુમાર સંભવમાં 'રતિવિલાપ' ને પગલે મધ્યકાલીન ગુજરાતમાં દશમસ્કંધમાં પ્રેમાનંદે ગાયેલો 'જાોદા વિલાપ' માં પ્રશસ્તિ ઉપરાંત તીવ્ર વિષાદ ક્રમે હોવાથી સાહિત્યમાં ઉલ્લેખનીય બન્યા છે. તેમાં જાોદાએ કૃષ્ણનો સ્વજન સંદર્ભ યોજયો છે. મૃત્યુની દહેશતમાંથી જાગતો વિષાદ કલાકોટિ પ્રાપ્ત કરે છે.

ઉપર્યુકત ટૂંકી વિરહોર્મિકાવ્યમાં સ્વજનનો ઉલ્લેખ જે સંદર્ભે જુદે જુદે રૂપે છે પણ એ સર્વમાં વ્યકિતત્વ, માહિતી કે પ્રભાવની અભાવ કોઈનો પ્રયત્ન કાવ્યત્વની દિશામાં, રસકોટિ પ્રાપ્ત કરવામાં બાવજગત રચવામાં સક્ષમ જીવડતો નથી તેથી તે માત્ર માહિતી કે ઉલ્લેખ પૂરતાં મર્યાદિત છે જ્યારે એની સરખામણીમાં વિષાદકાવ્યો અને શોકોર્મિકવિતામાંથી મળતી કાવ્યકૃતિકામાં રચાતો સ્વજન સંદર્ભ કાવ્યત્વનો ઈશારો કરે છે સ્વજનનો અર્થ તે પંકિતઓમાંથી મળે છે. સ્વજનની વ્યાખ્યા, સ્વજનનો આદર્શ અને જીવનમાં સ્વજનનું સ્થાન અને તેના વિના જીવનમાં વ્યાપતો અભાવ તે દ્વારા તેનું મહત્વ

kalpanc's

સ્થાપીને વિષાદકાવ્યો અને શોકોર્મિકવિતા સ્વજનની ઉત્તમ ઓળખ કાર્ય, પ્રભાવ અને આદર્શનો અભ્યાસ આપે છે. આ કાવ્યોનું ઉત્તમ પાસું એ છે કે કાવ્ય કંડિકામાં આવતો સંદર્ભ કયાંય સ્વજનની માહિતી બની જતો નથી, શુષ્ક લાગતો નથી કાવ્યના ભાવજગત કેન્દ્રની ઊર્મિ અને કરુણ, શોકની ચેકરૂપ સ્થિતિમાં મહત્વની જોડતી કડી બને છે.

શોકોર્મિકવિતા અને વિષાદ કાવ્યોમાં મળતા સ્વજન સંદર્ભનું બીજું આગવું પાસું એ પણ છે કે જાહેર આદરણીય મહાનુભાવો માટે પણ શોકકાવ્યો અને વિષાદકાવ્યો લખાયા છે. દા.ત. ગાંધીજીના અવસાન નિમિત્તે લખાયેલા વિષાદકાવ્યોમાં ઉમાશંકરનું '૨૭ો ન મુજ મૃત્યુને' અને મનસુખલાલનું' આજ નયનો રડો' વિશિષ્ટ કથનરીતિની દૃષ્ટિએ ઉલ્લેખપાત્ર છે. જેમાં સદ્‌ગત મહાનુભાવ પ્રત્યે એક વિશિષ્ટ પ્રભાવ યુકત પ્રતિભાવ અને આત્મીયતા છે જ્યારે જયમન ગાંધીનું 'સંભારું' રમણભાઈ નિલકંઠનું 'રેખાશૂન્યતા', કે કાન્તનું 'પ્રમાદી નાવિક, ઉશનસ્‌નું 'દાહીમાનો કે રમણીક અગલવાળાનું 'વિખૂટા મિત્રને' માં સ્વજનનો નીજી આત્મીયતાને કારણે એક જુદાજ સ્વરૂપનો સ્વજનનો પરિચય મળે છે. જેમાં ગુણાનુવાદ કે શિષ્ટાચાર કે કોઈ મહાજા વિના માત્ર નિકટતા, આત્મીયતા, અર્પણ, અને સ્વજન ગુમાવ્યાનો વિરહ વિષાદ માત્ર છે. જાહેર આદરણીય મહાનુભાવના શોકકાવ્યોમાં લોકલાગણીનો સૂર ભળે છે. તે પ્રભાવજન્ય લાગે છે જ્યારે કુટુંબીજન કે પ્રિયજન કે સ્વજનની શોકોર્મિ સ્વભાવજન્ય, આત્મીયતામાંથી, લાગણીનું સંતરઝરણું બની રહે છે. જેમાં શિષ્ટતા કરતાં આત્મીયતા છે. એ અન્યજન x માટે નહીં પણ સ્વજન માટેજ છે. તેથી જેમ કહી શકાય કે શોકોર્મિકવિતામાંથી મળતો સ્વજન સંદર્ભ લાગણીની સચ્ચાઈના રણકાને લઈને આવતોએ x આપણો પરિચય આપતો સ્વજનને હૃદયની આરસીના સ્પષ્ટ પ્રતિબિંબમાંથી પામતો પરિચય છે. જેમાં લાગણી જ સાક્ષી છે હૃદયની કબૂલાત છે અને

kalpana's

વિષાદની અભિવ્યકિત પોતેજ અવસાન પામેલ વ્યકિત સ્વજન હોવાનો ચોકકસ કરે છે. સ્વજનની ઓળખની ચોક્ક સ્પષ્ટ ભેદરેખા ગંગત સ્વજનનાં શોકના પ્રશ્ન કાવ્યોમાંથી મળે છે. બ.ક.ઠા. નું વિરહનું ચાંદું હરિશ્ચંદ્રનું 'નિદર્ષિાને નિર્મળી આંખ્ય તારી', વેણીભાઈનું 'ચૂની સફર' શેષાનું 'છેલ્લું દર્શન,' પ્રહ્લાદ પારેખનું 'વિદાય અને બાલમુકુંદનું 'જુનું ઘર ખાલી કરતાં' માં વ્યકત થતી સ્વજન માટેની ભાવનામાં હૃદયના ધબકારની સચ્ચાઈ જોવા મળશે. શબ્દો કે ઉચ્ચાર પોતે કવિતા બનતો હોય તેટલો ઉત્કટ વિરહ, વિષાદ એ કાવ્યોમાં વ્યકત થાય છે. આમેય રસશાસ્ત્રીઓના મતાનુસાર શૃંગાર અને શોકમાં લાગણીનો સહજોદ્ગાર સૂઝવે એનો અનુભવ સ્વજનના વિલાપથી જાગતા શોકો મિકાવ્યોમાં મળે છે. સ્વજનનો શોક ત્યાં પ્રશ્ન કરુણારુપે વહે છે.

સામાન્ય મરણ-કેવળ મરણ- શોક અને કરુણનો વિલાપ બને, કારણ કે તે આનંદ કે ઉત્સવની ઘટના નથી કોઈપણ સ્વરૂપે હોવા છતાં પણ મૃત્યુ તો ગંભીરતા જ સર્જી દે છે. પરંતુ જ્યારે મરણ આપણને સીધી રીતે સ્પર્શી જાય છે. ત્યારે ક્યારે કરુણ, શોકમગ્ન લાગે છે. અર્થાત્ આપણું હૃદયસ્પર્શી મરણ સ્વજન સિવાય અન્યનું અસરકારક લાગતું નથી તેથી મૃત્યુમાત્ર શોક અને કરુણની ઘટના હોવાછતાં સ્વજનનો અનુભૂતિની તીવ્રતા માટે અદ્વિતીય ફાળો-હિસ્સો છે.

ક... चुताद्विप्रियोगाभरजाविजन्मा वैक्लव्यात्मकः स्थायि-
विशेषचित्तवृत्तिविशेषः शोकः ॥ એમ જગન્નાથ રસગંગાધરમાં કરુણનાં સ્થાયિભાવ શોકનું લક્ષણ આપે છે. એમાં પણ એજ ઉચિત છે કે મરણ જેવી સર્વજન સાધારણ અનિષ્ટ ઘટના બીજી નથી પણ પ્રિયજનના મરણથી ઉદ્ભવેલો શોક કરુણને અનિવાર્યપણે જન્મ કરે છે. પુત્ર, પત્ની, પિતા, બાળક, માતા, મિત્ર, ગુરુ જેવા ઇષ્ટ જનો માંથી મરણ થાય ત્યારે કરુણ દ્રવે છે. સાહિત્ય, દર્પણમાં જણાવ્યું છે તેમ...

kalpana's

૭. "દુઃખનાશાદ્ અનિષ્ટાપ્તેઃ પરકૃપાયાશ્ચ સ્મૃતો કરુણ" ?

શોકોર્મિકવિતામાં ઉપર્યુક્ત પાત્રોમાંથી કોઈ પાત્રમાટે સ્વજન સમી સંવેદના પ્રગટ થતી આવી છે. તેથી તે કાવ્યકોટીએ કલાત્મક રીતે આલેખન પામી છે. અહીં ત્રણ મુદ્દા વધુ સ્પષ્ટ રીતે સમજી લેવાનું યોગ્ય લેખાય કે મૃત્યુ માત્ર શોકની ઘટના છે પણ સ્વજનનું મૃત્યુ ના શોકમાંથી કરુણરસિવે શોકમાંથી કરુણની નિષ્પત્તિ જેજ રસાસ્વાદની સિધ્ધિ છે. કવિતામાં જેજ કવિકર્મ ઉત્તમ ગણાય માટે કરુણની રસાનુભૂતિ માટે સ્વજનનો શોક અથવા શોક માટે સ્વજનનું મહત્વ વધી જાય છે. શોકોર્મિને કવિતાને કલાકૃતિ બનાવવામાં સ્વજનનો કાળો સવિશેષ ત્યે દૃષ્ટિએ છે સ્વજન હોવા છતાં તેનો શોક કલ્પનામાંથી કરુણ રૂપી ન પહોંચે તો તે સાહિત્ય કોટિએ પહોંચતું નહીં હોવાથી કલાકૃતિ ગણાય નહી . દા.ત. રાજિયા, મરશિયામાં સ્વજન, કરુણનો વિશિષ્ટ લય હોવા છતાં આવી કોઈ રૂપ વર્તાઈ છે. સ્મૃતિલેખ , ode જેવાં વ્યક્તિમૂલક સંદર્ભ આપતા લઘુવિરહોર્મિકિવ્ય પ્રકારોમાં સ્વજનની ઓળખ આપી છે પરંતુ વિલાપકાવ્યો સાથે સામ્ય ધરાવે તેવી સંવેદના વિષાદ કાવ્યોમાંજ માણી આવે છે તેથી લઘુવિરહોર્મિકવિતાના દુઃખ વિરહોર્મિ-કાવ્યોમાં કલાતત્વની કસોટીપર ચડાવી શકાય તેવી કવિતા માત્ર વિષાદકાવ્યો છે અને તે શોકોર્મિકવિતાના વર્ગની જ કવિતા છે કારણ કે વિષાદ જ શોકનો મૂળ વ્યભિચારી ભાવ છે. ગ્રન્થ સૌ તેના અનુભવ અને સંચારીભાવ, વ્યભિચારી ભાવ છે. દુઃખ વિરહોર્મિકવિતાના વર્ગના ગ્રન્થકાવ્યપ્રકારોની સરખામણીમાં શોકોર્મિકવિતામાં વિષાદ અને શોક કલાસ્વરૂપ પામી xx કરુણની રસાનુભૂતિ રૂપી જે કાવ્યોમાં પહોંચ્યો છે તેમાં સ્વજન સંદર્ભમાંથી ઉદ્ભવતા શોકનો ગ્રન્થ કાળો છે અને તેથીજ ગ્રન્થ કાવ્ય પ્રકારોની સરખામણીમાં શોકોર્મિકવિતા નું કલા સ્વરૂપ વધારે સુબધ્ધ, છે. તે કલાસ્વરૂપ સંપન્ન કવિતા છે. લાઘવને કારણે તેમાં કવિસંયમ, વિવેકસૂઝની ખાનનતા પણ માણી છે.

kalpana's

કારણ કે તેજ મોટું ભય સ્થાન છે. કવિતા કાવ્યત્વ પ્રાપ્ત કરવાને બદલે વિલાપ કે પ્રલાપ બની જ ના જાય તે માટે આ કલાસૂઝ અને કવિસંયમ જરૂરી છે. મૃત્યુનો પ્રસંગ હોય, સ્વજન સંદર્ભ હોય, છતાં કવિની કોઈ મર્યાદાને કારણે કૃતિ કલાકૃતિના બની શકે તેવો ભય શોકોર્મિકવિતા મર્યાદિત મુદ્રિત સંખ્યાને કારણે રહે છે છતાં ઉત્તમ શોકોર્મિકવિતાનું ગૌરવ ગવાયે તેવાં ઘણાં કાવ્યો મળી આવે છે. એવાં કાવ્યો એ જ શોકોર્મિકવિતાને સાહિત્યિક આગવું અસ્તિત્વ અર્પ્યું છે. "ખાસ કરીને સ્વજનના મૃત્યુના શોકની તે અભિવ્યક્તિ હોઈ કવિનો આત્મસંયમ ગુમાવે (જે બનવું સહજ છે; કારણ કે સ્વજનના મૃત્યુના શોકથી તેનું ચિત્ત વ્યથિત, ઉદ્વિગ્ન અને ઉત્પ્ત હોય છે.) તો તે હૃદયવિદારક, સંતપ્ત ધનવ્યથાની અભિવ્યક્તિ બનવાને બદલે અનિયંત્રિત પ્રલાપ-વિલાપ બની જાય. અને વ્યથાના ગૌરવાન્વિત પ્રાકટ્યને બદલે દુર્દિશાનું પ્રાકટ્ય થાય. પરિણામે આવા રોતલપણાથી કરુણનો રસાનુભવ થવાને બદલે morbidity નો અનુભવ થાય, જે કોઈ પણ કવિના માટે વિઘાતક છે. બીજું શોકજન્ય લાગણીની અભિવ્યક્તિ ઉપર કવિનો કલાત્મક કાબૂ ના રહે તો તેનાથી તેની કલા દૃષ્ટિ સાવૃત્ત બને પરિણામે અભિવ્યક્તિ ~~xxxx~~ કાવ્યકલાની કોટિએ ન પહોંચતાં, આવા પ્રસંગે સામાન્ય જનની હોય તેવી બની જાય" શોકોર્મિકવિતામાં લાઘવ, આત્મીયજન કે સ્વજનનો સંદર્ભ માત્ર શોક કે ભાવ નિમિત્તે જ આવે તેવો તેવી સતત સાવધાનતા, લાગણીની સચ્ચાઈ, અને કરુણનું ધ્યેય કવિનજરમાં સ્પષ્ટ રહે છે અને તેથી ગતિ વેગીલી અને સતત ધ્યેયનિષ્ઠ રહે છે. શોકોર્મિકવિતાની આ ટૂંકા વિરહોર્મિકાવ્ય તરીકે ઉત્તમ સિદ્ધિ છે.

ટૂંકમાં શોકોર્મિ કવિતા શોકના ભાવને કેન્દ્રમાં રાખી કરુણ તરફ ગતિ કરતી કવિતા છે. શોકના ઉદ્રેક માટે રસશાસ્ત્રમાં ગણાવેલા

Kalpana's

ત્રણ વિભાગોમાનો એક વિલાપ ઈષ્ટ મરણ સ્વજન નાશ છે.

"इष्टार्थविघातज उत्पन्नानपि शोकरसेऽन्तर्भावात्। शोकश्चेष्टजन विनाशः वा। अनेन प्रयोगो विभावः।" રામપ્રસાદ બક્ષી 'કરુણરસ' માટે કરે છે. "શોક એનો સ્થાયિભાવ છે અને એ શોકના કારણભૂત વિભાવ છે પ્રિયસ્વજનનું મૃત્યુ, ધન સંપત્તિનો નાશ, ધર્મ પાલનમાં ઉત્પન્ન થતું ધર્મ સંકટ, કરુણ રસના આવા મુખ્યત્વે ત્રણ પ્રકારના વિભાગ છે..... સ્વજન મૃત્યુ એ ઘટના શોકજનક છે. અને મરણજનીત શોકમાં કરુણરસનો સ્થાયિભાવ બનવાનું સામર્થ્ય છે...." એની પ્રતીતિ શોકોર્મિકવિતામાં થાય છે. કુટુંબીજનો અને મૃત સ્વજનોના મૃત્યુ પર લખાયેલી શોકોર્મિ-કવિતામાં ઘેરો વિષાદ, તીવ્ર વેદના અને વેદનાના વિવિધ રૂપે દર્શન થાય છે. એમાંથી આત્માનું ઐકય, મધુર દાંપત્ય, બાળકોનું વાત્સલ્ય, વિહવળ કરી મૂકતું પુત્ર સ્મરણ, પૂજ્ય પિતૃ સ્મૃતિ, ઉર્મિની એકરૂપ સ્થિતિ અભેદ અવસ્થા અને સ્વજન ખોયાની હૈયાની કબૂલાત અનેક કવિઓએ શોકોર્મિ-કવિતામાં ભગ્ન હૃદયે કબૂલી છે.

શોકોર્મિકવિતામાં શોક નિમિત્તે રચના સ્વજન સંદર્ભમાં અનેક વિધ ભિન્નતા જોવા મળે છે. એમાં સહગત પાત્ર સાથેનો આત્મીય અભેદ સંબંધ તેના વિયોગવિષાદ સર્વસામાન્ય છે. અન્ય કાવ્યો કરતાં શોકોર્મિ કવિતાની એક વિશેષતા એ પણ છે કે કદાચ એમાં સ્વજનની ગુણપ્રશસ્તિ આવે, છતાં તેમાં અતિશયોકિત ને વિવેક લગભગ સચવાયો છે કારણ કે અહીં શોક મુખ્ય હોય છે. કદાચ તેથીજ શોકોર્મિકવિતા પ્રશસ્તિકાવ્યથી એક કદમ આગે છે. અવસાન નિમિત્તે ઉલ્લેખ આવવાથી અતિશયોકિત ને બદલે લાગણીની સચ્ચાઈ ત્યાં કામ કરતી હોય છે. પોતાના આત્મીય-પણાની અનુભૂતિનું પ્રાણરૂપ તત્વ જ સ્વજન સંદર્ભમાં પ્રકટ થાય છે તે શોકોર્મિ-કવિતાનું અભિવ્યકિતનું કૌશલ છે. તે નિમિત્તે જીવન વિષયક બાબતો, સહગત વ્યકિત સાથેનો જીવન વ્યવહાર, વ્યકિતત્વના ગુણો, કાર્યો,

kalpana's

GUJARAT LIBRARY

કવિના જીવનમાં તેનો ઘોળો; જેવાં વિવિધ તત્ત્વોનું આલેખન બહુધા મળે છે પણ શોકની અનુભૂતિ માટે સદ્‌ગત ના સ્વભાવની કવિચિત્ત પર અસર, તેની સ્મૃતિઓ, કવિને મન તેનું મૂલ્ય, કવિતામાં સ્પષ્ટ પણે જોવા મળે છે. કેટલાંક કાવ્યોમાં એટલી ઉત્કટ અભિવ્યક્તિ છે કે કવિચિત્તની સમાધિની સ્થિતિનો ખ્યાલ આવે છે. કવિતાનું પ્રયોજન ગૌણ બની જ્યાં વિલાપ મળે ત્યાં સ્વજન માટેનો શોક પ્રગટ થાય છે. જેમાંથી આદર્શ વ્યક્તિચિત્રો, ચરિત્રો, પાત્રાલેખો, રેખા ચિત્રો ઉપરાંત સામાજિક સંબંધોની આદર્શ રૂપરેખા, ભેદરેખા અને સ્વરૂપનો પરિચય મળે છે. સ્વજન સંદર્ભનું અનેક દૃષ્ટિએ મૂલ્ય આંકી શકાય એવો અભ્યાસ મુદ્દાત્મક રીતે શોકોર્મિકવિતામાં વેરણછેરણ પડ્યો છે પરંતુ એ સર્વમાં શોકની ભાવાભિવ્યક્તિ, સ્વજનની આત્મીયતા, સ્મૃતિ અને કરુણની રસાનુભૂતિનું સાહિત્યિક મૂલ્ય પ્રસ્થાનપિત કર્યું છે એવી તેની મોટી સિધ્ધિ છે.

શોકોર્મિકવિતાના કેન્દ્રમાં સ્વજન સંદર્ભની ભૂમિકા શોકની સંવેદના અર્થે છે. તેથી કોઈપણ સંદર્ભે આત્મીયતા ઓછાવત્તા હોય અને અંતર સતત સંબંધ હોય તેવી સદ્‌ગત વ્યક્તિ શોકોર્મિકવિતામાં કેન્દ્ર સ્થાને હોય એમ સ્વીકારીને તેનાં સ્વભાવ, જીવન અને કાર્ય ઉપરથી કવિચિત્તમાં ઉપજેલો પ્રભાવ અને અભાવ કવિતાનો વિષય બને છે. ઘણાં કાવ્યોમાં આ ઉપરાંત અન્ય જીવિત વ્યક્તિઓના પણ ઉલ્લેખ મળે છે તેથી સદ્‌ગત વ્યક્તિ તે સર્વમાં સવિશેષ હોવાથી, તેનું સ્થાન આગવું હોવાથી શોકોર્મિ-કવિતામાં અન્ય વ્યક્તિના ઉલ્લેખની સરખામણીમાં સદ્‌ગત સ્વજન 'વ્યક્તિ વિશેષ' લેખાય. કાવ્યમાં આમ તો નાયક અને નાયિકા જેવા શબ્દ પ્રયોગો પણ થતાં આવ્યા છે. પરંતુ નાયકની સાથે સંકળાઈને આવતો અર્થ અને સમજ થી શોકોર્મિ કવિતામાં સદ્‌ગત વ્યક્તિવિશેષની ભૂમિકા સાવ જુદી છે. અન્ય કાવ્યપ્રકારોમાં નાયક પોતે જીવિત હોવાથી આલેખનની તાસીર જુદી હોય છે. નાયકનું કાવ્ય સાથે સીધું અનુસંધાન હોય છે

kalpana's

જ્યારે શોકોર્મિકવિતામાં કેન્દ્ર સ્થાને હોવા છતાં વ્યક્તિવિશેષ હોવા છતાં, કાવ્યમાં તેનો સીધો સ્પર્શ નથી કવિ ની કલમે તે ગૌણ પાત્ર છે. એમાં તેના કાર્ય કરતાં કાર્યે અને સ્વભાવની સામગ્રીથી કાવ્યનું વસ્તુ રચાય છે છતાં શોકોર્મિ કવિતાનાના વિશેષતા એ છે કે સામગ્રી માં ગૌણતા હોય પણ , કવિતાના રચના કૌશલ્યે પ્રભાવે પ્રત્યક્ષ આલેખન, કાર્ય નહી હોવાં છતાં, સામગ્રી ની ગૌણ થતી હોવા છતાં એવાં મૃત્યુ ભાવાલિવ્યક્તિ રસાનુભૂતિ સુધી વિકસે છે એ શોકોર્મિકવિતાનું કૌશલ છે અન્ય કાવ્ય પ્રકારોમાં પણ સ્મૃતિ રૂપે કે ઉલ્લેખ ની કક્ષાએ સદ્‌ગતનો મિતાક્ષરી પરિચય હોય છે પણ તે કાવ્યત્વ સુધી વિકસતો નથી લાગતો દા.ત. સ્મૃતિલેખ, રાજીયા જેવાં કાવ્યપ્રકારોમાં ઉલ્લેખ મર્યાદિત રહી જાય છે કાવ્યમાં તેનાં ઉલ્લેખથી આગળ કશું ઉપજતું નથી માટેજ કાવ્યત્વ પ્રાપ્ત થતું નથી કવિતાનો આ અપેક્ષિત વિકાસ શોકોર્મિમાં કંઈક અંશે યોગ્ય દિશામાં થતો રહયો છે.

એક સ્પષ્ટતા અહીં કરવી ઉચિત ગણાશે કે 'પત્રકવિતા' ના સ્વરુપની કવિતાઓ અર્વાચીન કવિતામાં જોવા મળે છે તેમાં પણ વ્યક્તિ કેન્દ્ર સ્થાને છે. મધ્યકાલિન કૃતિ કુંવરબાઈના મામેરા' માં પત્ર લખવાની વાત છે. ઉમાશંકર જોષીએ 'આપણો માનો કાગળ' કાવ્ય આપ્યું છે પરંતુ દાંપત્ય ની ફોરમ ફેલાવતું - હીરાબેન પાઠકકૃત પરલોક પત્ર આપ તો વિરહોદ્‌ગાર બની રહે છે પરંતુ ટૂંકા વિરહોર્મિ-કાવ્યોના વર્ગની કવિતાને લાગે વળગે છે ત્યારે તો શોકોર્મિ અને વિષાદ કાવ્યો જ વ્યક્તિવિશેષની કાવ્યત્વ બક્ષતી કવિતાનું ગૌરવ મેળવે છે કારણ કે કરુણ પ્રશસ્તિ કે પછી 'પત્રકવિતા' દીર્ઘવિરહોર્મિના બધાજ લક્ષણોને અનુસરતી કવિતા છે.

શોકોર્મિકવિતામાં કાવ્યે કાવ્યે સ્વજન વ્યક્તિવિશેષરૂપે આલેખાય છે. તેમના પરિચય આપવાની પધ્ધતિ, ભાવાલિવ્યક્તિની

kalpana's

વિવિધતા, રચનિષ્પત્તિમાં તેનો ફાળો, આત્મીય નિકટતા, ગંભીરપણા-નો ગર્વ, અને આત્મીયતાના વિવિધરૂપે દર્શન 'સ્વજન સંદર્ભ' ના અભ્યાસના મહત્વના મુદ્દા છે.

કવિતામાં 'સ્વજન સંદર્ભ' રચવા માટે વિવિધ પ્રયોગોમાંથી બબરદાર 'ગો ગાંધી સંત સુજાણ' જેવા કાવ્યોમાં પ્રશ્નશૈલી યોજે છે આ પધ્ધતિથી સદ્‌ગત પાત્રના ચારેબાજુને જીવંત ઢબે ચારેબાજુમાં સકળાતાં પ્રાપ્ત કરે છે. તો અર્વાચીન કવિઓમાં મન્તરામ ક્ષત્રવળ 'કવિ કાન્તને માં અને 'કવિ કાન્તને કુલિમાં' સુરેશ દલાલ સાહિત્યકારોની શોકોર્મિ અંજલિ નિમિત્તે તેમનું જીવનકાર્ય, સાહિત્યસર્જન અને તેની વિશેષતાઓ તેમજ વિશેષ ભાવનાઓ પર પદબંધ રચે છે.

૧૦.''જલધિજલદલ કુલ્લ શંકનો ઉદય મુદ્રાપ્રાય
ઉજ્જ્વલ અંતર પ્રાન્ત
લુપ્ત થઈ તવ સ્નિગ્ધ સરસ્વતી
ગતિલહ્યુ ચક્રાય પાન, કિન્તુ તુજ ગમ્ભીર સ્વભર કાન્ત''

અર્વાચીન ગુજરાતી કવિતામાં ગઝિયકૃતિના ચમત્કાર જેમ વિસ્તરતાં ગયા તેમ તેમાં પ્રયોગાત્મકતા વધતી ગઈ તેને પરિણામે ગઝિયકૃતિના કૌશલમાં વૈવિધ્ય આવ્યું જેમાં સ્વજન વિશેના ચારેબાજુનો વિસ્તાર નાનો સૂનો નથી. વ્યક્તિના જીવન-કાર્ય-પ્રભાવ, જ્ઞાનનો હેતુ કવિ સિધ્ધ કરી લે છે.

'પદ્મ જ હોય ખોલ્યાનું સ્થાન' કરી હીરાબેન પા. વિ. પાઠક સાથેની આત્મીયતા વાગોળે છે એ સ્વજનની નિકટતાનું દર્શન કરાવે છે સ્મૃતિની સાથે હૃદયના બદલાતા ભાવપટ્ટાઓમાં કવયિત્રિ જેમાં સંગત સ્નેહ જ પ્રકટ કરે છે. ૧૧.''પાઠક સાહેબનું તેમના જીવનમાં જે મહત્તમ સ્થાન હતું તેનું ગૌરવપ્રદ દર્શન આ પદકાવ્યોથી થાય છે'' જેમાં

kalpana's

પતિ સાથેના મધુર સંબંધો અને આત્મીયતાનો રણકો પણ સાંભળાય છે. ૧૨. "પાઠક સાહેબને સંબોધી લખેલાં તે પત્રકાવ્યો તેમના પ્રસન્ન મધુર દાંપત્ય જીવનના અને સાથે વિરહના ઉદ્‌ગાર રૂપ છે."

શોકોર્મિકવિતામાં વ્યક્તિવિશેષના પટે બે વર્ગની વ્યક્તિઓ આલેખાઈ છે. કુટુંબજીવનનાં પાત્રો અને જાહેરજીવનનાં પાત્રો, વ્યંજનપાત્રો ના આલેખનમાં આત્મીયતા વર્તાય છે. જ્યારે જાહેર સેવાથી પ્રભાવિત કરી લખેલા પાત્રો માટે સન્માન પૂજ્યભાવ વર્તાય છે. પરંતુ સામાન્યજનની તુલનામાં કવિને કુટુંબીજન નહીં હોવા છતાં પણ વિશેષ લાગણીભર્યા સંબંધો બંધાય છે. ત્યાં કવિના મનને કરી ગયેલી અસર અંજલિનો વિષય બને છે. ત્યારે આપણે તેવા વ્યક્તિને સ્વજનને બદલે પ્રિયજન કહી શકીયે ? એવો વિચાર આવે છે. કારણ કે અન્ય માનવોની તુલનામાં વ્યક્તિવિશેષ કવિ માટે પ્રિયજન છે. તેનું કાર્ય, કે સ્વભાવ, ગમે તે કોઈ એક તત્વ તેને પ્રિય છે. તેવાં કાવ્યોમાં પ્રિયજન પ્રત્યે સદ્‌ભાવ પ્રકટ થતો જોવા મળે છે. ગાંધી, વલ્લભ, કસ્તુરબા જેવાં મહાપુરુષો માટે લખાયેલા કાવ્યોમાં સ્વજન પ્રિયજનનો આ ભેદ પરખાશે. એથી પ્રિયજન અને સ્વજન ની ભેદરેખામાંથી જ સ્વજનની મોળપ ઓછી જાય છે. શોકોર્મિકવિતાની આ મોટી દેન છે. કુટુંબજીવનના પાત્રોની કવિતામાં હૃદય ઠલવાય છે. વિરહ છૂટે મીઠે અભિવ્યક્તિ પામે છે. સ્વજનની આત્મીયતા, મૃત્યુની ગંભીરતા અને વિરહની વ્યાકુળતામાંથી સ્વજનસંદર્ભ ભાવનું પ્રાકટ્ય આવે છે. ઉત્કટ ભાવાભિવ્યક્તિ સ્વજન સાથેના સંબંધનું રૂપ, આત્માનું ચૈક્ય અને મૃત્યુની જેવી વેધકતામાંથી રચાય છે. તેથી અન્ય મહાનુભાવોની અંજલિમાં જોવા મળતા સામાજિક શિષ્ટાચારથી ગંભીત સ્વજનની કવિતામાં શોકોર્મિકવિતાને ભાવાભિવ્યક્તિનો વિશેષ મોળો પડે છે. એના મૂલમાં આત્મીયતા છે. જેમ કહેવાં કરતાં હૃદયની એકતા છે એમ કહેવું વધુ યોગ્ય ગણાય. કાવ્યની

કૃતિઓના બાબામાં સ્વજનસંદર્ભ અદ્રશ્ય રૂપે સ્થિત હોય કે ઉલ્લેખ સ્વરૂપે અભિવ્યક્તિ પામેલ હોય, પણ શોકોર્મિ કવિતામાં શોકની અભિવ્યક્તિ માટે સ્વજન આધાર શીલા છે. સ્વજનની આત્મીયતા તેમના વૈરા-વિષાદ માટે અનિવાર્ય છે. સામાન્ય જન સાથેના માનવીય સંબંધોથી ઘણુ ગંગત અને વૈકલ્પની કોટિએ પહોંચેલા તેમના ગંગત સંબંધ વિના આત્મીયતા શકય નથી માટેજ કહી શકાય કે કુટુંબીજનો વિશે લખાયેલી શોકોર્મિ કવિતામાં સ્વજન સંદર્ભ પરિચયની પ્રાથમિક ભૂમિકામાંથી ઉદ્ભવ પામે છે. માટે શોકોર્મિકવિતામાં આવતા સ્વજન સંદર્ભને ત્રણ વર્ગોમાં વહેંચી શકીશે : સ્વજન ના મૃત્યુ પર લખાયેલાં કાવ્યો, પ્રિયજનના મૃત્યુપર લખાયેલાં કાવ્યો અને સ્વજન સમી વ્યકિતઓના મૃત્યુ પર લખાયેલા કાવ્યો, સ્વજનના મૃત્યુ પર લખાયેલા કાવ્યોમાં નિરહ અને અભાવની લાગણી વ્યકત થઈ છે. પ્રિયજનના મૃત્યુ પર લખાયેલ કાવ્યોમાં પ્રભાવ વ્યકત થયો છે અને સ્વજન સમી વ્યકિતઓના મરણ પ્રસંગે કાવ્યોમાં સદ્ભાવ વ્યકત થયો છે. તેથી સદ્ભાવની કવિતાઓ શ્રધ્ધાંજલિરૂપની રહે છે. મહાનુભવ-પ્રિયજન વિશેમાં કાવ્યોમાં પ્રશસ્તિ અને શ્રધ્ધાંજલિ બની રહે છે. પરંતુ શોકાંજલિરૂપો માત્ર ગંગત સ્વજનનો શોક વ્યકત કરતી કવિતામાં જ પ્રકટ થાય છે માટે ગ-થી તુલનામાં જોવા કાવ્યોમાં વિષાદ વૈરો હોય છે શોકની લાગણી ઉત્કટ હોય છે કરુણ નિષ્પત્તિ થયેલી જોવા મળે છે તેથી વિષાદ કાવ્યો આપણાં ઉત્તમ શોકોર્મિરૂપ કાવ્યો છે એ સર્જવા મૂળમાં ગંગત સ્વજનની આત્મીયતા રહેલી છે.

'વિધુર કુરંગ' માં કાન્ત સદ્ગત પત્નીનો વિયોગ ગાય છે. એમાં ખૂબ નિખાલસતાથી, દિલની સચ્ચાઈથી પત્ની ચાલ્યા અર્થમાં સ્વજન કેવી રીતે હતી તેનો પરિચય આપે છે.

kalpanaa'3

૧૩.' કદી સ્મરણ આવતાં રુધિરનીર નેત્રે ઝરે,
દયા સ્વજનને થતાં વદન પાત પાણીઘરે,
નહી સ્વજન તે સખી ? સ્વજન એકલી તું હતી
સહસ્રશત શલ્યમાં હૃદયની પથારી થતી''

ખંડકાવ્યો જેટલોજ ઘારદાર વેધક કરુણ કાન્તના દાંપત્યનું; સદ્‌ગત પત્નીના અવસાન નિમિત્તે લખાયેલાં કાવ્યોમાં જોવા મળે છે. પત્નીનું જીવનમાં સ્થાન, હવે ખાલીપો અને તેનું તીવ્ર સ્મરણ સ્વજનના શોકને ઉત્તમ કોટિએ અભિવ્યકિત આપે છે. તેમણે જ પોતાની વિરહ વેદના પ્રકટ કરતાં એક પત્રમાં લખ્યું છે કે ૧૪.'' ગમે તે કામ કરતો હોવું ત્યાં દિલમાં વારંવાર ચરચરાટી થાય છે અને ફક્ત ફટકાની વાટ લખી જાય તેટલી ઝડપથી બળતરા થાય છે'' આ બળતરા તીવ્ર વિષાદરૂપે કાવ્યમાં પ્રકટ થાય છે. ચારે બાજુથી કાંટા ભોંકાતી વેદનામાં પત્ની-સ્વજન હૃદયની પથારી થતી 'માં કવિ સ્વજનનો સાચો મર્મ આપે છે.

સ્વજનનું સ્થાન અન્ય કુટુંબીજનોની તુલનામાં મોખરે, સવિશેષ હૃદયમાં હોય છે. તેના પ્રત્યે અંતઃકરણ પૂર્વકની સહાનુભૂતિ એક આત્મીયતાની પરમ છે. સાચા સ્વજનનું સ્થાન અનુભૂતિના સાક્ષાત્કાર પછી બીજું કોઇ લઇ શકે નહીં તેના અવસાન પછી તે સ્થાન ખાલીજ રહે, અને એ ખાલીપો સતત સ્વજનનું સ્મરણ બની જાય એ પણ એક શોકની જ અભિવ્યકિત છે. ર.વિ. પાઠક 'છેલ્લું દર્શન' માં કરે છે.

''અખંડ જ બધે રહયું, હૃદય સ્થાન તેનું હવે
ન સંસ્મરણ વા ન કો સ્વજન બે કદી પૂરશે''

અહીં પત્ની સ્વજનથી પણ આગળ આત્મીયજ્ઞાની કક્ષાએ કવિ ઉલ્લેખે છે. અને તેનું રિકત સ્થાન અન્ય કોઇ સ્વજનથી પૂરાશે નહીં એ તીવ્ર લાગણીનીજ અભિવ્યકિત છે.

સ્વજનની કક્ષાના પ્રિયજનની આત્મીયતા પણ ઉતરતી ન હોય તેનો અભાવ પણ હૃદયદ્રાવક હોય, વેધક હોય તેવા અનુભવ પરથી કેક તારણ મળી જાય છે કે આત્મીયતાના અનુભવને પાત્ર કે સંબંધ સાથે જોડી ન શકાય સંબંધની ડાળ પર આત્મીયતા ફુલ રૂપે ખીલે પણ દરેક ડાળ પણ ફુલ હોય જ એમ ના પણ સૂંઘવે. આત્મીયતા ખરેખર સૂંઘી નથી પણ અનુભૂતિ છે તે મિત્ર દ્વારા પણ થાય, ગુરુ દ્વારા પણ થાય, પુત્ર, પત્ની, પિતા દ્વારા પણ થાય હૃદયની કબૂલાત હોય ત્યાંજ માત્ર આત્મીયતા સંભવે છે. કોઈપણ સ્વરૂપે હોય પણ એ આત્મીયતા પૂરવાર કરે પછી નર્મદ તેને 'રસિકડાં' કરી સંબોધે તો પણ તેમાં સ્વજન પ્રતિ આત્મીયતા પ્રકટ થાય છે.

૫૬.''નવ કરશો કોઈ શોક રસિકડાં, નવ કરશો કોઈ શોક'' સ્નેહી કે પ્રેમીના મૃત્યુ મરણથી શોક ઉદ્ભવેજ એમાં આશ્વાસનનો ભાવ હોઈ શકે પણ ટિપ્પણમાં (સંપાદકશ્રી) ટિપ્પણકાર જયંત પાઠક કહે છે કે ''ના. પ્રેમી મરણ દ્વારા જ વિરહવેદનાથી મુક્ત થઈ શકે એથી તેને, મરણની આતુર પ્રતિક્ષા કરનારને એ મોહું જ આવતું લાગે'' પણ જે મરનાર વ્યક્તિને સ્વજન માને છે એને કાળે તો વિરહવેદના અને શોક જ રહે છે.

કોઈપણ સ્વરૂપે માત્ર આત્મીયતા પ્રકટ થાય એવા સંબંધે રહેલી વ્યક્તિ સ્વજનની એવી પ્રતીતિ દલપતરામે કૃત 'મિત્ર પ્રતિ ઉક્તિ' ની આ પંક્તિઓમાં મળે છે.

૧૭.''માનવ જાતી માત્ર, ભલે વસેસઉ ભૂમિમાં
પણ પ્રીતિનું પાત્ર કરી ગયું રે કારબસ
લાળ લડાવ્યા લાડ, સુખ તો સ્વપ્ને ગયું
ઝાઝાં દુઃખનાં ઝાડ ફળવા લાગ્યા કારબસ
તેણે વરસે નીર, સ્નેહી જ્યારે સાંભરે
વેલો આવી વીર, ફરીને મળજે કારબસ''

kalpana's

આ પંક્તિઓમાં મિત્ર સ્વજનના રૂપે અને પ્રિયજન તરીકે છે. તેના વિના જગત સૂનું છે. અને સૂના જગતમાં પણ માત્ર તેનીજ ઝંખના છે.

૧૮.''મિત્ર પ્રતિ ઉક્તિ'' દલપતરામે મૃત મિત્ર કારબસને સંબોધીને કાઢેલા શોકોદ્‌ગાર છે, જેમાં મિત્રના મૃત્યુથી કવિહૃદયમાં પ્રગટેલા ઘેરા દર્દને તેમણે વાચા આપી છે. લાગણીની તીવ્રતા તથા સચ્ચાઈ અને સમુચિત ભાષા-અલંકાર દ્વારા જેમાં વ્યક્ત થયેલી વેદનાને હૃદય સ્પર્શી ઉઠાવ આપે છે.''

'નિદર્ય ને નિર્મળી આંખ તારી' માં સ્વજન તરીકેની ઓળખ તદ્દન નવી રીતે કવિ આપે છે.

''ફૂંણી હજી દેહલતા ન પાંગરી, કૌમાર્ય આછું ઉઘડ્યું ન ઉઘડ્યું
ખૂટી રહે જીવન ચુંદડી જરી, સરી પડી ત્યાં તુજ મંગથીયે''
છો કાળ ચાવે, શિશીરીય આવે, ને પુષ્પ કૂવા દળગાં પ્રજાળે
સુકોમળી દેહકળી' અરે અરે, વસંતની ફૂંક મરી ખરી પડી ?''

''નિદર્ય ને નિર્મળી આંખ તારી' કુટુંબ જીવનની એક દોરી, કરુણ રચના છે ; જેમાં એક સ્વજન યુવતીના લગ્નબાદ તરત થયેલા સ્ત્રી અકાળ અવસાનની લાગણીસભર વેદના નિરૂપાઈ છે.''

ક્ષુલ્લક સ્વાર્થથી પર નિસ્વાર્થ પછી પણ સમર્પણની ભાવનાગાંથી સ્વજન બને છે. અને એવા સ્વજનની ગાત્મીયતા જીવનનું બળ અને જીવનની પ્રાપ્તિ બની રહે છે. જેજ સાચો સ્વજન છે તે સાદરને પાત્ર છે. તે વંદનીય છે. ઉ. ક. ઠા કૃત' આરતી' માં એની પ્રતીતિ થાય છે.

૨૧.''પ્રભો, શમન સ્વાર્થ જન્ય ઉર શોક- તોફાનને
કરું સ્વજનની ઉર્જિભર યોગ્ય ઓારાતિકા ?
પ્રિયે, મનુજ-યોનિથી ચડિ ઉદાર દેવી બન્યાં
નમોસ્તુ તુજને - અરે નયન, હોવું ઠાંડો જરાં''

kalpana's

સ્વજનની પાસે વ્યક્ત મૂકીને અંતભાવ ઠાલવી નિરાલસ રહે છે. અને તેમાં જ જીવનનું સુખ માને છે. સામાજિક મોભો, મોટાઈ, સાચા સ્વજન પાસે વાઘાંની જેમ ઉતરી જાય છે. સમવયસ્ક અને સુહૃદયીજ સાથી બની શકે એવા સ્વજનમાં સુખ છે.

૨૨...'ભલે વન ગજતો મૃગ હુજાવતો કેસરી;
સુકોમલ શુચિસ્મિતા મૃગયલોચના પાસ જે
(લુલીમકૃતિ) દસ રે રમતિયાળ સાથી બને ?''

અન્ય સ્નેહીજનોથી સ્વજન વિશેષ છે,તેની તૃપ્તિ અને તૃષાની તોલે કોઈ આવી શકે નહીં.

૨૩...'નહીં છટ નહીં ? ભલે સલિલ સ્નેહ પિતા બીજા
હું તો મમ-દિવ્ય હું? મુજ તૃષા અનેરી ધરે''

એવા સ્વજનથી સંધિ, મિલન, પ્રાપ્તિ એજ જીવનનું સદ્ભાગ્ય છે.

૨૪...'જુએ નયન આપ્ત જે જ ઉરસ્નેહ - ટેકો ધરે
થવા સ્વજનને ખરે સ્વજન કારક સન્ધી મળે
ગમ્યા, તન તળાસવાં, શિર દબાવવાં જે મિઠાં
ભલે ઉષ્ણ શ્વાસ જ્યાં, સબલ દીન બે જીવ જ્યાં,
જુદાઈ દુઃખ ધોવિયાં ધુવિ અનન્ય આત્મા બને''

સ્વજન રહેતો હોય કે મૃત્યુ પછી વિલિન હોય પણ તે વ્યક્તિના અંતરમાં નિરંતર હોય છે તેનો વાસ જ હૃદયમાં છે. કુટુંબીજનો કુટુંબમાં રહે પણ સ્વજન તો હૃદયમાં રહે છે.

૨૫...'ભમો મુજ સહે સહાય, અવિભાજ્ય છાયા સમા
નથી વદત કે નથી શબ્દ જે રહ્યાં સ્થૂલમાં''

કાન્તના પ્રમાદી નાવિક કાવ્યમાં

સ્વજન માટેનો સાચો પ્રેમ મૃત્યુની કસોટીએ પણ ક્યારેક ચડાવી દે છે. નર્મદ 'અસલ્લાન સંદેશ' માં કહે છે કે...

૨૬..."જુદાઈ દુખ તે નથી જવાનું જાયે માન મરણથી"

સાચા પ્રેમીના વિરહમાંથી મરણ સિવાય કોણ મોક્ષ અપાવે ? એ વાત સરી કાન્તના પ્રમાદી ક્ષણવિકમાં ચરિતાર્થ થતી લાગે છે. કાવ્યોને નાયક પોતાની પ્રિયા પાછળ વિરહ સહન ન થતાં મહાસાગરમાં પડતું મૂકે છે. કારણ કે સ્વજનોમાં શ્રેષ્ઠ પ્રિયા જતાં પહેલાં બીજો તો જતાં રહેલાં હતાં પોતાના પ્રમાદમાં પ્રિયાની લાગણીની ઉપેક્ષા કરનાર નાયકને માન પ્રિય જતાં પ્રકરણ પર્યંત આઘાત જ રહ્યો અને સ્વજનહીન નાયક આ પીડા સહી નહીં શકવાથી મૃત્યુને વશ થયો.

૨૭..."ગયાં, વખત આવતાં સ્વજન સર્વ છૂટા થયા,
ઘણા સફરમાં અને સરત જીતાને ગયા
રહી પ્રિયતમા સખી નિકટ માન નૌકા પર
ગણી ઉભય જ્યાં સર્વ ભટકયાં મહાસાગરે

એ સ્વજન જતાં

૨૮..."કજુક રજની નહીં ગગન ગર્ભમાં કળતી,
દગે દગ ઉઘાડતાં ચડી અનેક તારા ચતી,
હતી શિથિલ નાવલી સ્થિર, જરા ન દીઠી ક્રિયા
પડ્યો તરત ઝપતો જલધિમાં "પ્રિયા ? હા પ્રિયા?"

૨૯."પતિએ જલસાગરમાં સાથે ચાલનાર સહચારીને પોતાના પ્રમાદમાં ખોઈ તેનું આ કાવ્ય છે પતિને સાગરનો પ્રમાદી નાવિક ચેટલા માટે કહ્યો છે."

સ્વજન માનની વ્યક્તિને- આપ્તજનને ઉત્તમ દેન આત્મીયતા છે.

સંગત-સ્વજનમાં જે આત્મીયતા હોય તે સિવાય બિનમાનું સ્નેહીમાં, સ્વજનો જેવી નિકટતા હોઈ શકે બિનના અવસાનથી ચકચારેલાં સ્નેહરશ્મિ તેથી જ શોષ્ટ વ્યક્ત કરે છે કે ‘હું પ્રભુ મળે તો તેનું જગત બાળીને હું તેને પૂછું કે હે શાંતિ થઈ ? એમાં પણ સ્વજનનાં શોકની જ તીવ્ર લાગણી છે. સ્વજન પ્રત્યેની શોકાભિવ્યક્તિ જુદે જુદે સ્વરૂપે વિવિધ કાવ્યોમાં થઈ છે. આ અભિવ્યક્તિના મૂળમાં વ્યક્તિવિશેષ છે પણ તે બીજ સ્વરૂપે છુપો થાય છે. શોકની અભિવ્યક્તિમાં, આત્મીયતા વ્યક્ત કરવામાં અને અંગતસ્વજન સ્વરૂપે કવિ કાવ્યની રચના દરમિયાન જુદે રૂપે તેનું આલેખન કરે છે. દા.ત.' નિસ્તેજ વાડી' માં અને 'ઓગષ્ટનો' ના રચના-કૌશલ્ય પરથી ખ્યાલ આવશે કે રૂપક દ્વારા ફુલોની સૃષ્ટિ દ્વારા અને ઓગષ્ટને ઉપલક્ષ્ય નિમિત્તે તેના કારણમાં પોતાના પુત્રનો અવસાન નિમિત્તે વિયોગ ગાયો છે. સુરેશ મજમુંદાર આ આલેખનમાં વિલાપયુક્ત, આક્રોશ સાથે પુત્ર સ્મરણને તીવ્ર રીતે વ્યક્ત કરે છે. વિવિધ સંબંધે અને સંદર્ભે લખાયેલી શોકો ર્મિના અભ્યાસ પરથી એવું તારણ મળે છે કે શોકો ર્મિ કવિતાના હાર્દને પામવા માટે સ્વજન સંદર્ભ તો પ્રકાર-સ્વરૂપ સમજવાં, આનિવાર્ય છે.

શોકો ર્મિ કવિતામાં પ્રાપ્ત થતી સ્વજન-સંદર્ભની ભિન્નતા પરથી વિચાર આવે છે કે શોકો ર્મિકવિતાની ઉચ્ચાવચતામાં સ્વજન-સંદર્ભ કયું, કેવી રીતે અસર કરે છે ? તો એ દૃષ્ટિએ એવો વિચાર હોઈ શકે કે સ્વજનનો સંબંધ, સંબંધનું સ્વરૂપ, અંગતતાની અને આત્મીયતાની માત્રામાં તફાવત, રાદ્દગતના જીવન-સ્વભાવ- પ્રભાવની અસર કવિ-કૌશલ, અને સ્વજનના સાથે કથિત વિલાપન, વિલાપ પ્રયોજનો પ્રકારભેદ-પ્રયોજે તેની અભિવ્યક્તિમાં માનાકેર ભજાય અને તેથી શોકો ર્મિકવિતાની ઉચ્ચાવચતાનો શોકની અને કરુણની આલેખન રીતિ પર આધારિત ગણીયે તો તેના પાયામાં સ્વજન-સંદર્ભ તેના મૂળમાં છે તેના અસર સ્વીકારવી

જ રહી, કારણ કે કવિતા કલ્પના અને ઊર્મિનો ચાલેખનનો વિષય છે પણ શોકો ર્મિ કવિતાની ભૂમિકા તો વાસ્તવિક પ્રસંગ, વ્યક્તિના અવસાન પર આધારિત છે. એમાં આત્મીયતા અને શોકની અનુભૂતિ તો જીવનની વાસ્તવિકતા છે માત્ર એની અભિવ્યક્તિમાં જ જરૂર પૂરતી કલ્પનાને સ્થાન છે. કાવ્યનું વસ્તુ ક્યોલકલ્પિત, કાલ્પનિક નથી માટે સ્વજન સૌંદર્યની નક્કર ભૂમિકા શોકો ર્મિકવિતાનું ગર્ભિત રહસ્ય છે.

સ્વજનનો ઉત્કટ વિરહ હૃદયને ચકડાવી મૂકે ત્યારે ચિંતન સ્ફુરે અને મૃત્યુનો મહિમા સમજાય.

૩૦."નિવારણના સખિ ? મૃત્યુની જડી
આ વિશ્વમાં ક્યાંય કદી ય કોઈને,
ઘડ્યું વિધાતા એ અનિવાર્ય જે જો
તેની ખરે નિષ્ફલ માત્ર શોચના."

કવિ મૃત્યુને સ્વજનના સૌંદર્યમાં ક્યાં સવિશેષ રૂપમાં જોવા ચૂક્તે છે.

૩૧."અર્ચ્યમાં એ જઈ ધીરતાથી
આ તત્ત્વનું શું ઘટતું ન ચિંતન ?"
ધૈર્ય- શ્રદ્ધાચ્યુતિનો વિવેક
તારા હતાયા ઉરને ન સાંપડે"

ધીરજનાનું ધૈર્ય હરી લે તેવો આઘાત-સ્વજનના મૃત્યુનો હોય છે. છતાં ધૈર્ય ટકાવવું એજ સ્થિતપ્રજ્ઞનું લક્ષણ છે. એમાં સ્વજનનું ગૌરવ પણ સચવાય છે. ટિપ્પણીકાર ટિપ્પણમાં કહે છે "૩૨. સ્વજનના મૃત્યુના આઘાત માણસનું ધૈર્ય ખોવડાવે એ સ્વાભાવિક છે, પણ માણસ ધૈર્ય ગુમાવે તે વખતે તેણે શ્રદ્ધા ગુમાવવી નહિ જોઈએ."

Valpanc'o

શોકોર્મિકવિતામાં સ્વજનસંદર્ભ મહત્વનું પાસું છે. કાવ્યના વિષયવસ્તુ સાથે તેનો ગૂંથણનો સંબંધ છે. સ્પષ્ટ રૂપે કે ઈંગિત રૂપે દરેક કાવ્યમાં સ્વજનનો ઉલ્લેખ અનિવાર્ય રૂપે હોય છે. એ રીતે સ્વજન સંદર્ભ શોકોર્મિકવિતાના અન્ય પાસાંની તુલનામાં 'હજારમાં એકકો' ગણાય. વ્યક્તિના સ્વભાવ, પ્રભાવ, મોભામાંથી કાવ્યમાં એક પુદ્ગલ પ્રવાહાય છે. જેને એવું જ કલાત્મક નિર્માણ વિકાસ પામી કાવ્યત્વને પામે છે. એ દૃષ્ટિએ એ કાવ્યબીજ છે. સંજ્ઞથી અભિલાષ સુધી વિસ્તરતા વ્યક્તિત્વના ચાલેખનમાં વિવિધ રીતિની ચિત્ર પદ્ધતિ વૈવિધ્ય બક્ષે છે. શોકોર્મિકવિતાના કાવ્યદેહથી માંડી કાવ્યસ્વરૂપમાં તેનો પાયામાં મહત્વનો ફાળો છે. વિવિધ શોકોર્મિકવિતામાં મળતા સ્વજનસંદર્ભના વૈવિધ્યના અભ્યાસ પરથી એમ લાગે છે કે સ્વજન સંદર્ભ વિનાની શોકોર્મિ કવિતા સંભવિત છે ? આ પ્રશ્નનો જવાબ છે વિશેષણોની હારમાળા, જીવનકાર્ય , વિરામ ચિહ્નોમાંથી અર્થ-પ્રાપ્તિ, મરસિયાની નાટ્યાત્મક સંવાદના સ્વરૂપમાં કાવ્યકંડિકાઓ એમ ઘણા પ્રયોગો બદારા સ્વજનસંદર્ભને વૈવિધ્ય સાંપડે છે. એમાં પણ ઝ ઝવેરચંદ મેઘાણીની 'તંદ્રસ્તદ્-તનિકે' જેવી કૃતિના ઉઠાણના તાગને પામીએ તો જણાય છે કે સ્વજન નહીં હોવા છતાં પણ કવિએ એમાં સ્વજન સમી શોકોન્મુખતિ કંડારી છે એ કાવ્યકૌશલનો પણ વિશેષ ગુણ છે. ઘણાં કાવ્યોમાં સીધી રીતે સ્વજનનો ઉલ્લેખ ના મળે, સમગ્ર કાવ્યમાં પણ ક્યાંય તેનો ગણસાર ન વર્તાય છતાં તે ચોક્કસ વ્યક્તિના અવસાનના સંદર્ભે નિપજેલું કાવ્ય હોય માટે તેમાં સ્વજનસંદર્ભ ના સંસ્કાર કેટલા ઊંડા હોઈ શકે તેનું દૃષ્ટાંત 'ઝવેરચંદનું ''મૃત્યુનો ગરબો'' છે. ક્યાંક કશો પણ ઉલ્લેખ નહીં હોવા છતાં કવિની નોંધ પરથી ફલિત થાય છે કે ૧૯૩૦ માં અવસાન પામેલા ત્રિભુવનના શબને જોઈ જાગેલાં શોકમાંથી તેનું નિર્માણ થયું છે.

kalpane's

શોકોર્મિમાં 'સ્વજન સંદર્ભ' બગાડ બે વિભાગોમાં વિચાર્યો હતો સંગત સ્વજનો અને સ્નેહી-સંબંધી -મહાનુભાવો પરંતુ એક બીજું વિભાજન પણ મળે છે. 'સ્વતંત્ર કાવ્યોમાં' અને 'ગુચ્છ કાવ્યોમાં'. ગુચ્છકાવ્યોમાં સ્વજનનું આલેખન પ્રમાણમાં વધારે સુરેખ, ક્રમબધ્ધ, ઉઘડતું જાય છે. વધુ ચોટ પૃથક્કરણ જીવનરીતિ-પ્રસંગોની ક્યારેક ચિનગારિ પણ ઝબકે છે ત્યાં 'સ્વજન સંદર્ભ' વિશદપટમાં મળે છે તેની સરખામણીમાં એકાદ કવિતામાં સ્વજનનો ખ્યાલ અત્યંત ચિતાકર્ષક અને મર્યાદિત રીતે વ્યક્ત થાય છે. ગુચ્છકાવ્યોમાં જીવનવિચાર મળે છે. તો સ્વતંત્ર કવિતામાં ચમત્કાર મળે છે. સ્નેહરશ્મિ, ઉશનસ્ અને બેટાઈ, બ. ક. ઠા.ના ગુચ્છકાવ્યો, એ દૃષ્ટિએ નોંધપાત્ર છે. સંબોધન ક્યારેક સ્વજન સાથેના સંબંધ અને આત્મીયતાનો અંદાજ આપે છે. દા.ત. 'રજાની માંગણી'માં કાન્ત પત્નીને 'સખી'નું સંબોધન કરે છે.

ઈમારતમાં પાયાની ઈંટનું મહત્ત્વ જેટલું જ શોકોર્મિકવિતામાં સ્વજન સંદર્ભનું છે શોકોર્મિકવિતાની ઉચ્ચતા અથવા વર્ગભેદ નક્કી કરવા માટે કે શોકની ભાવાભિવ્યક્તિની ક્રિયાત્મકતા તપાસવા માટે તેના સ્વજન-સંદર્ભને તપાસવો જ પડે. આ સંદર્ભના મીમાંસ્થાન બન્ને છે. શોકોર્મિકવિતામાંથી મળે, અથવા તે સંદર્ભના વિવરણમાંથી મળે અથવા તેની ઉપર આપેલા ટિપ્પણમાંથી મળે. કાન્ત અને બેટાઈ તેમજ ઝવેરચંદના ઘણા સંદર્ભ વિવરણ અને ટિપ્પણમાંથી મળ્યા છે. આ ઉપરાંત આલેખનરીતિ, શોકની પ્રણાલી, રચનાકૌશલની રીતિ નીતિ પણ સ્વજન સંદર્ભના સહાયક છે. સુંદરજી બેટાઈકૃત 'સત્ય વ્રત લો' ગાંધીનો સંદર્ભ સૂચવી દે છે. સ્વજન સંદર્ભ કાવ્યોમાં સૂચિત અને ઈંગિત સ્વરૂપે પણ મળે છે. દા.ત.'નિદ્રોણા ને નિર્મળ ચાંખલારી' માં સૂચિત સંદર્ભ છે 'પ્રસિદ્ધ સૂર્યતે' 'મૃત્યુની ગરબો' 'બેને સમાધિ ને સમાધિ ચ સી' માં ઈંગિત

kalpana's

સૌંદર્ય છે. આ સૌંદર્ય રચવાની કવિને પૂરી સ્વતંત્રતા છે. કવિ મન ફાવે તે રીતે સૌંદર્ય રચે પણ માત્ર તેની કાવ્યાત્મકતાની સભાનતા ટકી રહે તેટલું ધ્યાન તેમાં જરૂરી છે. બ.ક. ઠા. "મુજ જંતુની અલ્પતા" કાવ્યમાં અફસોસ અને વિયોગ નિમિત્તે સ્વજન સૌંદર્ય રચે છે.

" ચેરે ઉદયલ્ષિ ગારા, ગઈ ચાલ્ગી ચાગ તે ?
ગઈ સ્વજન હીન ને સ્વગૃહહીન જીવું હું તો !
હતો ઘરથકી ચડેલ હું જતાં વિશિષ્ટો જ્યે
હતો રખડ્ યુયથી, ઘરજ્ઞ પૂરો ના બન્યો
સન્ત સહ્યવાસિ સાથિ ગમણાવિ પરકીય ને
ગૂહે સ્ઠિ લઈશ જે હજિ ય વર્ષ્યા લેવાં રહ્યાં"

વિવિધ પ્રકારની અભિવ્યક્તિ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે શોકો ર્મિકવિતામાં સ્વજન સૌંદર્ય કાવ્યત્વ કે કલાતત્વના ચાલેખનનો મુખ્ય આશય નથી પરંતુ તેનો સ્વજન સૌંદર્ય આધાર છે. શોકો ર્મિની ભાવાભિવ્યક્તિ વાસ્તવિક ભૂમિકા પર વિકસતી ઉર્મિ છે જેનો મેનો સેહ માત્ર આધાર સ્વજનસૌંદર્ય છે શોકો ર્મિકવિતાના કાવ્યવિશેષોના સૌંદર્યમાં આ દૃષ્ટિએ સ્વજન સૌંદર્ય નું મહત્વ છે.

તાદૃશ શબ્દચિત્રો, ભાવચિત્રો, સ્વભાવ ચિત્રો, આપણા કુટુંબના વિવિધ સૌંબંધના આદર્શો અને નીરસંસ્કૃતિએ સ્વીકારેલાં આચારદંડોને આધારે ઉત્તમ પુરુષો, આદર્શ વ્યક્તિત્વ, વ્યક્તિવિશેષો, શ્રેષ્ઠ સજ્જન અને મહાજન, પ્રિયજન અને સ્વજનનો અભ્યાસ શોકો ર્મિ કવિતામાં સ્વજન સૌંદર્યની પૂર્ણ માર્મિક, લાક્ષણિકતા છતાં ચોટ રીતે થયો છે.

ભરત મુનિએ સ્વજનના અવલોકન માટે ઈષ્ટ વસ્તુ, ઈષ્ટ મરણ જેવા પ્રયોગો આપ્યા છે.

૩૪. "ઈષ્ટ વધ દર્શનાદ્ વિપ્રિય વચનસ્ય ચૈવાશ્રવાદ્ વિ ।
અભિલષિત વિશેષાકરણ રસો નામ સંભવતિ ।।

કરુણરસ ક્યારે સંભવે ? કેવા વિયોગના શોકમાંથી ઊભવે ? જેમાં સ્થાયી વિયોગ હોય, ફરી મિલન સંયોગની સંભાવના જ ન હોય તેવો વિયોગ શોક અને કરુણ ગણાય છે. વળી તેમાં સ્વજનનો શોક વધુ હોય છે માટે સ્વજનના અવસાન પર લખાયેલી કવિતા શોકોર્મિકવિતા કહેવાઈ છે. તેમાં સ્વજનના અવસાનના પ્રસંગે નીકળેલા ઉદ્‌ગાર છે. માટે લાગણીનો સહજોદ્‌ગાર છે. તેથી શોકની ભાવાભિવ્યક્તિ માટેનો અવસાન નિમિત્તે ભાવનો સ્વજન સંદર્ભ શાસ્ત્રોક્ત છે. તેના પર રચાતી કવિતા ઊંચી કાવ્યકોટીની કવિતાની ક્ષમતા ધરાવે છે.

સ્વજનોમાં શ્રેષ્ઠ પત્ની કે પતિ- પરસ્પરના સંબંધે છે એવો સૂર ર.વિ.પાઠક, સુંદરજી બેટાઈ, કાન્ત, બ. ક.ઠા. જેવા અનેક કવિઓના કાવ્યત્વમાંથી સાંપડે છે. જે અજ્ઞાત રૂપમાં વળી લીધું છે. પરંતુ રમણભાઈ નિલકંઠ ના કાવ્યો આ વિષય પર ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે કારણ કે 'એવા શૂન્યતા' અને 'તું ગઈ માં ' પ્રગટ થતો વિષાદ કાવ્યની ઉત્તમ અભિવ્યક્તિ છે. પત્ની વિના જગત સૂનું છે. પુરુષના કેન્દ્રમાંથી રત્નીનેરે ખસેડી લો તો પુરુષ છીન્નભિન્ન છે. એનો ચેતરાર રમણભાઈએ ' તું ગઈ' માં વ્યક્ત કર્યો છે. માટે શ્રેષ્ઠ સ્વજન પત્ની છે સંસારમાં બે એક એવું સ્વજન છે જે નજીક દૂર, હયાત અવસાન જેવી કોઈપણ સ્થિતિમાં વ્યક્તિના હૃદયમાં અટલ, અક્ષર અડગ છે. એનું રહસ્ય હૃદયનું ઐક્ય છે. 'સહધર્મચારિણી - સ્વજનોમાં શીરમોર' નું પ્રતિષ્ઠાપન દાંપત્ય પ્રેમના કાવ્યોમાં વ્યાપક રૂપે જોવા મળે છે. પુત્ર માટેની સ્વજનની લાગણી લાલમુકુંદ દવે અને સુરેશ મજમુંદારની નિકતેજ વાડી, ઉરના ચાંસુમાં તેમજ 'જુનું ઘર ખાલી કરતાં' માં જોવા મળે છે. પિત્ર માટેની લાગણી રાવજીનો સંબોધેલા કાવ્યોમાં સ્નેહરશ્મિના કાવ્યોમાં, 'વિપુટાને', 'રાનો સફર' જેવા કાવ્યોમાં મળે છે. પિતા માટેની સ્વજનની લાગણી પિતૃપર્વ, 'પૂ.બાપા - જતાં ' માં -હાનાલાલ અને ઉશનસ્ ગાયે છે 'દાદીમાનો ચોરડો' xxxxx વળાવી બા- ગાવ્યા કૃતિઓમાં માતૃસંબંધના છે. ભાઈ માટેની અભિવ્યક્તિ 'ભાઈ-

વિહોણું' અને રાવજી પટેલની કૃતિમાં છે. 'જાબાનો કોટોગ્રાફ' માં સુંદરમ પણ જાનીના વો જગાવે છે. પિતાહીન ઠાકોરકૃત 'પ્ર.બહેન' નિર્દોષને નિર્મળ આંખ તારી' માં હરિશ્ચંદ્ર ભગિની સ્નેહ છતોકરે છે આમ સ્વજન ના ઉત્તમ દૃષ્ટાંત રૂપ કાવ્યો [illegible] કવિતામાં છે.

બ.ક.ઠા.ના 'મનુજ જંતુની ઝંખના' કાવ્યને એક વિશેષ રંગ પણ સમજવા જેવું છે આમ તો ઘણા કવિઓએ સ્વજનોમાં શ્રેષ્ઠ પત્ની-સહધર્મચારિણીને સ્થાન આપ્યું છે અને કવયિત્રીઓએ પણ પતિને જ સ્થાન આપ્યું છે પણ બ.ક.ઠા.પત્ની - સહધર્મચારિણીને જુદી રીતે શ્રેષ્ઠ સ્વજન તરીકે ઓળખાવે છે સામાન્ય રીતે બ.ક.ઠા. માનવમાત્રને જંતુ કહેતા પરંતુ મનુજ જંતુમાં 'સહધર્મચારિણી' વિના જીવન વ્યર્થ લાગે છે. બ.ક.ઠા. લખે છે કે ..

"પ્રભુને જિવંત રાખવા કરિ ગુહ્યો જેહું - વ્યર્થ તે..
અને વિદ્યુત વ્યર્થ સહ જિવ્યું મૃતાતુલ્ય આ"

પતિ-પત્નીજ એક બીજા માટે સ્વજન અને તે સિવાય બીજા બધા તેમને માટે પરકીય સહ મનુજ - જંતુ લાગે તેવો ખ્યાલ બ.ક.ઠા. આપે છે એ ખ્યાલની પરાકાષ્ઠાએ જઈ બ. ક.ઠા. કહે છે કે જે સ્વજન જતાં પોતાનું સ્વગૃહ પણ પરાયું લાગે, જીવન નિસ્સ લાગે, મૃત્યુ તુલ્ય લાગે તેજ શ્રેષ્ઠ સ્વજન છે.

સ્વજન મૃત્યુનું આવું જ ચિત્ર 'પરલોકે પત્ર' માં હીરાબેન પાઠક વ્યકત કરે છે કે...

"...પરે પ્રિય, તમોવીણ ચમિકાં તમ કાર્યો
સત્વરે ' પુરા કરું

અને ઉત્કટ વિરહ પણ વ્યકત કરે છે કે ..

kalpanaba

૩૭.''વાટ જોતી બેઠી છું, બોલાવો વાર કેટલી''

ઉક્ત બન્ને પંક્તિઓમાં સ્વજન મત્વેની નિકટતા, ઋણ અને હૃદયની એકતા કવયિત્રી વ્યક્ત કરે છે.

ન્હાનાલાલ અને ઠાકોરની કાવ્યધારામાં ઘણો મોટો તફાવત જોઈ શકાય છે. છતાં બન્ને પોતાની અભિવ્યક્તિ પરત્વે ઘારદાર ભાવવાહી રહ્યા છે. ન. ક. ઠા. ના પ્રણય, મૈત્રી, પ્રકૃતિ, ચિંતન ના કાવ્યના વિષયો છે પણ ''.....વિરહના ભાવ સમૃદ્ધ કાવ્યો પૈકી કેટલીક તો ચાપણી ચમત્કૃતિઓ છે. ઠાકોરની ખડબચડી ધાની પણ ક્યાંક અનેરી મુલાયમતા ધારણ કરે છે. પ્રેમની ચંચલતા, અદ્વૈતમાંથી નીતરતું અમી અને જીવન સમગ્રને આવરી લેતી એની જીવન વિધાયક આનંદ-સર્જકતને ઠાકોર કવિ ચૂક્યા નો માર્મિકતાથી ચાલેખે છે.''

દાંપત્યની જેમ વાત્સલ્ય પણ સ્વજનની ઉત્તમ અનુભૂતિ છે. કવિ શ્રી કાન્ત માટે લખાયેલાં કાવ્યમાં, સ્વજનું વાત્સલ્ય ગંગાના દૃષ્ટાંતથી ટાંક્યું છે.

'ગંગાજી શી જમ સ્વજની, પુરુષ વાત્સલ્યતા છે.''

વાત્સલ્યની અનુભૂતિને ગંગાના પ્રવાહ સાથે સરખાવે છે.'

આમ આપણે જોયું કે શોકો ભિન્નવિધતામાં વિવિધ સ્વરૂપે ઉપલબ્ધ સ્વજન સૌંદર્ય ' ઘારણે કિત છે.

(P.T.O.)

- : પ્રકરણ - ૩ :-

:: સ્વજ્ઞ - સંદર્ભ ::

સંદર્ભ ગ્રંથ -સૂચિ

સંદર્ભ નં.	પુસ્તક/કૃતિ	લેખક	પાન	પુસ્તક
૧.	ઊર્મિકવિતા	ચંદ્રશંકર ભટ્ટ	૨૯	ઊર્મિકવિતા
૨.	"	"	૧૮૯	"
૩.	"	"	૧૮૭	"લિરિક પૃ.૨૩
૪.	"	"	૧૮૭	"
૫.	"	"	૧૮૦	"
૬.	કરુણરસ	રામપ્રસાદ બક્ષી	૧૧	કરુણરસ
૭.	"	"	૧૧	"
૮.	ઊર્મિકવિતા	ચંદ્રશંકર ભટ્ટ	૧૯૮	ઊર્મિકવિતા
૯.	કરુણરસ	રામપ્રસાદ બક્ષી	૧૭	"
૧૦.	કવિકાન્તને	મણિરામ રાવળ	૧૧૦	'પદ્મા'
૧૧.	ઊર્મિકવિતા	ચંદ્રશંકર ભટ્ટ	૨૧૪	ઊર્મિકવિતા
૧૨.	"	"	૨૧૪	"
૧૩.	વિધુરંગ	કાન્ત	૧૩૬	પૂર્વાલાપ
૧૪.	કાન્તમાલા	"	૩૭૫	પૂર્વાલાપ-૩૧ મું પાન ઉપદિલાન
૧૫.	મેઘદૂત સંદેશ (નર્મદ)	જયંત પાઠક રમણ પાઠક	૪૭	ગુ. ઊર્મિકાવ્યો
૧૬.	ટિપ્પણ	જયંત પાઠક રમણ પાઠક.	૧૨૪	ગુ. ઊર્મિકાવ્યો
૧૭.	ભિન્ન મતિ ઉક્તિ-દલપત	"	૪૫	"

સંદર્ભ નં.	પુસ્તક/કૃતિ	લેખક	પાન	પુસ્તક
૧૮.	ટિપ્પણ - દલપત	જ્યંત પાઠક રમણ પાઠક	૧૨૩	ગુ. ઊર્મિકાવ્યો
૧૯.	નિદર્શનને નિમિત્તે શંખ'' તારી-હરિશંકર		૬૨	''
૨૦.	ટિપ્પણ	''	૧૩૪	''
૨૧.	આરતી	બ.ક. ઠા.	૧૭૮	બલકાર
૨૨.	''	''	૧૭૯	''
૨૩.	''	''	૧૭૯	''
૨૪.	''	''	૧૭૯	''
૨૫.	ધૂનિકલી	''	૧૮૨	''
૨૬.	અસલાન સંદેશ-મર્મદ	જ્યંત પાઠક રમણ પાઠક	૪૭	ગુ. ઊર્મિકાવ્યો
૨૭.	પ્રમાદી નાવિક	કાન્ત	૧૩૩	પૂર્વાલાપ
૨૮.	''	''	૧૩૪	''
૨૯.	ટિપ્પણ	૨ા. વિ.પા.	૨ ૯૦	''
૩૦.	ચંદીક ચતારી	બેટાઈ	૭૮	વિશેષાંજલિ
૩૧.	''	''	૭૮	''
૩૨.	'' - ટિપ્પણ	અનંત રાય રાવળ	૧૬૨	'' - અનંતરાય
૩૩.	ગુજ જંતુ અલપતા	બ. ક. ઠા.	૧૮૫	બલકાર
૩૪.	કરુણરસ 'સૌવાટીકાવિચાર	પ્રાગજી ડોસા	૧૩	ગુ. સમાચાર
૩૫.	ગુજ જંતુની અલપતા	બ. ક. ઠા.	૧૮૬	બલકાર
૩૬.	પરલોક પત્ર હીરાબેન પાઠક	બૃહદ ગુ.કા. પૈરિચય ભાગ-૨ થી	૧૬૮ ૭૪	મોહનભાઈ પટેલ ચંદ્રકાન્ત શેઠ
૩૭.	''	'' થી	૧૬૮ ૭૪	''
૩૮.	ઊર્મિકવિતા	ઊર્મિકવિતા	૨૪૭	ચંદ્રશંકર પંડ્યા

શોકકવિતામાં
-: મૃત્યુનું આલેખન :-

મૃત્યુ- વિભાગ-૧.

મંગલ અભિગમની વિવિધતા :-

જન્મ અને મૃત્યુને આપણે ઈશ્વરદત્ત ઘટના સ્વીકારતા હોઈએ તો તે બેની વચ્ચે અપેક્ષા અને ઉપેક્ષા, આવકાર અને તિરસ્કાર અથવા પ્રશસ્ય ગમા, અણગમાનો ભેદભાવ શા માટે ? લોક સ્વીકૃત સમજ પ્રમાણે પરલોકમાંથી આલોકમાં આત્માનું આગમન એટલે જન્મ અને આલોકમાંથી પરલોકમાં આત્માનું ગમન એટલે મૃત્યુ. પ્રકારાંતરે જન્મ અને મૃત્યુ અનુસંધાન અને વિચ્છેદની પ્રક્રિયા જ છે. ' જે જાયું તે જાય ' પ્રમાણે જન્મ પછી મૃત્યુ નિશ્ચિત ઘટના છે. માનવપ્રયત્ન પણ તેમાં ચમત્કારક નીવડતો ના હોય તો મૃત્યુ પ્રસંગે આપણો પ્રતિભાવ કેવો હોવો ઘટે એ એક ચિંતનનો મુદ્દો છે. અવસાન પ્રસંગે ક્લેશજ , રુદન, હૈયાફાટ આક્રંદથી ક્લેશમય બીહામણા બનતા મૃત્યુ પ્રસંગે આત્માના નિર્ગમન સમયે, આપણે આપણા વ્યવહારના ઔચિત્યની સભાનતા કેળવવી જ રહી આમેય અવસાન એક શાંતિ, શમનનો પ્રસંગ છે. છળી મરાય તેવી ભયાનકતાને બદલે મૃત્યુને શાંતિ, માંગલ્ય અને પાવનરૂપ અપીએ તો મૃત્યુ પાવન થઈ દર્શનીય બની રહેશે. એમાં ઈશ્વરના હુકમની અદબ અને મૃત્યુનો મલાજો જાળવાશે. વળી મૃત્યુ વિશ્વવ્યાપી, સર્વવ્યાપી ઘટના છે. આત્માના નિવર્સનને લોકરીવાજની વિવિધતા પ્રમાણે વિવિધ અભિવ્યક્તિ મળી છે પણ મૃત્યુના મંગલ અભિગમથી તેને એક નવો અર્થ મળ્યો છે. અભિવ્યક્તિમાં ઉઠાપણ અને સંસ્કરણ આવ્યું છે. મૃત્યુની અનુભૂતિ અનુભવતા ગુણીજનોમાં તેને આવકાર મળ્યો છે. અનેક ભાષાઓમાં તેની અભિવ્યક્તિમાં આ તત્વનો પાશ ચડતાં તેનું સાહિત્યિક મૂલ્ય મૂલ્યાંકન થયું છે. આ મંગલ અભિગમ ગુજરાતી કવિઓની કાવ્યકૃતિઓમાં પણ જોવા મળે છે. કવિએ કવિએ અને કાવ્યે કાવ્યે આ માંગલ્યની નોખી અભિવ્યક્તિ ગુજરાતી કાવ્ય સાહિત્યનું ગૌરવ બની ગઈ છે. મૃત્યુના મંગલ અભિગમની અભિવ્યક્તિ

આપવા માટે તત્ત્વચિંતન, મંથન, મૌલિકતા, ધર્મ, પુરાણ સંદર્ભ, પ્રસંગ, ભાવ અને લય જેવાં અનેક તત્ત્વોએ ખૂબ કાળો ભાખ્યો છે. ગુજરાતી કવિતા તેના પ્રારંભ કાળ પછી અન્ય ભાષા સાહિત્યના સંપર્કની અસરમાં આવતું, ક્યારેક અભ્યાસની અસરરૂપે આ અભિગમ તરફ વળી શરૂઆતમાં કાવ્યોમાં અભ્યાસ પરથી તારવી શકાય છે કે કવિ મૃત્યુના પ્રસંગનો માત્ર દ્રષ્ટા હતો. આંખે દેખ્યો મહેતાલ કવિતામાં વિસ્તરતો હોય અને ગદ્યથી જુદું પાડનારું તત્ત્વ ગેયતા, વિયોગ કે પરંપરાગત આલેખન રીતિ જ લાગે. તે પછીનાં કાવ્યોમાં પરંપરાગત આલેખન અને મૌલિક સ્પર્શનું મિશ્રરૂપ જોવા મળે છે. પરંતુ અર્વાચીન અને નવી કવિતામાં અભિગમનું ક્લાત્મક અવતરણ મળી આવે છે.

સ્વજનના મૃત્યુપ્રસંગે અપાયેલી અંજલિઓમાં મૃત્યુના મંગલ અભિગમની અભિવ્યક્તિની કાલાંતરે સીમા વિસ્તરતી જતી જોવા મળે છે. કવિઓ અભિવ્યક્તિને સચોટ અને હૃદયગમ્ય બનાવવા માટે વિવિધ પ્રયોગો યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવે જે સ્વાભાવિક છે પણ જ્યાં એક જ ઉપકરણની અજમાયશમાંથી કાવ્યે કાવ્યે વૈવિધ્ય, તાજગી અને અભિવ્યક્તિની નવીનતા પાંગરતી જાય છે ત્યારે મૃત્યુના વિષયને અનવાં સાહિત્યિક અર્થો, રૂપો અને આકાર પ્રાપ્ત થાય છે. એજ ઉપકરણ કવિ અને કૃતિ બદલાતાં અર્થ બદલીને નવરૂપે કાવ્યમાં આવે ત્યારે અદ્ભુત વિવિધ અને આશ્ચર્યજનક અભિવ્યક્તિ લઈને આવે છે કળી અને ફૂલનું ઉપકરણ હરિશંકર ભટ્ટ 'નિદોંષ ને નિર્મળ આંખ તારી' કાવ્યમાં, અમૃતલાલ મેઘાણી 'ભરબર છાંટુ અંજલિ' કાવ્યમાં અને ઉશનસ્ 'ફૂલ ખર્યું' માં પ્રયોજે છે. પરંતુ ઉપકરણનું વિનિયોજન જ્યારે કવિઓ મૌલિક રીતે કરે છે તેથી તેમનાં કાવ્યોમાંથી અર્થોની વિવિધતા તરી આવે છે. 'નિદોંષ ને નિર્મળ આંખ તારી' કાવ્યમાં હરિશંકર ભટ્ટ યુવાની ના ઉંબરે ઉભેલી મુગ્ધતાવાળી કોમાર્યના બાલોથી કોડીલી બનેલી બહેનની કોમળતા અને રૂપના આલેખન માટે કરે છે. પણ અમૃતલાલ મેઘાણી ફૂલના પરોપકારી ગુણોદ્વારા મણિલાલના પરગજુ વ્યક્તિત્વને

kalpana's

ઉપસાવે છે. ઉશનસ્ 'ફૂલખર્યું' માં કાવ્યના પ્રસંગ અને ભાવની ચોટ અભિવ્યક્તિ દ્વારા વિયોગની તીવ્ર માત્રા ચાલેખે છે. નરેશના કાવ્યોમાં પાત્ર લક્ષિતતા, પ્રસંગલક્ષિતતા અને ભાવલક્ષિતતાનું ની ભિન્નતા છે. આ ત્રણેય કાવ્યોમાં મૃત્યુની અભિવ્યક્તિની ચોટદાર રજૂઆત માટે ઉશનસ્નો કવિકૌશલ્ય બરોબર ઉત્તમ પરખાય તેવો છે. કાવ્યના શીર્ષકમાં સૂચિત કરવાનો ચમત્કાર કવિ 'ફૂલ ખર્યું' વ્યંજીત કરે છે કે અન્ય માટે ખરવાની પ્રક્રિયા કદાચ સહજ મૂલ્યહીન, કુદરતી ક્રમ પ્રમાણે લાગે પણ કવિ માટે તો કુટુંબની વેલ પરથી 'ફૂલ ખર્યું' છે કવિ અન્ય માટે સહજ પણ કવિ માટે એ પ્રસંગ હૃદ્ય વિશેષ ચર્થગંભીર બની જાય છે. ફૂલ ખરવાની પ્રક્રિયામાં સાહજિકતા છે પણ કવિના મનની વેધકતા પણ દેખાયા વિના રહેતી નથી ઉશનસ્ ફૂલના રૂપ, રસ, ગંધ, નાજુકતા, ક્ષણજીવીતા, કોમળતા, નાજુકતા જેવા બધાજ ગુણો પોતાની પુત્રીના વ્યક્તિત્વમાં જુવે છે. વિયોગ, પ્રસંગ સંપૂર્ણ અભિવ્યક્તિની વિશેષ મુદ્દા 'ફૂલ ખર્યું' માં ઉપસે છે જેમાં મૌલિકતા પણ છે જ્યારે અમરચંદ મેઘાણી યોજિત અન્વયમાં પરંપરાગત લક્ષ્ય, રીમિત ભૂમિકા, લાગે પણ 'ફૂલ ખર્યું' મા મૌલિકતા આત્મીયતા, વેદના, શોક, મર્મભર ચિંતન અને મનડે ભરતે ગૂંથાયેલી ચર્થ ગંભીરતા કલાત્મક બની ઉઠે છે. ફૂલના ચર્થને કવિ અંજલિ સુધી લિક્ષાવી 'અંજલિ ફૂલ' ચર્થી કાવ્યના વિયોગને હૃદયસ્પર્શી બનાવે છે. ડાળ પરથી ફૂલ ખરે તેમ આંખમાંથી ચક્ષુનું ખરવું કવિ માટે વેધક છે. વળી પુત્રવિયોગનો ભાવ, ફૂલ અને અશ્રુ નયનની નાજુકતા અને દયાજનક સ્થિતિનું સામ્ય પણ તરી આવે છે. ફૂલ, અશ્રુ અને કુટુંબવેલ પરથી પુત્રી રૂપી ફૂલ ખરી પડવાના ચાલેખનમાં કવિ મૃત્યુના ચાલેખનને જ કલાત્મક ચોપ આપે છે અને તે ચથોચિત લાગે છે.

મૃત્યુ કુદરતી ક્રમ, સહજ નિશ્ચિત ઘટના, કંઈક ગુમાવી બેસવાનો અફસોસ, રંજ, વિવિધ કવિઓ કોઈને કોઈ કુદરતી ઘટના દ્વારા અને પ્રાકૃતિક ઉપકરણ દ્વારા તો કાબેલિયતથી ચાલેખી શકે છે પરંતુ

kalpana's

મૃત્યુને જોવાની સમજણની ચે એકજ આંખ નથી ; ઘણા કવિઓએ મૃત્યુને ધાર્મિક અને પૌરાણિક સૌંદર્યની આંખે પણ જોયું છે તેના કવિઓ ૦૬।૨। મૃત્યુનું થયેલું ચાલેખન પ્રાકૃતિક ઉપકરણથી માતી મૃત્યુના અર્થની ઉપલબ્ધિ કરતાં કંઈક જુદીજ મસ્ટિ પ્રાપ્તિ લઈને આવે છે. મૃત્યુ પ્રસંગે ગણુધાર કે ગણુબુન્દ ચતિશયજ અને સ્વભાવિક છે. એમ પણ કહી શકાય છે અગાઉની કવિતાઓમાં ખુદ પોતે મૃત્યુના શોકના ભાવની ચભિવ્યક્તિનું એક સબળ ઉપકરણ હતું પણ આધુનિક કવિતામવાહમાં એ આંસુને વિઘ્ન તરીકે ચાલેખી મૃત્યુના અર્થને એક નવો વળાંક કવિઓએ આપે છે આ પ્રયોગથી એ ગુજરાતી કવિતાને બેહડો ફાયદો થયો છે.પ્રાયોગિકતા સફળ પૂરવાર થઈ અને ચાવકાર્ય સત્કાર પામી.વળી પરંપરાગત માધ્યમો, પ્રયુક્તિઓ, ઉપકરણોમાંથી નવા અર્થ મળતાં વિનિમયનું -વિનિયોજનનું કૌશલ વિકસ્યું અનેકવિતાને તાજગી મળી પરંતુ આ સર્વ ઉપલબ્ધિઓમાં સર્વોત્તમ મૃત્યુને મળેલું માંગલ્ય છે. મૃત્યુની નિશ્ચિત ઘટનાના ચાલેખો નવું ફલેવર, ક્લાત્મક ચભિવ્યક્તિ મળી અને પરંપરાગત કે જૂનાં ઠોઠે પડી ગયેલા શબ્દો, રૂપો, પ્રયુક્તિઓ ને અર્થ અને ચભિવ્યક્તિની નવીનતા, મળતાં તેમનો જાણે કે કાયાકલ્પ થયો. એકજ વિષય પરના, એકજ દિશામાં વહેતા બે કાવ્યોના કાવ્યત્વમાં ચભિવ્યક્તિની સ્વતંત્ર છાપ ઉપરી આવતી જોવા મળે છે. કવિતાને વિસ્તરવાનો એક નવો ક્ષેત્રનો પ્રદેશ વિકસ્યો તેમાંથી મૃત્યુ વિષયક ચાલેખને વધુ ક્લાત્મક કાઠું કાઢવું. આવાં અનેક ક્લાત્મક સંદોનો સમન્વય ૨।. વિ. પાઠકકૃત 'છેલ્લું દર્શન' માં છે. ઝવેરચંદ મેઘાણી કૃત 'વીર જતીન્દ્રના સંભારણા' પણ તેની સાથે કેટલુંક સામ્ય ધરાવે છે પરંતુ ઝવેરચંદ મેઘાણી મૃત્યુ અને વીરતાના ભાવની ઉંચાઈને આંબી જવા પ્રયત્ન કરે છે. જ્યારે ૨।. વિ. પાઠક સૌંદર્યની વિભાવના કંડારવા મથે છે. ૨।. વિ. પાઠક સૌંદર્યની અલૌકિક વિભાવના સમજાવે છે અને તેના અંશ રૂપના પૂજક તરીકે પોતાને ઓળખાવે છે. જ્યારે'વીર જતીન્દ્ર'ના સંભારણા' કાવ્યમાં કવિ જતીન્દ્રના

kalpana's

વીરતાના ભાવની પૂજા કરે છે. ચાલેખની આંતરીક ભૈદરેખા હોવા છતાં ચોટદું ચમત્કૃતિ કરી શકાય કે માર્મિક ઘર્ષણ અને ગૂઢદર્શનની પ્રતિભા બન્ને કવિઓમાં છે. ઋાતિકિત્વની પૂજા બન્ને કવિઓએ જુદે નિમિત્તે સમાન ભાવે કરી છે. વિશેષમાં બન્ને કવિઓ ઉત્તમ દૃષ્ટા છે અને દર્શનકેદારા બન્ને ધન્યતા પ્રગટ કરે છે. એ અનુભૂતિની આડે આવતા અનુને વિઘ્ન માની તીવ્રતા પૂર્વક રોકાઈ જવા કહે છે એક જ નિરવ્યય પર કવિરંગની ભિન્નતા છતાં સમાનતાની ગૂંથણી ચશદાયી નીવડે છે. ૨. વિ. પાઠક કહે છે.

૧. "ધમાલ ન કરો, – જરાય નહિ નેણ ભીનાં થશો
ઘડી– ૫ – ઘડી જે મળી નયનવારિ ધંધો જરા,
કૃતાર્થ થઈ લો કરિ, નહીં મળે જ સૌંદર્ય આ'
ચટા અમર જે ઘડે છ હવણ, હવાનું માંગલ્ય કો!"

ઝવેરચંદ મેઘાણી પત્ર 'વીર જતીન્દ્રના સંભારણા' માં આડે આવતાં આંસુને આ જ કારણથી વિનવે છે. કે ...

૨. "મૃત્યુને તે ગયું, ગોદ માતા બની
કે હું ભિક્ષુની રાત સોહામણી
આવે મંગલ અવસરે, કોણ વિલાપ કરે....?
વેગળી જાજો રે ઓ ભૂની વાદળી
વીરતાના તેજ ને નવ રહો આવરી
નીરખવા દો મુને લાખ નયનો ભરી
આહુતિ જ્વાળ નીચે બાળની ઝાકઝરી"

સિધ્ધિને વરેલી બન્ને કવિતામાં સિધ્ધિની ઉપલબ્ધિ અલગ છે ૨. વિ. પાઠકના કાવ્યમાં સૌંદર્યની વિલાવતાની સિધ્ધિ છે જ્યારે ઝવેરચંદ મેઘાણીના 'વીર જતીન્દ્રના સંભારણા' માં વીરતાની સિધ્ધિ ચાલેખાઈ છે. ચમત્કૃતિના ચામ્યની દૃષ્ટિએ બન્ને કાવ્યોમાં મૃત્યુના માંગલ્ય

kalpana's

ને ધન્યતાનો ભાવ રમાનરૂપે છે.

શોક નહી પણ શાંતિનું, મૃત્યુના મંગલભાવનું ચાહેખન વીર જીનેન્દ્રના સંભારણાં' માં જોવા મળે છે. ચક્ષુને ઠંડી જવા માટે કવિએ કરેલી વિનંતીમાં મૃત્યુના માંગલ્યને દીપાવવાની જ ભાવના છે કવિ કહે છે રડવાને બદલે જ્ઞાનબેડી અભિનંદન ઘોષણા કરો. શોકને બદલે ઉત્સાહ કરો, ઋણોચ અરિજનને કરવા દો, દુશ્મનો થર થરી ઉઠે તેવી વીર જીનેન્દ્રની જય ઘોષણા કરી જીનેન્દ્રની વીરતાને વંદન આપો. તરૂણોને કહે છે "હે તરૂણો, લાચાર, હતાશ ના બનો, વીરતા ને શૌર્યના સંભારણામાંથી પ્રેરણા લો, હે બહેનો વારણા લો, હે માતાઓ, પુત્રોને પારણે પોઢાડી વીરતા સીંચો, વીરપુરુષો તમે વીરતા, વીરહાલરીઓ ગાવ, ચંદિરને બારણે ભક્તો, તમે પણ ગાવ, આજે ગાવાનો ઉત્સવનો અવસર છે રોવાનો અવસર નથી. આ મંગલ ભાવ વ્યક્ત કરી કાવ્યકંડિકાઓ નીચે પ્રમાણે છે.

૩. "જ્ઞાન વિદારણ રાગનાં, ગાજો નંદન-ઘોષ
ઉત્સવ-દિન આપણ ઘેર, અરિજનને અફસોસ
અરિજન ઘરઘરે, એવી ઘોષણા
ગરજી ગરજી વારો, જ્ઞાનનાં માંડવા
ઉઘરે ઉઘરો, તરુણ કોઠામહાં
વીરતાં વાંચ શૌર્યોત સંભારણાં
પણ આયાં જ્ઞાન વિસરીયે, બહુ મુલા બલિદાન
ગાયું ઘર ઘર ઘૂમનાં , જેનાં અર્પણ ગાન.
ગાઓ રે બેનડી, વીરને વારણે
ગાઓ રે માવડી, પુત્રને પારણે
બેટીજા ગાઓ રે , વિરલાઈ સાગરંગણે
ભક્તજન ગાઓ મંદિરને બારણે

kalpana's

વીર જતીન્દ્રના મૃત્યુ પછી સ્વ શમન પછીની વીરતા જાણે કે હજીયે જતીન્દ્રના ચહેરા પર અનોખે રંગે વીરાજતી હતી. મૃત્યુના મહિમાને પીછાણનાર, માણનાર વીર જતીન્દ્રના મૃત્યુના ચાલકારની નોંધ જાણે કે મૃત્યુએ પણ લીધી હતી. કયારેક એમ લાગે છે કે કાવ્ય ના આલેખન દરમ્યિાન મૃત્યુ અને વીરતા પૂણ ઉન્નત માનામાં જાણે કે સામ સામે સમાંતર રૂપે આલેખાતાં જાતાં હોય. તેથી મૃત્યુ અને વીરતાની ઉભય ચૂંથણીમાં મંગલ મિલાપ કોના વ્દારા સવિશેષ તે જાણવું કે શોધવું મુશ્કેલ બની જાય છે. જાણે કે મૃત્યુ વીરતાને દીપાવે છે તો ઘડીક એમ લાગે છે કે વીરતા મૃત્યુને દીપાવે છે. ખરેખર તો એ કવિકૌશલ છે.

ર.ં. વિ. પાઠક, અંબેરામ મેઘાણી, ઉશનસ્ સુંદરજી બેટાઈ, જેવાં વિવિધ કવિઓની કૃતિમાં વિવિધ દૃષ્ટિકોણથી મૃત્યુને અપાયેલું માંગલ્ય શું આજ પેઢીની દેન હશે ? એવો પ્રશ્ન થાય અને કદાચ આધુનિક કવિતાની અભિવ્યકિતનો યશ મળી પણ જાય પણ કેટલાક તે પહેલાંના કાવ્યોમાં તેના સંસ્કાર જોવા મળે તેમ છે. કવિ ખબરદાર - ' સ્વ.મટુભાઈને' કાવ્યમાં મટુભાઈના મૃત્યુને દીવ્યભાવથી ઉંડારવા પ્રયત્ન કરે છે અને ઉંડક અંશે તેમાં તે ઓ સફળ પણ રહ્યા છે.

૪.''દૂર દિવ્ય પ્રકાશ વિશે ઝાકે વીર તું
અમ ચેતન જ્યાં તિમિરે ઝૂંખાય સહુ''

આ પંકિતઓમાં મૃત્યુને એક દિવ્ય પ્રકાશ તરીકે ચીતરાવ્યો છે.તેની આગળ માનવો 'તિમિરે ઝૂંખાય સહુ' કહે છે એ એવો પ્રકાશ છે કે જ્યાને એની આશા રહે છે.

૫.''અમ ચાલ અમે એ પ્રકાશ વિશે જઈએ''

અર્થાત્ મૃત્યુની આ મંગલકારી ભાવના ચાલતી ગઈ છે. માંગલ્યની અભિવ્યકિતનો અવિરામ વ્યાપક ચાલકાર પામ્યો છે.

kalpana's

એક ચાદર્શ મૃત્યુનો પરિચય કવિ ખબરદાર 'ગાંધી સંત પ્રયાણ' કાવ્યમાં કરાવે છે. મરી જાણે છે તેજ માણસ જીવી જાણે છે એનો મરીને જીવવાનો નવમંત્ર કવિ આપતાં જણાવે છે કે....

૬..."મરીને જીવવાનો નવમંત્ર એ કોને પાવન હાથે"

ચાદર્શ જીવન અને ચાદર્શ મૃત્યુને વરેલા ગાંધીજી કવિ ખબરદાર બીરદાવે છે. ચેતનવંતા જીવન પછી મૃત્યુ પામીને ગાંધીને નવજીવન લાદવું એમ કહી કવિ જીવન અને મૃત્યુ બન્નેનો નવો અર્થ આપે છે.

૭. "જીવનમાં નવચેતન રાખ્યું, મૃત્યુ વિશે નવજીવન લાદવું" મરવાની મઝા મૃત્યુને માણવાનો માર્ગ મોકળો કરી આપે છે ગાંધીએ એ માર્ગ મૂક્યો ગાંધીનું મૃત્યુ બીજાં કોઈ જેવું ધીર, ગંભીર મૃત્યુ હતું.

સ્નેહરશ્મિ કૃત 'પ્રયાણ ઘડી' કાવ્યમાં પણ મૃત્યુનું મંગલ દર્શન આલેખાયેલું જોવા મળે છે. ઘણે દૂર ક્ષિતિજની પેલેપારના તારાઓની પણ પેલીપાર ચાલ્યાને જવાનું છે. વચ્ચે મોટો દરિયો છે. પણ પ્રભુની પ્રેમળ જ્યોતનો પ્રકાશ તારા પંથમાં પથરાવાનો છે. એ વિરાટ ઘાટ પર તારું સ્વાગત થવાનું છે. બસ તારાઓના સંદેશા છે આ પ્રકારના ભાવાર્થનું ચાલેખન કવિતાને અને કવિતામાં પ્રસંગોપાત વર્ણનના મૃત્યુને મંગલપ્રસ્થાન તરફ દોરી જાય છે. કવિ મનોમન ચારવાચન લે છે કે ચાલાં મંગલ મણિયે રડવાનું હોય નહીં, શોક કોઈ નહીં, તેથી કુદરતને પણ રડવાની ના પાડે છે.

૭. "સંધ્યાના ઘેરા બોલ પડે તુજ કાને કે ?
નભ તારકના સંદેશ નયન તુજ વાંચે કે ?
ભરશે પ્રભુ પ્રેમની જ્યોત પંથ પ્રકાશે રે
રે ? વિરાટ કેરા ઘાટ સ્વાગત ગાશે રે

kalpana's

નહીં રજની આંસુ ચાર , દિશાઓ રોશો મા
આ પ્રમાણેની ચિરામ ? – પાણું જોશો માં''

"વીરજીન્દ્રના સંવાદમાં અંદરથી બોલાણી અને છેલ્લું દર્શન' માં રા. વિ. પાઠક આંસુને વિનવે છે તેમ સ્નેહ તુરિમ પણ ' આ પ્રયાણ ઘડીને ધ્યાનમાં રાખી 'નહી રજની આંસુ ચાર' , દિશાઓ રોશોમાં કહે છે. આંસુને વિનવણી મૃત્યુની કવિતામાં બેઉ અક્ષરકારક બની ભાવવાહી અભિવ્યક્તિ માટે મહત્વનું બની છે. આધુનિક કવિ રાવજી પટેલની "ચાલ્યો મૃત્યુનું ગીત કાવ્યની નીચેની પંક્તિઓનું સ્મરણ સહજ થઈ આવે છે કે...

૯.''મારી આંખે કુંકુના સૂરજ આથમ્યા
મારી વેલ સંભારો વીરા, હવે રાંકોરો
રે અજાણ્યા પહેરીને ઉભા રસ્તા ?

એમાં પણ મૃત્યુનું માંગલ્ય મનાવવા માટે કવિને જાણે કે વેલમાં બેસીને મોજ માણવાનો મહોત્સવ ઊજવાનો હોય તેમ ચાલી જાને તૈયારી કરવા સૂચિત કર્યા કહે છે કે...

'મારી વેલ સંભારો વીરા.....

'ચરોતરનું મોતી' કે. હ. પટેલની સ્વ. મોતીબાઈને સમર્પાયેલી પુસ્તિકા છે. લોક કલ્યાણના કાર્યો કરી જીવન સાફલ્ય કરી જનાર મોતીબાઈ માટે કવિ લખે છે.

૧૦.''અનાસક્તિ તણા યોગે, થાના ચા લોકની કળી
પહોંચજો તે પુણ્યાત્માને, ભાક્તિપૂર્વક અંજલિ''

ગુર્જર દેશે 'તેજસ્વીમાણેકનું મોતી' કહી તેમના જવાથી મહાન ખોટ પડી ગઈ તેમ કહે છે . તેના વર્ણનમાં કરુણતા છે.

૧૧.'' મહા તેજે ઝળી જતાં સારે આંસુ ચૂની ધીરા''

લાઘવ યુક્ત કલાત્મક આલેખન લાગે છે.

મૃત્યુની દુઃખદ ઘટનાના વિષાદને ચોગાળી નાખી નવી માંગલ્યમય સૃષ્ટિ રચી કવિ મૃત્યુની પાવનતા વધારી દે ત્યારે કાવ્યનું ગણું ફલેવર બદલાઈ જાય છે. શશીન મોઝા કૃત 'નંદનવનનું પંખી' કાવ્ય જ્હાનાલાલને અપાયેલી અંજલિ છે. જ્હાનાલાલની સાહિત્ય-સેવા, જીવનકાર્યો, તેમની રાષ્ટ્રભક્તિ ચેક્યનું ચિંતન, ધર્મ રાજ્યનું સમન્વયકારી સ્થાપન, ગ્રામ્યભાવના, આર્ય સંસ્કૃતિના યશોગાન વગેરા જ્હાનાલાલના વ્યક્તિત્વને ચાલેથી તમ ચ્યે ત્યાગની પાંખોથી થયેલું તેમનું ઉડ્ડયન વર્ણવી કવિ જ્હાનાલાલને ચક્ષ દિવ્યભાવમાં ચાકારે છે.

૧૨...'નંદનવનમાં પાછું, દેવોના દિવ્ય ધામમાં
સહસ્ત્રદલ પદ્મોની, પાંખી પોઢ્યું ખિલાતમાં
ગયું તો યે ગીતો તેનાં ભરે છે કાળ ને દિશા
ગાનના નાનકી થઈ છે ચમૂતા વિશ્વની ધરા''

વિશ્વની ધરાને ચમૂતા કરી દેનાર કવિનાં ગીતો ગવાતાં રહેવે. જેમ કહેવામાં વ્યક્તિ દેહ એટલે પાંખી, ગાન એટલે તેમનાં કાર્યો અને તેનાથી છવાયેલી અસર તે મૃત્યુના માંગલ્યની અસર તેનું ઉડ્ડયન એટલે આત્માનું ઉડ્ડયન આમ મૃત્યુ વગેરા મંગલવાના, વિદાય પણ દિવ્ય અને ભવ્ય બનાવી દઈ કવિ મૃત્યુને મંગલ સ્પર્શ ચાપે છે.

મૃત્યુના ભાવને માંગલ્ય બક્ષવા પ્રયત્ન માટે ચાલેકામાં વિવિધ યુક્તિ-પ્રયુક્તિ યોજીને કવિઓ મૃત્યુના શોક અને આઘાતને સહ્ય બનાવી તેની અનુભૂતિને સજાવે છે. તેમાં વૈચારિક, ધાર્મિક અને પૌરાણિક સંદર્ભની રચાતી કાવ્યસૃષ્ટિ ઉપરાંત કલ્પના અને સામાજિકતાની ચોપ પણ ચાપવામાં ચાવ્યો છે.

૧૩...'જિંદગી કુલબાની જેમ વણઝારી ગની
ચે હતી જેની પરત ચોંપી ગની ?''

kalpana's

આ પંક્તિઓમાં ઊંચા વિદાય નો ભાવ આરોપી જિંદગી ઈશ્વરે આપણે ને ઉછેરવા આપેલી પારકી થાપણ છે તેને ચાંચકી ન લેવાય અને સ્વીકાર કર્યા પછી પાછાં આપતાં અચકાવું ન જોઈએ. પ્રકારાંતરે મૃત્યુને જન્મ જેટલું સહજ સ્વભાવિક ગણવાનો સંદેશ એમાં છે. શોક કે આઘાતથી મૃત્યુનું ગૌરવ ઘવાય તેની દહેશત છે. ચેટલે ગની દહીંવાલા સીધો ઉલ્લેખ ભલે ના કરતા હોય પણ અર્થઘટન મૃત્યુનું માંગલ્ય સૂચવે છે.

શેષના 'કવિવર રવીન્દ્રનાથને' કાવ્યમાં રવીન્દ્રનાથનીજ મૃત્યુવિશેની ભિન્નાવનાને ઉતારવામાં આવી છે. ઝિંચકાના બે આંદોલનોની વચ્ચેની મધ્યસ્થ કેન્દ્રવર્તી ચેક પણ તે મૃત્યુ તો વળી એમ પણ કહ્યું છે કે સ્તન પાન કરાવતાં બાળકને સ્તન કેર કરતાં જે ક્ષણ થાય તે બે જિંદગી વચ્ચેના મૃત્યુની ક્ષણ કે પળ છે એની સમયાવધિ વધુ લાંબી નથી રવીન્દ્રનાથને અંજલિ આપતાં કવિ લખે છે.

૧૪...'લૌકિક દેહને લયે
દુઃખો હોય ન મોહ શોક વા
કહ્યું તે પ્રકૃતિ જ લે જની
સ્તન ચેક થી પકોડીને બીજે ''

મૃત્યુ માટે રવીન્દ્રનાથે આપેલા ભાવની પંક્તિઓ જોઈએ બસ.''માતૃત્વ બાળકને ચેક સ્તનેથી છોડાવીને બીજે સ્તને લઈ જાય તેમ પ્રકૃતિમાતા માનવરૂપી બાળકને જિંદગી રૂપી ચેક સ્તનેથી બીજા સ્તને લઈ જાય છે.'' આજ ભાવને વ્યક્ત કરતી બીજી પંક્તિઓ જોઈએ.

૧૬...'સ્તન હતે તુહે નિલે શિશુ કાંદે ઠરે
મુહૂર્તે આ શ્વાસ પાય શિશે સ્તનાન્તરે
- રવીન્દ્ર મૃત્યુ અવસ્થા

૧૭...'રે જે માતૃપાણિ

kalpanu's

સ્તન હતે સ્તનાન્તરે લઈ તે છે ક્ષણિ
– ચોનાર તારી ક્રંદન''

'ગીતાંજલિ'ના એક કાવ્યનો ભાવો જ ભાવ છે કે....
૧૮."The child cries out when from the right breast the mother takes away in the very next moment to find in the left one its consolation."– Gitanjali- Song-95.

સુંદરજી બેટાઈને પત્નીના મૃત્યુ પ્રસંગે લખેલી 'ચદીઠ સવારી' ની કેટલીક પંક્તિઓ વાંચતા આત્માના ગમનને, જાણે કે સ્વર્ગારોહણની અનોખી, અદ્ભુત ઘટના હોય તે રીતે મૃત્યુને સવારી સાથે સરખાવી એક ઊંચી કલ્પના કરી છે. સવારીની પાલખતા, રુક્ષતા, ગલાજો, ચદલ, દબદબાભરી વિદાય તે સમયે ચહુબાજુની ચિન્તા, હૃદયમાં મંગલભાવો, વગેરે ગુણો ચાદ આવી જાય તેવી પંક્તિઓ જોઈએ.

૧૯.''ત્યાં ક્યાંથી દીઠ, ચદીઠ આવી
અશબ્દ શી મૃત્યુ તણી સવારી
સ્તંભોહની ઇન્દ્રિય સર્વ કેરી
સંજીવનીની હરતી ખુમારી''
અશબ્દ શી મૃત્યુ તણી સવારી
રાજાની મુદ્રિકા, દીવી દીકરા ના દૂત, પાછા''

અકથ્ય, અશબ્દ, અદૃશ્ય દૂત બ્દારા મૃત્યુને એક રહસ્યાત્મક ઘટના તરીકે કહ્યું છે. પણ કવિ કહે છે કે મૃત્યુને જાણે કે બધી જ ઇન્દ્રિયો જોતી રહી ગઈ, સ્થિર થઈ ગઈ, જડવત્ થઈ ગઈ. મૃત્યુ જેટલું બધું પ્રભાવપૂર્ણ હતું કે ઇન્દ્રિયો કામ કરતી, તેના પ્રભાવે અટકી ગઈ મૃત્યુ– રૂપી ચદીઠ સવારીના સ્તંભોહમાં બધી ઇન્દ્રિયો જડવત્ બની ગઈ. અરે આ સ્થિતિ તેજ મૃત્યુ છે આ લેખન એ અભિવ્યક્તિની આ કાબેલિયત

kalpans's

એક અત્યંત ચમત્કૃતિ પણ ગણી શકાય. તાળી મૃત્યુના ગેબી વૈભવનું રૂપવર્ણન મંગલ આરોપણ વાસ્તવિક છતાં મર્મવેધી, બૌદ્ધિકતાનું છતાં સ્વભાવિક છે.

વિવિધ કાવ્યો તપાસતાં જણાશે કે મૃત્યુના મંગલ અભિગમના આધાર સ્તંભો ધર્મ, પુરાણ, માન્યતા, બૌદ્ધિક ગણિત્યકિતની કુનેહ કવિ રૂપે છે તેમ સામાજિક સૌંદર્ય પણ એક મહત્વનો આધાર સ્તંભ બની રહે છે. મૃત્યુ સમયના અતિ-ભૂચલિત લોકરીવાજ સાથે રા. વિ. પાઠકની માૌલિકતા કેવી સુંદર રીતે ગોઠવાય છે જુઓ...

૨૦. "ધરો અગરુ ચીર, ચંદન, ગુલાલને કુંકુમ
ધરો કુસુમ શીકલી , ન કરી જીવને આ થલો
X X X X XX X X X X
સુયોગ, અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો

લગ્ન અને મૃત્યુ સમયની સમાન - સરખી સમૃદ્ધિના સાધન ઉપયોગથી કવિ મૃત્યુને માંગલ્ય બક્ષે છે. જીવનના અતિ આનંદકારી લગ્ન પ્રસંગ સાથે સરખાવી મૃત્યુના શોક અને આઘાતને બદલે પાવનતા અને માંગલ્ય ભરી દે છે. તેનો પક્ષ ટાળી તેને દર્શનીય ધન્ય બનાવે છે. અદ્દીઠ સવારી લઈને નીકળેલા કાન્યના નાયકને પણ આવો જ સૌંદર્યમિ મઢ્યો સુંદર વેશ વર્ણવે છે કે

૨૧. "હા, મેજ પિતાંબર, પુષ્પમાળ મે.
હા, બન્ધુઓનો ય હતો સમાજ મે" પણ કવિ કહે છે કે
"અકલ્પ્ય કિન્તુ સહી વૈપરિત્યે....."

અહીં બહુ તેના જેવું સમાન હોવા છતાં કંઈક વિપરિત છે એમ જણાવી ઈંગિત વદારા મૃત્યુનો ચમત્કાર ગાયે છે. પછી કવિ તેનો ઘટસ્ફોટ કરે છે, કે..

kalpana's

૨૨. '' હતું બધું મૃત્યુમાં શોક છાંય માં''

૨૩. ''ઉલ્લાસનો સાગર ઊર્મિ પૂર્ણ
જેના જ્યે શાન્ત ક્યાં ચિતાગ્નિ''

એમાં પણ ઉલ્લાસના ઉછાળતા સાગરમાં ચમન તે મૃત્યુ જેમ કહે છે તે રીતે 'અદીઠ સવારી' માં મૃત્યુનું ગાંભીર્ય, રંજનિર્દેશ છતાં મંગલ અભિગમ, સવારીની રોનક અને આદર, શોક છતાં અહોભાવની સદ્ભાવના ગૂંથણી છે. ગુજરાતી સાહિત્યમાં રા. વિ. પાઠક કૃત 'છેલ્લું દર્શન' સોનેટ અને સુંદરજી બેટાઈ કૃત 'અદીઠ સવારી' કરુણ પ્રશસ્તિ કાવ્યરૂપે અલગ હોવા છતાં મૃત્યુની મંગલ અભિવ્યક્તિ માટે એકબીજાની અત્યંત નજીક રહી અભિવ્યક્તિ પામની નોંધપાત્ર કૃતિઓ બની શકી છે.

વાસ્તવિક ભૂમિકા પર જઈ તપાસીએ તો મૃત્યુની અનુભવાતી અનુભૂતિ સુખદ નથી જ પરંતુ તેને દુઃખદ તરીકે અનુભવી તેની સહજ સ્વાભાવિક અનુભૂતિ પર જ્યારે માનવ પ્રયત્નો, ડોળ, દેખાદેખી ચાઢંબરી અભિક્રિયાઓ ઉમેરાવા લાગી અને સામાજિક રૂઢિગત પરંપરાઓની જડતા તેનો જ્યારે વધારે ચારે બાજુથી દોરી લઈ તેની સ્વાભાવિક અનુભૂતિ અને મૃત્યુના મૂલ્યની હાંસી પાત્ર બનાવવા લાગ્યા ત્યારે માનવસર્જિત વ્યવહારમાંથી મૃત્યુ બાકાત જ રહો જેવી સ્થિતિ ઉભી થઈ મૃત્યુને જાણવાની, સમજવાની ગૂઢજ્ઞાની, તેના વિશે ચિંતન કરવાની ઘડીએ હૃદય શોક કે રંજ કે આઘાત અનુભવે તેની ઉપર જ્યારે તેની મહત્તાને નામશેષ કરતા બાહ્યોપચારોમાં મૃત્યુ દટાઈ જાય ત્યારે ચિંતકો, વિચારકોને એવું લાગ્યું કે મૃત્યુ જેમ લોકો માને છે તેવું મર્યાદિત અર્થમાં સીમિત નથી અને દૃષ્ટિકોણથી મૃત્યુને જાણવાની જાગૃતિ ધીમે ધીમે વ્યાપક બનતી ગઈ તેની ફલશ્રુતિ રૂપે મૃત્યુનો મંગલ અભિગમ આવકાર પામ્યો. આ અભિગમમાં અધ્યાત્મ, ચિંતન, વિચારકો, ફિલસૂફો, કવિઓ અને વિવિધ ભાષાના સાહિત્યકારોનો ફાળો નોંધપાત્ર છે આ સર્વનો પ્રભાવ ગુજરાતી કવિઓ પર પડ્યો અને તેના

kalpana's

પ્રભાવે અનેક કવિઓએ સ્વજનને અને મહાનુભાવોને આપેલી અંજલિ નિમિત્તે મૃત્યુને માંગલ્ય બક્ષ્યું છે. રા. વિ. પાઠક, સુંદરજી બેટાઈ, રવીન્દ્રનાથ ટાગોર, અમૃતલાલ પેથાણી જેવા કવિઓની જેમ બ. ક. ઠા. પણ મૃત્યુને માંગલ્ય આપે છે. એમના કાવ્યોમાં મૃત્યુનું વિશ્લેષણ અને અર્થઘટન એક નવી નજરથી ઊંડાણથી જોવા મળે છે. પોતાની પત્ની માટે લખેલા કાવ્યના સંદર્ભમાં કવિ મૃત્યુને આત્માના ઊર્ધ્વીકરણ/ઊર્ધ્વગમન તરીકે વર્ણવે છે. કવિ કહે છે મૃત્યુ દ્વારા મનુજયોનિથી ઊંચે ચડી જ્યારે ધર્મપત્ની ઉન્નતિ પામી રહ્યા છે. ત્યારે તેમને પૂજ્યભાવ આપવો ઘટે તે સમયે શોક કરવો તે સ્વાર્થી પણું, અયોગ્ય અને અદેખા સિદ્ધ કરે છે. કવિ પોતે શોકગ્રસ્ત છે. આંસુ, આંખોમાં છલોછલ છે. તેવી મનો સ્થિતિમાં સુંદર ભાવ વ્યક્ત કરે છે. "હે આર્યો આત્માની ઉન્નતિના આ દ્રશ્યને, ગૌરવ જાવાય તેમ નીહાળો, કલ્યાણ માટે પ્રાર્થના કરો, રડો નહીં, રડીને આ ઉન્નત ગમનને ઝાંખા ના લગાડો, પાવનતાને લ્યો નહીં.

૨૪. "પ્રિયે, મનુજયોનિથી ચડિ ઉદાર દેવી બન્યાં
નમોસ્તુ તમને – અરે નયન રોવું છાંડો જરા"

મૃત્યુ સમયની મુખમુદ્રા અને ભાવમુદ્રા અનેક સંદર્ભે સવિશેષ હોવાથી તે દર્શનીય ગણાઈ છે આંખ જોવા માંગે અને આંખના જ આંસુ તેમાં વિઘ્ન બની જાવે ત્યારે કવિઓએ આંસુને રોકાઈ જવા વિનંતી કરી છે જુદી જુદી રીતે રા. વિ. પાઠક, સુંદરજી બેટાઈ, અમૃતલાલ પેથાણી અને બ.ક.ઠા. પણ આંસુ માટે આવીજ અભિવ્યક્તિ આપે છે.

૨૫. "સંભાલ ન કરો– જરાય નેન નહીં ભીનાં થશો"
છેલ્લું દર્શન શેષ.

માટે જ કવિ ભગવાનને પ્રાર્થના કરે છે કે

kalpana's

૨૬. "પ્રભુ શક્ય સ્વાર્થી જન્ય, ઉરઘો કન્તોકાનને
કહું સ્વજનની ઉમંરભર, શોચ્ય xx આરાતિકા ?"

કલિ પોતાની આંખો, આંસુ અને મનને સમજાવે છે કે ઉર, શોક ચેન તોકાનને શમાવી દઈ આ પાણા કરુણા દર્શન કરી લે આ તો પૂજનીય આરતી ઉતારવાને લાયક કરુણ છે સ્વજનનો આ પ્રસંગ ઉમંગથી વેગળો ના કરીશ.

મૃત્યુ એટલે આત્માનું ઉર્ધ્વગમન અને તેથી જ મૃત્યુ એટલે આત્માની ઉન્નતિ એવું અર્થઘટન અને મૃત્યુની પળોનું સુંદર આલેખન કરતાં બ. ક. ઠા. કહે છે એક તરફ સ્વજનશોક તો છે !! જાવ રડો નહી તમે તો" આત્માને પરમાત્મારૂપમાં એકરૂપ થવા દો, એકરૂપ થવાની આવી ઘડીમાં આપણે એકબીજાની જુદા છીએ એમ માનીશ નહીં તમારામાં, મારામાં, બધાઓમાં, સર્વમાં, નદી, પર્વત, નગર, ગ્રામ, વેરાન, ગ્રહો, રવિ, શશી, તારા, આકાશ, ધરતી, પાતાળ, નિહારિકા, સ્વર્ગંગા, ધરતીમાં રહેલાં અમૃતમાં, પાતાળમાં, બધાના લાવારસમાં, બધામાં વિરાકાર થઈ વિશ્વરૂપ ધારણ કરી રહ્યા છો. તમે શરીરની મર્યાદા, આયુષ્યની ગતિ વગેરે બંધનોમાંથી પાર, અમર, વ્યાપક, સૂક્ષ્મ પરમાત્મા રૂપ વરી ઉન્નતિ પામી રહ્યા xx છો ત્યારે હે સ્વજનો આ તો નયનની ઘડી છે, રુદનની નહીં.

kalpana's

વળી પત્ની તો પ્રિય છે. પ્રિયજનની ઉન્નતિમાં તો શુભેચ્છા અને આદર જ હોવે કલ્યાણ પથે પળનારા સર્વની કલ્યાણ અપેક્ષા હોય પ્રાર્થના પણ એ માટે કરવી ઉચિત છે. ઇચ્છું આ શિવ-રૂપ "अहोरात्रियाय मङ्गलमस्तु" - ગદ્યખણ્ડ છે. તેમાં બાળાં જાં પત્નીને વિદાય આપતાં ક્લેશથી તેને ક્ષુબ્ધ ન કરો.

૨૭. "નમોસ્તુ તમને સખી, તમ વિશે રહ્યા નેહને
મને પ્રકાશું જ તો, મુજ વિશે તમો નેહને
વિદાય સખી દ્યો દિયો, બાકી બોટી ચિંતા બધી
શિવોસ્તિ શિવસ્રોત પાન, શિવદૃષ્ટિ જીવનનિધિ"

આ પંક્તિઓમાં શોકના ભાવમાં શિવ કલ્યાણનો ભાવ ઉમેરી ભાવને ઉન્નત બનાવે છે. મૃત્યુ સમયે શાંતિ અને કલ્યાણની સ્થાપના કરે છે. આ ચિંતનથી જ ચિત્ત શાંતિ અનુભવે છે પરમાત્માનું શિવસ્વરૂપ દર્શન, શિવવ્યાપી રૂપ, સકળ સંસારમાં તેની લીલા એ રૂપ અને લીલાનો આપણે એક અંશ, એ બધાના પરમાત્મામાં એકરૂપ થતાં આત્માને મળતી પૂર્ણતા, એ ઘડીની દિવ્યતા અને ભવ્યતાને માન આપી કવિ તેને મંગલ ઘડી પુરસ્કાર કરી મૃત્યુનો આદર કરે છે. મૃત્યુ સમયે શિવભાવના અને શિવદૃષ્ટિ, શિવગતિ ધાર્મિક દૃષ્ટિકોણથી માંગલ્ય લાવે છે. નવી કવિતાઓમાં મૃત્યુનું માંગલ્ય કવિતા સાહિત્યમાં આધુનિકતા પુરસ્કાર કરે છે. પરંતુ આ મંગલ અભિપ્રાય બધા માટે, બધા રૂપે આકાર લઈને આવે છે ને વિષયવસ્તુના આલેખનના વિકાસની નોંધપાત્ર વિશિષ્ટ ગણાય.

kalpana's

સાહિત્યમાં મૃત્યુના આલેખનના બદલાતા અભિગમમાં કેટલાંક વિવિધ પ્રયોગો અને અભિવ્યક્તિની અજમાયશોને કારણે આલેખનમાં તાજગી, નવીનતા અને પ્રાયોગીકતા જોવા મળે છે. મધ્યકાલિન પરંપરાની તુલનામાં અર્વાચીન ગુજરાતી કવિતા પોતાના આલેખનમાં મૃત્યુનો અભિગમ બદલી, મૃત્યુનું વાસ્તવિક અથવા યથાવત્ વર્ણનને સ્હેજ વળાંક આપી તેમાં અનેક રીતે માંગલ્ય ગર્યું છે એ વલણને સ્વર્ણ આવકાર મળ્યો અને રુચિકર પણ લાગ્યું એટલો જ એક નોંધપાત્ર વળાંક મૃત્યુનું ગૌરવ કરવાના પ્રયત્નનો પણ છે. પરંપરાગત મૃત્યુના અનીકૃત સ્વરૂપ અને તે પછી તેની પાછળ શારીરિક અ કે સામાજિક રેઢિયાળ રીતે અ તેને અદ્ભિત કરવાની રીતસમને બદલે અર્વાચીન કવિઓએ બુધ્ધિનો ગર્ક અને હૃદયનો રંગ અભિવ્યક્તિમાં ભેળવ્યો છે જેથી કાવ્યોનો આસ્વાદ પ્રથી લાગશે કે મૃત્યુને પ્રમાણમાં તે પછીનાં કાવ્યોમાં ગૌરવપૂર્ણ સ્થાન મળ્યું છે. કવિતામાં પણ શબ્દના [illegible] સ્થૂળ મૃત્યુપ્રાય શબ્દ દેહમાં ભાવનો કોઈ જીવંત સંચાર અનુભવાય છે કે જેથી એમ લાગે છે કે કવિતામાં અભિવ્યક્તિનો સંચાર સળવળ્યો છે. એમ પણ કહી શકાય કે અભિવ્યક્તિને અર્થની નવી આબોહવા મળી છે જેથી કવિતા વધારે ખીલી ઉઠેલી લાગે છે. વિષાય ની અભિવ્યક્તિ પણ નવીનતા મળી છે. મૃત્યુને અપાયેલા માંગલ્ય પછી મૃત્યુનું ગૌરવ વ્યકત કરતાં 'દિવંગત ગુરુદેવને' કાવ્યમાં બ્રહ્મલાદ પારેખ કહે છે કે...

૩૦...'મથ્યું એ ફૂંકથી તેને ચોલ્બી નાખ્યા જ એ
લાખ લાખ શિખા થઈ ત્યાં, પ્રકૃતિ માનવી વિશે
– વિરાજે એ અને હશે
આપ્યું' તું જિંદગી લેવા, આપી ગયું અમરત્વ એ'

જાણે કે મૃત્યુ ટાગોરના આત્માને સામાન્ય રૂપ સમજીને મુઠ્ઠીમાં સમાવવા પ્રયત્ન કરે છે પણ મુઠ્ઠી ખોલીને જુવે છે તો મુઠ્ઠી ખાલી જ હોય છે. તેથી મૃત્યુ બસિયાણું પડી જાય છે કે આત્મા પર તેનું બળ અસર કરી શકયું નહી વળી મુઠ્ઠી ખાલી જોઈને નજર ફેરવે છે તો આખી કુદરતમાં

kalpana's

ચર્મન આત્મા લહેરાઈ રહ્યો છે. ચર્મન વિહરતા ટાગોરના આત્માને મૃત્યુ જાણે જોઈ જ રહ્યું તેના પર વારી જઈ ભેટમાં 'અમરત્વ' આપી ગયું જાણે કે મૃત્યુ પોતે આત્માની કદર કરી જાય છે. અને મૃત્યુજ સદ્‌ગત આત્માને શ્રેષ્ઠ અંજલિ આપી જાય છે. કાવ્યમાં મૃત્યુ પર આત્માનો વિજય લાગે છે. આત્મા મૃત્યુથી પણ ઉન્નત સ્થાને છે આત્માને મૃત્યુનો ભય હોય જ નહી, આમેય અંતે શરીર પર મૃત્યુની અસર થાય છે આત્મા પર ક્યાં થાય છે?

મૃત્યુથી ભયભીત થઈ જઈ, શરણાગતિ અને નિઃસહાય સ્થિતિ અનુભવી મૃત્યુને પ્રભાવશાલી બનાવી આત્મા કે જીવનને પામર બનાવવું અર્વાચીન કવિઓને ઉચિત લાગ્યું નથી. 'ફૂલખર્યું' માં કવિનો શોક વેદોક્ત ચિંતન આગળ પણ નમતો નથી બલ્કે જ સમાધાનો, આશ્વાસનો, સૂચનો, પ્રયત્નો વ્યર્થ જાય છે. તેમ મનસુખલાલ રચિત 'દાદાજી' કાવ્યમાં કાળ અને મૃત્યુ પર દાદાનો વિજય પુરસ્કાર કરે છે. કવિ કહે છે કે કાળે દાદાને ભલે લઈ લીધા કે જગતથી દૂર કર્યા, ક્ષણભર એવું લાગે પણ કાળ પોતાની ભૂલ સમજ્યો છે. કવિ કહે છે કે દાદાને માટે આજ કાળે પોતાનો નિર્દયધર્મ છોડ્યો છે. મૃત્યુ બદા રા મહી લઈ કાળ આત્માની કશી કાળજી રાખતો નથી પણ દાદા ની કાળજી લાળે લીધી છે.

૩૧...''હું ગઈ કાળ પોતે, આ નિજ કુર્તવ્યધર્મને
વિસરી જાજ હસ્તેથી, કંડારી મૂર્તિ આપની
મારા ચેતરમાં એને રોપી, રક્ષી સદા રહ્યો
એની પ્રત્યેક રેખાએ, પ્રતિક્ષણ સમારતો
વાત્સલ્યથી કેમ રે ગાયો, મહિયા જાય એહનો''

કાળ પોતાનો કર્તવ્યધર્મ છોડી, (મારા) કવિના હૈયામાં દાદાની મૂર્તિ પ્રસ્થાપિત કરી કહી ગયો છે કે 'હું દાદાને નથી લઈજતો' તેની

પ્રત્યેક રેખાએ હું તેમની સંભાળ રાખું છું. વાળીમાં એ ચકચ્ચ છે દાદાની ખ્યાતીમાં શબ્દ દેહે દાદા માન ધરમાંજિ હતા પણ મૃત્યુ પછી તેમનું મૂર્તિમંત રૂપ કવિએ છે દાદાને વળી જીવી વિ૦।। હતી નહીં માટે પણ દાદાનું જીવન ધન્ય અને મૃત્યુ પાવન થઈ ગયું છે.

૩૨...'કર્મ કાંઈકમાં રાચું, છપાયું સત્ય યોગનું
કર્મયોગ મહાં સત્વ, જીવને જાનું વરયું
જીવને જ્યો તે રાચો, ઈશાન અમૃતત્વ નો
કયાંથી ભય નડે મેને, મૃત્યુની વજ્ર મેખનો ?
આપનો જીવને જીત્યા, મૃત્યુ માંથી યે ગંજલિ
અમૃતત્વ તણી પીને, મૃત્યુંજય બની ગયા।''

મૃત્યુંજય બની ગયા કહી ચૂક્યા છે કે મૃત્યુ પર દાદાએ વિજય મેળવ્યો છે. મૃત્યુ જાણે કે માનવનું મૂલ્ય વધારી દે છે. જીવતાં જે કશું ન પામ્યા હોય તે, મૃત્યુ પામતા લોકજીભે જીવી જાય છે. 'સ્વામી શ્રધ્ધાનંદ' કાવ્યમાં કવિ કહે છે.

૩૩...'ધર્મને સત્યની શ્રધ્ધા ન ખૂટો
વીર્યું પણ ના તૂટો
જાને જીવન હેતા તું લાગ્યા જ્યાથી મીઠાં મરતા।'

મૃત્યુ બાદ વ્યક્તિ લોકહૈયે અમર બની જાય છે અને જે એક વાર અમર બની ગયા તેને મૃત્યુ મારી શકતું નથી. મૃત્યુ માનવને અમરત્વ અને મહાનતા બક્ષે છે. સ્વામી શ્રધ્ધાનંદના મૃત્યુ સંદેશ જ બીજાના જીવનનું ભાથું છે.' તેં મરીને ધર્મ જીવાડ્યો છે માટે ધર્મ તને જીવાડશે' અથવા ધર્મ થકી તું અમર થઈ ગયો છે.' આર્યભૂમિના

અર્થે હો ચાચાં કરી ××× શ્રધ્ધાનંદજીએ કવિ અંજલિ આપતાં કહે છે.

૩૪.''જીવન જીવી જાણ્યું પરાર્થે, મરી પણ જાણ્યું તેમું
ધર્મ ધ્વજ ફરકાવી વીરા, તે દેશનું દીધુ દેવું.''

બીજા માટે જીવાય તે જીવાય, અને મર્યા પછી યાદ કરે તે અમરત્વ જીવન અને મૃત્યુનું આ ઉત્તમ અર્થઘટન શ્રધ્ધાનંદજીનો અંજલિ આપતાં કાવ્યમાં જોવા મળે છે.

નિરંજન ભગત ' પિતા' કાવ્યમાં મૃત્યુની માૅલિક વિભાવના આપે છે કે મૃત્યુ જીવનનું મંગલ, પાવન સમાપન છે મૃત્યુ બદારા જ આત્મા સર્વત્ર મુક્ત વિચરણ કરી શકે છે. કવિ કાવ્યમાં કહે છે કે પિતાની તો સદ્ગતિ થઈ પણ ''અને નિજ કુલની શીદ મિટાવશું રે કર્મ?''

૩૫.'' પિતા, મરણને ય તે પરમ મિત્ર જાણ્યો હતો,
પિતા, મરણનેય તે જીવન મંત્ર જાણ્યો હતો
તને, મળ્યો એક મોક્ષ હતી એજ કે છો મરું
.....કિન્તુ મુજ આત્માના અંતે કરું પ્રગટ
.....વિશ્વના સકલ રોમ રોમે ઘરું'' આમ આત્માનું વ્યાપક વિચરણ મુક્તિ, નવીન પ્રગટય એજ મૃત્યુ છે. આશાભર્યા આત્માનું ઉન્નત ઉડ્ડયન, મંગલે સમાપન એટલે મૃત્યુ.

kalpana's

આમ જોઈએ તો વિશ્વમાં મૃત્યુને કોઈ રોકી શક્યું નથી તેનાં ડગલાં નિશ્ચિત, મક્કમ અને પોતાના ધ્યેય માટે કર્મનિષ્ઠ એવું મૃત્યુ ચડગ છે પરંતુ બં. ક. ઠા. ના 'વિરહનું આંસુ' કાવ્ય-બાગમાં સુંદર આલેખન આપે છે.

ઉડ્યું ગયું, ખૂંદ્યું ગયું, જતાં જ મુજ સૃષ્ટિના મેર તું
ન ક્યાંય કંઈ ભાખતો, અનુપરૂપ મને
સ્મરે સુખ તણી કથાો, દુખ હો જાન જીવને

પત્નીના આધી જીવન અને જીવ, બન્ને બળે છે. સ્મૃતિઓ હોમાતાં વિરહ જલદ બને છે. કવિ કહે છે 'નિયતિ, આમ સ્મરણોથી સુખ માની લઉં તો તેમાંથી પણ તું દુઃખ આપે છે? હું તો કરૂણાલુ, દયાલુ, ગણાય છે બીજાને મારી આનંદ લેવામાં તને ક્યો આનંદ મળે છે? કંઈ તૃપ્તિ થાય છે તે કહીશ? કવિ નિયતિ પાસે આઠોશ ઠાલવે છે કે તને હૃદયજ નથી એવું લાગે છે. કારણ કે તારામાં દયાની લાગણી જ નથી. તારી બુધ્ધિ જડ છે. તું કઠોર છે, તું વિરાટ અને અવિરત છે. તારી આગળએ ક્ષુલ્લક અને શક્તિ હીન છીયે એમ માનીશ નહીં, અમારી માનવજાતને તું નામશેષ નહી કરી શકે, અમ તારી મર્યાદા અમે જાણીયે છીયે કે તું સમગ્ર માનવજાતને એક સામટી એક ઝપટે ક્યારેય નામશેષ કરી શકે એમ નથી અને તું થોડા ઘણાં આત્મા ઉપાડી લે પણ અહીંનો લોકપ્રવાહ લહેરાય છે. થોડાક માનવબિન્દુઓને બાળવાથી સાગરને

શી ખોટ પડવાની છે? તું ચડગ છે તો અમારી સ્પર્ધા પણ ક્યાં ચટકી છે? તું ચેક, અમે અનેક તને નથી લાગતું કે યુગોથી તારા ચાલ્યા આવતા કાર્યમાં તને કલશ્રુતિમાં શું મળ્યું? ચતી કવિ મૃત્યુને કાળ તરીકે રજૂ કરી, તેના અવિરત, ક્રમને વર્ણવી તેની સ્પર્ધામાં ઉતરી, તેને હરાવી મૃત્યુ પર મતી નિકર વિજય સિધ્ધ કરી બતાવે છે 'કાલો સિમહ' રૂપે ઓળખાતા મૃત્યુનો સ્વભાવ વર્ણવે છે કે...

ઉઠ...'ઘો, કરી કરી ઘો, ન કશું ઉકલે, તો ય ના વિરમતાં' મૃત્યુ પર માનવ ગૌરવ પ્રસ્થાપિત કર્યું છે.

સ્મૃતિના ઉદ્ઘોષમાં પણ ન. ક. ઠા. એ મૃત્યુની કરેલી છણાવટ નોંધપાત્ર છે જેને અસ્થિનું બંધન આકાર નિશ્ચિત અને સમયનું બંધન છે તેનો નાશ કે મૃત્યુ નિશ્ચિત છે. નાશ પણ મૃત્યુની મર્યાદાએ પહોંચી ગયો છે. મૃત્યુ પાર્થિવને, આકારને હણે છે આકારમાંથી નિરાકારમાં, સીમામાંથી અસીમમાં મૃત્યુ રૂપાંતર કરે છે. મૃત્યુ લોકમાંથી મૃત્યુજ અમરત્વ આપે છે. કારણ કે તે પરમાત્મારૂપ છે. નિરાકાર પણ દેવરૂપ છે. પરમાત્માની દિશા મૃત્યુજ ઉઘાડી આપે છે. શરીરના બંધનમાંથી પરમાત્મારૂપ થવા માટે આત્માને મૃત્યુજ મુક્ત કરે છે. માટે નિરાકાર આત્મા દેવરૂપ અમર છે. અને જે અમર છે તેને મૃત્યુ ક્યાંથી હણશે? અમરને મારવાનો મૃત્યુનો સ્વભાવ નથી. સ્મૃતિ પણ સ્થળ, કાળ, સમયથી પર નિરાકાર છે. માટે આશા, સ્મૃતિ આદી પણ મૃત્યુથી જીવાતાં નથી. માટે સ્મૃતિ મૃત્યુ પછી પણ તીવ્ર બને છે અને એ અર્થમાં સ્મૃતિનો મૃત્યુ પર વિજય ગણાય કારણકે શરીરથી મારીને નાશ કર્યાનો ગર્વ કરતા મૃત્યુને સ્મૃતિ જ

Kalpana's

પ્રતીતિ કરાવે છે કે જેમ મારાની તને ગર્વ છે, એ તો એવે રૂપે જીવે છે કે તું મારી શકે એમ નથી. સ્વજનનું સાન્નિધ્ય મૃત્યુ પછી પણ જો શક્ય હોય તો સ્મૃતિ દ્વારા જ. માટે સ્મૃતિ મૃત્યુ કરતાં ઉન્નત છે પીછો કરતા મૃત્યુના પંજામાંથી છોડાવી મૃત્યુજ સ્વજનને સ્મરણમાં જીવન બક્ષે છે. ત્યાં મૃત્યુ હારી જાય છે.

મૃત્યુની ગહનતા અને તેનો પ્રદેશ અને વિસ્તાર તેમજ સ્વરૂપ લિજે સ્નેહરશ્મિ 'ગ્રહીક જાદુગર' કાવ્યમાં વર્ણન કરતાં કહે છે

૩૮"...ગાજે ગેબી ગીત, જેવે ગ્રહીક કોઈ જાદુગર
નહીં જાણું પણ કયે ઘાટે, મુજને નવ કો રોકો
આહા ? જાઉં છું દૂર....દૂર....."

પંક્તિઓ દ્વારા ગેબી ગીત દ્વારા મૃત્યુને રહસ્યભરી ઘટના, તેનો ગેબી પ્રદેશ, દૂર...અતિશય દૂર તેની દિશા અને ઘટનાની નિશ્ચિતતા વળી તેની સાથે જવાની સમ્મતિ કે

"મુજને નવ કો રોકો...આહા? જાઉ છું દૂર...દૂર...!!

વળી લઈ જનાર કે મોકલી જનાર મૃત્યુને કવિ ગ્રહીક, જોઈ ન શકાય તેવો જાદુગર તરીકે ઓળખાવે છે. ગ્રહીક જાદુગરનો જાદુ જગવા રહસ્ય તેજ મૃત્યુ એવો અર્થ પંક્તિઓ આપે છે. જાદુના પ્રભાવ હેઠળ પ્રેક્ષક આવી જાય તેમ મૃત્યુના પ્રભાવના પાશમાંથી સદ્ગત મિત્ર નીકળી જ શકતો નથી. જાદુગરનું રૂપક અને મૃત્યુની જાદુઈ સૃષ્ટિના કેન્દ્રમાં મૃત્યુની ગહનતા જ છે.

Kalpana's

મૃત્યુનું માંગલ્ય અને ધન્ય પળની પાવનતા અનુભવ્યા માટે રા. વિ. પાઠક 'છેલ્લું દર્શનમાં' કે ઝવેરચંદ મેઘાણી 'ઝરમર છાંટ અંજલિ' માં અથવા 'ગઢીકા સવારી' માં સુંદરજી બેટાઈ જેમ સિદ્ધિપ્રાપ્તિ આંસુને ખાળી જઈ કહી મૃત્યુના માંગલ્યની પૂજા કરે છે અને આદર વ્યક્ત કરે છે તેમ 'નીરવ' કાવ્યમાં સ્નેહ રશ્મિ મૃત્યુ સમયે વિરાજતા મૌનની મહાજો ગાવ્યવા વિનંતી કરે છે. સ્વ. કાપડિયાના મૃત્યુથી તેમના ચહેરા પર ચીરશાંતિનું મૌન વિલસે છે અને મૌન અને શાંતિમાં સ્વ. નો આત્મા મગ્ન, મુગ્ધ છે. ચારે તરફ એક શાંતિભર્યું, પાવન વાતાવરણ પ્રસરી રહ્યું છે. ત્યારે મૃતાત્માના મૌનની મૂરતાને બોલકા રુદન વડારા તોડવા માંગતા નથી. ક્ષણ ભરી મૌન મૃત્યુનું મોહક રૂપ બની જાય છે. મૌન મૃત્યુને સૌંદર્ય પ્રદાન કરે છે. 'છેલ્લું દર્શન' માં સૌંદર્યની ઝંખીલતા આંસુ વડારા ના તૂટે તેની ચિંતા વ્યક્ત થઈ છે ત્યારે 'નીરવ' માં બોલકા રુદનથી મૌન ન તૂટે તેની ચિંતા વ્યક્ત થઈ છે. બન્ને કાવ્યોમાં સ્થિતિની સહજ જાળવવાની ઉન્નત ભાવના છે. બન્નેમાં ચાઢકતરી રીતે મૃત્યુથી પ્રસરેલો પ્રભાવ પૂજાયો છે.

P.T.O.

kalpana's

૩૯. "સખા વ્હાલા હું તો, વિણ તમે બન્યો માંન બહુંકું
કહું શાને ત્યારે રુદન થકી મે ગાન બહુંકું ?"

મૃત્યુનો એક વાસ્તવિક પ્રભાવ સ્વજનનો અભાવ પણ છે. અભાવની વ્યાપ્તિ જો કાવ્યાત્મક બને તો અંજલિકાવ્ય માટે એ ગૌરવપ્રદ બને વ્યાપક અભાવ વ્હારા મૃત્યુનો પ્રભાવ 'મણિલાલ દેસાઈ' એ કાવ્યમાં સમજાવતા કહે છે કે.....

૩૯. 'અ' "કાળઝાળ ઉનાળામાં આવા,
મારા શહેર મહીં સહુને (મને ય) મૂકી
કેમ ? કહે
મૃત્યુને તે
ઘરી દીધી
છલકંતા સ્વપ્નભર્યાં જીવનની કાવ્યપોથી."

જીવનની કાવ્ય પોથી શહેરને ચરણે ધરી દઈ, બધાને મૂકી ચાલી જનાર મણીલાલ દેસાઈને કવિ પૂછે છે કે હવે આ શહેરને નવા નવા અર્થો કોણ આપશે ? હવે મહી સવારો બબડશે, ધોંધાટ બદબદશે તારી ઉપસાવેલી છાપ હવે જોવા મળશે કે નહીં? બિનની સુક્ષ્મ સ્મૃતિમાંથી જન્મતો સંદેહ અને વ્યાપક વિયોગ, વર્તમાન સ્થિતિ, મૃત્યુનું દર્દ, અને સ્મૃતિની ચેતના મૃત્યુના શાબ્દિક ક્રમમાંથી એક નવો સંદર્ભ આપી જાય છે.

kalpana's

મૃત્યુની અભિવ્યક્તિનું વૈવિધ્ય કાવ્યે કાવ્યે મૌલિકતાને કારણે અનેક રૂપે મળી આવે છે. ન. ભો. દિ. કૃત 'અકાલ મૃત્યુ' 'એક બાળકીનો મૃત્યુ, પર 'ગોલ્ડનબાઉ' , સ્નેહરશ્મિકૃત 'અમરપંથ', કસ્તુરબાના મૃત્યુ પ્રસંગે લખાયેલું 'હરિનો ચકૂલો' તેમજ સ્નેહરશ્મિકૃત'સ્વપ્ન' જેવાં વિવિધ કાવ્યોમાં ગાઢકાશ એ ગાઢકાશી તત્વોનો અંદર્ભ છે જ.

૪૧."..... સ્નેહની વાંત કુંજે
જાગી, ગાતો લલિત, મધુરાં, પુષ્પકો, બાળકુંજે
તેની મોઠી લલકુહલકે, ઝુકી રહે નાર જાગ્યા
મૂંગે મારે હૃદય સહસા, છન્દના છન્દ જાગ્યા"

ત્યારબાદ આકસ્મિક ઘટનાત્મક આંચકાના ગાઘાત વદારા, ખેદ-હતાશા વદારા કવિ કરુણતા લાવે છે. આ કાવ્યમાં કવિ મૃત્યુને એક સહજ આંચકો-આઘાત તરીકે ઓળખાવે છે. આ ગાંચકાનું સહજ વાસ્તવિક ધાન ઘણું જૂજ મૃત્યુ છે. એમ તે સિધ્ધ કરી દે છે. કસ્તુરબાના મૃત્યુ પ્રસંગેજ...

૪૨."પાણીડા સૃષ્ટિને પાઈને હરિધામે એલે ચડે" પંક્તિ વદારા કસ્તુરબાને કવિ 'હરિનો ચકૂલો' કહી અંજલિ આપે છે. સ્નેહરશ્મિ 'અમરપંથ' કાવ્યમાં કહે છે ...

૪૩."...તે પોઢ્યો જે ચરણનખા નીત ઘોરે નિતાને"

આત્માનું ઉન્નત ઉર્ધ્વગમ અને આકાશસ્થિત તેની અમીતાનું ગૌરવ કરવામાં આવ્યું છે.

મૃત્યુ વિશેની લોકમાન્યતા અને તેના વ્યની કલ્પેલું તેનું સામાન્ય રૂપ સ્વરૂપ કવિ સ્નેહરશ્મિ 'દિલાસા' કાવ્યમાં આ પ્રમાણે આપે છે.

૪૪...'છાપે વિશ્વે ચાંહી, હૃદયજનક કો દૂર વિધિના
ચખા મ્હોરાં સર્વે, વિધિ જ સ્વવા વ્યર્થ પ્રયત્ના ?
હસે વા તે ક્યાંયે, વિજય કહીં કો લીધાણ તીરે
હતે ચાહેચોને કુચળી પ્રમતો ચંદ્ર તિમિરે અશ્રુધ્વા''

૪૫...'દેખી આજે જગ ગુમતી, મૃત્યુની કારગી તે
છાયા દોરી મુજ રમ હરી, વિશ્વ આખું નિહાળી''

૪૬...'આશા બીનાં સુજ ઉરની દૂર આઘાત ચાર્યે
ભાંગેલ ટૂંકી, કચશી મલકે, મૃત્યુ જ્યાં ગટ્ટહાસ્યે''

વિવિધ ઉપકરણો -રૂપકો કે દૃષ્ટાંતો વ્દારા કવિઓ મૃત્યુને વિવિધરૂપે નવાજે પણ એક બાબત સ્પષ્ટ છે કે મૃત્યુ શ્રુતિગમ્ય પણ નથી અને સંપૂર્ણપણે દૃષ્ટિગમ્ય પણ નથી. મૃત્યુ પામતી વ્યક્તિને જોવી તે મૃત્યુને જોવાથી (મૃત્યુથી) અનેક છેટા રહી મૃત્યુથી સ્વરને જોઈએ છીએ મૃત્યુ એ સ્વયં અર્થમાં દૃષ્ટિગમ્ય પણ નથી. મૃત્યુ અનુભવજન્ય અને અવર્ણનીય છે. મૃત્યુ એક અકળ રહસ્ય છે. દુનિયાની બધીજ દુન્યવી સ્થિતિઓથી અનોખી સ્થિતિ, ઉચ્ચતર સ્થિતિ, જેનો કોલ સકર છે. તેવી આત્મોપલબ્ધની સ્થિતિ, ગામ અનેક વ્યાખ્યાઓ બાંધવા છતાં તેની સમજ અને ગોળખ અધૂરી રહે તેવી જે 'પ્રયાણઘડી' છે મૃત્યુનું કોઈક ચાલું વર્ણન કવિ 'પ્રયાણ ઘડી' માં સ્નેહરશ્મિ કરે છે.

Kalpana's

કોઈ તેને જીવનું શીવમાં મિલન, આત્માનું પરમાત્માંમાં ભળવું ઈશ્વરનું સાન્નિધ્ય કે કોઈ ભલે મોક્ષ કહે પણ દેહમાંથી આત્માની એ એક 'પ્રયાણઘડી' છે. મૃત્યુને ઘણાં વિરાટ છતાં મેમાળરૂપમાં સમજે છે. પણ આ જેવીહુકમ દરેક જણ પાળે છે કારણ કે તે સ્નેહ-રશ્મિની જ ભાષામાં કહીયે તો The call of unseenછે. મૃત્યુને કવિ જેવી હુકમ ગણતા The call of unseen તરીકે ઓળખાવે છે તેનું આલેખન અભ્યાસ, અનુભૂતિ, માન્યતા અને વિવિધ લોકપ્રચલીત વિભાવનાઓ પર આધાર રાખે છે છતાં કવિઓ, ચિંતકો તેને પોતાનો મૌલિક સ્પર્શ આપતા આવ્યા છે. સ્નેહરશ્મિએ એ મૃત્યુનું અર્ઘટન- મૃત્યુ પછીની આત્માની સ્થિતિને ધ્યાનમાં રાખીને નહીં પણ દેહમાંથી આત્માના જવાની, છૂટા પડવાની ઘડીને ધ્યાનમાં રાખીને એટલે કે મૃત્યુની અનુભવાતી ઘડીની અર્થ ઘટાવી તેને 'પ્રયાણઘડી' કહ્યું છે તેથી તેમાં અભિવ્યક્તિની અક્ષરકારકતા, સચોટતા વધારે છે કવિએ આપેલી સમજ અનુભૂતિથી સાવ છેટી નથી.

''જુદે જુદા આપણ પંથ સીમા ચાલીરે,
ઘડી નીરખી લે આ ભોગ અમારી રે,
વરશે પ્રભુ પ્રેમની જ્યોત પંથ પ્રકાશે રે,
વિરાટ કેરા ઘાટ સ્વાગત ગાજે રે,
નહીં રજની ચાંદુ ચાર દિશાઓ રોશની માં
આ પ્રયાણઘડી અવિરામ પાછું જોશો માં''

અવિરામ ને સંબોધી કવિ પ્રયાણ ઘડીને મંગલ પ્રયાણ ગૂચવી કહે છે કે .....''પાછુ જોશો નાં''અને પ્રયાણ સમયે રજની ને વિનંતી કરે છે કે તમે ચાંદુ ના ચારશો આમ કવિ 'પ્રયાણઘડી' ને ચિંતનનો સ્પર્શ આપી માંગલ્ય બક્ષે છે.

kalpana'e

અંજલિકાવ્યોમાં, સવિશેષ શોકાંજલિકાવ્યોમાં શોક અને અંજલિના મહત્વનાં લક્ષણભૂત તત્વો ગણી શકાય પરંતુ શોક પણ વિશિષ્ટરૂપે શોકાંજલિની અપેક્ષાએ સ્વીકાર્ય છે. શોકો કવિતામાં મૃત્યુજન્ય શોક તેની વિશેષતા છે. માટે મૃત્યુનું વર્ણન અને પુથક-ચર્યા શોકાંજલિના કાવ્યસ્વરૂપનું એક અંગ છે. માટે કાવ્યના પોતમાં મૃત્યુ વણાયેલું હોય તે સ્વભાવિક છે.અને તેમ જોકિાન અને ઉચિત લેખાય સદ્ગત વ્યક્તિની સંદર્ભિત માન મૂલ્યાંકાર છે. તેના ઉલ્લેખથી કાવ્ય શરૂ થઈ મૃત્યુ ના શોકને અને ક્વચિત મૃત્યુને પ્રમાણમાં રહી ચાલેલે છે. માટે શોકાંજલિ કવિતા માટે એવું વિચારી શકાય કે જે કાવ્યોમાં મૃત્યુનું ચાલેખનું પ્રાધાન્ય હોય તેવાં કાવ્યો 'મૃત્યુ વિષાયક કવિતા' ની સગોલની કવિતા બની રહે પરંતુ સૂક્ષ્મ ભેદરેખા એટલી છે કે મૃત્યુવિષાયક કવિતામાં ચિંતનની ભૂમિકાએ નિશ્ચિત વ્યક્તિના મૃત્યુના સંદર્ભ વિના:, મૃત્યુ એક સ્વાયત્ત કાવ્ય-વસ્તુ કે વિષયવસ્તુ બનીને આવે છે જ્યારે શોકાંજલિમાં કે અંજલિ કવિતામાં વ્યક્તિમૂલક સ્વજન સંદર્ભયુક્ત મૃત્યુજન્ય શોકનું અને મૃત્યુનું રૂપ જ કંઈક જુદે રૂપે હોય છે. ટૂંકમાં એમ તારવી શકાય કે મૃત્યુ વિષાયક કવિતાની સરખામણીમાં અંજલિ કે શોકાંજલિમાં મૃત્યુનું ચાલેખન કાવ્યસ્વરૂપની અપેક્ષાએ પ્રધાન રૂપે નહી પણ અંગભૂત વિશિષ્ટરૂપે છે. મૃત્યુ વિષાયક કવિતામાં મૃત્યુ સ્વતંત્ર વિષાય બની આવે પણ શોકાંજલિમાં વ્યક્તિના મૃત્યુને ટેકે ટેકે તેનો કાવ્યપ્રવેશ થાય.

ઘણી શોકાંજલિ કવિતાઓમાં વ્યક્તિમૂલક સ્વજનસંદર્ભ અને તેના સંદર્ભમાં આત્મીય લાગણીના રંગે રંગાયેલા સંવેદનો ઉપરાંત મૃત્યુના રૂપની ચર્ચાનો જુદા ચમત્કાર જોવા મળે છે. તો ઘણા એવા

પણ કાવ્યો મળી આવે છે કે જેમાં મૃત્યુનું આલેખન પ્રધાન સ્થાને હોય સદ્‌ગત કાંતિભાઈ કાપડિયાના મૃત્યુ નિમિત્તે લખાયેલાં સ્નેહરશ્મિના ઘણા કાવ્યો - જેવાં કે 'અણદીઠ જાદુગર' ,'વિલાસ' ,'પ્રયાણ-ઘડી' , 'તેડાં' ઇ કાવ્યોમાં મૃત્યુનું આલેખન વિસ્તૃત પટમાં છે. આ બધા કાવ્યોના સાર રૂપે સ્નેહરશ્મિને મતે મૃત્યુ એટલે જીવનની આખરી નિશ્ચિત ઘટના . વળી એ ઘટનાની વિશેષતા એવી છે છે કે તે ગૂઢ, રહસ્ય છે . તેનો ભેદ કોઈ પામી શકતું નથી. તેનું રૂપ એક નથી. જિંદગીનું રૂપાંતર કે પરિણામ એ વિવિધરૂપે બનતી ઘટનાનું સામ્ય છે. તેનું રહસ્ય હજી આજે પણ અધૂરું અને વણઉકલ્યું છે. સ્નેહરશ્મિએ ગાયેલા આલેખન પરથી એક બીજો ખ્યાલ મળી આવે છે કે મૃત્યુની ગંભીર ઘટનાની પાછળ છૂપાયેલા સત્યને કવિ એક યા બીજે રૂપે સમજ્યા અને સમજાવવા સતત મથે છે. સ્નેહરશ્મિ એટલું તો ચોકકસ માને છે કે મૃત્યુ એક એવી ઘટના છે જેની પેલીપાર કોઈ વિરાટતત્વ રહેલું છે જેની સાથે આત્માને સંબંધ છે. આત્મા જાણે કે તેની આજ્ઞાવશ છે. જેને કવિ પ્રેમ "The call of unseen" કહે છે. તેને પ્રેમા વિરાટ તત્વ કહે છે. તે તેનું બીજું કંઈક હોય...." એ તત્વને દરેક માનવી પોતાની મતિ-બુદ્ધિ અને વિચાર શકિત, સમજ પ્રમાણે વૈવિધ્ય બક્ષે છે. ભકિત અને ભુકતને માટે તે ભગવાનનું મિલન છે. વૈરાગ્યની ભાષામાં તે પરમતત્વ સાથેનું સાન્નિધ્ય છે.

મૃત્યુ શોકનો પ્રસંગ નથી એવો સાર ગાંધીજીના અવસાન નિમિત્તે લખાયેલા ગુજરાતી કાવ્ય સાહિત્યના મનુભલાલના એક નોંધપાત્ર કાવ્ય 'આજ નયનો રહો' ને આધારે આપે છે. કવિ એ ગાંધીના અવસાન નિમિત્તે મૃત્યુની કેવી સુંદર છણાવટ કરી છે. કવિની દલીલો તર્કબધ્ધ છે. શરીર અને મન કે આત્મા, બન્નેમાં આત્મા

શરીરનો સંચાલક છે. શરીરને ચાલ્યા ચલાવે છે બાકી શરીર તો મરેલું જ છે. હવે જે મરેલું જ છે તેનો શોક હોઈ શકે? અને તેવા શરીર માટે શોક કરવો તે શું ડહાપણ ભર્યું છે? ત્યારે આત્માનો સદાકાળ અમર જ છે, જે મરતો નથી એનો શોક હોઈ કેવી રીતે શકે? તેથી જ મૃત્યુ સમયે શોક કરવો ઉચિત છે? મૃત્યુ, ખરેખર શોકનો નહી પણ મનનનો પ્રસંગ છે. મૃત્યુનું મનન કરી સમજવા પ્રયત્ન કરવો જોઈએ. વળી મૃત્યુને જીવનનો અંત આપણે કહીયે છીએ પણ તે સર્વ-સ્વીકૃત છે કે કેમ? તે વિચાર માગી લે છે. ચિંતકો, જન્મ-આયુષ્ય-મૃત્યુને ચક્રાકારે જુવે છે એમાં કોઈ કોઈની પાછળ કે આગળ નથી એ સદાકાળ ચાલ્યા કરતું ઘટનાચક્ર છે મૃત્યુ એ અંત સામાન્યજન સમજે પણ ઘટનાચક્રની દૃષ્ટિએ દૃષ્ટિએ મૃત્યુ કે અંત આખરી નથી. જન્મને આપણે શુભ માનીયે છીએ પણ મૃત્યુને અશુભ માનવામાં આપણે કોઈ ભૂલ તો નથી કરતા ને? સતત વહેતા આવતા સમય-કાળના પ્રવાહના જન્મ-મૃત્યુ-આયુષ્ય વગેરે વળાંકો છે તે કોઈ કાયમી સ્થિતિ નથી. કવિ એક પૃથક્કરણ સુંદર કરે છે કે યુગોથી વહેતા આવતા પ્રવાહમાં જન્મ મરણના સ્તંભો વચ્ચે જાણે કે ઈશ્વરે નાના નાના સરોવરો રચ્યા છે તેની સર્જેલી પાળો તે જન્મ અને મૃત્યુ છે. તૂટે છે ત્યારે પાળ તૂટે છે. ભૂગર્ભમાં * વહેતા, લગાતાર વહેતા આવતા જલરાશીમાં ક્યાં તીરાડ પડી છે? એકાકાર પાણીના પ્રવાહને મન પાળનું હોવું કે ના હોવું ભ્રામક છે. જન્મ કે મૃત્યુ સનાતન સ્થિતિનું ક્ષણિક રૂપાંતર છે. જો આ સત્ય હોય તો શોક લાગણીનો એક જલરાશી આવેગપ્રેરક વિના બીજું શું છે? તેને ગંભીરતા અને ધૈર્યથી આપણે જોવું જોઈએ મૃત્યુને આવો નવો અર્થ આપવાની હિમાયત રવીન્દ્રનાથ ટાગોરે, પંડિત સુખલાલે અને બીજા ઘણા કવિઓ, વિચારકોએ કરી છે. કાળના ક્રિયાનું એક મધ્યબિન્દુ અથવા કેન્દ્રબિન્દુ તે મૃત્યુ કે જન્મ છે. ક્રિયાઓ

kalpana's

પાતાં આપણે એ મધ્યબિન્દુ આગળ અટકી પડી ગહન વિચારમાં ડૂબી જતા નથી. એને જેટલું સહજ ગણીએ છીએ મૃત્યુને પણ તેટલું સહજ ગણી લઈએ. એમાં વધુ પડતી લાગણી ના અભિષેક માત્ર અતિરેક છે એ એની પૂર્ણ સાચી અભિવ્યક્તિ નથી. મૃત્યુ એટલે કે ઓરડા વચ્ચે-નો ઉંબરો, ઉંબર ઓળંગતા આપણે ઝાઝા ગંભીર બનતા નથી અથવા તેને કોઈ મોટી ઘટના ગણતા નથી. તેમ મૃત્યુ પણ બે જન્મો વચ્ચેનું ઉંબર સ્થાન છે મૃત્યુ અંત નથી પણ બીજા જીવનનું પ્રવેશ દ્વાર છે.

૪૮...'દેહનું મૃત્યુ તે મૃત્યુ સાચું નથી
મૃત્યુ તે જીવનનો અંત સાચો નથી''

મૃત્યુની કરેલી પૃથક્ક્રમ અને વિશદ ચર્ચા અહીં ઊંચી કોટીની બની રહે છે.

મૃત્યુની વાસ્તવિકતામાં જ્યારે કવિકર્મ અથવા કલ્પના ઉમેરાય ત્યારે માંગલ્યનો આરોપિત ભાવ મૃત્યુને મંગલ બનાવી દે છે. અમરેચંદ મેઘાણી કૃત 'ફૂલમાળ' કાવ્યમાં મૃત્યુ પામેલા શહિદના ગળામાં ફાંસી છે પણ કવિ તેને આ રીતે શણગારે છે કે મૃત્યુ એ તને આ ફૂલ માળા પહેરાવી તને પોંખ્યો છે. તેથી જ તારા ચહેરા ઉપર હાસ્ય વિલસે છે અને એ હાસ્યમાં સ્વાધીનતાનું સ્વપ્ન દેખાય છે. કવિને શોક તો છે જ પણ સદ્‌ગતની વીરતા કે હિંમત લાજે તેવા વેવલાવેડાને બદલે વીરને શોભે તેવી વીરાંજલિ આપે છે કરુણસ્વરના લયમાં અપાયેલી અંજલિમાંથી તેનો શોક તો ધ્વનિત થઈ જ જાય છે.

૪૯...'વીરા, એ તો ફાંસી રે નહિ, ફુલમાળ
પે'રીને પળ્યો પોંખણો
વીરા, તારું વદન હસે ઉજમાળ
સ્વાધીનતાને તોરણે હોજી
'નંદનવનનું પંખી' શશીન ચોગાગે -હાનાલાલને આપેલી અંજલિ છે.

kalpana's

-હાનાલાલનો જીવનપરિચય અને સાહિત્યસેવા જણાવી રાષ્ટ્રભક્તિ, ઐક્યનું ચિંતન, ધર્મ રાજ્યનું સમન્વયકારી સ્થાપન, આર્યભાવો અને આર્યસંસ્કૃતિના યશોગાન તેમજ તપ અને ત્યાગની પાંખોથી તે ઉડ્ડયન કરે છે. તેના ગીતોથી વિશ્વની ધરા અમૃત પામી છે. કવિ સદ્‌ગત થયા પણ તેમનાં મીઠાં સ્મરણો, ગીતો, કાવ્યો મૂકતા ગયા છે તેથી ''ગાન તાનથી થઈ છે અમૃતા વિશ્વની ધરા'' પંખી ગયું પણ મીઠો કલરવ મૂકતું ગયું છે.

૫૦. ''સહસ્રદલ પદ્મોની પંખી પોઠ્યું બિછાતમાં ''

'ચદીઠ સવારી' એટલે મૃત્યુ, સુંદરજી બેટાઈ મૃત્યુને ચદીઠ સવારી સાથે સરખાવે છે. કાવ્યમાં મૃત્યુ બે વિચારધારામાં વિકસે છે. મૃત્યુની વાસ્તવિક અનુભૂતિનું આલેખન અને કલાત્મકતા સારો પિત કરેલું માંગલ્યથી મઢેલું માંગલમૃત્યુ માંગલ્ય ચર્ચતાની સુંદરજી બેટાઈની આલેખન પધ્ધતિ રા. વિ. પાઠકની સાથે ઘણું સામ્ય ધરાવે છે.

૫૧. ''ધરો અક્ષત, દીપ, ચંદન, ગુલાલને કુંકુમ
ધરો કુસુમ શ્રીફલો ફરી જીવને આ થવો
* * * *
સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો''
છેલ્લું દર્શન - શેષ.

રામીબાની ચાલી કંઈક સમાનતા સુંદરજી બેટાઈ પણ વર્ણવે છે.

૫૨. ''હા જેજ પિતાંબર, પુષ્પમાળ જે
હા બંધુઓનો ય હતો સમાજ જે''

પણ કવિ ઘટસ્ફોટ કરે છે કે...

Kalpana's

પછ''...અકલ્પ ક્રિન્તુ સખી વૈપરિત્યે''
હતું બહું ચ મૂર્છિત શોક-છાંવમાં''

લગ્નનો શણગાર, વેશ પરિધાન, સામીધા, સગાંસંબંધી સમાન છે પણ અહીં મૂર્છિત પર શણગાર છે એમાં માંગલ્ય સર્જવાની ભાવના છે તો શોકની વાસ્તવિક વેદના પણ છે.

આ સંસારને માયાબજાર કહ્યું છે તેનો સર્વને વિદિત છે પણ કવિ જાતને મેળા સાથે સરખાવે છે અને મેળામાંથી બાળકને નીકળવું ગમતું નથી મૃત્યુ તેને ઠગે છે એમાં સામ્ય થઈએ પણ જે વાસ્તવિક નિશ્ચિત છે તેને સ્વીકારવાનો, મૃત્યુની અડગતાનો સ્વભાવ ~~xxxxx~~ કવયિત્રી પન્નાનાયક 'પ્રિયકાન્તને' કાવ્યમાં સ્પષ્ટ રીતે વર્ણવે છે.

''મેળે ગયેલું બાળક, માની પરવા કર્યા વિના
મેળાને વિસ્મયથી પૂર્ણપણે ભોગવતું હોય
ત્યારે જ તેને
એનો હાથ બેંચી કોઈક
મેળાની બહાર ઘસડી જાય
મૃત્યુને કેમ આવું સૂઝતું હશે ?''

રૂપક દ્વારા 'મૃત્યુ ઘસડી જાય' કહી જીજીવિષાની લાલચ અને મરવાની અનિચ્છા સચોટ પણે બતાવી છે.

'અદીક્ષ સવારી' કાવ્યના ચોથા ભાવ્યભાગમાં સુંદરજી બેટાઈ કેટલાક લક્ષણોને આધારે મૃત્યુના સ્વરૂપની ચર્ચા કરે છે. કવિ મૃત્યુને 'અદીક્ષ સવારી' ઉપરાંત 'ગર્જન શૂન્ય સાગર' કહે છે. અદીક્ષ એટલે નહીં જોયેલી, અથવા માનવીય દૃષ્ટિથી પર અર્થાત્ ગેબી એવો અર્થ કરી શકાય જ્યારે ગર્જનશૂન્ય એટલે અકળ કાર્યનીતિ સૂચવી મૃત્યુની ગંભીરતા, તેમજ વ્યાપકતા વ્યક્ત કરે છે પ્રકારાંતરે

kalpana's

તેમાં પણ મૃત્યુને કવિ ગેબીજ કહેવા માંગે છે. આ સવારી કે સાગરની બાસિયત એ છે કે તે અસારથિ, સ્વયંસંચાલિત, અશસ્ત્ર અદ્ભુત, ચમત્કારી, અનાવલોક્ય છે કોઈ ઉચ્ચલી ઘટનાથી નિરાળી ગેબી ઘટના છે.

પપ..''અદ્ભુત કેતુ , અનિવાર વેગ
ચદીક કોઈ સ્થમાં પ્રતિષ્ઠ
અસારથિને વળી જે અશસ્ત્ર
અંધાર ને તેજ વિશે અદ્ભુત
પ્રવર્તતું શાસ્વત્ ને પ્રચંડ
બ્રહ્માંડમાં એકલે એક ચક્ર''

ઉપર્યુક્ત તમામ વિશેષણો મૃત્યુના નિરાકાર રૂપને સમજાવે છે બુધ્ધિની ચક્ષધારા જ્યાં અટકી પડે, બુધ્ધિ કુંઠિત થઈ જાય, માનવ હૈયું નરમ થઈ જાય, યુગોથી એક ચક્રી શાસન એનું વિજયવંત જ છે, વળી ગણનમ છે સંસારના અંધકારમાં 'સર્વગમ જ્યોતિ' રૂપે વિલસે છે તે અક્ષયરૂપ મૃત્યુનું છે. જે ક્યારેક મરતું નથી. માટેજ કવિ કહે છે કે સંસારમાં બધું જ ક્ષણભંગુર , અલ્પજીવી, અનિત્ય છે માત્ર મૃત્યુજ સનાતન નિત્ય, નિશ્ચિત છે. તે શ્રેયસ્કર, અજરામર, નિત્યતત્વોનાં ગુણધર્મવાળું ચમર, ચક્ર, નિશ્ચિત છે . તેથી તે અન્ય સર્વ કરતાં વધુપ્રતિષ્ઠિત છે. આમ તો મૃત્યુ એક અદ્ભુત જન્ય ઘટના છે તેને મૂર્તિમંત કેવી રીતે થઈ શકે ? કોઈની બુધ્ધિમાં મૃત્યુ સીમિત થઈ કરાયું નથી તેને આકાર કે વ્યાખ્યામાં બાંધવું વ્યર્થ છે તે વર્ણનમાં અક્ષય અને અશક્ય છે.ઘટનાના નામ તરીકે તે મૃત્યુ નામે સર્વવ્યાપી હોવા છતાં તેની રજ્ઞાત પ્રમાણે તેનાં અંતર્ગત રૂપો જુદાં છે છતાં, લોકો તેને મૃતાત્માના સ્વભાવ, જીવન, કાર્યોના સંદર્ભમાં માપવા જાય છે. એ બધાં માનવસર્જિત રૂપો છે. એ માટે મત-મતાંતર હોઈ

શકે પણ મૃત્યુનું સંહારક રૂપ એક જ છે તેને માટે કોઈ મતભેદ નથી ગા ઢંકાયેલું રૂપ તે શમન, પાવનકારી, ઉર્ધ્વગમન, આત્મો-નતિ, xxxxx સાત્વિક, શાંતિપ્રદ, ઈશ્વરાભિમુખ, ઉધ્ધારક પરિવર્તક સ્વરૂપનું છે. ઈશ્વર જેમ અનેક રૂપે ઓળખાયો છે તેમ સંસાર મૃત્યુને અનેક રૂપે, નામે ઓળખે છે. દા.ત. નાશ, ક્ષય, લય, વિનાશ, વિલય, શમન, મોક્ષ, રુપાંતર, પરિવર્તન વગેરે, પણ ઈશ્વરને વ્યાખ્યામાં બાંધવો વ્યર્થ છે. તેમ મૃત્યુને વ્યાખ્યામાં બાંધી ઓળખવું આપણી ક્ષુદ્રતા પુરવાર કરશે. જીવનમાંથી જતું રહેનાર મૃત્યુ તમારી વ્યાખ્યમાં કેટલું બંધાશે ? મૃત્યુ સૂક્ષ્મ ક્રિયા રૂપે છતાં વિરાટ છે. તે દેવોની જેમ ઉચ્ચ સ્થાને બીરાજેલું છે.

બેટાઈ મૃત્યુને સમજાવતાં કહે છે.

પદ..."જેને ઋષિ ગે ગણિ ગે ભયંકર
સંહારની ચંડ પ્રચંડ મૂર્તિ શું
ગે મૃત્યુનો છે જગમાં સનાતન"
x x x x
જેનું થતાં દર્શન બન્ધ કો પળે
જરૂર સંહાર સમસ્ત ઉજળો"

કવિએ અહીં મૃત્યુનું રૂપ દર્શન કરાવ્યું છે.

ક્યારેક એવું લાગે કે મૃત્યુથી કોઈ અજાણ છે ? કોણ પરિચિત નથી ? પણ સહેજ ગંભીરતાથી વિચારીયે તો મન પ્રશ્ન કરશે કે મૃત્યુને કોણ xx પારખી શક્યું છે. ? જાણી શક્યું છે ? એનો તાગ કોણ પામી શક્યું છે ? તેને દરેક પોતાની મર્યાદામાં રહી સમજવા જાય છે પણ તે કાંઈ સંપૂર્ણ સમજ નથી. મનસુખલાલ ઝવેરી 'પાઠકસાહેબને' કાવ્યમાં મૃત્યુને આ રીતે ઓળખવા જાય છે.

kalpana's

૫૭...છે મૃત્યુનો પ્રકૃતિ જીવીતમાન કેરી
એ સત્યની પ્રતિપળે ઉરને પ્રતીતિ
થાતી તથાપિ તમ ચા નીરખી પ્રયાણ
શાને જ ચામ ઉરનું ડગી જાય ધૈર્ય''

કવિ સનાતન સત્ય ઉમેરી વધારે સ્પષ્ટતા કરે છે કે

૫૮...છે ધામ સર્વ તણું અંતિમ મૃત્યુ એક
કો વહેલું,કો ઘડી મોડું
પરંતુ સર્વને ભાગ્ય છે લાધ્યું
અવશ્ય નહીં જવાનું''

એમાં કવિ' જે જાણું તે જાય' સિધ્ધાંત આપી દે છે. મૃત્યુની જીવનની જન્મ પછીની નિશ્ચિત પ્રકૃતિ છે ઉરને તેની પ્રતીતિ સદાકાળ થતી રહે છે મૃત્યુ સમયની માનવમાનની જીજીવિષા અને આત્માનું મૃત્યુ તરફ ભણેલાણ એક તણાવની સ્થિતિ ઉભી કરે છે. અંતે મૃત્યુ આત્માને શરીરમાંથી લઈ જાય છે પણ જિંદગી તરફ જીવીત રહેવા માંગે છે જીવ જિંદગીને છોડતો નથી અને મૃત્યુ જીવને છોડતું નથી આ તુમુલયુધ્ધમાં સ્પષ્ટ દેખાઈ આવે છે કે જિંદગીને જીવ અને જીવને જિંદગી પરસ્પર [redacted] વહાલાં છે. જીવ વળગણોથી જિંદગીમાં રહ્યો છે તેમાંથી છૂટવાનું ગમે, તેવું નથી લાગતું. ત્યાં જીવનનું ગૌરવ ઘડીભર લાગે પણ છેવટે જિંદગીને જીવ ગુમાવવો પડે છે. પણ જિંદગી કરતા મોત સહેજ પણ ઉતરતું નથી 'દાદાજી' કાવ્યમાં મનસુખલાલ ઝવેરી જિંદગી અને મૃત્યુનું સમતોલ આલેખન કરી, જીવનને આધારે મૃત્યુને મંગલ બનાવે છે. અર્થાત કવિ સાબિત કરી દે છે કે મૃત્યુના માંગલ્ય માટે જિંદગી નિમિત્ત છે. જિંદગી વિના મૃત્યુને માંગલ્ય મળે તેમ નથી.

kalpana's

૫૯.''આપ તો જીવનને જીત્યા, મૃત્યુમાંથી ય ંજલિ
અમૃતતત્વ તણી પીને, મૃત્યુંજય બની ગયા ''

સાર્થક જીવન જીવીને દાદાજી ગયા તો મૃત્યુમાંથી પણ અમૃત તત્વ પી લીધું છે. દાદાને મૃત્યુંજય ના જાપની શી જરૂર પડે ? તેમને મૃત્યુનો ભય નડ્યો જ નથી કારણ કે તે તો મૃત્યુમાંથી પણ અમૃતત્વની ંજલિ પી ગયા છે. મૃત્યુ પર તેમણે જય મેળવ્યો છે માટે તે પોતેજ સાક્ષાત્ મૃત્યુંજય બની ગયા હતાં.

૬૦.''જીવને જી તે સાચોમ્ ઈશાન અમૃતત્વ નો
ક્યાંથી ભય નડે એને, મૃત્યુની વજ્ર મેળનો ?''

મૃત્યુ વિશેની વિવિધ અટકળો પણ કવિ કહે છે . મૃત્યુ કશાકની સાધના હશે ? મૃત્યુ માટે દાદા કદાચ કોઈ કોઈ સિધ્ધિનું સાધન હશે ? સાધના અને સિધ્ધિનો સિધ્ધાંત કવિ દાદા અને મૃત્યુ બંદારા અહીં બન્ને સાધનાક્ષામ અને સિધ્ધિક્ષામ તરીકે એક-બીજાના પરસ્પર ગણાવે છે.

૬૧.''હશે એ ક્ષણની લીલા કે તપસ્યા સદા તણી
હશે એ સાધ્ય જાતે કે, સાધ્ય કોકનું સાધતા''

પણ અહીંજ મૃત્યુને પણ જાણવાનો મથામણ પછી મૃત્યુના માંગલ્યના ભાવમાં કવિ કહે છે

૬૨.''વા હશે તોરણકાર નવા કોઈ પ્રદેશનું'' તીવ્ર અનુભૂતિની મથામણમાંથી કવિને મળતાં મૃત્યુના દર્શનો અનેક રૂપે જોવા મળે છે કવિ મૃત્યુ પછીની સ્થિતિને ભેદભરી ભૂમિ માને છે કે જ્યાં સાત્યારૂપી નટો નવો વેશ ધારણ કરી એ ભૂમિમાં અદ્રશ્ય થઈ જાય છે.

kalpana's

૬૩...ભેદમયી ભૂમિ જ્યાંથી, વ્યક્તિ પાછો ના ફરે
કે ને પથ્થે તટો જેમાં, વેશભૂષા નવી ધરે ''

કવિ કોઈ સ્પષ્ટ નિર્ણય આપી શકતા નથી કે મૃત્યું શું છે ? બહુરૂપીની જેમ મૃત્યુ કવિને મૂંઝવે છે.

૬૪...કે પછી વ્યક્તિમત્તા આ વિલોપતાં સમાવું ત્યાં
એક આનન્યના પારાવારે, જાત અનન્ત થૈ
કે હશે પ્રજ્ઞા એ સૌ, હૈયાને માત્ર ભૂતની
દશા તો ન હશે મૃત્યુ ગતિ કેરા વિરામની

મૃત્યુનું રહસ્ય કવિને ઝેપલા દે તેમ નથી

૬૫...રણની ભૂમિ એ, જેમાં લુપ્ત થાતી સરસ્વતી
માનવી પુરુષાર્થોની, લાગતી હર્ષ, શોકની
રાગદ્વેષ, પ્રપંચોને, જ્યા જ્યા તણી વળી
શમતી સરણી જેમાં, ભૂમિ એ ચિરશાંન્તિની''

કવિને મૃત્યુ અકથ્ય, અવર્ણનીય, રહસ્યમયી તો લાગે જ છે તે પરથી ખ્યાલ આવે છે કે મૃત્યુનો તાગ સરળતાથી પામી શકાય તેમ છે જ નહીં. કવિ મૃત્યુને અનુભૂતિની અને માનસિક પ્રજ્ઞા વ્યક્તાની બદલાતી તાસીર પ્રમાણે જૂદા જૂદા દૃષ્ટિકોણથી જોઈને તેની વિવિધ રંગી ધારણાઓ આપે છે. છતાં કવિને મૃત્યુના સ્વરૂપની સ્પષ્ટતા અંગે સંતોષ નથી સર્વનું શમન તેજ ચિરશાન્તિને તેનું જ બીજું નામ મૃત્યુ એમ ઘડીભર મૃત્યુની અન્વેષણાને થંભાવે છે પણ કવિ મૂર્ત મૃત્યુને જાણવાનો આ ચરિત્રલક્ષ પ્રયત્ન છે.

હરેક કે કવિની મૃત્યુ વિશેની પોતાની વિભાવના પોતીકા સંદર્ભ અનુભૂતિ અને પરિવેશમાંથી બનતી હોવાથી, અને એ પ્રકારનું વૈવિધ્ય એકબીજાની જૂદું આવતું હોવાથી મૃત્યુ નામે ઘટના એકજ

kalpana's

હોવા છતાં તેના દર્શનો, અર્થ ઘટનો, અને સ્પષ્ટીકરણોમાં વૈવિધ્ય જોવા મળે છે. નિરંજન ભગત 'સિલ્કના મૃત્યુ'માં મૃત્યુ વિશે કહે છે...

૬૬...'એકેકી રહ્યો જીવનનો જ અર્થ
ના મૃત્યુ કોઈ કદી કયાંય વ્યર્થ.'

મૃત્યુ જ જીવનનું પ્રમાણ પત્ર છે. માનવજીવનની શ્રેષ્ઠ અભિવ્યક્તિ જ મૃત્યુ છે. જીવનનું સાચું અર્થ ઘટન કરવાની ક્ષમતા માત્ર મૃત્યુમાં જ છે. મૃત્યુનું મૂલ્ય ચોકું ચાંચું ઝીણું ગણું જોઈએ. કરમાઈ ગયા બાદ પછી ગેરહાજરીમાં ફૂલની સુવાસ ફુલના અસ્તિત્વને ચાંચે છે તેમ મૃત્યુ પછી વ્યક્તિત્વમાંથી ચાલી વ્યક્તિ, ચાયો માણસ મળે છે માટે મૃત્યુમાં જ જીવનનો અર્થ એકેકી ઉઠે છે અને તેથી કોઈ મૃત્યુ વ્યર્થ નથી.

મૃત્યુનાં વિવિધ રૂપોમાં કેટલાક કવિઓ મૃત્યુ જન્ય પ્રભાવને પણ મૃત્યુનું એક વ્યાપક ભાવજગત, રૂપ જ ગણે છે. 'ચટીક ચમારી' માં કવિ મૃત્યુથી છવાઈ ગયેલો સન્નાટો, જડતા વર્ણવતા લખે છે.

૬૭...'દિગ્મૂઢતાં ઘરે કેવી, વ્યાપેલી ચર્વના દિલે
જડ નેત્ર ગયાં ઝૂકી, વહેવાનું ચક્ષુનાં જલે
જ્યોત્સ્નાશીલ ચકી,? તારું હસું ના કેમ રે વહે
કેમ ના ચાગી ઉઠે, ઉલ્કાની ઉગ્ર દૃષ્ટિએ?''

સ્તબ્ધતા એક મૃત્યુનો ચમત્કારક પ્રભાવ છે. આત્મીયજનનું મૃત્યુ વજ્રપાત કે ઉલ્કાપાત જેવી ઘટના છે ચારે બાજુ છવાયેલી સ્તબ્ધતાનો એવો પ્રભાવ થયો કે ચંદ્રિ પોતાનો વહેવાનો ધર્મ ચૂકી ગયા.

આમ તો આખું વિશ્વ મંગલમય છે. જ્યાંત્યાં રળિયામણા સૌંદરમાં જો કશું ઉદ્વેગકારક હોય તો તે છે મૃત્યુ. માટે કવિ કહે છે

૬૮. "આ વિશ્વની મંગલ યોજનામાં,
હશે ઘડ્યું શું મૃત્યુ જ અમંગલ ?"

મૃત્યુને મંગલ બનાવવું કે અમંગલ તે આપણા હાથની વાત છે વિધાતા તમને પ્રસંગ, ઘડી- પ્રયાણ ઘડી આપે છે તેમ તેને કેવી રીતે સ્વીકારો છો તેનો આધાર તમારી ઉપર છે. 'અદીક ખારી' માં વર્ણવાતા મૃત્યુમાંથી માંગલ્ય અને ક્લેશકર બન્નેનો અભ્યાસ મળે છે. એ અનિનિશ્ચિત એવા મૃત્યુથી શું કેરવવું કે તેની અવગણનામાં તેનો યોગ્ય સત્કાર નથી માનવવા કોઈ પ્રતિભાવની મૃત્યુ પર કશી અસર નથી પછી મૃત્યુ તરફ ગોરમાયું વર્તન દ્વારા દાખવવામાં માનવની જ બાલીશતા સાંભ્રત રૂપ છે મૃત્યુની અનુભૂતિ દરેકના ભાગ્યમાં છે.

૬૯. "ધર્યું સ્મૃતિ તલા કોને મરણો જા ના'વતા ?
શ્રધ્ધાસ્મૃતિ તણાં શું એ, સદા એ સર્વને થતાં ?"

માટે જ મોતને રડો નહીં, તેનો આદર કરો.

૭૦. "ભલે રુખી અંતર-આગળો ખૂલ્યે
રેલી રહે, અંતર-રૂધ્ધ નીર તું
પરંતુ શ્રધ્ધા તુજ આત્મ કેરી
રખે વહાવે તુજ નેત્ર બહારે"

આત્માની સફર દરમિયાન જન્મ, જિંદગી અને મૃત્યુ તેના આયુષ્યના સફરના માઈલ્સ જેવા મહત્વના છે. જન્મ વધાઈ થી, જિંદગી ઉત્સવોથી ને આત્મા માણે છે. પરંતુ વિદાયની ઘડી હોવાથી મૃત્યુને માણવાની તૈયારી ઓછી વર્તાય છે. પરંતુ એ ક્ષણ ગફલતમાં માનવવ્યવહારની

kalpana's

ક્રાન્તિ દેખાઈ આવે વ્યવહારની પણ સમતુલા જાળવાય તે હિતકારક છે. વળી જિંદગી આપણે છે જ ક્યાં ? કોઈ પંખી પોતાનું બાચું કે વાટ ખર્ચી સાથે લઈને આવે તેમ સાથે લઈને જાય તેમ આત્મા જિંદગી સાથે લઈને આવે છે અને તેની પોતાની સાથે લઈને જવાની ઘડી તે મૃત્યુ છે તેની વિદાય ભાવભીની હોઈ શકે જિંદગીને ચાંચડી ન લેવાય માટે તેની બેચદબીયાં મૃત્યુ સમયે ક્લેશમય વાતાવરણ સર્જી મૃત્યુને આપણી દુષ્ટતા ન બતાવીયે.

લઘુવિરહોર્મિ કવિતા પ્રકારમાં રાજીયા, મરસિયા, વિલાપ કાવ્યો ચાદિની તુલનામાં અંજલિ અને શોકાંજલિની વિશેષતા એ જોવા મળે છે કે સાહિત્યની મધ્યકાલીન પરંપરાથી ચાલી આવતી નિરૂપણરીતિથી શોકાંજલિ એક ડગલું આગળ મૂકે છે. મૃત્યુના વિષયનું આલેખન દરેક કવિતામાં લઘુત્તમ/મહત્તમ અંશે જોવા મળે છે પણ તેની બાધિયત એ છે કે કરુણ પ્રશસ્તિ જેવો તેનો પાસે વિશાળપટ નથી પ્રમ મર્યાદિત શબ્દો અને પંક્તિઓનું બંધન જાળવી લાઘવ પામી શકાય તેટલી ગહન, વિશદ અને સ્પષ્ટ ચર્ચા કરી મૃત્યુ વિશેનો નવો ઉઘાડ શોકાંજલિમાં અનંતન છે. બિંબ-પ્રતિબિંબ યોજના પ્રમાણે એકજ સ્થિતિ નામે મૃત્યુને કવિએ કવિએ અને કાવ્યે કાવ્યે નોખા રંગે પ્રતિબિંબિત થતી જોવા મળી છે અને તેમાં ચમત્કૃતિ સફળ અને સબળ રહી છે એ શોકાંજલિની ક્ષમતા અને ઊર્મિકવિતા તરીકે લાઘવયુક્ત ઉક્તિને સ્પષ્ટ કરે છે.

શોકાંજલિ તરીકે પ્રસ્થાપિત થઈ વિષયનો વિદમુખી ઉઘાડ અનેક કવિતાઓમાં જોવા મળે છે. મૃત્યુની પરંપરાગત ઉલ્લેખ વટાની જઈ શોકાંજલિ મૃત્યુને માંગલ્ય બક્ષે છે અને આ માંગલ્ય બહુમુખી પ્રતિભા ધરાવતું મૃત્યુનું ક્લાત્મક દર્શન છે. માન્ન અંગત ચમત્કૃતિના પુરસ્કર્તા તરીકે મર્યાદિત રીતે સ્વીકાર કરી શોકાંજલિ અટકી જતી

નથી પણ તર્ક બધ્ધ નક્કર ભૂમિકા વ્દારા માંગલ્ય પ્રસ્થાર કરી દે છે. શોકાંજલિના મુકાબલે કરુણપ્રશસ્તિ કવિતા પ્રમાણમાં, સંખ્યામાં ચોછી છે.કવિ પ્રતિભાને ધ્યાનમાં રાખી વિચારીયે તો શોકાંજલિને અનેક કવિ કલમનો લાભ મળ્યો અને વિષયને ખેડાણની શક્યતાઓ પણ પ્રમાણમાં વધી ગઈ અનેક કવિ પ્રતિભાના પ્રતાપે શોકાંજલિમાં તેથી અભિવ્યક્તિનું રંગદર્શીપણું અને વૈવિધ્ય વધ્યું અને તેથી વિવિધ અભિવ્યક્તિની સમૃધ્ધિ શોકાંજલિને વધુ સાંપડી.

મૃત્યુના કાલ્પનિક ભયાનકતાનો સ્વીકાર અને સિધ્ધિ પછી શોકાંજલિનું નોંધપાત્ર પ્રદાન બીજે તબક્કે તેનું જ આનુષાંગિક અર્થરૂપ 'મૃત્યુનું ગૌરવ' છે નવી , જુની અનેક શૈલીઓમાં લખાયેલી શોકાંજલિમાં સ્વજન સંદર્ભે અને મહાનુભાવને જાહેર અંજલિ રૂપે લખાયેલી કવિતાઓમાં મંથનના પરિપાક રૂપે અનેક કવિઓ મૃત્યુને અશુભ તિરસ્કૃત અવગણ્ય માનવાને બદલે તેનું ગૌરવ જાળવવા અને વધારવા તેમજ સ્વીકારવાનો આગ્રહ રાખ્યો છે. આવી કૃતિ, કાવ્યકૃતિ બનીને કલાકૃતિ તરીકેની યશ મેળવી ગઈ છે. અનેક કાવ્યરૂપોમાં અનેક રીતે પ્રગટ રીતે પથરાયેલા કાવ્યત્વમાં મૃત્યુના વિવિધ રૂપોમાંથી વધુમતીએ માંગલ્ય આવકાર પામી મૃત્યુનું ગૌરવ વધાર્યું છે.

મનસુખલાલકૃત 'દાદાજી', બ.ક.ઠા. કૃત 'વિરહનું આંસુ, મહાદેવ પારેખ રચિત 'દિવંગત ગુરુદેવને', બબરદારકૃત 'સ્વામી શ્રધ્ધાનંદ' જેવી કૃતિઓ ને આધારે કહી શકાય કે શોકાંજલિમાં આત્માની ઉન્નતિ, ઉર્ધ્વગમન અને મૃત્યુના ગૌરવને વિશેષ સ્થાન આપ્યું છે જે કાવ્ય આલિત્વ માટે ખૂબ જ મહત્વની સિધ્ધિરૂપ છે.

મૃત્યુના વસવસો આમ તો કોઈ નિર્બંધ નથી પણ કારણકારની ઘટનાની ચિંતામાં આખી જિંદગી વ્યતીત કરી જીવીયે તે કેટલું ડહાપણભર્યું છે ? જેમુનિવારણ આપણા હાથમાં નથી તેનો વધુ પડતો વ્યર્થ હતાશા સિવાય કશી ઉપજ નથી આપતો માટે મૃત્યુથી નિર્ભય

થવા માટે અથવા લક્ષનો ચોથાર ચોછો કરવા, પ્રકારાંતરે મૃત્યુના ઘાને હળવો કરવા માટે પ્રહ્લાદ પારેખે 'દિવંગત ગુરુદેવને' માં આપેલું કાવ્યતત્વ અથવા મૃત્યુ પર સ્મૃતિનો વિજય કે પછી 'ફુલમાળ' માં શહીદના ચહેરા પર તરવરતી મદનિગી અથવા 'નંદન વનનું પંખી' અને તેનું ગાન અને ઉડ્ડયન અને મનસુખલાલ ઝવેરીની કલમે વર્ણવાયેલા મૃત્યુમાંથી અમૃતત્વ પી જતા દાદાજી જેમ માને કે એ મૃત્યુ 'વા હશે તોરણહાર નવા કોઈ પ્રદેશનું' તેવા-સંકેત શુભ નીવડ્યા છે.

મૃત્યુ પછી આત્માનું ઉર્ધ્વગમન દર્શનીય, પાવન, શ્રેષ્ઠ વિદાય હોવાથી તેને આંબ્રુ લગાડવાનું નિમિત્ત મનુષ્ય ના બને પણ તેની વિદાયનો મલાજો જીલવે તેવા આંસુથી દર્શનમાં વિઘ્ન કર્તા આંસુને સુંદરજી બેટાઈ, રા.વિ.પાઠક, ઝવેરચંદ મેઘાણી, બ.ક.ઠા. વગેરે એ કરેલી વિનંતી શુભ્ર લાગે છે . ભાવની ઉંચાઈએ અનુલક્ષીને આંસુને કરેલું સંબોધન ખરેખર માંગલ્યનું, ઉત્તમ દ્યોતક બની જાય છે આત્માની ઉન્નતિની આડે આવતાં આંસુ એ જેવાં બીજા અન્ય માનવીય વિઘ્નો મૃત્યુને માંગલ્ય બક્ષવામાં ખૂબજ નોંધપાત્ર માધ્યમ બન્યાં છે. આ વિઘ્નો ટળે, માટે કવિએ તેમની સાથે કરેલી રમજૂતી, મનાઈ કે વિનંતી જ મૃત્યુનું ગૌરવ વધારી ચહોળાવ વ્યકત કરી દે છે સ્નેહરશ્મિ કહે છે કે,અમા, તું લિયું મધુરું માંન બન્યો ત્યાં 'કરું શાને ત્યારે રુદન થકી એ ગાન બગડું' વિવિધ કવિઓની આંસુ, રુદન ને ચટકાવી બેટાઈ જેમ કહે છે કે 'રખે વહીવે તુજ નેત્ર વદારે' ખૂબ જ તર્કબધ્ધ રીતે કવિચિત મૃત્યુનું માન-સન્માન સાચવે છે.

શોકાંજલિમાં અનાદિ થી આવતી મૃત્યુની કૃત્યકૃ ચર્યામાં મૃત્યુદર્શન નિમિત્તે ઘણા કાવ્યોમાં મૃત્યુનો પ્રભાવ એ તે વદારા મૃત્યુનું રૂપ, વ્યાપકતા પ્રાપ્ત થઈ છે સ્વજન સદ્ગત થતાં તેની ખાલીપો, અભાવ, ખેદ મૃત્યુના પ્રભાવ તરીકે, સ્વજન જતાં તેનાં વ્યકિતત્વ, સ્વભાવ,

કાર્યો, ગુણોના સ્મરણમાંથી વ્યાપતી ચેકલતા પણ મૃત્યુના પ્રભાવ તરીકે, ગાત્રવાસન એક પ્રભાવ રૂપે , મૃત્યુની તીવ્ર અસર રૂપે વ્યાપતી સ્તબ્ધતા સન્નાટો, મૃત્યુના પ્રભાવ તરીકે વર્ણવી કૃતિઓમાંથી મૃત્યુનો અસામાન્ય પ્રભાવનો અણસાર મળી શકે છે.

વિવિધ કાવ્યોમાં આલેખાયેલી મૃત્યુ વિશેની ધાર્મિક, સામાજિક માન્યતાઓ, લિભાવનાઓ, રૂઢિઓ , ચિંતન વગેરેને આધારે તેમજ ઉપકરણો રૂપકો, દષ્ટાંતો શબ્દચિત્રો જેવી પ્રયુક્તિઓને આધારે કવિઓએ મૃત્યુના લક્ષણો, સ્વરૂપ અને રૂપવિધાનની ઝટકળ મેળવવા પ્રયત્ન કર્યો છે. આ વર્ણન -વર્ણના પરથી એટલું જરૂર કહી શકાય કે મૃત્યુ દૃષ્ટિગમ્ય કે શ્રુતિગમ્ય નથી પણ તે અનુભવ જન્ય છે. તેનો સમય, કાળ, દિવસ,ને અનુભૂતિનું રૂપ એક સરખું નથી, નિશ્ચિત નથી, [illegible] બહું જ અઘરૂ છે માટેજ સ્નેહરશ્મિ કહે છે તેમ તે 'The call of unseen' છે.પણ તમામ પ્રકારની અનિશ્ચિતતા અને અબાધિતતા હોવા છતાં તેનું બંધન અને નિશ્ચિતતા એક નક્કર સત્ય છે. તેની આવાગમનની રીતિનીતિ નિશ્ચિત નથી પણ તેનું આગમન નિશ્ચિત છે. 'આજ નયનો રડો' કૃતિમાં મનસુખલાલ કહે છે તેમ મૃત્યુ નિમિત્તે શોક પ્રદર્શન માટે લોક - વ્યવહાર છે. શોક ભાવની સૃષ્ટિ છે તેમાં ભાવાવેશ હોઈ શકે, માટે તેની અભિવ્યક્તિની ઉચ્ચનચતા પર ભાવાવેશ, ભાવાવેગનો પ્રભાવ છે મૃત્યુની અનુભૂતિ અને સ્વયં મૃત્યુને શોકની અભિવ્યક્તિની ઉચ્ચ-વચતા સાથે કશો ગાઢો સંબંધ નથી.શોકોદ્રેકનું કારણ સ્વજન સંબંધની ગાત્મીયતા, ઘાની તાજગી ના ચંદર્ભે સમયનું ઘટન અને હૃદયની સંવેદના પર આધાર રાખે છે અર્થાત્ શોક, ભાવકની અભિવ્યક્તિ છે. માટેજ મનસુખલાલ કહે છે કે પ્રાણ શરીર ને તો પ્રાણ ચલાવે છે બાકી તે મરેલું છે, તેનો શોક હોય નહીં અને આત્મા અમર છે, તે મરતો નથી પછી તેનો શોક ક્યાંથી હોય ? તો શોક કોનો હોય છે ?

ભાવકે ઝીલેલી અનુભૂતિની અભિવ્યક્તિ શોક બની આવે છે; માટે જ મૃત્યુ કુશલ લોક-વ્યવહારથી પર , અલૌકિક છે તેની અભિવ્યક્તિ ભલે લૌકિક હોય પણ તે ગેબી છે. મૃત્યુ વિશે એક અર્થઘટન સર્વ સ્વીકૃત બની શકે એમ છે કે દેહમાંથી આત્માનું નિર્ગમન - તે મૃત્યુ . તેજ પ્રયાણ ઘડી-અન્ય અર્થ ઘટનોમાં બે જન્મ વચ્ચે ની જોડતી કડી, હિંચકાના મધ્યબિન્દુ જેવું સહજ, બે ઓરડા વચ્ચેના ઉંબરને ઓળંગવાની સાહજિકતા, તેની સવારી ભવ્ય છતાં ચદીઠ, અંતકાળે જીવી વિકાસ અને મૃત્યુની મકકમતાનો અભિવ્યક્તિ મેળામાંથી બાળકનું ખોવાણ વ્હારા 'પ્રિયકાન્તને' માં પન્ના નાયકે સરસ આપી છે મૃત્યુ અનવલોક્ય, સ્વયંસંચાલિત, મકકમ, નિશ્ચિત, સશસ્ત્ર, અદૃષ્ટ, નિરાકાર, અસારથિ, ગેબી, રહસ્યમય, તે એક ઘટના રૂપે છે. આપણે તેના દૃષ્ટા નથી. પણ પ્રભાવ કે અસરગ્રસ્ત બની શકીયે છીયે, તેનો વિજય નિશ્ચિત , સંસાર માં તેનું એક આઠી શાસન, ચમર, ચક્ર, ક્ષયંકર, ઋતંભર, વિશ્વભરમાં વ્યાપક, એક માન, પ્રતિષ્ઠિત , છે આવાં અનેક મૃત્યુનાં લક્ષણો આપી શમન, પાવન, ઉર્ધ્વગમન, આત્મો-નતિ, શાંતિપ્રદ, ઈશ્વરાભિમુખ, ઉધ્ધારક, પરિવર્તક જેવા અનેક રૂપે વિલસી રહેલું હોવાથી તેના રૂપ-સ્વરૂપના અભિપ્રાયો , દર્શનો દૃષ્ટિકોણ, અનુભૂતિ પ્રમાણે જુદાં હોઈ શકે પણ 'મૃત્યુ નામે ઘટના' એક છે. તેનું કાર્ય અને અંતર્ગત રૂપપ્રણ એક જ છે. માન તેની ઓળખો બહુરૂપી છે. કાળનું બંધન તેને નડ્યું નથી તેની માનવમાન્ય તેની આપેલી ઓળખ, વ્યાખ્યાઓ અધૂરી છે કોઈ એક વ્યક્તિ તેનો જ પરિપૂર્ણ- સંપૂર્ણ અંદાજ આપી શકવા શક્તિમાન નથી. માટે જ મૃત્યુ મહાન છે અને તેથી તેનું ગૌરવ કરવું ઉચિત છે અતિ સંક્ષિપ્તમાં મૃત્યુના સ્વરૂપને અને સ્વરૂપની ગટકળને પ્રશ્ન વ્હારા જ વ્યકત કરી શકાય કે મૃત્યુની જાણ કોને નથી ? છતાં મૃત્યુને કોણ જાણી શક્યું છે ? મૃત્યુની સ્થિતિ કે ઘટનાને નવા મર્દનું તોરણદ્વાર, ભેદમયી ભૂમિ, ક્ષણની લીલામૃ

ગતિ વિરામની ઘડી, પ્રયાણ ઘડી, મદીક સવારી, છેલ્લું દર્શન, ચિરશમન, ગર્જનમુક્ત સાગર, અને લૌકિક જીવનની પેલે પાર કોઈ અલૌકિક વિરાટ તત્વમાં એક રૂપ થતું તત્વ વગેરે અંતે ઘટનો મૃત્યુના રૂપની અન્વેષણાની કલકૃતિ રૂપે મૂકેલાં સમાધાનો છે કેટલીક લોકપ્રચલિત માન્યતાઓ જેવી કે નાશ, લય, પ્રલય, વિલય, વિનાશ, મોક્ષ, મુક્તિ, રૂપાંતર અને પરિવર્તન પણ મૃત્યુ માટે પ્રસિધ્ધ છે.

વિવિધ કાવ્યોમાં મૃત્યુ સમયની પ્રયાણ ઘડી, મૃત્યુ સમયનો સંનકાળ, મૃત્યુ પાછીની મૃત્યુનો પ્રભાવ અને ઉન્નત ઉંચનનું વર્ણન છે મૃત્યુની અનુભૂતિ, માન્યતા-ધારણા, ગતિવિધિ, પ્રયાસો, રીત-રીવાજ અને દેહાવસાનની સુંદર ચર્ચાઓ મળી આવે છે. મૃત્યુને સમજાવતા આત્મા-પરમાત્માનો સંબંધ, સિધ્ધિ-સાધનાનો સિધ્ધાંત, કર્મ-ફળનો સંબંધ, વ્યક્તિ-વ્યક્તિત્વનો પ્રભાવની ચર્ચા પણ વિશદ થઈ છે 'જે જાયું તે જાય' મૃત્યુંજય, અમરત્વ, સમાન તત્વ વ્યક્તિને અમરત્વ ની ભેટ આપનાર મહાન દાતા તરીકે ઓળખાવી તેની મહીમા ગાયો છે. મૃત્યુના આગમનને અકીક જાહોજલ, વેશપલટો કરી નેપથ્યે અદ્રશ્ય થવાની ભૂમિ, અમર સંધની સફર, જીવીત માનની મૂકૃતિ, આત્માના ઋતને પ્રગટ કરનારું તત્વ, ગુલાબી આત્માને ઉડવાની ઘડૂલી, કહી તેને માનથી સંબોધે છે કે 'આ પ્રયાણઘડી

kalpana's

અભિરામ, પાછુ જોશોના', કારણ કે સંસારમાં તમારી કક્ષામાં કોઈ આવી શકે એમ નથી તમારો મહિમા અપાર છે મકરંદના શબ્દોમાં 'વાતોથી કેમ રે ગાયો મહિમા જાય એનો' કારણ કે મૃત્યુને કોણ સમજી શક્યું છે. સામાન્યતઃ એવી માન્યતા પ્રવર્તે છે કે જિંદગીનો હોત એટલે મૃત્યુ પણ મૃત્યુ બરોબર બજાવણી છે મૃત્યુ પછી પણ તે જીવન આપી જાય છે નહીં તો કવિ એમ ના કહેત કે..

૭૧. 'બાકી રહ્યો જીવનનો જ અર્થ
ના મૃત્યુ કોઈ કદી ક્યાંય વ્યર્થ'

ફૂલખિરજૂમ પછીની કોરમ ફૂલને જિંદગી આપે છે તેમ વ્યક્તિનું મૃત્યુ વ્યક્તિત્વની જિંદગી બાપી જાય છે. માટે જ આટલી વિશદ ચર્ચા પછી સ્વીકારાયું રહ્યું કે મૃત્યુ મહાન છે. મૃત્યુના વિવિધ રૂપો, વ્યાખ્યાઓ, સંભાવનાઓ, વિભાવનાઓ, લક્ષણોને આધારે વિશદ રીતે કાવ્યમાં મૃત્યુનું સ્વરૂપ દર્શન થયું છે તેમાં મૃત્યુનો પ્રભાવ, તે પ્રત્યે અહોભાવ, આદરભાવ, આદર, માનવમાત્રને ધીર-ગંભીર થવા બોધ અને મૃત્યુને માંગલ્ય બાપી મૃત્યુનું ગૌરવ કરવામાં, બાબું તે શોકાંજલિની સિધ્ધિ ગણાય.

આમ આપણે જોયું કે શોકોર્મિકવિતામાં મૃત્યુ કાવ્યનાં બીજરૂપે છે. વળી મૃત્યુની વિવિધ અભિવ્યક્તિઓમાં મૃત્યુનો મંગલ-અભિગમ વિશેષ ધ્યાન ખેંચે છે.

kalpana's

મંથન- ચિંતન - સમાધાનનું આલેખન :-

શોકાંજલિ કાવ્યસ્વરૂપમાં શોક અને અંજલિ તેનું નામ સાર્થક કરવામાં મહત્ત્વના બે અંગો છે. મૃત્યુ શોકાંજલિ કાવ્યોની આધારભૂત પ્રસંગ છે સ્વજન સંદર્ભ તેનું બીજ છે. સ્વજનના - મૃત્યુનું શોકગીત શોકાંજલિ બની શકે માટે ચોકમાન કેન્દ્રવર્તી પ્રસંગ બની શકે મૃત્યુ નિમિત્તે પ્રગટ માનસિક સ્થિતિ અને કવિ પર તેનો થયેલો પ્રભાવ મંથન અને ચિંતન તરફ કવિતાને દોરી જાય છે શોકાંજલિમાં કાવ્યની યશકલગી અંજલિ હોય તો અંજલિને હૃદ્યંગમ બનાવવામાં મંથન-ચિંતનનો ખૂબ મહત્ત્વનો ફાળો છે. મૃત્યુમાંથી મંથન અને ચિંતન ઊંચી કક્ષાએ પહોંચી શકે તે માટે સ્વજન સાથેના સંબંધનો પ્રકાર અને આત્મીયતા તેમજ તેના મૃત્યુથી જાગતી તીવ્ર સંવેદનાનો અમૂલ્ય ફાળો છે. શોકાંજલિના તત્વોને ચરિતાર્થ કરતી મોટાભાગની બધીજ કૃતિઓમાં ઓછેવત્તે અંશે ચિંતન છેજ. પરંતુ એમાં જે ભેદરેખા જોવા મળે છે તે બન્ને પ્રકારે વિકસતી જોવા મળે છે. લઘુકાવ્યોમાં પંક્તિસંખ્યાની મર્યાદામાં ક્યારેક સ્વતંત્રકૃતિઓમાં ચિંતનની શક્યતાઓની આશા સેવી શકાય તેવા પ્રકાર જોવા મળે છે તે કૃતિની ચમત્કૃતિ બની જાય છે પરંતુ દીર્ઘ-કાવ્યોમાં પંક્તિસંખ્યાની મોકળાશ હોવાથી ચિંતન ગૂંથાઈને સુંદર રીતે કાવ્યમાંથી એકરૂપ થઈ તેના નિષ્કર્ષરૂપે મળી આવે છે. દા.ત. 'અજિત-વિરામ', ભક્તિવન-નારદ, દાદાજી. પરંતુ ત્યાં એક જ વ્યક્તિ માટે એકથી વધુ કાવ્યો લખાયા છે તેના કાવ્ય સમૂહમાં ચિંતન તેની યોગ્ય ભૂમિકા પર વિશદ, પૃથક ચર્ચા સહિત આવી કાવ્ય માટે કાવ્ય-વિશેષ બની રહે છે એમાં પણ કેટલાંક કાવ્યો તો માત્ર ચિંતન પ્રધાન કવિતાની કક્ષાએ જઈ શકે તેવાં ચિંતનાત્મક બની રહે છે. દા. ત. સ્નેહરશ્મિએ સદ્‌ગત મિત્ર કાંતિભાઈ કાપડિયા માટે સંખ્યાબંધ કાવ્યો લખ્યાં છે. ઉશનસ્ 'પૂ. બાપા જતાં' નામે સોનેટ ગુચ્છ આપ્યું

છે તેમાં 'હું જાણું' કાવ્ય સ્વતંત્ર ચિંતન કાવ્ય બની રહે તેવું સુંદર ચિંતન તેમાં કવિ નિરૂપે છે. આત્મીયતા અને તટસ્થતા આ કાવ્યોમાં અનુસ્યૂતી જોવા હોવાથી ચિંતન ચમત્કારક બની રહે છે. સદ્‌ગત પિતાના જીવનના વિવિધ પ્રસંગોમાંથી અને તેની સ્મૃતિઓમાંથી વિલાપ, અફસોસ, વાત્સલ્ય જેવાં વિવિધ ભાવોમાંથી કવિને ચિંતન પ્રાપ્ત થયું છે. આ ચિંતન ચર્મગંભીર પણ છે. 'હું જાણું' આવા કેટલાંક નોંધપાત્ર લક્ષણોને લીધે ઝૂલી કૃતિ તરીકે તરી આવે છે. આ ઉપરાંત કલ્પનાં કાવ્યો, બ.ક.ઠા. ના ગુચ્છકાવ્યો અને ચિંતનની દૃષ્ટિએ 'ચદીકરાવારી' ના કાવ્યોમાં ચિંતન અને કાવ્યત્વનો સુંદર સમન્વય જોવા મળે છે. પરંતુ આપણે એ પણ ન ભૂલીએ કે ચિંતન માટે સ્વતંત્રકૃતિઓ નામશેષ કરી શકાય એમ નથી. ર.વિ. પાઠકનું 'છેલ્લું દર્શન' , સદ્‌ગત ચંદ્રશીલાને 'આજ નયનો રડો, ' રડો ન મુજ મૃત્યુને ' કોલકની ' વિદાય' 'ફૂલ બધું' 'સ્વ. મલબારીના આત્માને' 'દાદીમાનો ગોરડો' 'અંતિમ ઘડી' , 'મું ઘર ખાલી કરતાં' ચિંતન ધરી દેનારી સ્વતંત્ર કૃતિઓ છે.

શૈશવ અને ચિંતન કરુણપ્રશસ્તિ અને શોકાંજલિ , બન્ને કાવ્ય-પ્રકારો માટે સામ્ય ધરાવતું કાવ્યાંગ છે પણ કરુણપ્રશસ્તિમાં કાવ્યના વિશાળ પટમાં વિસ્તરતા ચિંતનની તુલનામાં , શોકાંજલિમાં પંક્તિ સંખ્યાની મર્યાદામાં રહીં ઊંચી ભૂમિકાએ જવા મથતા ચિંતન પ્રત્યે કશો પક્ષપાત ન થઈ જાય તે જોવું રહ્યું. સ્વતંત્ર કવિતાઓમાં ગૂંથાઈને આપણું ચિંતન કાવ્ય સમૂહ ગયલા ગુચ્છકાવ્યમાં મોકળાશને પ્રભાવે તેની ચમત્કૃતિની ગુંજાશ પ્રગટ કરે છે તે તેનું ઉદાહરણ કહી શકાય . બ.ક. ઠા. , કાન્ત અને ઉશનસ કાવ્ય ગુચ્છ કાવ્યો તપાસતાં ચિંતનનો આવો સન્નિષ્ઠ ગાવિષ્કાર અને તે પણ શોકાંજલિની મર્યાદા સાચવીને પ્રગટ થાય છે તે શોકાંજલિનું જોવું નોંધું પાસું છે. શોકાંજલિમાં

ઉપર ટપકે દેખાતા ચિંતનકરતાં જ્યાં સહજ, સ્વભાવિક રીતે વેદનામાંથી ઘોળાઈને ચિંતન ઝરે છે ત્યાં ઉત્તમ કવિતા પ્રાપ્ત થઈ જાય છે. ગુચ્છકાવ્યોમાં તેમજ કેટલીક સ્વતંત્ર કૃતિઓમાં ચિંતન એ રૂપે ઉઘડતું જાય છે. ચિંતનના ઉદ્ભવ સ્થાનોમાં અભાવ, વેદના, આત્મીયતા એ સ્વભાવ ઘણા કાવ્યોમાં કારણભૂત લાગે છે તેમ સદ્‌ગતનો દેખાવ, કાર્યો, ચહેરા પર સ્થિર થઈ ગયેલા ભાવો ચિંતન ટપકાવે છે. એક બાળકીના મરણ વિશેનું કાવ્યમાં ન. ભો. દિ. મૃત બાળકીના હસતા રહી ગયેલા ચહેરાને જોઈ લખે છે:

૭૨. ''અમર ભૂમિમાં આંગણે, દિવ્ય ગાન ગવાય
સુણીને તે તુજ મુખ પરે, મીઠું સ્મિત લહેરાય

કવિ કહેવા માંગે છે કે સ્વર્ગના ગાનથી તને તારા ગીતો યાદ આવ્યા હશે. તું તારા સ્થાને, વાસમાં પ્રભુ, પાછી જઈ રહી છે તેનો આનંદ તારા ચહેરા પરના સ્મિતમાં વ્યક્ત થાય છે. બાળકીના મૃત્યુ પછીના વાસ માટે દિવ્યભૂમિની કલ્પના કરી કવિ લખે છે:

''તેં સ્મિત પાન કરી કરી, દિવ્યભૂમિ મેં આંખી
એ ઉપકાર ઓ બાળકી, સ્મરણે રહીશ હું રાખી''

કવિ ભાવુક હૃદયની પરાકાષ્ઠા વ્યક્ત કરે છે કે હું તો તારા જેટલો ભાગ્યશાળી નથી કે આટલી સહજ રીતે દિવ્યભૂમિ સારી જેમ પામી શું પણ દિવ્યભૂમિના ગાનથી તારા ચહેરા પર દેખાતા સ્મિત અને આનંદમાં મેં દિવ્યભૂમિની ઝાંખી મેળવી લીધી છે. માનબુદ્ધિના પ્રભાવે દલીલ થાય પણ જેમાં જ્યારે ભવના અથવા વિષાદથી ઉપર હૃદયનો પ્રભાવ છવાઈ જાય ત્યારે, ચમત્કૃતિ ચિંતન બની જાય છે હૃદયને અસર કરવાની શક્તિ ચિંતનમાં, દલીલ કરતાં વધારે

છે એજ રીતે બોધ કે ઉપદેશનાં જ્યારે લાગણીનું તત્વ ભળે છે ત્યારે તે હૃદયને અસર કરનારું સૂક્ષ્મ આશ્વાસન બની જાય છે. સંબંધમાં પણ તેવી રીતે ભાવ અને સ્વભાવ એકરૂપ , તન્મય થાય ત્યારે આત્મીયતા પ્રાપ્ત થાય છે અને આત્મીયતા પછીનો અજ્ઞાત અસહ્ય હોય છે ** ચિંતન અને અંજલિ હૃદયંગમ શૈલ્પ છે. સ્વજન શોક તેમાંથી ચિંતન ઉદ્ભવે છે. એવો શોક સૃષ્ટિ ચિંતનની વૃષ્ટિ થાય છે. અને સ્મરણ કે સ્મૃતિ શોકની અભિવ્યક્તિનું અસરકારક માધ્યમ પુરવાર થયું છે.

''એ ઉપકાર ચો બાળકી, સ્મરસે રહીશ હું રાખી''

સ્મરણને પાયે રચાયેલી શોકાંજલિ કલાકૃતિ બની જાય છે. આમ તો સમજી શકાય એમ છે કે તમામ કલાતત્વોનું ઉત્તમ સંયોજન કલાકૃતિ રચી આપે છે એજ સિધ્ધાંત શોકાંજલિ માટે પણ તેટલોજ સાચો છે કે શોકાંજલિના તમામ તત્વોનું ઉત્તમ સંયોજન શ્રેષ્ઠ કલાકૃતિ માટે થવું જોઈએ કવિતા ક્ષણે પણ કૃતિ કલાકૃતિ બની ત્યારેજ કહેવાય કે વ્યક્તિગત ભાવનાથી કૃતિ શરૂ કરી, કવિ વિષાય, પ્રસંગ અને ભાવને સ્વાનુભવી, વૈશ્વિક બનાવે આમેય મૃત્યુની ઘટના વૈશ્વિક ઘટના છે. અને તેથી અભિવ્યક્તિમાં જોવા મળતા વૈવિધ્યમાંથી વ્યક્ત થતા દુઃખ, શોક, કે રંજના સ્વરૂપ પણ એક જ છે વ્યક્તિઓની મર્યાદાઓ અને લાક્ષણિકતાઓથી દેખાતા વૈવિધ્યની પીતરમાં સર્વત્ર શોક અને આઘાત, કે દુઃખની જ લાગણી વહી છે. માટે જ એમ કહેવું યથાર્થ છે કે અંતે અનુભૂતિ વૈશ્વિક બનવી જોઈએ. 'સ્નેહરશ્મિ'ની સદ્ગત મિત્ર કાંતિભાઈ કાપડિયાના અવસાન નિમિતે 'દિલાસો' કાવ્યમાં આવો સમર્થ પ્રયત્ન જોવા મળે છે. મિત્રના મૃત્યુથી કવિને મનોમંથન થાય છે કે આપણા જગતમાં મૃત્યુ, સનાતન નિશ્ચિત ઘટનાના વ્યાપક સ્વરૂપે વિલસે છે. પોતાની ભયાનક , પાશવી પંજો લઈ મૃત્યુ આપણા જગત પર ઝઝૂમે છે. પ્રલાપ નહી તેનું આ મૃત્યુ કારમું છે. જગત અને

kalpana's

સમગ્ર માનવજાત તેનાથી ભયભીત છે. દુનિયાનો ટાળી ના શકાય એવો જો કોઈ ભય હોય તો તે મૃત્યુનો ભય છે. આ એક ભિન્ન મૃત્યુનો ઘા આટલો કારમો છે તો મૃત્યુની એની લીલા કેટલી રહસ્યમયી, વ્યાપક, કારમી હશે ? તેની આગળ મહારથી પણ લાચાર બની જાય છે. આવી લાચારી અને કરુણતાના આંસુ સારી, કવિ આખા જગતમાં વ્યાપતી લાચારી, શોકથી ક્યાંક ચમકે છે ત્યાં કાંત ભાવની વૈશ્વિક રૂપે વ્યાપ્તિ થાય છે. કવિ સહાનુભૂત ભિન્ન અને તેની સાથે સહાનુભૂત થઈ સૌ કોઈને ભિન્ન સ્વરૂપ કવિએ માની વેદના સભર સહાનુભૂતિ વ્યક્ત કરે છે. મૃત્યુની આતમ ઘટનાથી ચિંતામાં મૂકી ભિન્ન ભિન્નતે સૌને માટે દિલાસો આપી દે છે. કે ...

૭૨. "આશા બીનાં મનુજહિને, ક્રૂર ઘાઘાત સાથે
ભાંગી, દૈવી, કચરી મારે, મૃત્યુ જ્યાં અટ્ટહાસ્યે

× × × ×

૭૪. "રોઈ આજે જા ગજિનાં દુઃખ પે આંસુ સારી
રાખ્યા આંસુ ઉરમુની મુંગી વેદનાના દિલાસા"

ગૌતમ બુધ્ધે કિસાગોતમીને કહ્યું હતું કે જે ઘેર એક પણ મૃત્યુના થયું હોય એ ઘેરથી રાઈ લઈ આવ અને કિસાગોતમી આશ હૈયે પાછી આવી હતી. મૃત્યુની આ સનાતન વ્યાપકતા ચેહરચિમ પણ અનુભવે છે કે..

૭૫. "તે માતાની જગત નિરખી વેદના કેમ ગમેલી ?"

કહી કવિ આખા જગતની કરુણતા પર આંસુ સારે છે.

રવિ-શશી-તારા-ક્ષિતિજ - જેવાં આકાશી ઉપકરણોથી

ન. લો. દિ.ની જેમ સ્નેહરશ્મિ પણ ચિંતા વ્યકત કરે છે. આકાશના રવિ, શશી, તારા જેવાં દિવ્ય તેજ માં ભળી જવાથી કવિ વિચારે છે કે ભિન્ન કોઈ સામાન્ય આત્મા ન હતો. ભિન્નનું હાસ્ય હવે શશી, તારા માં દેખાતાં કવિને થાય છે કે ભિન્નના હાસ્ય અને તેના રહસ્યને કવિએ જીવનભર જાણ્યું નહીં તેનો સાક્ષાત્કાર કવિ હવે કહે છે.

૭૬. ''શમા, નો' તો હું કો મુજ તુજ
હું શાશ્વત્, પ્રભા ?''

૭૭. ''મને સ્વપ્ને રાણી, ઊડી જઈ ઝબે શૂન્ય નભમાં
તને પામી તારા રવિ વિધુ બહું ઉજ્જવલ બને''

હું હતો ત્યારે ઓળખ્યો નહીં, હવે હું થાય ? જીવન પર્યંત કવિએ ભિન્નને સામાન્ય માણસ તરીકે જ જોયો હવે મૃત્યુ પછી ભ્રમ ભાંગ્યો કે

૭૮. ''ગુમાવી રે મોંઘી, તક વિરલ મેં તો ભ્રમ રહી
શમા નો' તો હું કો મુજ તુજ શાશ્વત્, પ્રભા''

અને તે મહાન, શાશ્વત્, પ્રભા..

૭૯. ''પ્રભા વિશ્વો કેરી મુજ ગરીબ આંગણ વહી રહી''

મૃત્યુ પછી ભિન્નના રહસ્યને જાણતાં પોતે ભાગ્યશાળી માની, હેયા-વરાળમુક્તી શોક અને ચિંતામાંથી આશ્વાન તરફ વળે છે. કે મારો ભિન્ન શાશ્વત્ પ્રભા હતો અને રવિ-શશીમાં ભળી જઈ તે પણ અમર શાશ્વતપદ પામ્યો છે. તે રવિ-શશીમાં પ્રકાશતો જ રહેશે તેની આવી ઉન્નતિમાં તો આદર અને સન્માનજ શોભે, નહીંતો વહાલમાં આંસુ લાવે.

૮૦. "તને પામી વ્હાલા, બની અમરતા શાશ્વત હવે
તને પામી તારા, રવિ વિધુ બધું ઉજ્જવલ બને"

હવે કવિને ઇંજ નથી કે ૮૧. "મને સ્વપ્ને રાખી જોડી જઈ જાણી
શૂન્ય નભમાં" પણ મિલનની ઉન્નતિથી સંતોષ, આનંદ છે. ચિંતન પછીનું આ સમાધાન પ્રતીતિકર લાગે છે.

શોક અને ચિંતન માટે વિલાપ, સ્મૃતિ અને આત્મીયતાના આલેખનમાં સ્નેહરશ્મિ મૌનના પ્રભાવે વિકસતું ચિંતન વ્યક્ત કરે છે. સૃષ્ટિ પોતાની રીતે નિત્યક્રમ મુજબ ચલાવી રહી છે. રવિ-શશી તારા ચમકે છે પણ મૌન પણે. ફુલડાં ખીલે છે મૌન પણે, મંદ મંદ પવન લહેરાય છે પણ મૌન પણે, સમગ્ર સૃષ્ટિનો સંચાર પામી શકાય છે પણ જે પ્રફુલ્લિતતામાં પણ મૌનનો જ પ્રભાવ છે જાણે કે ઈશ્વરનું સર્વવ્યાપી રૂપ મૌન રૂપે વ્યાપી ગયું છે. જેમ મૌન સદ્ગત મિત્રના ગુંજારવિંદે છે. મૌનનું સમ્રાજ્ય સર્વત્ર છે. મૌનમાં મધુરા શાંત-ગીતનો ગુંજારવ થતો હશે. આ મૌન બધું મૌન છે. વિધુના ગાનના માધુર્યમાં મારું હૃદન તેની અંજિતતા ભાંગશે.

૮૨. "સખા, વ્હાલા, હું તો, વિધુ તણો બન્યો મૌન મધુરું
કરું શાને ત્યારે હૃદન થકીયે ગાન બધુરું?"

ચિંતન અને સમાધાનમાં માંગલ્યનો સૂર પણ સંભળાય છે.

કૃતિના વિષયાલેખનમાંથી જ સહજ રીતે જ્યારે ચિંતન પ્રયાસ વિના, ઊંચી બુધ્ધિમત્તા ગહન ભાવજગતના માધ્યમથી આકાર લઈને આવે ત્યારે તે મૂલ્યવાન બની જાય છે. શોકાંજલિમાં કાવ્યે કાવ્યે નોખે રંગે, નોખે રૂપે ચિંતન પ્રગટતું જોવા મળે છે. સ્મૃતિ, , મૌન, એકલતા જેવા અનેક ભાવબલત્વોમાંથી શોકોદ્‌ગારો

ચિંતન વહે છે. પરિચિત સ્વરૂપે ચિંતન હોવા છતાં કવિ મૌલિક રંગે તેને પાશ ચઢાવે ત્યારે તાજગી આપી જાય છે. મૃત્યુ એટલે નિયતિનું નિશ્ચિત વિધાન અને તેનો નમ્ર સ્વીકાર પછી ઘણા કાવ્યોમાં કાવ્યનો અંત આવી જાય છે. પરંતુ એ ક્રમ પરંપરાગત છે. કવિતા એમાંથી વળાંક લઈ આગળ વહે ત્યારે જ્યાં તેમાં ચમત્કૃતિ આવે છે 'શિયાળો કવિ' મનુભાઈ ત્રિવેદીની એક ચમત્કૃતિ છે. નિયતિનો નિર્ણય અને નમ્ર સ્વીકાર પછી કવિ કાવ્યત્વને વળાંક આપે છે કે ચેતન પરિવર્તનશીલ સૃષ્ટિમાં શાશ્વત્ માત્ર કાળ છે. ઋતો તેનાં જ રમકડાં છે. કવિ આ ચોત્થ ને આગવા દૃષ્ટાંત વડે સમજાવે છે કે મહાકાળનો મહાસાગર છે અને તેમાં બુદ્બુદો અને ચાલતી ચાલી ચાલી નર્તન કરી થકી ગયા અને ચાલનારાં પણ ચાલી જશે. ક્યાંય કોઈ રેખા પણ બાકી આવશે કે ક્યાંય બુદ્બુદો ચમકી જશે તો યે સાગર તો રહેશે જ એમ કાળ ચિરંતન છે. સમય જતાં બુદ્બુદના શમનની જેમ ચિત્ત પણ શમી જાય પણ તેની રચનાઓ પટમાં રચ્યા કરશે આ કોનું કર્તૃત્વ છે એવા આશ્ચર્યથી એ તારી જ યાદ આપાવશે એમ કહી પ્રકારાંતરે કવિ ચેતનનું પણ અમરત્વ બક્ષે છે. બુદ્બુદના શમ્યા પછી પ્રવાહમાં તેનું જેમ અમર અસ્તિત્વ છે તેમ ચેતન ક્ષણ અમર છે. જન્મ મરણને કવિ સરસ રીતે સમજાવે છે કે ચેતન વહેતા પ્રવાહમાં જન્મથી મરણની અવસ્થામાં જકડાઈ જાય તો ચિરંતન પ્રવાહની દૃષ્ટિએ ક્ષણિક છે. માટે તો દેહ નશ્વર છે એમ કહ્યું પડે...

૮૨. "ભ્રમટી નશ્વરેથી જ્યાં શાશ્વતી ચાલ્યની કલા"

જન્મ, મરણથી ચાલ્યાની અને પરમાત્માની કલા છે, શાશ્વતી ચાલ્યાની નશ્વરતા કલામાત્ર છે. એટલે તો કવિ મૃત્યુ બાબત "જીવન ક્ષણ કેરો કાળ" કરી જીવનનો જય બોલાવે છે નર્મ, પુરાણ, સાહિત્યખંડ, અને વિકાસકાલને ધ્યાનમાં રાખી મનુભાઈ ચિંતન

વિકસાવે છે.

શોકાંજલિમાં વિકાસક્રમ અને તેમાં ચિંતન પ્રવેશ કેવી રીતે હોય અને અંત કેવી રીતે આવે અર્થાત્ શોકાંજલિનો કાવ્યદેહ કેવોક હોય તેની સ્પષ્ટતા નિમિત્તે કાવ્યોમાં સ્વજન સંદર્ભ શોક ચિંતન, સમાધાન અને કોઈ કવિતામાં માર્મિક વળાંક જોવા મળે છે જે 'વિધાયી કવિ' ને આધારે કરી શકાય પણ ચિંતનના આલેખનમાં વિષયવૈવિધ્ય, આલેખનરીતિનું વૈવિધ્ય, નિરૂપણનું વૈવિધ્ય અને પ્રકાર વૈવિધ્ય જોવા મળે છે. મોટા ભાગે કાવ્યોમાં કાવ્યના એક ભાગ રૂપે સ્પષ્ટ રીતે ચમક પંક્તિઓમાં ચિંતનનો ઝબકારો આવે છે પણ નિરંજન ભગત કૃત 'પિતા' કાવ્યમાં માણવું સહેજ ફેરવાય છે આ કાવ્યમાં જીવન-મૃત્યુનું ચિંતન મુખ્યત્વે રૂપે કવિ પ્રાધાન્ય મૂકી દે છે વ્યક્તિત્વ કે શબ્દચિત્ર જેવો કોઈ ઉલ્લેખ કવિ આપતા નથી છતાં ઊંચા વિચાર ધરાવનાર પુરુષ તરીકે 'પિતા' તરફ કવિનું મસ્તક ઝુકી જાય છે. જેમ કહી બીજી પંક્તિમાં પિતાના મૃત્યુનો ઉલ્લેખ કરી દે છે. અને કવિની દૃષ્ટિએ નહીં પણ પિતાની દૃષ્ટિએ દેહ અને આત્માનો ખ્યાલ સ્પષ્ટ કરતાં કહે છે કે...

૮૩"... આજે નિજ કુલની રીત મિટાવશું રે કથા?"

કવિ 'પિતા' ના અવસ, મુક્તરીતે ચિલાતા આત્માને જોઈ રહે છે. જીવન , મૃત્યુ, નું ઉચ્ચ રીતે ચિંતન કવિ કરી રહ્યા છે. અને તેમાં કવિ-હૃદયની પારાવાર વ્યથા દેખાય છે કે....

૮૫"પિતા મરણ નેય તે પરમ ચિર શાન્તો હતો.
પિતા મરણ જેય તે જીવન ધન્ય જાણ્યો હતો
તને પ્રજાન એક પાશ હતી એજ કહે છો મારું
.....ચિત્ત મુજ આત્માના ભાનને કરું પ્રગટ"

kalpana's

વિશ્વના સકલ રોમ રોમે વહું ''
અને કુણ ચેતના જીવનની બની એ વ્યથા ?
પરંતુ દિવ્ય મૃત્યુ એ અર્ચ્ય થૈ મિટાવી પિતા,
બધી તવ દેહના સકલ બંધનોની ચિંતા,
અમે નિજ કર્મની રીત મિટાવવું રે કથા ?

માનસિક ચર્વિતચર્વણમાંથી ચિંતન ઉદ્ભવે છે. કવિઓ પોતાની સંવેદના સાથે વિચારધારા વહેતી કરી અથવા સ્મૃતિ પ્રસંગ અને પરિસ્થિતિનું અર્થઘટન કરે, અથવા કંઈ નવીનું દર્શન પ્રાપ્ત થાય તે નિમિત્તે ચિંતન કવિતામાં જોવા મળતું હોય છે એ રીતે કહીએ તો દર્શન , અર્થઘટન અને ચિંતનને ગાઢ નિકટતા સાથે નજીકનો સંબંધ છે એમ પ્રસ્થાપિત કરી શકાય. ચિંતનનો મુખ્ય આધાર માનસિક પ્રક્રિયા, વિચારોની અને અર્થઘટનની ક્ષમતા છે. મંથન પછીની અનુભૂમિકા ચિંતન છે. એમ પણ કહી શકાય કે મંથનમાં વિચારસંદ્વન્દ્વ હોઈ શકે પણ ચિંતનમાં વિષયની સમજના સ્પષ્ટીકરણ અને કોઈ એક તરફી વલણ કે વિચારફાંટની પછી તેના સમગ્રદૃષ્ટિકોણને તપાસી તેના ગતીતને પામવાનો પ્રયત્ન છે. ચિંતન પાત્ર વિશે પણ હોઈ શકે, પ્રસંગ વિશે પણ હોઈ શકે અને શબ્દમાંથી પણ ચિંતન પ્રગટે એમાં ભાવના પણ હોઈ શકે અને તર્ક પણ હોઈ શકે, તેમાંથી જે કંઈ પ્રાપ્તવ્ય બનતા બન્નેનો સમતોલ સમન્વય પણ એમાં હોય એક વાત સ્પષ્ટ છે કે ચિંતન ચિંતક ને ભાવકને કોઈને કોઈ મૂલ્યવાન તારણ-નિષ્પત્તિ કે ચિંતા વિના સમાધાનરૂપે આપે છે તે ચિત્તને રાહત આપે છે. ઘણે જ ચિંતનમાંથી મોહું સમાધાન વધારે મતી તિકર લાગે છે.' આજ નયનો રહો ' માં વ્યક્ત થતું આ પ્રકારનું છે. કવિ ખૂબ જ માર્મિક રીતે 'રાંકડી' શબ્દની વાત છેડે છે. કવિ કહે છે કે ગાંધીજી ગરીબી , કંગાલ, દીન, દુખાણુ, રાંકડી પ્રજાના ઉધ્ધારક હતા. તેમના મૃત્યુ પછી હવે ગરીબડી રાંકડી પ્રજાનું

કોણ ? એવો અફસોસ કવિને થાય છે. પણ તરત જ કવિના મનમાં ગુજરાતની અને ભારતની પ્રજા માટે હોબાલ જાગે છે કે જે પ્રજાએ દેશને અને વિશ્વને આજથી સાતેક મોટી વિશ્વવિભૂતિ ઘડીને આપી અને જે સમગ્ર વિશ્વમાં સત્કાર પામી તેવા ગાંધીને આપનારી પ્રજા રાંકડી કેવીરીતે કહેવાય. ગાંધી વિનાની પ્રજા રાંકડી નથી પણ ગાંધી જેવા મહારથીને જન્મ આપનારી પ્રજા સૌભાગ્યવંતી છે. ગાંધી ગુજરાત, ભારતની પ્રજાનું ગૌરવ છે. માટે ગાંધી તો પ્રજાનો વિજય ગણાય. તેમનું મૃત્યુ પણ વીરપુરુષને શોભે તેવું ભવ્ય હતું.

ગાંધીના જીવનમાંથી અને મૃત્યુમાંથી કરુણતા અને વીરતા જોઈ કવિ ગાંધીજી માટે કહે છે કે અહિંસા શાંતિ અને પ્રેમનો બોધ-પાઠ ગાંધીજીએ જીવનભર આપ્યા પણ ચૌલકાળે હિંસા અહિંસાને ટાળવા આવી. પ્રેમ અને શાંતિને ક્રોધ અને વ્યંઢેષ જન્મ આવ્યા પણ જેટલા જ પ્રેમ અને અહિંસા અને શાંતિથી ગાંધીજી હિંસા પચાવી ગયા. મૃત્યુત્તરમાં રામનું સ્મરણ આપતા ગયા. માટે તે વીર છે.

"વ્યંઢેષનો કો હિંસ્રની ગોળી હૈયે ઝીલી
શાંતિને ક્રાન્તિની દિવ્યતા દાખવી
રામ હે, રામ હે, પોઢો ગાંધી ગયા
અમર આજે થયા."

આમ ગાંધીના મૃત્યુનું ચિંતન રાંકડીથી પ્રારંભ પામે છે. ગાંધી-ગોડસેના પ્રાસંગિક વ્યંદ્વમાંથી કવિ ચૌદારમાં ચાલતા સત્-અસત્ના સનાતન વ્યંદ્વ પર તાત્ત્વિક ચર્ચા કરે છે. કવિ કહે છે ગાંધી અને ગોડસે તો સત્-અસત્ના બે પ્રતિકો હતા. સત્ય-અસત્ય, હિંસા-અહિંસા, પ્રેમ-વ્યંઢેષ, ક્રોધ-શાંતિ, રાગ-વ્યંઢેષ, નીતિ-અનીતિ, સમજ-ગેરસમજ વચ્ચે ચાલ્યા આતતા યુગો યુગો વ્યંદ્વના બદલાતા રહેતા

kalpana's

પાત્રોની જેમ ગા પણ બે પાત્રો જ હતા. ગાંધીપર ગોડ્સેનું આક્રમણ સત્ પર અસત્યું આક્રમણ નથી તો બીજું શું છે ? આપણા માટે ગૌરવની વાત એ છે કે આ ચાલ્યા આવતા યુધ્ધમાં ગાંધીએ વીરતાથી બલિદાન આપી, સત્ , પ્રેમ, શાંતિ, નીતિ, ધૈર્ય, નીતિના ગુણોને વિજય અપાવ્યો છે.

૭૭...''પ્રેમને વેદકાની, ક્ષાન્તિને વૈરતી
જ્ઞાન અજ્ઞાનની, તેજ ને તિમિરની
આદિની જગતમાં, જામતી આદવી
તે મહીં આજ ફરીવાર ગાંધી વડે
વિજયગાથા રચાઈ શી માનવ્યની''

ગાંધીનું મૃત્યુ એટલે ....

૮૮...''વ્હેરને વૈરની ચણ છાયા તને
પ્રેમમય સત્યની દીપ્તિ શાશ્વત્ અહો''

'આજ નયનો રડો ?' માં ગાંધીના ચિંતનની લૌકિક ભૂમિકા પરથી કવિ આધ્યાત્મિક ક્ષેત્રાવે ચિંતનને વાળે છે. કવિ કહે છે કે મૃત્યુને પણ આપણે ગહનતાથી વિચારવું જોઈએ. આમ તો શરીર કરતાં આત્માનું જ મહત્વ વધારે છે કારણ કે આત્મા જ શરીરને ચલાવે છે. શરીર તો મરેલું જ છે. આત્મા તેને જીવાડે છે. આત્મા જ સદા કાળ જીવંત છે. અને એ આત્મા કોઈના વશમાં નથી એ હકીકત છે. તે મરતો પણ નથી અને શરીર મરેલું જ છે તો શોક કોનો કરવો? શા માટે કરવો ? અને તે છતાં શોક કરવો કરવાનો થાય તો તેની ફલશ્રુતિ શું ? માટે જ માનવ માત્ર એ ધીરજ ધરવી જોઈએ. જીવનના આવા ગંભીર પ્રસંગને શોકમાં ઢાળવાને બદલે ચિંતનશીલ બનાવવો જોઈએ. વળી મૃત્યુ જીવનનો અંત છે. એવું આપણે માનીયે છીયે પણ [illegible]

છીએ પણ ચિંતકો કાળના પ્રવાહમાં જન્મ, મૃત્યુ, આયુષ્ય વેગરે
ને ષઠાકારે જ છે. તેમાં આદિ અને અંત જેવું કશું નથી. આદિ
અંતનો નિશ્ચિત ક્રમ આપી શકાય પણ નહીં. આમ જન્મ મૃત્યુ,
આયુષ્ય વિશેની આપણી સમજ મર્યાદિત છે, કંઈક અંશે અધૂરી પણ
છે. માટે વલીયાન કરવો પાલીશના છે. મૃત્યુ અંગે દર્શનની એક
નવી દિશા પણ ખુલી છે. ઘણા દાર્શનિકો એમ માને છે કે મૃત્યુ
અંત નથી પણ શુભંયુક્ત છે. અથવા કોઈ કાલ્પનિક વિરામ છે. જીવનનો
પ્રારંભ જન્મથી છે. તેનો પ્રવાહ આયુષ્ય છે તેનો વળાંક, વિરામ
કે નવું રૂપ મૃત્યુ છે. તે અંત નથી. મનુભાલ ઝવેરી એ રૂપક
દ્વારા સમજાવે છે ગતિશીલ વહેતા કાળમાં જન્મરૂપના સેતુઓ વચ્ચે
જાણે કે ઈશ્વરે આયુષ્યના નાના નાના સરોવરો બનાવ્યા છે. તેની
પાળ જન્મ અને મૃત્યુ છે પણ તૂટતાં પાણીનો નાશ થતો નથી પણ
રૂપાંતર થાય છે. મૃત્યુ રૂપી પાળ તૂટવાથી આત્મા નવા આકારમાં
ફેલાય છે. બાકી કાળના સાગરમાં કે પ્રવાહમાં બધુ એકાકાર જ
છે. જો આમ જ હોય તો શોક લાગણીનો માત્ર એક આવેગ જ છે.
મૃત્યુની આ નવી વિચારસરણી મૃત્યુનો નવો અભિગમ છે. પંક્તિ
પંડિત સુખલાલજી, ટાગોર જેવા બધા કવિ-વિચારકોમાંથી કોઈ
બિંદુકાનું મધ્યબિન્દુ એટલે મૃત્યુ તો કોઈ બે ઓરડા વચ્ચેનું ઉંબર
સ્થાન એટલે મૃત્યુ કહી મૃત્યુને સહજ રીતે સ્વીકારવા સમજાવે છે.
એમાં આત્માનું મહત્વ સવિશેષ છે દેહનો નશ્વર છે.

૮૯. "દેહનું મૃત્યુ તે મૃત્યુ સાચું નથી
મૃત્યુ તે જીવનનો અંત સાચો નથી"

જન્મ, મૃત્યુ, આયુષ્ય , જીવન, આત્માનું આદર્શ ચિંતન એમાં કવિ
વ્યક્ત કરે છે.

'આજ નયનો રડો' માં ગોડસે દ્વારા ગાંધીની હત્યાના

પૃથ્વીકરણ રૂપે કવિ કહે છે જે વૃધ્ધકાયાને હણી ગોડસે – ગાંધીને હણ્યાનો સંતોષ માનતા હોય તો તે ગાંધી મર્યા જ નથી. ગાંધી તો હિન્દની રગ રગમાં વ્યાપી ગયા છે. હિન્દના દરેક હિન્દીના હૈયે ગાંધી વસી ગયા છે ગાંધી કયાં એમ મારી શકાવાના છે ? હૈયે હૈયે ગાંધી ધબકે છે. એને હત્યા કરવા જતાં ગાંધી માટેની અનુકંપા વધી જવાથી દરેકના હૈયામાં સૂતેલા ગાંધી ચોંકી ઉઠયા છે. જાણે કે હૈયે હૈયે ગાંધી સજીવ થઈ ગયા છે. ગાંધીને હણ્યાનો ગોડસેનો સંતોષ એ ભ્રમ મિથ્યા છે. જ્યાં જ્યાં શાઠયને સત્યથી જીતાશે, વૈરની જ્વાળાને શાશ્વતી શાન્ત નિર્વૈરથી જીતાશે ત્યાં ત્યાં ગાંધી જીવતા રહેશે જ્યાં જ્યાં કરુણાની આંખો ઉઘડશે, જ્યાં જ્યાં અહિંસા વળાશે ત્યાં બધે ગાંધી જીવતા રહેશે માટે ગાંધી મર્યા નથી તેનો અફર છે...

૬૦...કોક દુર્બુધ્ધિને, મર્ત્ય જે માણ્યું
દીધ્યું તે હિન્દનું હૃદય ગાંધી નથી
ગાંધી તો આ રહ્યાં ''

આ કવિતાનો ગાંધી મર્યા જ નથી એમ સાબિત કરી શોકને વ્યર્થ ગણાવે છે કે મૃત્યુ જ નથી થયું પણ શોક શાને કરવો ? આ પૃથ્વી ઉપર માનવતાની મૂર્તિ પથરી, માનવના મંત્રો ગૂંજતા કરવા માટે તેમણે કરેલા પુરુષાર્થથી ગાંધી હૈયે હૈયે પ્રગટી ઉઠયા છે. શોકથી વ્યકત થઈ પહેલાં કવિ કહેતા હતા કે....

૬૧...આજ નયનો રડો ?
હૃદય ચાંગી પડો ?
પૃથ્વી પેટાળના કાળના કોરડા આ
ધરાકમ્પ રાવે સામટા વરસ્યા
આજ આકાશના ઘુંમટ નીચે પડો

સૂર્યને, ચંદ્રને, તારલા સૌ ટળો
ગાજ ગાંધી ગયા''

શોકની વ્યગ્રતા પછી ચિંતનમાંથી શમન માતાં કવિ કહે છે.

હર...નયન તો ના રડો ?
હૃદય ધીરજ ધરો ?
પૃથ્વી પેટાળના કાળના કોરડી શા ધરાકુમ્ભ ? શાંતિ ધરો?
સૂર્યને ચંદ્રને તારલા સૌ ઝાો
ગાંધીનું જીવન તે વિજય છે જીવનનો
ગાંધીનું મૃત્યુ છે વિજય માનવ્યનો ''

આધા કાવ્યનો મહત્વની વિશેષતાઓમાં ચિંતન અને તેમાંથી મળતું સહજ ચિંતન આજ નયનો રડો' ને ઉત્તમ કૃતિ બનાવી છે છે.

શોકાંજલિમાં ઘણી કૃતિઓના અભ્યાસ પરથી એવું જાણવા મળે છે કે શોકની ઘનતાનો પ્રભાવ ચિંતન પર અને ચિંતનનો પ્રભાવ અંજલિ પર પડે છે. સર્વથા પાયામાં રહેલો શોક આત્મીયતા પર આધાર રાખે છે શોકાંજલિના કલા સ્વરૂપના સંદર્ભે તપાસીએ તો કલાકૃતિના આંતરના પાયામાં શોકની ભીતરમાં આત્મીયતા હોવ્યજ પણ જ્યાં અંગત સંબંધ હોય ત્યાં સહ આત્મીયતા સહજ અભિવ્યક્તિ પામે અને સ્વજન માટે આત્મીયતા હોય પણ ગાંધી, સરદાર કે કસ્તુરબા કે જ્યારે બૃહદ ઘેરો શોક અને ચિંતન વ્યક્ત થતાં વાંચતા મળે ત્યારે ઉત્કંઠા થાય કે એવી કેવા પ્રકારની આત્મીયતા વણાયેલી હશે અથવા આત્મીયતા હશે કે શોકની અભિવ્યક્તિની ભૂમિકામાં બીજું કયું તત્વ હશે ? એ વિચાર કરતાં જાણવા મળશે કે મહાપુરુષો સાથે આત્મીયતાનો સેતુ ન હોય તો તેમના અસ્ત કાર્યો સ્વભાવ કે જીવન પ્રત્યેનો અહોભાવ રહયા આકસ્મિક મૃત્યુ આ શોકનું નિમિત્ત બનતી લાગે છે. વધુ પડતા ભણાવમાંથી અને એકલતા ઊભી થતાં ચિંતનમાં

વૈરાગ્ય પણ ક્યારેક પ્રગટ થઈ જાય છે. જન્મ મરણ નિશ્ચિત હોવા છતાં અને ઉંમરે પહોંચેલા અજ્ઞાન પામે ત્યારે દુઃખ સ્હેજ ઓછું પણ લાગે ત્યારે ક્યારેક ડહાપણ જાગી આવે છે.

૯૩...'પાકે વહેલું ખરે જ વહેલું, ચરર-મુદરત ધારો
હું જ્યા ચટકચરા કે રો , કેમ ના' વે ચારો
મરર... આ દુનિયા ફાની''

એમ બ. ક. ઠા. 'ચેરી' કાવ્યમાં કહે છે

ચિંતનના વિવિધ વિષયોમાં મુક્તિ-સ્વાતંત્ર્ય પણ એક (ચિંતનનો) વિષય થઈને આવે છે. 'ચોર વિઠ્ઠલભાઈ' કાવ્યમાં કવિ જન્મભૂમિને ટકોર કરે છે કે..

૯૪...'ભોગ ધૂની ભોયકા, ક્રૂર દાનવોને રક્ષતી
ચુર માનવોને ભક્ષતી, શું છેક વંકી છે દયા ''

ભડવીરોના રુધિરથી શું હજી તૃપ્તિ થતી નથી.

૯૫...'મૂક્યા મરણને કાંઠ, જ્યે ચરણ તારા ગહ્યા''

જે, જે તારી ખાતર દુઃખ વેઠી ઉભા થયા તે બધાને તે રક્ષવાને બદલે ભક્ષી લીધા છે. મોતને ઘાટ ઉતાર્યા છે. ભારતીયોએ શું શું નથી સહ્યું ?

૯૬...'નવયુગને ડગે ધર્યા, નૈવેદ્ય નવલખી શક્તિનાં
જે ને કથ્યા આદેશ, ભક્તિ સ્વાર્પણે તે રાં સહ્યાં''

આ પંક્તિઓમાં ભારતમાતાને કરેલી ટકોર -ઠપકો કે ઉપાલંભમાં દેશભક્તિનું વીરરસ અને મૃત્યુને લીધે કરુણ રસ એમ બન્ને શિખરો કવિ સર કરી લે છે. દેશ માટે ફના થઈ ગયેલા દેશભક્તોને આજે જન્મભૂમિ ચોરી રહી છે કવિએ પ્રકારાંતરે તો ફક્ત દેશભક્તિ જ રજુ કરી છે

પણ ચૈતિહાસિકતાનો રંગ ચઢાવી મંથન અને ચિંતનમાં મનોવેદના અને દેશભક્તિને કવિ ગૂંથી લે છે. કવિના આલેખનમાં ચિંતન સાથે ભાવાવેગ પણ છે. વીરરસ અને કરુણરસનો સમન્વય આ ચિંતનની સિધ્ધિ છે.

ચિંતનનો ચૈવેદન સભર આતિષાંલિ દાંપત્યજીવન પર આધારિત ચંજલિકાવ્યોમાં પણ જોવા મળશે જીવંત ચભિવ્યક્તિ વિરહ-વિયોગની સ્થિતિના આલેખનમાં પ્રાપ્ત થશે. વિરહ ની ચભિવ્યક્તિ માટે સ્મૃતિઓ અને પ્રાકૃતિક ઉપકરણો જ્યારે રેઠિયાળ લાગ્યાં અને ચભિવ્યક્તિ પણ જ્યારે પરંપરાગત ઢાંચામાંથી બહાર નીકળી નાસકી ત્યારે વ્યવહાર જ્ઞાતનાં ઉપકરણો ચિંતન માટે ઉણા ઉતરે એમ નથી એમ હીરાબેન પાઠક પુરવાર કરી દે છે. પતિ-પત્ની વચ્ચે મન ખોલવા માટે, અને તેનું વિયોગની પળોમાં પત્ર સિવાય અન્ય કોણ નિકટતમ અને વિશ્વાસનીય પુરવાર થયું છે? ''પત્ર જ હૈયું ખોલ્યનું રહ્યા'' કહી સહવાસનાં સંસ્મરણો વાગોળી વિરહંત જીવનને કવયિત્રી ટકાવે છે કે...

૯૭...'' મુજ મૂર્છિત વિધૂનું ઉર, ઉચ્ચી રહે, કહે મને
ચાલ ચાજ પત્ર લખું
કાં કે જુદા જુદા દૂર તમો
પત્ર મુજ ગોષ્ઠિ વહે એનું
સદા સંયોજક, રેઠિયાળું રાજકોતુક''

પત્ર ન ગાવે તો કવિ કેવા બીજાના હતા તેનું બહાનું સ્મરણ કવયિત્રી વર્ણવે છે કે...

૯૮...''પત્રોત્સુક તમે તો બારે ને?
ન મારી યે બી વાત કરું?
રહાવું જો સાક્ષ્ય પત્રોની મિસ હોત યે?

નિશ્ચે તમે હોત તેમ કહું
સંગથી રહેજ જાય ખરો
દિન ચેકકે પત્ર વિના
ચસ્વસ્થ થતા છેક , લખો , ન જો પામો ચત્વરઃ

હૃદયની ચેકતા અને સાત્વીચતા માટે કાગળ, પત્ર ચહીં કેટલા સાચાં હરે છે, પત્રકવિતામાં કવયિની પતિ-પત્ની વચ્ચે ચાલતી મનોવ્યક્ત ગમ્મતની તાદૃશતા ઉભી કરી છે. પત્ની ખૂબ સુંદર કટાક્ષ કરે છે કે પત્રોત્સુક પતિને ચિઠ્ઠીનથી પત્ર મળે તો મનની જે સ્થિતિ થાય છે તેવી સ્થિતિ પોતાનાથી વિલંબે ન થવી જોઈએ. પતિ-પત્ની અને પત્રનું દાંપત્યજીવનમાં મહત્વ બતાવી કવયિની ચિંતનને નવો વળાંક આપે છે પતિના અવસાન બાદ પતિની ભાવના અને મનોવિકા ને અનુસરે એ આર્ય સન્નારીનો આદર્શ છે. અહીંજ કવયિની કહે છે.

૯૯...આપણો વ્યવહાર વહી રીતે ચાલ્યું છે
ખૂટું જે ચોખ્ખું ચિત્ર આપણું
અહજીવન તે કરે પૂરું
અરે પ્રિય, તમોથી અધિકાં તમ કાર્યો ચત્વરે
હું પૂરાં કરું ''

પત્ની ને બાદની ગુપ્ત અનુભાવી બનતી હોય તો પતિની પણ એ ફરજ થઈ પડે છે કે પોતાના ગયા પછી પત્નીને કોઈ વાતે કશો ઉચાટ રહેવો જોઈએ નહીં. કવયિની કહે છે કે અજાણ્યા પણ સ્નેહીઓની જેમ લખે દોડી આવે છે કે અને

૧૦૦...સદ્‌ભાવ સીંચતા રહે છે.
ચોકું આવે તેમ ''

પત્ની માને છે કે પતિના મૃત્યુ પછી પણ પત્નીને માટી હુંફ સહાય પતિએ જ આપવાની છે. માટે રા. વિ. પાઠક માટે ચાલાર વ્યક્ત કરે છે.

૧૦૧... પુણ્યપ્રાપ્તિ તમોએ
વાવ્યાં છે જે વીરલાં પુણ્યો
અપૂર્વ પ્રતાપ એનો
હે પ્રિય ?
મારું કુશક્ષેમ જાણી તમો
થાત અરેરે નિશ્ચિત ''

રહી રહીને પણ પરલોક વસતા પતિની સુખશાંતિની ચિંતા કરે છે કે

૧૦૨... તમારે ત્યાં સર્વ વાતે ઇષ્ટ ઇષ્ટ ને હશે જ તે ?

આવા વર્ણનથી આદર્શ દાંપત્ય દેખાઈ આવે છે 'પરલોકે પત્ર'માં મંથન - ચિંતન , વિલાપ, ઝંખના, શોક અને અંજલિનો સમન્વય કાવ્યાત્મક હોઈ ભાવજગત વ્યક્ત કરી દે છે. પત્ની હૃદયની ઝંખના હીરાબેન પાઠક વ્યક્ત કરતાં કહે છે.

૧૦૩... ઝંખી, ઝંખી, ઝૂરી ઝૂરી
જાણે કે આ જીવવું જ નથી''

કવયિત્રીને પતિ-વિનાનું જીવન જાણે કે જીવવું ગમતું નથી પતિના મૃત્યુથી પત્ની પારાવાર વ્યાકુળ લાગે છે.

૧૦૪... જીવવું ? .....પરમાટે મૃત્યુમુખે ધરાવું છે મારી
.....
''કદી ય નહીં થવા દીધા ઓછા

મુજથી જરીકે તમોને
તે હવે પ્રભુ રુધારું'

આત્મીયતાના વિયોગનો ઝંઝણી, આકુળવ્યાકુળ થઈ કવયિત્રી લખે છે 'હે પ્રભોત્સુક ધૈર્યવાન ગધીર' હવે કેમ ત્યાંથી મન નથી લખતાં ? આકરા વિયોગ પછી મિલનની ઝંખનામાં કવયિત્રીથી બોલાઈ જાય છે કે....

૧૦૫...'વાટ જોતી બેઠી છું, બોલાવો વાર તેટલી'' એમાં વિરહ અને મૃત્યુથી જુદા પડ્યાની અસહ્યતાની પરાકાષ્ઠા જ વ્યક્ત થાય છે. વિયોગની વિવિધ આંતરછાયાઓ 'પરલોકે પત્ર'ની રંગપૂર્ણી બની જાય છે. સમાપનમાં પોતાના મનને મનાવી લેવાની વૃત્તિ વ્યક્ત કરતાં કહે છે કે....

૧૦૬...'હું ય છઉં કૃષ્ણા તમ વિના
નહી તમ કમ'

વિયોગની ક્ષણોમાં દાંપત્યજીવનના વિવિધ ભાવોનું આંતરવેલન 'પરલોકપત્રમાં દેખાઈ આવે છે.

જન્મધારણ કરી, દેહ લઈને આયુષ્યમાં લીલા કરી જનાર આત્મા પરમાત્માનો એક અંશ છે આવો એક મત બહુજન સ્વીકૃત બન્યો. મનુષ્ય દેહે આત્માની લીલાભૂમિ આ પૃથ્વી લોક છે. પારિભાષિક પરિભાષામાં તે મૃત્યુલોક કહેવાઈ દેહ છોડી આત્મા નિરાકાર બને ત્યારે જે વિશ્વમાં વિલસે છે તે જગત અગોચર, રહસ્યમયી છે તે અગાધ અને અનંત છે. આત્મા ત્યાંથી છૂટો પડીને આકારમાં આવી વસે છે, તેનું નામ જન્મ અને દેહમાંથી છૂટો પડી અગાધ, અનંત, નિરાકાર, અગોચરમાં પાછો જાય તે મૃત્યુ છે. આવાગમનની

આ પ્રક્રિયા જન્મમરણના નામે ઓળખાઈ છે. આયુષ્ય દરમિયાન માનવ સાથનો સહવાસ, વિયોગ સમયના કારણે નિમિત્ત બને છે જીવનનો આદિ અને અંતની વચ્ચેની મધ્યની સ્થિતિ છે. આદિ જેમ નિશ્ચિત બન્યો તે અંત પણ નિશ્ચિત છે. પણ વિચ્છેદની પળ અને તેની પહેલાં માયાનું આવરણ માનવ માત્ર માટે વિષાદગ્રસ્ત બની રહે છે. આ ભૂમિકા એ ચિંતન વ્યક્ત કરતી ન. ભો. દિ. ની પંક્તિઓ આ પ્રમાણે છે.

૧૦૭. "અનન્તના સિંધુ વિશેથી આવી
અનન્તના સિંધુ વિશે સમાઈ
મધ્યાન્તરે રંગ અનેક ધારી
ચાલી ગઈ તું સહયા પ્રિય પુત્રી મ્હારી"

વિવિધ કાવ્યોમાં ચિંતન અનવેરૂપે આવે છે એમાં પુરાણ, ધર્મ, લોકરીવાજ, ઈતિહાસ, ઘણો મોટો ભાગ ભજવે છે. જુદી જુદી તરાહોમાં વહેતી આવતી વિવિધ લોકમાન્યતા પણ એમાંનું એક પણ એમાંનું એક પરિબળ છે. એક માન્યતા એવી છે કે અશુભની આગાહી તે પહેલાં થઈ જતી હોય છે.

ન. ભો. દિ. કોઈને મૃત્યુના આશ્વાસનરૂપે કિસા ગોતમીનું દૃષ્ટાંત સમજાવતા હતા. જે પ્રસંગે આ વાત થઈ તેજ દિવસે કવિની પુત્રીનું મરણ થવાથી કવિને એમ થાય છે કે મારી વાત ચાલતી હશે ત્યારે યમદૂત કદાચ મારા જ ઘરનું બારણું ઠોકતો હશે. એમાં ફુરણતા અને ચિંતન બન્યે છે. કવિ આ વ્યથા મંથન, વ્યવહાર અનુભવે છે. લવંગિકા કવિની લાડકી દીકરી હતી. 'વિવર્તલીલા' ના બધા જ ટિપ્પણો લખ્યાં છે. પણ તેના પ્રકાશન પહેલાં તે મૃત્યુ પામી હોવાથી કવિ 'વિવર્તલીલા' તેને જ અર્પણ કરે છે.

૧૦૮...'વિવર્તલીલા તણી ટિપ્પણીને, સહાયતા અર્પીસ્વે થકી હે
અપૂર્ણ જે તો રહીને તું ચાલી
તો શું અન્ય તુજને મુજ બેટી બ્હાલી''

આ અર્પણ, પુત્રીના મૃત્યુ નિમિત્તે જાગેલા ચિંતનનું ચારવાસન જ છે. દંતકથાને આધારે ચિંતન મૂક્યું છે.

સ્વજનના મૃત્યુમાંથી ચિંતન બે રૂપમાં વિસ્તરે તેની કલાકૃતિ ચૂની સફર છે મોટાભાગે એકજ વિચારધારામાં વહેતા આવતા પ્રવાહ થી આ કાવ્ય બે રીતે જૂદું તરી આવે છે. મિત્રના મૃત્યુથી કવિ ચિંતનમાં બે પરિસ્થિતિનું નિર્માણ કરે છે. મૃત્યુથી એક ભિન્ન તરીકે કવિ પર થયેલી અસર અને મૃત્યુ પામવાથી સદ્‌ગત ભિન્ન પર થયેલી તેની અસર. ચમન ચિંતનના પટમાં સંસારની અસારતા વિસ્તરે છે. જન્મ પછીનું આ જીવન એક સફર છે. સફરમાં સાથીનો સંગાથ હોય તો સફર રમણીય બને છે. કવિને પોતાની જીવન-સફરમાં ભિન્નનો સાચો સાથ-સંગાથ મળ્યો. પણ અવસાન થવાથી હવે તે સાથ રહ્યો નથી. ભિન્ન-વિહોણું જીવન નીરસ અને સફર ચૂની લાગે છે. હવે આ 'ચૂની સફર' કેવી જશે? કવિને એ બાબતની ચિંતા છે. સદ્‌ગત ભિન્નને કવિ કહે છે.

૧૦૯...'તે જવાની નથી ખોઈ મારા ચુર્હુ
રે જવાની તને ખોઈ બેઠી''

બર-જવાનીમાં મૃત્યુ હૃદયસ્પર્શી તો બની ગયું પણ મોત સાથેના મુકાબલામાં અને મોતને ભેટવામાં જવાની મૃત્યુ ખાઈ ગઈ એમ લાગે પણ કવિ તેનું અર્થઘટન જૂદું કરે છે કે મૃત્યુ પામવાથી સદ્‌ગત ભિન્ન જવાની ખોઈ બેઠા એના કરતાં એમ કહેવું જોઈએ કે જવાની તો જવાને મ્હોં પણ જવાની દીપી ઉઠે તેવો માણસ જવાનીને માણો

જોઈએ. તેવો માણસ તું હતો ત્યારે તું વહેલો ચાલતો થયો ?
'રે જ્ઞાની તને ખોઈ બેઠી ચિંતનમાં વૈરાગ્ય અને મૈત્રીના મિશ્રભાવો
લાગણીસભર આલેખાયા છે.

વ્યક્તિત્વના આલેખનમાં દરેક જ કવિની મૌલિકતા,
તેને ભીન્નતા આપવામાં આધારભૂત કારણ બને છે. કવિની પ્રસંગમાંથી
અર્થઘટન જુદું કરવાની આલેખનશક્તિ કૃતિને ચડિયાતું સ્થાન અપાવે
છે. ગાંધી વિષયક કાવ્યમાં બેટાઈકૃત 'ફૂલવિસર્જન' એક આવું
જૂદી પરિપાટીનું કાવ્ય છે. મૃત્યુ પછી ગાંધીના ફૂલ સાગરતીર્થમાં,
પ્રયાગરાજમાં પધરાવવા લઈ જાય છે. ત્યારે કવિ કહે છે તીર્થરાજ
ગાંધીનું અસ્થિવિસર્જન સાગરતીર્થમાં થાય છે. ત્યારે મન વિચારે
ચડે છે કે પ્રયાગે ઘણાને પાવન કર્યા તેમ ગાંધીએ કોને પાવન નથી
કર્યા ? બધી નદીઓમાં અને સાગરમાં સાગરતીર્થ વિશિષ્ટ છે તેમ
બધા માનવો અને માનવસમુદાયોમાં ગાંધી વિશિષ્ટ નથી શું ?
પોતાના સહકાર, સત્ય, સત્યાગ્રહ અને પ્રભાવમાં સ્નાન કરાવી
ગાંધીએ ઘણાને પાવન કર્યા છે. કથીરને કંચન બનાવે તેવા ગ્રંથિ
ગાંધી પાવન જ હતા. જે પાવન ના હોય તેને પાવન થવાનું હોય.
ગાંધી જો પાવન જ હોય તો સાગરતીર્થ, પ્રયાગમાં ગાંધીના
અસ્થિવિસર્જનથી કોણ કોને પાવન કરશે? આ ચિંતનની ક્ષણે છે
કવિ તો તેથી પણ આગળ જઈ કહે છે કે અરે, નેમની પવિત્રતા આગળ
સાગરતીર્થની શી વિસાત ? કવિનું ચિંતન ગાંધીના વ્યક્તિત્વમાંથી
શરૂ થાય છે અને વ્યક્તિત્વને પ્રભાવક ચિંતન સિધ્ધ કરી આપે છે.
સાગરરાજમાં ગહનતા, વ્યાપકતા પાવનતા બધું જ છે. આ બધા
ગુણો ગાંધીમાં પણ છે. અહીં ચિંતનની ઉપજ કરુણતા નહીં પણ વ્યક્તિ-
પરિચય છે. કવિ શીર્ષક 'ફૂલ વિસર્જન' આપે છે પણ માર્મિક
ટકોર પણ કરે છે કે

૧૧૦...'હો તીર્થરાજ? તમ ફૂલ વિસર્જનના
ગાંધી પરંતુ તમ સૌરભ સંચનના''

અસ્થિ અને પુષ્પના બેઠા અર્થમાં પ્રયોજાયેલા ફૂલ શબ્દપ્રયોગથી કવિ સૂચવે છે કે સાગરતીર્થમાં ફૂલ પધરાવીએ છીએ પણ તમારા વ્યક્તિત્વ અને કાર્યોની સુગંધ અમે સાચવીશું. ગાંધીના નાશવંત શરીરદેહ પછી તેમના આદર્શોનો વારસો સાચવવાની ટકોર કરી છે. ચિંતન વ્યક્તિમાંથી વહીને જેને ચિંતનમાંથી વ્યક્તિત્વ બહાર આવે છે એ ચિંતનની વિશેષતા છે. અહીં ચિંતન સ્વતંત્ર રૂપે નહીં પણ વ્યક્તિત્વના પરિચય નિમિત્તે આવે છે.

ચિંતનમાં વણાઈને આવતા વૈવિધ્યની રચનામાં 'અદીઠ સવારી' કરુણ પ્રશસ્તિ કાવ્ય હોવાં છતાં તેના કેટલાક કાવ્યાંશો, નિતાંત ચિંતનના તાણેવાણે વણાયેલા છે. કવિ મૃત્યુના લક્ષણો અને સ્વરૂપને અદ્‌ભુત રીતે વર્ણવે છે. આ ચિંતનનું નોંધપાત્ર પાસું છે. 'અદીઠ સવારી'માં ચિંતન અનેક ખબકકે આવે છે પણ સૌથી ઊંચી કક્ષાનું ચિંતન મૃત્યુવિષયક છે. કવિએ મૃત્યુના આગમનને અને સ્વરૂપને ગર્જન શૂન્ય સાગર, અદીઠ સવારી જેવા નામે નવાજી, તેના સ્વરૂપની વિશિષ્ટતા બતાવે છે કે તે અશસ્ત્ર, અસારથિ, અદૃષ્ટ છતાં અસરકારક હોવાથી તેનું સ્થાન ગૌરવવંતુ છે. મૃત્યુની ગતિ, રૂપ અને નિમિત્તના વિવિધ સંદર્ભોને પણ કવિ તપાસે છે. કવિનું મૃત્યુ વિશેનું ચિંતનમાં પરંપરા કરતાં મૌલિકતા, બુધ્ધિમત્તા વધારે છે.

૧૧૧...'અદૃષ્ટ કેતુ, અનિવાર વેગ,
અદીઠ કોઈ, રથમાં પ્રતિષ્ઠ,
અસારથિને, વિશે અહુષ્ય

પ્રવર્તતું શાશ્વતને પ્રચંડ
બ્રહ્માંડમાં એકલ એકચક્રઃ''

મૃત્યુનું આવું અદ્‌ભુત રૂપ, અનોખી, સવારી અને તેની નિશ્ચિતતા જાણ્યા પછી મનુષ્યની કલ્પાંત અને રુદનવૃત્તિ વ્યર્થ લાગે છે ક્યારેક મૃત્યુંજય પોતે જ્યાં વ્યર્થ નીવડે છે એવી અટલતા સાબિત કરી દે છે.

૧૧૨...''મૃત્યુંજયો ભિષ્મ સમાય આખરે
શક્યા ઊભેણી નહિ કાલધર્મથી''

મૃત્યુ કાલધર્મનું જ એક અંગ, રૂપ છે. તેના પર આપણા નિયંત્રણો ક્યાંથી અસરકારક બને ? આ [illegible]નું વિચારબંધુ પુરાણપ્રેરિત છે પણ મૃત્યુના વિષાદમાં આશ્વાસન નિમિત્તે કવિએ અસરકારક રીતે વર્ણન કર્યું છે. યુગોથી જેનું એક ચક્રી રાજ્ય ચાલે છે તેવા મૃત્યુની કોઈને ક્યાં પહોંચ મળ્યો છે ?

૧૧૩...''નિવારણા ના સખી, મૃત્યુની જડી
આ વિશ્વમાં ક્યાંય, કદી ય કોઈને
ઘડવું વિધાતે અનિવાર્ય જે જગે
તેની ખરે નિષ્ફળ માન શોચના ''

નિવારણની શોચના જ અસ્થાને છે અને તેની પર કોઈનો જય થયો નથી માટે શોક , કલ્પાંત , રુદન બધા જ યત્નો વ્યર્થ છે તેના પ્રત્યે નમ્ર આદર અને આશ્વાસનની ઉપસ્થિતિ સિવાય અન્ય કંઈ અંતિમ શક્યતા નથી. જો નિર્દોષજન સમક્ષ શોક, હાસ્યાસ્પદ કે વ્યર્થ બનતો હોય તો તે સમયે ગંભીરતા ધારણ કરી ઉત્તમ માર્ગ છે. કવિ ચિંતનનો નીજો મરોડ શોક પર ઉતારે છે કે શોક મૃત્યુની નિવારણા નથી મૃત્યુની ક્ષણ જાળવવી, શોકમાં ગંભીરતા પાળવી

kalpana's

જેજ ઈષ્ટ છે. જેમાં મૃત્યુનું ગૌરવ પણ જાળવે મનુષ્યનું તે આચરણ શોભનીય લાગશે. મૃત્યુની અસરનો પ્રથમ તબક્કો શોક છે. કવિ ચિંતનને શ્રધ્ધા તરફ ફેરવે છે શોક પછી શ્રધ્ધા અને ધીરજ શોક-ગ્રસ્ત સ્થિતિમાં અવશ્યસ્થાનો છે. શોકનો આવેગ ધીરજ પાસે નમ્ર બને છે. શ્રધ્ધા માતાં ડહાપણ ઉમેરાય છે તેથી કવિ શ્રધ્ધાનો પક્ષ લે છે. અને શોકમાંથી મુક્ત કરી ધીમે ધીમે હૃદયને ચિંતન તરફ વાળે છે. તેમાંથી મનને મૃત્યુની સમજ અને માંગલ્ય મળે છે આ દર્શન જ હૃદયને ઉદ્વેગમાંથી શમન આપેછે. કેટલાંક સનાતન સત્યોમાં મોતી આ ચિંતનની ફલશ્રુતિ છે. કવિને પણ થાય છે કે અનિત્યોથી ભરેલા જગતમાં નિત્યનું ભાવ થતાં ખ્યાલ આવે છે કે મૃત્યુ નિત્ય સમર છે મૃત્યુનો પહેલો અનુભવ ભયંકર, લાગે છે પણ ધીમે ધીમે તેની એક એક રગ શાંત ચિત્તે ઉકેલી તપાસો તો જણાશે કે મનુષ્યના ઉપર છેલ્લા વ્યવહાર જગતમા દેખાતો મૃત્યુને કલંકિત કરે છે બાકી મૃત્યુનો ચિરશયન, શાન્ત , ભવ્ય, કાયરેક દિવ્ય, પાવન દર્શનીય બની જાય છે કુદરતના સર્જેલા કેટલાક દ્રશ્ય અને અદ્રશ્ય રૂપોમાં સૌથી સરળ છતાં દરેકને તેની અનુભૂતિ કરાવતું મૃત્યું રૂપે કેટલું ગેબી છે ? કે ગ્રન્થને તેનો ભણસાર પણ ન આવે. એના દરેકરૂપમાં જુદા જુદા સંદેશા અને અનવા રૂપો છે. રાત દિવસનો પ્રારંભ અને અંતઃ સૂર્યનો અસ્ત, ચંદ્રનો ઉદય , કળીનું ફૂલવું , ફુલનું ખરવું વગેરે સાબિત કરે છે કે અસ્ત અને ઉદય ખરવું અને ખીલવું જેમ સહજ અને નજીક-નજીકની પ્રક્રિયા છે તેમ જન્મ અને મૃત્યુ પણ સહજ નજીકની પ્રક્રિયા છે માટે જ જન્મ અને મૃત્યુની સ્થિતિમાં સમાદર શોભે .

૧૧૪..'ઘડી કરે શોક વિમુકત દૃષ્ટિ તું
ઘડી રમે મંગલ મૃત્યુ દર્શને
રાજીને જન્મનાં જેલાં, મૃત્યુને જન્મ વિશ્વમાં

જન્મમાં મૃત્યુની છાયા, મૃત્યુમાં તેજ જન્મનાં
રે એવું રે જ જો વિશ્વે તો ડાબુ રમણું ક્યહાં ?''

– રવીન્દ્રનાથ ટાગોરે મૃત્યુની પળોમાં હૈયાધારણ આપતાં કહ્યું છે કે વિધાતા જીવાત્માને બાળક માની માત્ર સ્તનફેર કરાવે છે. નજીકની પ્રક્રિયાની શ્રી સુંદરજી બેટાઈની વિચારધારા એની બહુ નજીક જઈ સમાનતા સ્પષ્ટ કરે છે. પુત્ર પુત્રીના અવસાન સમયે આવીજ રીતે શાંત્વન મેળવ્યું હતું આજે પત્ની જતાં ફરી શાંત્વન ક્ષ માટે આજ સત્યદર્શન ઉચિત છે એમ કવિ ને લાગે છે.

૧૫૫...'જે સત્યદર્શને પૂર્વે કર્યું ' તું સ્થિર ચિત્તને
આજે યે દૃષ્ટિ એ રીથી નિઃશોચ બનવું ન કાં?
એ એક દૃષ્ટિ છે જ્યોત્સના, મૃત્યુ રાની ઉજાળતા.''

શાંત્વનનો આ જીવનમાંથી જડેલો અનુભવ સિધ્ધ ઉપાય સચ્ચાઈભર્યો છે. ચિંતન માત્ર પાનાંમા વર્ણવાયેલું નહી પણ મંથનનું તારણ અને અનુભવજન્ય છે 'ગદીક સવારી' માં શોક કરતાં ચિંતન વધુ વિકસિત છે. ચિંતન કાવ્યમાંથી ઘૂંટાઈને આવતું હોવાથી પોતીકું લાગે છે, 'ગદીક સવારી' કાવ્યમાં ચિંતનનો પટ વ્યાપક વિસ્તર્યો છે. કાવ્યના આદર્શને યાદ કરીયે તો સંગત અનુભૂતિ વિજાતી વિજાતી વૈશ્વિક સ્વાનુભાવી કક્ષાને આંબી જાય અને પ્રસંગની ડાળ પરથી કૃતિને કાવ્યત્વનું ગગનવિહારી ઉડ્ડયન મળે એવું ઉત્તમ કવિકર્મ હોવું જોઈએ. એની અનુભૂતિ 'ગદીક સવારી' વાંચતા થાય અને એક જ ધારામાં વહી જતાં ચિંતનનો પટ વિસ્તરતાં જલરાશીના આંતરપ્રવાહ જેવા ચિંતનના વિવિધરૂપો માણી શકાય તેવું વિવિધ વિષાય, તર્ક,રંગી ચિંતન 'ગદીક સવારી'માં લાગે .

જ્યારે જ્યારે મૃત્યુ જેવા ગંભીર વિષયની ચેતન કાવ્યમાં સંવેદન પામ્યું તેનો તાગ પામવા પ્રકૃતિના રૂપોની પેલીપારજઈ કવિઓ ધરતીના ઊંડાણમાં અને આકાશની ઊંચાઈમાં શોધતા અવાક્ બને ગંભીર થઈ ગયાં ચોગરદમ ઘૂમી વળીને ઉદવેગથી ચાપુળ્યાપુળ મરીને છેલ્લે પોતાના હૃદયના સમાધાનઆંથીજ તેનો જવાબ મળ્યો છે આ તારતમ્ય ઘણા કવિઓને સમાનરૂપે મળ્યું છે. આત્માની હંસલા તરીકેની ઓળખ, આમતો નવીન નથી કારણ કે મીરાંબાઈ પણ વર્ષો પહેલાં લખી ગયા છે કે 'મારો હંસલો નાનો ને દેવળ જુનુંકુનો થયું' હંસ સાથેની તુલના જૂની, પરંપરાગત અને પૌરાણિક છે પણ જુનાં રૂપકોના નવા સંદર્ભ અને મૌલિક વિનિયોજન અત્રતત્રીન કવિઓનું કૌશલ છે. કાન્તની 'રજાની માંગણી' કાવ્યમાં આ લોકપ્રચલિત તુલનાનો નવો ઉપક્રમ ચિંતનપ્રસૂત છે. કવિ અર્થનો નવો પ્રદેશ ઉઘાડે છે કે ઈશ્વરનું સાન્નિધ્ય એટલે માનસસર, ત્યાંથી છૂટો પડેલો રાજહંસ એટલે આત્મા હવે પોતાના માનસસરમાં નવાં રજાની માંગણી કરે છે માનસસરમાં જઈને હંસ ચણીના સંભારણા વાગોળશે. નિયતિના ક્રમને કવિ સ્વીકારે છે કે...

૧૧૬''... જ્યાં દેવો ઘરે માલેકની મરજી એવી''

અને સંસારની નશ્વરતા પણ સિધ્ધ કરી બતાવે છે કે...

૧૧૭''...જવાનું જો બધાને એક દિન ત્યાં આત્માને''

સનાતન સત્યથી લીધેલું આશ્વાસન રુચિકર છે. આત્માના સાચા નિવાસ તરફ જવાની અને સત્યધર્મના પથે વળવાની ભાવના વ્યકત કરતા 'રજાની માંગણી' કવિની વિશેષતા એ છે કે મૃત્યુ પ્રસંગે લખાયું હોવા છતાં એમાં શોક કરતા નમ્ર પ્રાર્થના કવિતાનું ઊજળું પાસું છે. પ્રીતમ જીવનમાં દબાયેલા શોકની ગદ્ગિથકિત પ્રાર્થનારૂપે એ ગેયતાથી ખૂબ ગર્ભગંભીર બની જાય છે. કવિ પ્રસંગની વાસ્તવિકતાને પણ ચાંચ

આવવા દેતા નથી કે સ્નેહીથી જુદાં પડતાં દુઃખ થાય, દિલના થાય, રજા આપવાનું મન ના ઈચ્છે, છતાં પ્રજ્ઞ પણ રજા આપતાં સ્વસ્થતા હોવી જોઈએ. કવિ આત્મીયતાનો તંતુ તોડવા માંગતા નથી. કહે છે કે ...

૧૧૮...'આપણું જૂનું નવું તું સંભારી રાખજે'' કારણે કે આત્માના આવાસમાં તું આવીશ ત્યારે એ બધી વાતો તારે મને કહેવી પડશે.'' કવિની ઉત્તમ સ્વભાવત, મૃત્યુ સમયની નિખાલસતા, લાગણી-ભરી વ્યવહારીકતા શોકને ઢાંકીને આશ્વાસનની ભાવસભર ભૂમિકા બાંધી દે છે. કૃતિમાં શોક, મિલન, નમ્રતા, વિયોગ, નશ્વરતા મૃત્યુ અને આશ્વાસનના વિવિધ ભાવોનું સુંદર સંમિશ્રન છે. ચિંતનની વિશેષતા એ છે કે ચિંતનનો ભાર વર્તાવા દીધા વિના હલકું ફુલ છતાં મર્મસ્પર્શી ચિંતન કવિ વણી લે છે. કવિતામાં ચિંતનની ઉત્તમ અભિ-વ્યક્તિ લાગે છે. આજ વાતનું સમર્થન બ.ક.ઠા. પોતાની મૌલિક રીતે 'પત્ની નર્મદાને' કાવ્યમાં આપતાં લખે છે કે મનુજ યોનિથી ઊંચે ઉન્નત માર્ગે જતાં પત્ની માટે પૂજ્યભાવ હોવો ઘટે તે પ્રસંગે આપણા કોઈ વ્યવહારમાં સ્વાર્થ, દ્વેષ કે અનૌચિત્ય વર્તાવું ના જોઈએ. કવિ આંખોને કહે છે 'હે આંખો, આત્માની ઉન્નતિના આ દ્રશ્યને તેનું ગૌરવ જાળવાય તેમ નિહાળો, કલ્યાણ પ્રાર્થનાઓ કરો, રડો નહીં, રડીને ઉન્નતિ ગમનને ઝાંખપ ના લગાડો. તેની પાવનના હણો નહીં આંખોને સંબોધન અનેક કવિઓ પોતાની આગવી રીતે કરે પણ વિક્ષોપ વિના આંખ ધન્યતા અનુભવે એ સૂર બધામાં સર્વસામાન્ય છે.

૧૧૯...'પ્રિયે, મનુજ્યોનિથી ચડી, ઉદાર દેવી બન્યાં.
નમોસ્તુ નમનેત્રારે નમન હોવું છાંડો જરા''

આજ વાત ર.વિ. પાઠક પણ કહે છે કે....

૧૨૦. ''ધમાલ ન કરો, જરાય નૈન નહિ મીનાં ૪૪ થશો.

બ. ક. ઠા. માટે ભગવાનને પ્રાર્થના કરે છે કે...

૧૨૧. ''પ્રભો, શમન સ્વાર્થબન્ધ ઉર-શોક-તોફાનને
કરું સ્વજનની ઉર્ધ્વગતિ યોગ્ય ચારાર્તિકા ?''

આ ઉપરાંત સ્નેહરશ્મિ, બેટાઈ, અખરદાર, કાન્ત, બધાજ ગમગીની, આંસુ ને ટાળી સ્વસ્થ વિદાયને આવકારે છે. બ.ક. ઠાકોર મિતાહારી પણ વૈધક આત્માના સ્વરૂપને વર્ણવી દેછે કે...

૧૨૨. ''આત્મા ના વધે, નાહિ ઘટે
આત્મા વિકાસ, તમ સૌ સાંત્વ'' - કવિ એક તાદૃશ ચિત્ર આપે છે કે ....

૧૨૩. ''વહે છે કાવેરી, રમતિનુ કપિદેવાલય કને
ચહીં છે આ રેખા, દક્ષિણભરતી ચે મિષ્ટ કરતી
હતાં કાવેરી શાં પ્રથમ વરસોમાં મુજ હિયે
થયાં છો જી રેખા, સમય-પરિપાકે પ્રિયતમે''

પહેલાં કપિદેવાલય પાસે રમણીયાળ કાવેરી જેવાં લાગતાં ધર્મપત્ની હવે સમયના પરિપાકરૂપે રાગરને ગાળનારી પાતળ રેખારૂપ થયાં છે. સમયના પ્રભાવે થતું દૃશ્યપરિવર્તન પ્રકૃતિના ચરિતારૂપ વર્ણઘટન વડારા કવિ સૂચવે છે. જેમાં તુલના અને દૃષ્ટાંત સહિત ચિંતનનો સમન્વય છે.

બ. ક. ઠા. 'પત્ની નર્મદાને' પ્રાજ્ઞપ્રભુ કાવ્યગુચ્છમાં આત્માનું ઉર્ધ્વીકરણ, ઉન્નતિનું ચિંતન મૃત્યુ પ્રસંગે લાવે છે. કવિ કહે છે સ્વજનરોધ તો છે જ, હવે રડો નહીં, તમે તો આત્મારૂપે પરમાત્મામાં ભળવા જાઓ છો. આપણે ક્યાં જુદાં છીયે. તમારામાં, મારામાં, આ

બાળકોમાં, સાગર, નદી, ઝરણાં, પર્વત, નગર, ગામ, વેરાન, ગ્રહો, રવિ, નિહારિકા, નભવિતાવ, સ્વર્ગ ગંગા, પેટાળમાં ઘબકતા લાવારસ – સકળમાં પરમાત્મા છે. તમે સાકારમાંથી નિરાકાર વિશ્વરૂપ ધારણ કરી રહ્યા છો. જે પરમાત્મા અજર, અમર, વ્યાપક, સૂક્ષ્મ છે. તે કક્ષા તમે પામી રહ્યા છો. આ નયનની ઘડી છે. કલ્યાણપથે જ્યાર સર્વનું કલ્યાણ ઈચ્છ્યું ઘટે. ઈશ્વરનું આ મહાનરૂપ 'અણોરણિયાન્ મહતોમહિયાન્' કવિ સુંદર રીતે સમજાવે છે.

૧૨૪. ''નમોસ્તુ તમને સખી, તમ વિશે રહ્યા નેહને
અને પ્રણમવું જ તો, મુજ વિશે નમો સોહને
વદાય સખી લ્યો દિયો, ધડક બો ટિ ચિંતા બધી
શિવો ર્પિ શિવસ્રોત પાત શિવસૃષ્ટિ જીવનજા ધિ''

શિવસ્રોત વદારાનુ શિવો ર્પિંદારા ચંતે કવિ કલ્યાણની ભાવના વ્યકત કરી શાંતિ ચને કલ્યાણ સ્થાપે છે. જેમાં શમન જ છે. શાંતિમાં શિવકલ્યાણની ભાવના પુષ્ટિ ચાપે છે. પરમાત્માના વિશ્વરૂપની ઝાંખી કવિરચિત પંકતીચોમાં કવિ કરાવે છે. સકળ-સંસારની લીલાનું ચિંતન નોંધપાત્ર છે. ક્રિષ્ણ પુરાણોકત પણતેની કવિતામાં અભિવ્યકિત જુદી રીતે કરી છે. સકળ લીલાનો ચાપણે જેક ચંશ કહી કવિ મૃત્યુ, શોક ચને કરુણને મંગલ વિભાવનામાં રૂપાંતરિત કરે છે. વિશ્વરૂપનો ઉલ્લેખ ચને ચાત્માનું ઉર્ધ્વીકરણ ચિંતનનો મુખ્ય વિષય બની રહે છે 'સમય' વિશેનું ચિંતન પણ નોંધપાત્ર છે કે સંસારમાં સદાકાળ અજર, અમર, સતત વહેતું તત્વ માત્ર કાળ- સમય છે. કાલો સ્મિમમ્ તેનો પરિચય છે. કાળ માનવને સર્જે છે. માનવ કાળનું રમકડું છે. માટે કાળ આગળ માણસ લાચાર છે. જે જ સર્જક, રક્ષક, ભક્ષક, વિનાશક, તારક, મારક, ઉધ્ધારક, બાધક છે. માનવમાત્ર નિમિત્ત પાત

જે કાળ માણસને જન્મ, જીવન અને અસ્તિત્વ આપે તેમાં સ્નેહ જ અમર છે. સ્નેહ સ્મૃતિ સાથે સંકળાયેલો છે. સ્નેહ વધે તેમ સ્મૃતિ વધે. અને સ્મૃતિ જ ગયેલાં સમયનું અનુસંધાન બાંધી આપી શકે માટે માનવ કાલાતિત છે. તેથી તે ગંભીરતો નિર્ણય આપણે કરી શકવાનાં નથી તેનું ચિંતન, આધિપત્ય, નિયંત્રણ, કે વિચાર માત્ર પણ આપણો વિષય નથી. તેનું ચિંતન, આશા-અપેક્ષા નોંતરશે.

૧૨૫. ''સર્જે છે તે દેહ, છેહ કાલ દિયે છે તમામને
મર્ત્ય તણાનાં શરીર, કેવલ XXXXX કાલાધીન છે.''

શોકાંજલિમાં ચિંતન બે પ્રવાહમાં પ્રાપ્ત થાય છે. પરંપરાગત વિચારધારાઓ, પુરાણોક્ત સમર્થન, લોક સ્વીકૃત વિચારધારા, માન્યતાઓ સમાજસ્વીકૃત રીત રિવાજ પર આધારિત લોક સમજ વગેરેમાંથી વહેતું ચિંતન અને બીજો પ્રવાહ મૌલિક ચિંતનનું, કવિચક્ષુ પ્રમાણે તેમાં વૈવિધ્ય હોય છે. પરંતુ પરંપરાગત અને પુરાણોક્ત વિગતો પર આધારિત ચિંતનમાં પુનરાવર્તન ક્યાંક મળી આવે છે. મૌલિક ચિંતન વિચારને બાદ કરતાં મહદ્દંશે સ્મૃતિ, આકાશ-સ્વર્ગ-ધરા, નરબંગલોના જીવન અને કાર્યના સંદર્ભમાં ચિંતન આલેખવામાં આવ્યું છે જુદા જુદાં દૃષ્ટિકોણથી સ્વર્ગનો સંદર્ભ અને તેમાં સદ્‌ગતની ઉન્નતિમાં સમાધાનરૂપે કવિનો રાજીપો- જેવું કોઈ સ્વરૂપ જબરદારકૃત 'સ્વ.મહેતાઈ', સ્નેહરશ્મિકૃત મિત્ર કાંતિભાઈ કાપડિયા માટે લખાયેલું કાવ્યગુચ્છ, અને બીજા ઘણાં કાવ્યોમાં સ્વર્ગપ્રયાણ મધુરો પંથ, ચડિયાતી ભૂમિ, પુણ્યલોકની લોકવિભાવના વ્યક્ત થઈ છે.

નિયતિચક્ર, ઈશ્વરનિર્મિત સ્થિતિ અને વિધાતાના વિધાનનો નમ્ર સ્વીકારનો વિચાર ઘણા કાવ્યોમાં જોવા મળે છે. સંસારમાં બધુજ ઈશ્વરનિર્મિત છે. દરેક સ્થિતિ નિયતિક્રમ પ્રમાણે નિશ્ચિત જ છે

તકાવત માત્ર એટલો જ છે કે માત્ર માનવ તે જાણતો નથી માટે જ્યારે તે સ્થિતિ નિર્માણ થાય છે કે ત્યારે માણસ કૌતુક, આશ્ચર્ય કે આઘાત અનુભવે છે. માનવીના પ્રતિભાવથી તેમાં કશોકેર પડતો નથી માટે જ તેનો પ્રતિકાર કે પ્રત્યાઘાત વ્યર્થ છે. શાંતિભર્યું શાણપણ જ હિતાવહ છે. બ.ક.ઠા.કૃત 'અ.સૌ. નર્મદા ભટ્ટ ને' કાવ્યમાં આ પ્રકારનું ચિંતન જોવા મળશે. ઈશ્વરે આપેલી જિંદગી જીવી જઈ તેની ઉપેક્ષા ન કરવી.

૧૨૬. ''પ્રભુની પધારી જમિ રહી અદ્યાપિ ન ઘસ્વી''

'વિરહનું ગાંડું' કાવ્યમાં બ.ક.ઠા. કહે છે.

૧૨૭. ''ગયું બધું ગયું, જતાં જ સૃષ્ટિનો મેર તું
ન ક્યાંય કંઈ ભાખતો, અનુરૂપ બને વસે''

વિરહ્ની બળતરા કવિ વ્યકત કરતાં કહે છે.

૧૨૮. ''ક્યારે સુખ તણી ક્ષણો, દુઃખ હવે વલત જીવને''

પત્નીના જાણી, જીવન અને જીવ બન્ને બળે છે. તેમાં સ્મૃતિઓ હોમાતાં જલન વધે છે. ત્યાં કવિ સુંદર ચિંતન રજૂ કરે છે કે 'હે નિયતિ, રામ સ્મરણોમાં સુખ ગાણી લઉ છું તો તેમાંથી પણ તું દુઃખ ગાળે છે. તું તો કરૂણાવત્સલ, દયાળુ, ગણાય છે બીજાને મારી આનંદ લેવામાં તને ક્યો આનંદ કે તૃપ્તિ થાય છે તે સમજાતું નથી. કવિ નિયતિ સામે આક્રોશ પણ ઠાલવે છે કે તને હૃદય જેવું નથી એવું લાગે છે માટે તો તને લાગણી નથી થતી. તારી બુધ્ધિ જડ અને હાસ્ય નઠોર છે. તું વિરાટ અને ચલિત છે ગમે ભલે સૂક્ષ્મ અને મર્યાદિત શક્તિવાળા હોઈએ ખરેખર ખરેખરતો બટેબા, શેબા અને બુધ્ધ સરખેસરખામાં શોધે, થોડાંક જાળી-હું ને બાળવાથી લોક -

kalpana's

સાગરને શો ખોટ જાની છે? તું માનવજાતને નામશેષ નહીં કરી શકે. તારું કાર્ય હાસ્યાસ્પદ છે. તારી અને અમારી સ્પર્ધા ચાલુ જ રહેશે. તું એક અમે અનેક. તારો સ્વભાવ જ એવો છે કે.....

૧૨૯. ''મથે, કરિકરી મથે, ન કશું ઉકલે, તો ય ન વિરમતાં''

તાર્કિક જ્યાં ભાવબોધાક ચિંતન વ્યવહાર કવિ મૃત્યુપર જીત સાબિત કરે છે. મૃત્યુ, સંસાર અને જીવનના ચિંતનનો નિબેટો ચર્ચી જોવા મળે છે. શોક અને ચિંતન પછી શમન ચિત્તમાં શાંતિ તરફ લઈ જાય છે. વિરહ-મિલન-જન્મ-મૃત્યુ- તો સૃષ્ટિનો ક્રમ છે. એકધાર્યા આ ક્રમના પ્રવાહને માનવચત્ત માત્ર ખલેલ સિવાય બીજું કશું કરતો નથી આ કળાપણ મળ્યા પછી માનવની દૃષ્ટિ બદલાઈ જાય છે.

૧૩૦. ''રંગ રગ સુધા વ્યાપે તારો, દયાગ્ન માવડી
ભાવહૃદને વિશ્વાસોના શમે ચહુ તાપ જો
દ્યુતિ ઝરતી ચક્રે ચક્રે વિલક્ષણ વિદ્યુતો''

આમ, દ્યુતિમાંથી વિદ્યુતિ અને વિદ્યુતમાંથી પ્રકાશ ફેલાય છે.

૧૩૧. ''વળી નવલને સાંથી મોટી મહા સિ ચમત્કૃતિ
ઉરકુહરમાં શાંતિજ્યોતિ, થતી સહ્યા છતી''

શોક પછીના શાંત્વન માંથી કવિને પ્રકાશ મળે છે. એવો ભાવ આ પંક્તિમાં છે. સંસારચક્રમાં જન્મ-જીવન-વિરહ -મિલન-મૃત્યુ-શોક ક્રમાનુસાર ચાલ્યા કરે છે. માનવ માત્ર નિમિત્તમાત્ર છે.

૧૩૨. ''કરી વિચરશે ધીર વંગે, યથા ક્રમ વિશ્વનો''

કુદરતમાંથી વિરહ ઉત્કટ બનતાં કવિ કુદરતનો મહિમા ગાય છે.

૧૩૩. ''ઉર-કુહરમાં શાંતિ-જ્યોતિ, ક્યારે કદી ૨૮ જશે
નવ-જ્વલ-નિશા, જ્યોત્સ્નાના દેહા, ના બાળ વિચારશે''

કુદરતમાંથી જ શોક, વિરહ, શાંત્વન, અને શાંતિ કવિ મેળવે છે. લોકલ્યાણકૃત વિચારધારાઓમાંથી વહી આવતાં ચિંતનમાંથી શાંત્વન, શાંતિ, અનુમોદન અને શ્રદ્ધા જેવી મોંઘી પ્રાપ્તિઓ કવિ સિધ્ધ કરે છે. એમાં સ્વર્ગની ચમત્કૃતિ, નિયતિ સ્વીકાર, સંસારચક્ર, અને સૃષ્ટિનો સનાતન ક્રમ કવિ સમજાવે છે.

ચિંતન અને કરુણ, બન્ને પરાકાષ્ઠા પર પહોંચેલા શોકની જ ઉપલબ્ધી છે. એ બે તત્વો વચ્ચેની રસાકસીમાંથી કૃતિને કલાત્મકતાની ભેટ મળે છે. સઘન શોક કલ્પાંત પછી ચિંતન તરફ વળે છે. કરુણ અને ચિંતનની આવી રસાકસી ઉશનસ્ 'કૂલબર્ણુ' માં છે. ડાળપરથી ફૂલ, તંગલેલ પરથી બાળકીનું મૃત્યુ અને આંખમાંથી ચક્ષુનું 'અંજલિફૂલ' કાવ્યમાં અભિધા, વ્યંજના અને લક્ષણાનો અર્થવિકાસ આપે છે. ચિંતન અનેક રૂપોમાં લિક્ષે છે. પણ કરુણ આગળ તે ઝાંખુ પડી જાય છે. ત્યાં શોકનો ચિંતન પર વિજય પ્રસ્થાપિત થાય છે. ચિંતન અને શોકની XX ગીતમાં કરુણતાનું દર્શન 'લીર લિહેલલાઈ'માં જોવા મળે છે. લિહેલલાઈને ગુમાવ્યાનું દુઃખ વ્યકત કરતાં જન્મભૂમિએ કરેલી ટકોર ચિંતન બની જાય છે કે ....

૧૩૪. ભોગનેષ્ણી ભોગકા, ક્રૂર દાનવોને રક્ષતી
સુર-માનવોને ભક્ષતી, શું ઠેક વંકી છે દયા?''
.....

મૂક્યા મરણને કાંઠડે, જેણે ચરણ તારા ગ્રહ્યા''

ભારતમાતાને ચાહેલા ઉપાલંભમાં દેશભક્તિ-કરુણ રસ-વીરરસના ત્રણેય શિખરો કવિ સિધ્ધ કરે છે. ઘેર થઈ ગયેલા દેશાસક્ત, જેલોગ બાદશાહો માટે આજે જનતા વિલાપ કરી રહી છે.

૧૭૫. ''નવયુગને ઊંબે ઘડ્યાં, નૈવેદ્ય નવલખ શક્તિનાં
જે જે કર્યા આદેશ ભક્તિ-સ્વાર્પણે તો સૌ સહ્યાં''

સ્વાતંત્ર્ય-સંગ્રામના વિવિધ વેગાવેગ ભરા પ્રસંગની ઐતિહાસિકતા ઉજાગર કરી તેને ચૂંગિનનો વિષય બનાવે છે કુરબાનીની ચાવી ચલિ-વ્યક્તિ ચમે ચંયનની નવી રૈલી નોંધપાત્ર છે. માતૃભૂમિને ટકોર, ચને શહાદતની લસ્મમાંથી મુક્તિની ઝંખારતની ઉલ્લેખ મીવેદના-(શોક) ચને વીરરસને પરાકાષ્ઠાની ભૂમિકા પર મૂકી દે છે.

ચિંતન ચને શોકની સ્યાહીથી 'સૂની સફર' માં પણ બૌધ્ધિક કક્ષાએ વિકસેલી છે. સંસાર, જીવન ચને મૃત્યુનું રહસ્ય જાણ્યા પછી કવિ કહે છે.

૧૭૬. ''વ્યર્થ ચાશ્વાસને ઘૂંટાવાતો કહું
સફરમાં કેમ બાંધે મુકામને

સૂની સફર શોકને પ્રતિધ્વનિત કરે છે. કાળના સમુદ્રમાં કવિની જીવન સફર ચહ્ન-મુકામ વિનાની સૂની છે. ઉશનસ્કૃત 'ફૂલ ખર્યું' 'સૂની સફર' જેવું અનેક કાવ્યોમાં શોકમાંથી ચિંતન ઉદ્ભવે ક્ષ પણ ચિંતનથી શોક વધારે ચડિયાતો નીવડે છે. ચિંતન ચિત્તને સમાધાન ચાપતું નથી ત્યાં શોકાંજલિ કલાત્મક બની લાગે છે.

'ચદીક્ષ સવારી' માં મૃત્યુના લક્ષણોની સાથે ચિંતનને શોક ને પણ કવિ વિસ્તારે છે. શ્રી બેટાઈએ મૃત્યુના લક્ષણો વ્યક્ત

Kalpana's

મૃત્યુનું સ્વરૂપ સમજાવ્યું છે.

૧૩૬. ''અદૃષ્ટ કેરું, અનિવાર વેગ
ઝીલે કોઈ રથમાં પ્રતિષ્ઠ
સારથીને વળી જે અશસ્ત્ર
ચંદારને તેજ સિશે અદૃષ્ય
પ્રવર્તતું શાશ્વતને પ્રચંડ
બ્રહ્માંડમાં ચેકલ ચેક ચક્ર
કો અગ્નિથી પામી વરાળરૂપ એ
દહે બહે મર્મ વિશે રહ્યાં રહ્યાં''

મૃત્યુનાં આવા ગેબીરૂપથી ચિત્ત વિક્ષુબ્ધ થઈ ગયું છે કવિ વર્ણવે છે કે....

૧૩૭. ''વીંખાઈને પીંખાઈ આ ચિત્તની પાંખ તાહરી''

વિચાર અને મંથન માટે કવિ અગ્નિ અને વરાળનો ~~પ્રતિકાત્મક~~ પ્રતિકાત્મક પ્રયોગ કરે છે.

૧૩૮. '' આશ્વાસનાં શબ્દ શું વદી શે ?
રાજે બન્યું છે મુજ જ્ઞાન રંક
વધુ કહી તો ય શું શાંતિ અપશે ?
દાઝેલ હૈયું કયમ દાહ ઠળશે ?
સંતપ્ત તારા ઉરપાતુ પાત્રમાં
આશ્વાસ શબ્દોની વરાળ ઉઠશે
હું વિજ્યું આજ અનશુ શો કે
તું છો વહાળે, ઉરને અનર્ગળ
મને ન શાંતિ જાણું કેરી આશ્વસે
તને થશે ગોમતી કેરી શાંન્તદા ?'' આ પંક્તિઓમાં

kalpana's

ચંતપ્ત ઉચ્છ્વાસપ્રધાન' માં 'શબ્દોની વરાળ' વ્દારા ચિંતન હૃદયદ્રાવક બનાવે છે.

૧૪.	કવિવર સ્વી-દનાથને	શેષના કાવ્યો	૬૨/૬૩	૨૦ વિ.પાઠક
૧૫.	" -કાવ્યનું ટીપ્પણ	"	૧૬૬	"
૧૬.	"	"	"	"
૧૭.	"	"	"	"
૧૮.	ગીતાંજલિ-ગીત-૬૫	ગીતાંજલિ		સ્વી-દનાથ ટાગોર
૧૯.	ગદીકસવારી	વિશેષાંજલિ	૭૪	સુંદરજી બેટાઈ
૨૦.	છેલ્લું દર્શન	શેષનાકાવ્યો	૩૪	૨૦ વિ.પાઠક
૨૧.	ગદીકસવારી	વિશેષાંજલિ	૭૪	સુંદરજી બેટાઈ
૨૨.	"	"	"	"
૨૩.	"	"	"	"
૨૪.	મુજ જંતુની અલ્પતા	પ્રસ્થકાર	૧૨	ધ. ક. ઠા.
૨૫.	છેલ્લું દર્શન	શેષનાકાવ્યો	૩૪	૨૦ વિ.પાઠક
૨૬.	મુજ જંતુની અલ્પતા	પ્રસ્થકાર	૧૨	ધ.ક.ઠા.
૨૭.	પત્નીને	"		"
૨૮.	ભલ્લાણ છાંટુંજલિ	ચેક તારો	૫૬	અરવિંદ મેઘાણી
૨૯.	નિર્દોષ નિર્મળ તારી સ્વપ્નપ્રયાણ			હરિશ્ચંદ્ર ભટ્ટ

kalpuri's

ક્રમ	કાવ્ય	ગ્રંથ	પાન	કવિ	ગ્રન્થ
૩૦.	દિવંગત ગુરુદેવને	કાવ્યસૌરભ	૩૪/૩૫	મહોબતખાન પઠાણ	સંપાદક
૩૧.	દાદાજી	અભિસાર	૪૫	મનસુખલાલ	
૩૨.	"	"	થી ૬૦	"	
૩૩.	સ્વામી શ્રધ્ધાનંદ	રાષ્ટ્રદીક્ષા	૮૭/૮૮	ખબરદાર	
૩૪.	"	"	"	"	
૩૫.	પિતા	ઉદ્બોધન બૂલ્ડ	૫૯	નિરંજન ભગત	
૩૬.	વિરજનું ગાંધુ	ભણકાર	૧૮૩	બ. ક. ઠા.	
૩૭.	"	"	"	"	
૩૮.	અક્ષરદીઠ જાદુગર	અર્ઘ્ય	૧૮૪ થી ૧૮૫	સ્નેહરશ્મિ	
૩૯.	નીરવ	"	૧૮૨	"	
૪૦.	મણિલાલ દેસાઈને	નલિન રાવળ	૮૩	અવકાશ	
૪૧.	સ્વપ્ન	અર્ઘ્ય	૧૮૪ થી ૧૮૫	"	
૪૨.	કસ્તુરબા	વાનાં	૯૮	ઉશનસ	
૪૩.	ગમરાણ	અર્ઘ્ય	૧૮૪ થી ૧૮૫	સ્નેહરશ્મિ	
૪૪.	દિલાસા	"	૧૭૬	"	
૪૫.	"	"	"	"	
૪૬.	"	"	"	"	
૪૭.	ટિપ્પણ	અર્ઘ્ય	૨૦૯	"	
૪૮.	આજ નયનો રડી	કાવ્યસૌરભી	૪	મનસુખલાલ	
૪૯.	ફુલગાળ	ગેકતારો	૭૪/૭૫	ઝવેરચંદ મેઘાણી	
૫૦.	નંદન વનનું પંખી	અભ્યર્થના	૧૦૦	શશીન ઓઝા	
૫૧.	ઉંટલુ દરીમ	શેષના કાવ્યો	૩૪	શેષ	
૫૨.	ગદીક સવારી	વિશેષાંજલિ	૭૪	ઝુંઝરની ભેટ	
૫૩.	"	"	"	"	
૫૪.	પ્રિયકાન્તને	કાવ્યકોડિયાં	૮૫	પુન્ના નાયક (સંપાદક-ગુરશદલાલ)	
૫૫.	ગદીક સવારી	વિશેષાંજલિ	૭૪	ભેટ	
૫૬.	"	"	"	"	
૫૭.	પાઠક સાહેબને	અનુભૂતિ	૧૩૦ થી ૧૩૧	મનસુખલાલ ઝવેરી	
૫૯.	"	"	૧૩૦ થી ૧૩૧	"	
૫૯.	દાદાજી	અભિસાર	૪૫ થી ૬૦	"	
૬૦.	"	"	"	"	

ક્રમ	કાવ્ય	ગ્રંથ	પાન	કવિ	ગ્રન્થ
૬૧.	દાદાજી	ગળિયાર	૬૫ થી ૬૦	મનસુખલાલ ઝવેરી	
૬૨.	"	"	"	"	
૬૩.	"	"	"	"	
૬૪.	"	"	"	"	
૬૫.	"	"	"	"	
૬૬.	ચિત્રકૂટનું મૃત્યુ	છંદોલય	૨૪૯	નિરંજન ભગત	
૬૭.	બદીઠ ચમારી	ખિસેળાંજલિ	૭૪	સુંદરજી બેટાઈ	
૬૮.	"	"	"	"	
૬૯.	"	"	"	"	
૭૦.	"	"	"	"	
૭૧.	રીલકેનું મૃત્યુ	છંદોલય	૨૪૯	નિરંજન ભગત	

P.T.O

૪ શોકોર્મિકવિતામાં મંથન, ચિંતન, સમાધાનનું આલેખન

ક્રમ	કાવ્ય	ગ્રંથ	પૃષ્ઠ	પાન	કવિ	અન્ય
૭૨.	એક બાળકીના મરણ વિશે	ક્ષુદ્રપત્રીકા	૮૨		ન.ભો.દિ.	
૭૩.	દિલાસા	અર્ઘ્ય	૭૬		સ્નેહરશ્મિ	
૭૪.	"	"	"		"	
૭૫.	"	"	"		"	
૭૬.	"	"	"		"	
૭૭.	"	"	"		"	
૭૮.	"	"	"		"	
૭૯.	"	"	"		"	
૮૦.	"	"	"		"	
૮૧.	"	"	"		"	
૮૨.	નિસ્વ	"	૧૮૨		"	
૮૩.	ચિતાપાંડિત્ય	ચક્રિકા ૨	૬૩		મનસુખલાલ	
૮૪.	પિતા	છંદોલય-બૃહદ્	૫૯		નિરંજન ભગત	
૮૫.	"	"	"		"	
૮૬.	આજ નયનો રહો	કાવ્યસરિત્	૪		મનસુખલાલ	
૮૭.	"	"	"		"	
૮૮.	"	"	"		"	
૮૯.	"	"	"		"	
૯૦.	"	"	"		"	
૯૧.	"	"	"		"	
૯૨.	"	"	"		"	
૯૩.	બેટી	પદ્મકાર	૯૬		બ.ક.ઠા.	
૯૪.	વીર વિઠ્ઠલભાઈ	પદ્યપરાગ	૨		કેશવ હ.શેઠ	
૯૫.	"	"	"		"	
૯૬.	"	"	"		"	
૯૭.	પરલોક પત્ર હીરાબેન પાઠક	(પહેલો કપડા) બૃહદ્ગુ.કાવ્ય પરિચય	૧૬૮થી ૭૪		હીરાબેન પાઠક (રૂપદ્વક-મોહન ભાઈ - પટેલ, ચક્રકાંત શેઠ)	
૯૮.	"	"	"		"	
૯૯.	"	"	"		"	
૧૦૦.	"	"	"		"	

ક્રમ	કાવ્ય	ગ્રંથ	પાન	કવિ	ગ્રન્થ
૧૦૧.	પરલોક પત્ર હીરાબેન પાઠક	(પરલોક પત્ર) બૃહદ ગુ. કાવ્ય પરિચય	૧૬૮ થી ૧૭૪	હરીબેન પાઠક (ચૂપાદ ક-મોહનભાઈ પટેલ, ચંદ્રકાન્ત શેઠ)	
૧૦૨.	"	"	"	"	
૧૦૩.	"	"	"	"	
૧૦૪.	"	"	"	"	
૧૦૫.	"	"	"	"	
૧૦૬.	"	"	"	"	
૧૦૭.					
૧૦૮.	વિવર્તલીલા - નું અર્પણ	કાવ્યગુચ્છ	૬૫ થી ૬૭	ન.ભો. દિ.	
૧૦૯.	ચૂની ચકર	કાવ્યસારંગ	૨૧૫	વેણીભાઈ પુરોહિત (ચૂપાદ ક-ત્રિભુવનલાલ-મકાશક-ગણેશજી ચંજારિયા આવૃત્તિ-૨(૧૯૫૫)	
૧૧૦.	ફુલવિસર્જન	વિશેષાંજલિ	૬૬	સુંદરજી બેટાઈ	
૧૧૧.	મીઠી ચતારી	"		"	
૧૧૨.	"	"	૭૪	"	
૧૧૩.	"	"	૭૮	"	
૧૧૪.	"	"	૮૦	"	
૧૧૫.	"	"	૮૦	"	
૧૧૬.	રજાની માંગણી	પૂર્વાલાપ	૧૪૫	કાન્ત	
૧૧૭.	"	"	"	"	
૧૧૮.	"	"	"	"	
૧૧૯.	ચારણી	પણકાર	૧૭૮	બ.ક.ઠા.	
૧૨૦.	છેલ્લું દર્શન	શેષાના કાવ્યો ૩૪		શેષા	
૧૨૧.	ચારની	પણકાર	૧૭૮	બ.ક.ઠા.	
૧૨૨.	"	"	૧૭૯	"	
૧૨૩.	"	"	૧૭૯	"	
૧૨૪.	"	"	૧૮૦	"	
૧૨૫.	"	"	"	"	
૧૨૬.	ચ.ચો. નર્મદાબહેને	"	૧૬૭	"	
૧૨૭.	બિરહેનું આંસુ	"	૧૮૩	"	
૧૨૮.	"	"	"	"	
૧૨૯.	"	"	"	"	
૧૩૦.	"	"	"	"	

ક્રમ.	કાવ્ય	ગ્રંથ	પાન	કવિ	ગ્રન્થ
૧૩૧.	વિરહનું આંસુ	પ્રણકાર	૧૮૩	બ.ક.ઠા.	
૧૩૨.	"	"	"	"	
૧૩૩.	"	"	"	"	
૧૩૪.	ક્ષ વીર વિઠ્ઠલભાઈ	પ્રણપરાગ	૨	કેશવ બ. શેઠ	
૧૩૫.	"	"	"	"	
૧૩૬.	અદ્વિક શતારી	વિશેષાંજલિ	૭૪	સુંદરજી બેટાઈ	
૧૩૭.	"	"	૭૬	"	
૧૩૮.	"	"	૭૭	"	
૧૩૯.	"	"	૭૭	"	
૧૪૦.	અદ્વીક જાદુગર	અર્ઘ્ય	૧૮૪ થી ૧૮૫	સ્નેહરશ્મિ	
૧૪૧.	ફૂલ બધું	મનોમુકુલ	૨૦	ઉશનસ્	
૧૪૨.	"	"	"	"	
૧૪૩.	"	"	"	"	
૧૪૪.	પિતા	છંદોલય-ભૂગોળ	૫૯	નિરંજન ભગત	
૧૪૫.	આજ નયનો રડો	કાવ્યસરિતા	૪	મનસુખલાલ	
૧૪૬.	"	"	"	"	
૧૪૭.	"	"	"	"	
૧૪૮.	ચો ગણ્ટને	અર્ઘ્ય	૧૬	સુરેશ મજમુદાર	
૧૪૯.	"	"	"	"	
૧૫૦.	રાખ અને ફૂલ	તૃણનો ગઢ	૮૭	ઉશનસ્	
૧૫૧.	"	"	"	"	
૧૫૨.	શાશ્વત	અર્ઘ્ય	૧૮૧	સ્નેહરશ્મિ	
૧૫૩.	"	"	"	"	
૧૫૪.	પ્રયાણ ઘડી	"	૧૬૩	"	
૧૫૫.	"	"	"	"	
૧૫૬.	ફૂલખર્યું	મનોમુકુલ	૨૦	ઉશનસ્	
૧૫૭.	"	"	"	"	
૧૫૮.	"	"	"	"	
૧૫૯.	ત્રિશંકુ-ત્તને	"	૧૩૧/૧૩૨	ધીરુ પરીખ	
૧૬૦.	"	"	"	"	
૧૬૧.	"	"	"	"	

ક્રમ	કાવ્ય	ગ્રંથ	પાન	કવિ	અન્ય
૧૬૨.	શ્રી ચં. નર્મદાને	વસુકા ૨	૧૬૭	બ. ક. ઠા.	
૧૬૩.	"	"	"	"	
૧૬૪.	વિસ્મૃતિ	"	૧૫	"	
૧૬૫.	ચિંચિની વાટે	૨ાષ્ટ્રિકા	૮૦/૮૧		
૧૬૬.	"	"	"		
૧૬૭.	"	"	"		
૧૬૮.	સ્વામી સચ્ચિદાનંદજી	"	૮૭/૮૮	ખબરદા ૨	
૧૬૯.	"	"	૧૮૧	સ્નેહરશ્મિ ખબરદા ૨	
૧૭૦.	શાશ્વત	અર્ઘ્ય	૧૮૧	સ્નેહરશ્મિ	
૧૭૧.	"	"	"	"	
૧૭૨.	તર્કવિતર્ક	વસુકા ૨	૧૬	બ. ક. ઠા.	
૧૭૩.	એક સ્મરણ-ભાગ-૨	૨ાષ્ટ્રિકા	૭૧	ખબરદા ૨	
૧૭૪.	નિત્ય	અર્ઘ્ય	૧૮૨	સ્નેહરશ્મિ	
૧૭૫.	કલાનો શ્રદ્ધિ	ગંગોત્રી	૭૪ થી ૮૨	ઉમાશંકર	
૧૭૬.	"	"	"	"	
૧૭૭.	"	"	"	"	
૧૭૮.	"	"	"	"	
૧૭૯.	"	"	"	"	
૧૮૦.	ચક્રેશ્વરને	અર્ચના	૧૬	સુરેશા ભગુદા ૨	
૧૮૧.	"	"	"	"	
૧૮૨.	"	"	"	"	
૧૮૩.	અદીઠ સેવારી	વિશ્વેશાંજલિ	૭૪	સુંદરજી બેટાઇ	
૧૮૪.	વિસ્મૃતિ	વસુકા ૨	૧૫	બ. ક. ઠા.	
૧૮૫.	"	"	"	"	
૧૮૬.	"	"	"	"	
૧૮૭.	"	"	"	"	
૧૮૮.	"	"	"	"	

શોકોત્પત્તિકવિતામાં શોકની ભાવાભિવ્યક્તિ :-

શોકનું સ્વરૂપ :-

ભરતમુનિએ આમ તો ૪૯ ભાવ બતાવ્યા છે. પરંતુ એમાં આઠ મુખ્ય સ્થાયી ભાવ છે.

આ આઠ ભાવો પરથી આઠ રસ પણ રસસિદ્ધાંત માં બતાવ્યો છે. શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્ભુત અને શાન્તરસને નવમાં રસ તરીકે સ્વીકારી નવરસ પ્રસિદ્ધ આ આઠ સ્થાયી ભાવ મુખ્ય બતાવ્યા છે. આ બધા રસની ચોકસાઈ કરતી મણિભદ્ર શુક્લ એમ કહે છે કે ખરું રસોનો મુખ્યત્વ રસ શાંતરસ છે. કારણ કે નવ રસોને કોઈ એક રસના રૂપાંતરો માનનારા મણિભદ્રો પણ મતલિત બતાવે. કોઈ ગુણાંસને તો કોઈ વાસુદેવને ક્યારે ચક્રવર્તી સર્વરસચક્રવર્તી રસ માનવા લાગ્યા ત્યારે ૨.''ભરતમુનિએ કહ્યું કે એકો રસઃ કરુણ એવ નિમિત્તભેદાત્ વિભિન્નઃ પૃથક પૃથગિવાશ્રયને વિવર્તાન્'' અર્થાત્ એક કરુણરસ જ નિમિત્ત ભેદે વિભિન્ન બનતો પૃથક, પૃથક વિવર્ત ધારણ કરે છે. મૂળગત રસ એક કરુણ જ છે. અને બે કરુણરસ જ નિમિત્તભેદે વિભિન્ન બનીને અન્ય રસ રૂપે ભાસે છે. અનુભવાય છે.''

કરુણની સ્થાયી ભાવ શોક છે. ૩.''આ કરુણો નામ શોક

kalpana's

સ્થાયિ ભાવ પ્રભવઃ'' એમ અભિનવ ભારતી કહે છે. શોકના હેતુના કારણની સ્પષ્ટતા આપતાં ભરત મુનિ કહે છે કે

૪.''ધર્મોપઘાતજશ્ચૈવ તથાર્થપ્રણયોદ્ભવઃ ।
તથા શોકકૃતશ્ચૈવ કરુણસ્ત્રિવિધઃ સ્મૃતઃ ।।

એની સ્પષ્ટતા રૂપે રામ પ્રસાદ બક્ષી અભિનવ ગુપ્તાની ટીકાને સુધારીને કહે છે. ૫.'' ધર્મોપઘાતોઽપિ ઉત્તમાનામપિ શોકહેતુત્વાત્ શોક શબ્દેન સ્વજનાદિનાશઃ ચ । એતે ત્રયો વિભાવાઃ ।'' ધર્મોપઘાત, અર્થોપઘાત, ધર્મનાશ કે સ્વજનાદિનાશ એમ ત્રણ શોકના વિભાવ છે.

શોકના સ્વરૂપને સમજવા માટે તેના ત્રણ વિભાવોના સ્વજનાદિનાશની શોકાંજલિના ચંદર્ભે ચર્ચા ઉચિત લેખાશે. સ્વજનનાશનો એક અર્થ મૃત્યુ પણ સ્વીકાર્ય બન્યો છે. ત્યારે સહજ વિચાર આવે છે કે મૃત્યુની અનુભૂતિ તો દુઃખદ જ હોય છે. કોઇકને ગમે, તેથી મૃત્યુ તેનો સાચો અર્થ કરે. પણ દુશ્મનના મૃત્યુ પર દુઃખની અનુભૂતિ નથી થતી એવી સમાનતાની સાથે અર્થ ચોક્કસ રીતે સ્પષ્ટ થાય છે કે મૃત્યુ એટલે માત્ર નાશ, વ્યાપક અર્થમાં મૃત્યુ એટલે નાશ એવો અર્થ સ્વીકાર્યા પછી અન્ય પ્રકારના નાશમાંથી સ્વજનાદિનાશને સવિશેષ શોકના વિભાવ તરીકે સ્વીકારી શકાય. તજજન્ય કરુણનાનું કારણ મરણશોકનું જ કારણ કોઇ સમજે તેના કરતાં મરણ સમયની આસપાસની સંદર્ભ, સંજોગ, પરિસ્થિતિ, મૃત્યુ પામતી વ્યક્તિથી જાગતા શોકની અનુભૂતિ ઝીલનારનો સંદર્ભ-સંબંધ, સંવેદનાનો તંતુ - જે સર્વનું રૂપાંતર શોકની અભિવ્યક્તિ બને છે. માટે નામે મૃત્યુ શોકનો સ્થાયીભાવ ના પણ બને. તેથી જ શાસ્ત્રકારો સ્પષ્ટતા કરી 'ઇષ્ટજન અને અનિષ્ટ આપત્તિ' ને શોકના વિભાવ તરીકે ઓળખાવે છે. શોકાંજલિ પણ તેની જ વ્યક્તિઓ માટે શક્ય બને છે. કે જેની સાથે હૃદયની

Rajbhasha

સંવેદનાનો તંતુ બંધાયો હોય, કોઈપણ સંબંધે સ્વરૂપે આત્મીયતા સધાઈ હોય તે સ્વજન બને અને તેવા વ્યક્તિનું મૃત્યુ શોકજન્ય બને. શોકાંજલિમાં મૃત્યુજન્ય શોક હોય પણ સ્વજનના મૃત્યુ નિમિત્તે શોક હોય એવી સ્પષ્ટતા 'સ્વજનાદિનાશ' ના વિભાવનો અર્થ આપે છે. વિવિધ શોકાંજલિઓમાં સ્વજનાદિનાશના વિભાવમાંથી વ્યક્ત થતા શોકની અભિવ્યક્તિ છે. પરિસ્થિતિઓના સંપુટમાં પ્રકટ થઈને માણસને લાચારીથી સીઝવા કરવું પડે એ આકસ્મિકાર્થ વિભાવમાંથી ઉત્તમ કરુણ રસ નિષ્પન્ન થાય છે. જેનો કોઈ અણસાર ઉકેલ ના હોય તેવા મૃત્યુથી થતો શોક પણ ઉત્તમ કરુણ માટેનો વિભાવ તરીકે જ ઓળખાયો છે. ઉ.''ઇષ્ટનોશાદ અનિષ્ટાપ્તેઃ કરુણારત્યો રસો જ્ઞેયઃ ।। જેવી સાહિત્યદર્પણમાં આપેલી વ્યાખ્યામાં પણ ઇષ્ટમરણમાં સ્વજનના અવસાનનો અર્થ સમી રહે છે. એમ પણ કહી શકાય કે સ્વજનના મરણનો વિલાપ પાછળ રહેલાના જીવનની અસહાયતારૂપ વિભાવને કારણે શોકજન્ય બને છે. હૃદય પર એવા ઘેરા શોકની લાગણી મૂકી જનાર સ્વજનોમાં પ્રિયજનનો ઉલ્લેખ છે. જગન્નાથ રસગંગાધરમાં કરુણના સ્થાયિભાવ શોકનું લક્ષણ આપે છે. ઉ.''પુત્રાદિ વિયોગ મરણાદિજન્યા વૈક્લવ્યાવ્યવચ્છિન્ન વૃત્તિ વિશેષઃ શોકઃ ।। પ્રિયજનના મરણથી ઉદ્ભવેલો શોક આપણાં અનેક કરુણ કાવ્યોનો કે મહાકાવ્યાન્તર્ગત વિલાપોનો ઉત્પાદક છે.'' કરુણકાવ્યોમાં વ્યક્ત થતો આ વિલાપ શોકાંજલિ કાવ્યોમાં પણ છે. ગુજરાતી ઊર્મિકવિતાના દીર્ઘવિરહોર્મિ-કવિતાના બધા લક્ષણો સાથે નિકટતમ સમાનતા ધરાવતી લઘુવિરહોર્મિ વર્ગની શોકાંજલિમાં પણ, વિલાપ, વિષાદ કે અસહાયતા જેવા શોક વ્યક્ત કરતાં વિભાવોનું આલેખનમાં પ્રાધાન્ય રહ્યું છે.

ભરત મુનિએ ૪૯ ૩૩ વ્યાભિચારી ભાવોની સ્પષ્ટતા કરી તેમાં જણાવ્યું છે કે સ્થાયિભાવો અને વ્યભિચારી ભાવોજ ખરેખરી ચિત્તવૃત્તિઓ છે. અનુભાવો એટલે એવી ચેષ્ટાઓ કે જે માણસ સ્વેચ્છાએ કરી શકે જ્યારે સાત્વીક અને આઠ ભાવોમાં માણસની પોતાની ઈચ્છાનું પ્રભુત્વ રહેતું નથી. તે મનોવૃત્તિ ઉપર થતાં બાહ્ય સાધનોના સહજ શારીરિક પરિણામ રૂપે આપોઆપ જ ઉપજે છે. ૩૩ વ્યાભિચારી ભાવોમાંથી અંતે ઉપશાંત ભાવો ~~xxxxxx~~ વાસ્તવિક રીતે ભાવ જ છે. ૮.''આઠ સ્થાયિભાવો અને ૩૩ વાસ્તવિક રીતે ચિત્તવૃત્તિ ગણાય એવા સત્તરેક વ્યાભિચારી ભાવો છે.'' ૯.''ભાવોનો વ્યાપક અનુભવ જીવનમાં બધાને થાય પણ વ્યાભિચારી ભાવોનો વ્યાપક અનુભવ જીવનમાં બધાને થાય જ એવો કોઈ નિયમ નથી. ગ્લાનિ શંકા જેવા વિભાવો હેતુભૂત હોવાથી કાયમ ટકતા નથી. પોતાનું કાર્ય પૂરું થતાં લીનભાવ થાય છે. છતાં એના સંસ્કારો અવશિષ્ટ રહે છે. પરંતુ આ વિભાવ-અનુભાવ વ્યાભિચારી ભાવ માટે કરુણ અને શોકના સંદર્ભમાં શાસ્ત્રકારો કહે છે કે એ બધી શોકનીજ અભિવ્યક્તિની સામગ્રી ગણાય છે જે અંતે કરુણનો આસ્વાદ કરાવે છે. ૧૦.''કરુણરસનો સ્થાયીભાવ શોક છે. અને પારમ્પરત શોકભાવ પ્રેક્ષકના ચિત્તમાં સંક્રાન્ત થઈને રસરૂપે અનુભવાય છે, અર્થાત્ જે સ્થાયિભાવ શોક એજ વિભાવ- અનુભાવ -વ્યાભિચારી સામગ્રીથી સુવ્યક્ત બનીને કરુણ-રસરૂપ-ભાવકના ચિત્તમાં- બને છે. અહીં આપણે લક્ષમાં રાખવાની વાત એ છે કે શોક જ કરુણ રસરૂપ બને છે.'' એ દૃષ્ટિએ શોકાંજલિમાં પણ શોકને વ્યક્ત કરતા, શોકના વિવિધ ઉદ્‌ગમ સ્થાનો, અર્થાત્ વિભાવ-અનુભાવ-વ્યાભિચારી ભાવોમાં કલ્પાંત, બેકલતા, રોષ, નિરાશા, હતાશા, ~~xxx~~ ગ્લાનિ, વિષાદ વગેરે વિવિધ રૂપે, સંદર્ભે (આવી જતે) શોકની જ અભિવ્યક્તિ આપી જાય છે.

શોક અને કરુણતા સંબંધ વિશે વધુ એક સ્પષ્ટતા કરવી ઉચિત લેખાય કે શોક ભાવ છે અને કરુણ રસ છે. કાળને થતી અનુભૂતિની

અભિવ્યક્તિ શોક છે અને એ અભિવ્યક્તિના સંદર્ભે ભાવકને થતી અનુભૂતિ કરુણ છે. ૧૧.'' વિભાવાનુભાવ-વ્યાભિચારિ સંયોગાદ રસનિષ્પત્તિઃ'' એમ રસ-મિમાંસકો કહે પણ જ્યારે ભાવક પાસે પહોંચે ત્યારે શોક જ વિભાવ અનુભાવ વ્યાભિચારી સામગ્રીથી સુવ્યક્ત બનીને કરુણ રસરૂપ બની ભાવકના ચિત્તમાં આસ્વાદ કરાવે છે. ''શોક ભાવ પોતે જ રસ રૂપ બને છે.'' અનુભૂતિ અભિવ્યક્તિ બને ત્યારે શોક રૂપ હોય અને અભિવ્યક્તિ ભાવાનુભૂતિ બને ત્યારે રસરૂપ હોય 'કરુણનો પ્રભાવ શોક સ્થાયિભાવમાંથી છે (અર્થાત્ શોક એ સ્થાયિભાવ જ આસ્વાદ-વ્યાપારથી સામાજિકના હૃદયમાં કરુણ રસ રૂપે પરિણમે છે.'' શોકાંજલિમાં પણ સ્વજનના મૃત્યુની અનુભૂતિને કવિ શોકરૂપે અભિવ્યક્તિ આપે છે. પણ ભાવક તેમાંથી જ કરુણનો આસ્વાદ મેળવે છે. જે(જ્યારે)એમાં કરુણના આસ્વાદથી સંતોષ, આનંદ મળે તો (ત્યારે) તેની કલાદૃષ્ટિ પણ તેમાં સચ્ચાઈ છે એમ પુરવાર થાય.

શોકની અભિવ્યક્તિ અને ભાવકની આસ્વાદની અનુભૂતિની ઘટીતિ આનંદ, હર્ષ, સંતોષ, પ્રભાવ પર કલાત્મકતા આધાર રાખે છે. કરુણ અને શોકના આસ્વાદમાંથી ભાવક આનંદાનુભૂતિ કરે છે એનું કારણ શું ? કરુણરસ પ્રધાન કૃતિમાં ભાવક શોકનો અનુભવ કરે છે. ક્યારેક નિઃશ્વાસ, અશ્રુપાત પણ કરે છે પણ એને આવું દુઃખ અનુભવ્યા છતાં પ્રેક્ષક રસાસ્વાદનો આનંદ અનુભવે છે. ભવભૂતિના મતાનુસાર કૃતિમાં રજુ થયેલો શોક ભાવકમાં વાચકમાં કે પ્રેક્ષકમાં સંક્રાન્ત થાય છે. તે છતાં જે શોકભાવ એના ચિત્તમાં કરુણ-રસ-રૂપે અને રસાસ્વાદના આહ્લાદમય અનુભવરૂપે પરિણમે છે. દુઃખ પ્રધાન કૃતિનો આસ્વાદ સુખમય લાગે છે તેની સમજ તો એરિસ્ટોટલનો વિરેચનવાદ પણ આપે છે. આમેય રસ હૃદયના રંજન માટે છે. પ્રેક્ષકને તેથી કોઈપણ ભાવ, ભાવાનુભૂતિ સમયે સ્વતઃ દુઃખમય નથી ભાવાનુભૂતિ પછી એમાંથી ઉત્પન્ન થતી જે રસની આનંદની વર્ણના છે તેમાં સર્વે ભાવાનુભૂતિની વિશ્રાન્તિ થાય છે. પ્રત્યેક (રસ) (અને) ભાવની જેમ

શોક પણ રસાસ્વાદની આનંદાનુભૂતિમાં વિશ્રાન્તિ પામે છે. કરુણ-રસની અનુભૂતિમાં મૂલગત ભાવ શોક છે અને વાચક તેનો પણ શોકાનુભવ કરે છે. છતાં એ શોક ભાવ ચિત્તમાં રસાસ્વાદરૂપે પરિણમે છે. અને આનંદરૂપે અનુભવાય છે. પાશ્ચાત્ય વિવેચકોએ એ અંગે સૂચવેલા કારણોમાંનું એક કારણ ૧૨.''કલા સૌષ્ઠવના દર્શનથી થતી પ્રાપ્તિ'' પણ છે. અન્યરસોની જેમ કલાસિદ્ધિનો સંતોષ કરુણરસમાં પણ થાય છે. એ સંતોષ રસનિષ્પત્તિના કલાધર્મો અને ચિત્યરૂપ એક અંશ પણ છે. કરુણરસ આનંદજનક શા માટે ? એના જવાબમાં અભિનવ ગુપ્તે કહ્યું છે કે ૧૩.'' ''ભાવનું તત્વ જ એવું છે. ભાવનો વાસ્તવિક સ્વભાવ જ એવો છે.'' ૧૪.''અસ્મન્મતે તુ સંવેદનમેવ આનન્દઘનમ્ આસ્વાદને । તત્ર કા દુઃખ શંકા ?'' અભિનવ ગુપ્તના મતે તો સંવેદન-આનંદ સઘન સંવેદન જ આસ્વાદ વિષય બને છે. ત્યાં દુઃખની આ શંકા કેવી ? '' ૧૫.''આ વિધાન સ્પષ્ટતા કરે છે કે રસચર્વણા એ શોક રૂપ ભાવની ચર્વણા નથી પણ એ ભાવના સંવેદનની ચર્વણા છે.'' એથી કરુણરસનો પ્ર આસ્વાદ પણ આનંદમય બને છે.

કરુણરસનો સ્થાયી ભાવ શોક છે અને શોકના ત્રણ વિભાવોમાંથી 'સ્વજનાદિનાશ' નો શોકાંજલિમાં બળવત્તર રહ્યો છે. સ્વજનમાં પ્રિયજન અને પરિવારજનનો વ્યાપક અર્થ આવરી લેવામાં આવે છે. કુટુંબીજનો પર લખાયેલી ઘણી શોકાંજલિઓમાં પુત્ર, પુત્રી, ભ્રાતા, પત્ની, દાદા, માતા, પિતા, ભાઈ, બહેન, કંઈક અંશે આત્મીયતા સ્થપાઈ હોય તેવા આદરણીય મહાનુભાવો, ગુરુજનોના મૃત્યુ પર લખાયેલા શોકકાવ્યોમાં ગંજત બાગણીની અનુભૂતિની ભાવાભિવ્યક્તિ મળી આવે છે. અન્ય જાહેર સેવાના ક્ષેત્રોમાંથી બળવત્તર કક્ષાની વ્યક્તિમાં લખાયેલા અંજલિ કાવ્યોની સરખામણીમાં સ્વજન-નિર્દેશ ધરાવતાં કાવ્યોમાં શોકની ગહન, વેધક અભિવ્યક્તિ અને કરુણની નિષ્પત્તિ મળી આવે છે. દા.ત. 'ભાઈનો-

બહેન [illegible] પાછા વિલાપ, ભાઈને, નિર્દોષને નિર્મળ આંખ તારી, ઓગષ્ટનું, દાદાજી, ફૂલખૂર્શી, મિત્રને નિવેદન, વગેરે શાં શોકની તીવ્ર વેદના ભરી અભિવ્યક્તિ થઈ છે તેમાંથી કરુણની નિષ્પત્તિ થતાં સ્વા-સ્વાદ કરાવે તેવાં કલાત્મક ચંશો પણ મળી આવે છે.

શોકાંજલિમાં જ્યાં કુટુંબીજનોનો સ્વજનસંદર્ભ છે ત્યાં ચેકવ અને આત્મીયતાનાં કારણે શોકાનુભવ અને હૃદયદ્રાવક શોકમાંથી ઉત્તમ કરુણ મળી આવે છે. એમાં કલા તત્વોની દૃષ્ટિએ પણ ઘણાં અંશો [illegible] જોવા મળે છે. માટે એવી કૃતિઓ કલા કૃતિની કક્ષાની કૃતિઓ બનેવડી છે. અન્ય મહાનુભાવોના સંદર્ભે લખાયેલી શોકકવિતા કરતાં કુટુંબીજનોના સ્વજનસંદર્ભે લખાયેલી કવિતામાં શોકની જે તીવ્રતા, ગંભીરતા મળે છે તેનું સ્પષ્ટ કારણ આત્મીયતાને કારણે જાગતી ઊંડાણની વેદની ઊંડી લાગણી. મિત્ર અને ગુરુજનો માટે પણ જ્યાં એવી સ્વજન જેવી આત્મીયતા લાગી છે ત્યાં પણ શોકકાવ્યોમાં 'સ્વજનાદિનાશ'થી શોકની ઊંડાણ લાગણી વ્યક્ત થઈ છે. અહીં ઊંડાણ લાગણીનો અર્થ 'આત્મલક્ષી અનુભૂતિ' યોગ્ય છે. ઊર્મિકવિતા આત્મલક્ષી અનુભૂતિની અભિવ્યક્તિ છે. એ રીતે શોકાંજલિ પણ આત્મલક્ષી અનુભૂતિ પર આધારિત ઊર્મિકવિતા કહેવી ઉચિત છે. એમાં શોકની અભિવ્યક્તિ વિષાદ, ખેદ, ક્લ્પાંત, ઉદાસીનતા, હતાશા, મૌન, સ્મૃતિ, બેચેની, આંસુ, ખાલીપો, વિરહ[illegible]માંથી આલેખાઈ છે. કેટલાક કાવ્યોમાં એવા એકાદ અંશનું અદ્ભુત [illegible] આલેખન પણ મળે છે. શોકની અભિવ્યક્તિના એવા ઉદ્ગમ ગમે તે હોય પણ [illegible] તો તે શોકની જ અભિવ્યક્તિ બની છે. કારણ કે..... ૧૬''.....શોક એજ વિભાવ-અનુભાવ-વ્યભિચારિ ભાવોથી મુખ્યકત બનીને કરુણ સ્વરૂપ ભાવના ચિત્તમાં બને છે.'' અર્થાત્ ''.....શોક કરુણ રસ રૂપ બને છે.

ઊર્મિકવિતાનાં લક્ષણો ધરાવતી, લાક્ષણને વરેલી શોકાંજલિ

લઘુવિરહોર્મિ વર્ગની સૌથી વધુ વિકાસની ક્ષમતા ધરાવતી, એક સુબદ્ધ કલારૂપની આશો જન્માવતી, તે વર્ગના અન્ય કાવ્ય પ્રકારો માં સવિશેષ સ્થાન ધરાવતી કવિતા છે. તેના સ્વરૂપમાંથી તારવી શકાય તેવા સ્વજનસંદર્ભ, મૃત્યુનિર્દેશ, શોકની ભાવાભિવ્યક્તિ, કરુણનો આસ્વાદ, મંથનચિંતન, સમાધાન જેવા મહત્વનાં લક્ષણોનું સામ્ય કરુણપ્રશસ્તિના લક્ષણો સાથે જોવા મળે છે. સમાન લક્ષણો હોવા છતાં જંજલિની કલાત્મકતા તેમાં સવિશેષ છે. એક સ્વતંત્ર કાવ્ય સ્વરૂપ આપવામાં શોકની અભિવ્યક્તિ કરુણની નિષ્પત્તિ અને જંજલિનો અભિગમનો ગુણાત્પાન કાળો છે આ ત્રણ લક્ષણો શોકાંજલિના સ્વતંત્ર કાવ્યસ્વરૂપના આધાર સ્તંભો છે. ચોથો આધારસ્તંભ લાઘવના પાલનનો છે. બે પંક્તિના યુગ્મ અને હાયકુની ખંડકાવ્ય યુગીના સ્વરૂપોમાં ખેડાતી આવતી આ કવિતા કરુણ પ્રશસ્તિના સ્વરૂપના મુકાબલે લઘુ - વિરહોર્મિકવિતાના વર્ગની કવિતા તરીકે ઓળખાઈ છે. શોકાંજલિના કાવ્ય સ્વરૂપની સૌથી મોટી સિદ્ધિ જ એ ગણાય કે લાઘવ પાળી કરુણ પ્રશસ્તિ જેટલી જ ક્ષમતા પ્રસ્થાપિત કરી છે. હથેળીમાં આકાશની ઝબિલાઈ નો સંતોષ, આસ્વાદ અને આનંદ એ શોકાંજલિના સ્વરૂપનું ઉત્તમ ગૌરવ છે. કાવ્યસ્વરૂપના ખેડાણની વ્યાપ જોતાં હજી તેના વિકાસ ની શક્યતાઓ નકારી શકાય નહીં.

સ્વસિદ્ધાંતમાં સ્થાપિત કરેલા શોકના ભાવ અને કરુણની પ્રતીતિ શોકાંજલિમાં સહજ થઈ આવે છે. જે ગમ્યરિહાર્ય વિભાવમાંથી ઉત્તમ કરુણરસ નિષ્પન્ન થાય છે. તેની પ્રાપ્તિ , અનુભૂતિ અને આસ્વાદ સ્વજનાદિનાશ વિભાવ દ્વારા, ઈષ્ટમરણથી શોકોત્કિત, શોકોત્કિત-કવિતા જેવા શોકાંજલિ કે શોકોર્મિ કવિતામાં તેની ક્ષમતા નકારી શકાય નહીં. એવા પ્રકારના ગ્રંથો મળે છે. અભિનવ ગુપ્ત જેને ઉચ્ચકોટિનો અને વિશિષ્ટતર ગણે છે એ કરુણના રસાનુભવ અને શોકની શોકાંજલિપ્રકારે અપેક્ષા રાખવી એ દૃષ્ટિએ ગ્રહ્યા નથી.

kalgurjari

ઉત્તમકોટિના કરુણરસની સાધની જમાવટ કરવા માટે શોકનો આશ્રયભૂત નાયક ઉત્તમ કોટિ પ્રકારનો હોવો જોઈએ. અને તેને લાચાર બનાવનારી નિરૂપાય સ્થિતિમાં મૂકી દેનારી પરિસ્થિતિ વાળી આપત્તિ (અનિષ્ટ પ્રાપ્તિ) આખી કૃતિમાં વ્યાપી રહેવી જોઈએ. શોકાંજલિના ગૂંદર્ભે શોકનો આશ્રયભૂત નાયક ઉત્તમ-કોટિ પ્રકારનો હોવો જોઈએ. અર્થાત્ ગ્રન્થ પાત્રોની રજૂઆતમાં તે સવિશેષ પ્રતિભા ધરાવનાર, વ્યક્તિવિશેષ હોવો જોઈએ. અને લાચાર નિરૂપાય સ્થિતિની આપત્તિ આખી કૃતિમાં વ્યાપેલી રહે એનો અર્થ કરી શકાય કે શોકની સ્થિતિ સ્થાયીભાવ તરીકે આખી કૃતિમાં આદ્યન્ત વ્યાપ્ત હોવી જોઈએ. પાત્રાભિવ્યક્તિની દૃષ્ટિએ આખી કૃતિમાં આદ્યન્ત શોકની જમાવટ અને વ્યાપ્તિ કલાત્મકતાની ચાંપ લગાવે. શોકની ચેરણ પર શોકોર્ધ્વકલિતા કસોટીએ ચડી પાર ઉતરે તો તે ઉત્તમ શોકોર્ધ્વનું ગૌરવ પામી શકે.

કવિને કાવ્યના નાયક-વ્યક્તિવિશેષ - સુહૃદ્ સ્વજન માટે શોકની જેટલી ઊંચી માત્રામાં તીવ્ર અનુભૂતિ થઈ હોય તે ચરિત્રચિત્રણમાં ઉતરી, ભાવક પણ તેજ માત્રાએ તેમાંથી કરુણનો આસ્વાદ અનુભવે તેવી ક્ષમતા કૃતિમાં હોવી જોઈએ. ભાવતાદાત્મ્ય, કે તન્મયતા માટે એ જરૂરી છે. (૧૭.''..... કરુણરસનો શોકભાવ તો ભાવાનુસંધાન સમયે પ્રેક્ષકને દુઃખરૂપ બને છે નિઃશ્વાસ, અશ્રુપાત આદિ ઉપજાવનારો બને છે.) તેનાથી ભાવાનુસંધાન થાય છે. ત્યારપછી તેમાંથી થતી ભાવાનુભૂતિ પછી એમાંથી, ઉત્પન્ન થતી (જે) રસની, આનંદની વર્ણના છે તેમાં સર્વે ભાવાનુભૂતિની વિશ્રાન્તિ થાય છે. વિશ્રાન્તિપછી દુઃખાનુભવ જે રહેતો નથી. આસ્વાદની થાય છે તે ભાવના વિશિષ્ટ સંસ્પર્શથી યુક્ત કેવળ આનંદઘન સંવિદ્નું આસ્વાદન છે. ૧૮.'' રસવર્ણના એ શોકરૂપ ભાવની વર્ણના નથી પણ એ ભાવના સંવેદનની વર્ણના છે. રસાસ્વાદમાં વર્ણના સંવેદનાથી થાય છે એથી કરુણરસનો આસ્વાદ આનંદમય બને છે''

મમ વ્યક્તિવિશેષના અવસાન નિમિત્તે થતી શોકની અભિવ્યક્તિ-માંથી રસનિષ્પત્તિ અને આસ્વાદના (હેતુ) તંતુ જાતવો જોઈએ.

કરુણરસની અભિવ્યક્તિમાં, નિષ્પત્તિ અને આસ્વાદમાં સ્વાભાવ અને અનૌચિત્ય ટાળી શકે તેવો યોગ્ય નાયક હોવો જોઈએ. નાયકના ગામ તો ત્રણ પ્રકાર છે. ઉત્તમ, મધ્યમ, અધમ પ્રકૃતિનો નાયક. એ દૃષ્ટિએ કદાચ શોકાંજલિમાં વ્યક્તિવિશેષ વિશિષ્ટ - કુલવાળો ધીરોદાત્ત ના હોય તો કદાચ અનિષ્ટોક્તિ, કૃત્રિમતા કે અવાસ્તવિકતા આવી જાય અને બે પ્રેમ જ આસ્વાદમાં અરુચિનું કારણ બને નહીં બે સમજવું જોઈએ. શોકાંજલિમાં વ્યક્તિવિશેષ તરીકે ભાવના ચેતના કે સજાગતા સાથે સંબંધ હોવો ઘટે.

કુંવારાદિ સ્ત્રીની સભામાંથી કરુણરસની વિશ્વવ્યાપ્યતા સંબંધ છે. દેશની રુચિ, જની પુરુષના સંબંધોને લગતી દૃષ્ટિ અને તત્સંબંધિત સામાજિક, કાર્ટુણિક સંબંધોને લગતી મર્યાદાઓ બાધ કુંવારાદિની જેમ કરુણને નડતી નથી. મૃત્યુ સર્વકાલીન છે, તેનો વિષાદ શોક સંવેદનક્ષમ છે. તેથીજ ૧૬. There are hundreads ways of speaking but, of Opping only one.

એ વિધાન પ્રમાણે કરુણરસની વિશેષતા એ છે કે તેની અનુભૂતિ સંવેદનક્ષમ, સર્વકાલિન અને વૈશ્વિક છે. માટે તેની વિશ્વવ્યાપ્યતાનો વ્યાપ વિસ્તૃત છે તેથી જ શોકાંજલિના બોલાતી શબ્દાવલી, દિવંગતો

kalpana's

જીવિત નથી જીવન આકારની માનજ્ઞ એ વિકસતું રહેતું આ કાવ્ય-સ્વરૂપ છે. તેથી તેમાંથી પ્રાપ્ત થતાં કરુણનું સ્તર વિશ્વ-કલક પર જઈ શકે તેવી સક્ષમતા વધી.

શોકની અનુભૂતિ એ અભિવ્યક્તિ ના સ્વરૂપે શોકાંજલિ કાવ્યોમાં મળે છે. આત્મીયજનના દુઃખથી રાગભાવ ધારણ કરે અને સહાનુભૂતિમાંથી દુઃખનિવારણ માટે વિવિધ પ્રયત્ન કરે. બીજું સ્વરૂપ અનુભૂતિની ઊણી માત્રામાં સંવેદનારું છે. (નાયકના જેટલા જ શોકમાં) કવિની અનુભૂતિની પછી દુઃખનિવારણ માટે સક્રીય થઈએ. વ્યક્તિ-વિશેષના કવિ ચિત્તે અનુભવેલા શોકમાં ક્યારેક ભાવક પણ આત્મીયજનની જેમ ડૂબી જાય છે. બીજાના પ્રસંગમાં આપણે સહાનુભૂતિથી સહાયક બનીએ છીએ સહાનુભૂતિમાં સક્રીય ન બની શકીએ તો સહાનુભૂતિજન્ય શોક અનુભવીએ છીએ આ સ્થિતિ શોકાંજલિમાં શોકની તીવ્રતા, ઘૂંટાવટવાળા સિધ્ધ કરે છે.

શોકાંજલિનું અંતિમ લક્ષ્ય શોકની વૈયક્તિક અભિવ્યક્તિમાંથી કરુણ નિષ્પત્તી કરવાનું છે. શોકકરુણનો સ્થાયીભાવ છે. કાવ્યમાં કવિ અનુભવે એ વ્યક્ત કરે તે શોક નામે ઓળખાય છે પણ ભાવક જે અનુભૂતિ ઝીલે છે, તે કરુણરસ છે. કવિ પાસેથી અભિવ્યક્તિ શોક અને તે જ શોક ભાવક ચિત્તમાં કરુણરસરૂપે આસ્વાદ આપે છે. તેથી સ્થાયિભાવ શોક જ વિભાવ-અનુભાવ-વ્યભિચારિભાવ સામગ્રીથી ચૂંથકલ બની કરુણરસ રૂપ ભાવકચિત્તમાં રહે છે. વિભાવ, અનુભાવ વ્યભિચારિભાવની સામગ્રીમાં શોકની લાગણીના વિવિધરૂપોનો

kalpana's

સમાવેશ થઈ જાય છે. એજ રીતે વ્યક્ત બની શોકની અભિવ્યક્તિ થાયે છે જે સામગ્રીમાંથી આ અભિવ્યક્તિ જે પ્રાપ્ત થતી હોય તે શોક રૂપ ગણાય છે. એકલતા, વિષાદ, ગ્લાનિ, ચિંતા, મૌન, જતાવા જેવા આંતરરૂપો સામગ્રી રૂપે વ્યક્ત થઈ શોકની અભિવ્યક્તિ આપી કરુણનો આસ્વાદ કરાવી શકે તેની જે ક્ષમતા ધરાવે છે.

રસની બાબતમાં નવરસોમાં કયો રસ સર્વોપરિ ગણાય એવા આ બધા રસો કયાં રસનાં રૂપાંતર છે? એ વિશે ઘણાં મતમતાંતર થયા. ભવભૂતિએ ૨૭. '' એકોરસઃ કરુણ એવ નિમિત્તભેદાદ્ ભિન્ન પૃથક પૃથક ભિન્નાશ્રયતે વિવર્તાન્'' એમ કહ્યું. કરુણરસ જ નિમિત્ત ભેદે ભિન્ન બનીને અન્ય રસ રૂપે બાયે છે. અન્ય રસો કરુણના વિવર્તો છે. કરુણરસ જ નિમિત્તભેદ ભિન્ન બનીને અન્યરસ રૂપે બાયે છે અન્યરસો કરુણના વિવર્તો છે. કરુણરસ એકની એક છતાં જુદા વિવર્તોમાં હોય એવો અભિપ્રાય પણ રજુ થયો છે. પણ પહેલાં, પછી અને કાયમ સનાતન જે સ્થિતિ છે એ તો શાંતિ છે તેમાં વચ્ચે વચ્ચે કયાંક બની જતી ઘટના પાછી શમી જ જાય છે. એ રીતે મૂલભૂત રસ શાંતરસ છે એવો અભિનવ ગુપ્તનો મત છે. પણ આ ચર્ચામાં અન્યરસની ઉપેક્ષા સેવવા કરતાં એમ કહેવું જોઈએ કે રસ એક અને અભિન્ન છે. અને એ એક રસ એના નિમિત્ત ભેદે થતાં પ્રકારોથી પર છે.

kalpana's

ઊર્મિકવિતા અંતર્ગત લઘુવિરહો ભિ કાવ્યોના વર્ગમાં મરણનિમિત્તક કવિતા, ચિંતનો ર્મિકવિતા, રાજિયા-મરસિયા, ઓડ-એપીટાફની જેમ શોકના જ્ઞ ભાવને પ્રાધ્યાન્ય આપી મૃત્યુ નિમિત્તે થતા શોકનું નિરૂપણ કરતી શોકાંજલિ કવિતા ગુજરાતી કવિતામાં ઘણા કવિઓ વ્યવહારા લખાતી જ આવી છે. તેના ચલન વહેતા પ્રવાહમાં સૌથી વધુ આકર્ષક શોકની ભાવાભિવ્યક્તિ છે. અનેક રૂપોમાં જોવા મળતી શોકની ઊર્મિના આલેખનને કારણે શોકાંજલિ માટે શોકો ર્મિકવિતા પર્યાય થઈ ગયો છે. કેન્દ્રસ્થાને શોકની ઊર્મિની અભિવ્યક્તિ ચાહતી શોકાંજલિ કવિતા તેથી જ ઊર્મિકવિતાનો એક લઘુવિરહો ર્મિકવિતાનો પ્રકાર છે.

આમ્ર આવ્યાસ પરથી કહી શકાય કે શોકાંજલિમાં રહસ્યત માટેનો સ્વજનસંદર્ભ, ગાલ્મીચલત્વો તીવ્ર સૂર, તેમાંથી બંધાતો શોક અને કરુણ રસ પછી અંજલિનો વિકાસ જોવા મળે છે. પરંતુ શોકાંજલિ કાવ્ય પ્રકારની વિશેષતા એ રહી છે કે કોઈ એક બંધારણ ને આધારે તેનું નામકરણ કયાપિત થયું નથી જેમ કે સૉનેટ, ગઝલ વગેરે તેથી એમ સ્પષ્ટ થાય છે કે શોકાંજલિનો આખો વર્ગ ભાવાભિવ્યક્તિ અને તેમાંય મુખ્યત્વે શોકની અભિવ્યક્તિ ને કારણે અન્ય કાવ્યપ્રકારોથી જુદો પડે છે એટલે તેથી એ સ્વભાવિક છે કે તેમાં કાવ્યના પ્રકાર કરતાં શોકની ભાવાભિવ્યક્તિ જે કાવ્યપ્રકારે રજૂ થતી હોય તે શોકાંજલિ તરીકે ઓળખાયે તો તેમાં કશું અઘટિત નથી. આ અર્થઘટન પ્રમાણે શોકાંજલિમાં ચોક્કસ કાવ્યપ્રકારો જોવા મળે છે પણ બધામાં સામાન્યતઃ શોક અને અંજલિ તેના અનિવાર્ય અંગો બની રહે છે. કારણ કે બે બેની અભિવ્યક્તિની વિશેષતા મુકાને કારણે જ શોકાંજલિ કે શોકો ર્મિકવિતા અન્ય કાવ્યોથી અને વિભાગો કે પ્રકારોથી જુદી પડે છે. આ દૃષ્ટિએ શોકની અભિવ્યક્તિ શોકાંજલિ એ કાવ્ય સ્વરૂપનું અનિવાર્ય અંગ બની જાય છે.

Kalpanaben

શોકાંજલિમાં શોક મુખ્યત્વે સ્વીકાર્ય હોવાથી હવે એ વિચાર આવે જ કે શોક પ્રાપ્તિ કેવા રૂપે, ક્યાંથી થાય છે અને તેમાં શું વૈવિધ્ય છે ? શોક ના ઉદ્ગમ માટે આત્મીયતા અને તીવ્ર ભાવ મહત્ત્વના સ્થાને છે. જેનાં કાવ્યો વધારે રોચક લાગ્યાં કે જેમાં વિષયની અભિવ્યક્તિમાંથી આપમેળે જ આત્મીયતા અનુભવાઈ. સ્પષ્ટ ઉલ્લેખ કે સંબંધના નિર્દેશની આત્મીયતા પ્રસ્તાર કરવા માટે કોઈ જરૂર નથી. ગમે તે સંબંધ હોય અને સંબંધનું ગમે તે સ્વરૂપ હોય પણ હૃદ્‌ગત ભાવેની આત્મીયતા એ સર્વમાંથી શોકનું નિમિત્ત બને છે. 'શ્રી જયંતિ દલાલની પુણ્યતીથીએ' અને સ્નેહરશ્મિકૃત 'ઝમરપંથ' કાવ્યોમાં એની પ્રતીતિ થાય છે. આપમેળે વ્યક્ત થતી આત્મીયતા કાવ્યની ચમત્કૃતિ બની જાય છે. અસરકારક અભિવ્યક્તિ માટે રચનાશૈલિ, પદ્ધતિ, વિનિયોજનની કલા, પણ ખૂબ મહત્ત્વનાં છે.

શોકાંજલિ કાવ્યો બે પ્રવાહમાં વિકસ્યાં છે. જ્ઞાત સ્વજન-સંદર્ભ નિમિત્તે શોકની અભિવ્યક્તિ અને આદરણીય મહાનુભાવોના અવસાન નિમિત્તે વ્યક્ત કરતી દુઃખની લાગણી. આ બે પ્રવાહોમાંથી સ્વજન-સંદર્ભ નિમિત્તે વ્યક્ત થયેલો શોક વધારે તાર સ્વરે કાવ્યોમાં પ્રસરેલો છવાયેલો છે બન્ને વર્ગોમાં વ્યક્ત થતાં શોકનું નિમિત્ત પણ વર્ગવાર જુદું છે. સ્વજન-સંદર્ભ નિમિત્તે વ્યક્ત થતાં શોકમાં અભાવ મુખ્યત્વે છે જ્યારે આદરણીય મહાનુભાવોના અવસાન નિમિત્તે વ્યક્ત થતાં શોક કે દુઃખ કે ખોટની લાગણીમાં પ્રભાવ વધારે નિમિત્તરૂપ છે. આ અભ્યાસ પરથી એમ કહી શકાય કે આત્મીયતાની સ્પષ્ટ છબી અને શોકની ઊંચી માત્રામાં અભિવ્યક્તિના અભ્યાસ માટે સ્વજનસંદર્ભના, કુટુંબના પરિવાર જનોના અવસાન પર લખાયેલાં કાવ્યો વધારે ચકાસાતાં છે.

પરિવારજનોના સ્નેહ, વાત્સલ્ય કે દાંપત્યના તંતુએ બંધાયેલા સંબંધો અને સ્વજનના મૃત્યુથી વ્યાપેલા શોકની અભિવ્યક્તિ વધારે

kalpanaro

ઘેરી છે. ક્યારેક પ્રકૃતિના માધ્યમથી, ક્યારેક ધર્મ-ચિંતનના સહારે ક્યારેક વ્યક્તિત્વ લાગણીના પ્રભાવે કવિ શોક વહાવે છે. સ્નેહ - રશ્મિકૃત 'શાશ્વત્' માં આકાશી દૃશ્યના રૂપવર્ણનને આધારે શોકની અભિવ્યક્તિ થઈ છે. મન ક્ષણવથી ન માને તેવા નકારાત્મક વલણ વિરોધાભાસી સ્થિતિ જેવી નિરૂપણની અનેક શૈલીઓથી શોક વ્યક્ત કરવામાં આવ્યો છે. 'અકાલ મૃત્યુ ' અને 'શાશ્વત્'માં એ દૃષ્ટિએ અભિવ્યક્તિ કલાત્મક બની છે.

કોઈપણ કાવ્યપ્રકાર એ કાવ્ય સ્વરૂપમાં બને છે તેમ શોકાંજલિમાં પણ રચનાકૌશલ, અભિવ્યક્તિનું કૌશલ વિનિયોજનની સૂઝ મહત્ત્વનો ભાગ ભજવે છે. શૈલી ઉપકરણો કે પ્રયુક્તિઓ—એનું આખરી ધ્યેય ભાવની માવજત, એની ગહનતા અને સચોટતા, વેધકતા સાચવી રજૂ કરવાનું છે. કવિતાનો સિધ્ધહસ્ત કલાકી તેમાં પોતાની પ્રતિભા પ્રમાણે સફળતા મેળવી જાય છે. દા.ત. 'ફૂલ ખર્યું' કાવ્યમાં ઉશનસ્ની શોક માટેની અભિવ્યક્તિ ધારદાર છે. કાવ્યમાં શોકને ચિંતનની સુંદર સાકરી થાય છે. શોક શમન તરફ વળવા માટે તેનો માર્ગ એજ ચિંતન છે. એટલે મોટે ભાગે ચિંતન જાગ્યા પછી શોક નરમ થતો લાગે પણ આ કાવ્યમાં કવિની કાબેલિયતથી શોક અને ચિંતન જાણે કે સામસામે ગૂંથાયે છે. ચિંતન શોક આગળ પાંગળું પડી જાય છે અને શોક તારસ્વરે કાવ્યમાં દબાઈ જાય છે. ત્યાં શોકની અભિવ્યક્તિમાં ચડિયાતી લાગે છે. શોકની શક્તિનો જાણે કે પરચો મળે છે. શોકની ભાવાભિવ્યક્તિમાટે તેથી 'ફૂલ ખર્યું' ઉત્તમ કોટીનું કાવ્ય બની રહે છે. શોકની ગહનતા અને વેધકતા માટે કાવ્યમાં તેનો ઉદ્ભવ-વિકાસ, પરાકાષ્ઠા, ચિંતન , શમન, સમાધાન સૂક્ષ્મ રીતે ભાગ ભજવતાં હોય છે. અભિવ્યક્તિની વિવિધ ગજમાઈશો જેવી કે શૈલી, દૃષ્ટાંતો, રૂપકો, અલંકારો, આપ્તવચનો, તાદૃશતા, ઉક્તિઓ, ચોટ મારે તેવાં બંધનો, પણ તેટલાંજ મહત્ત્વનાં છે.

શોકાંજલિ કાવ્યસ્વરૂપ તરીકે ભાવ, રસ અને ચંજલિનું સામ્ય હોવા છતાં તેમાં કાવ્યગત ભેદરેખા જોવા મળે છે. તેના કારણોમાં શોકાંજલિમાં વ્યકત થતી આત્મીયતાના બે મૂળભૂત જુદા પ્રવાહોમાં સંતજીવન, સંત-કુટુંબ સ્વજનના લાગણીના સંબંધોની ભેદરેખા, શોકને વ્યકત કરવા માટે લીધેલી વિનિયોજનની સામગ્રી, માધ્યમ, કવિની કાવટ, મૃત્યુની વેદનાથી ઝણઝણાવેલી વેદનામાં માનાકેર, સંબંધની ઘનીષ્ટતા , સદ્ગતની કવિમાનસમાં વ્યકિતત્વની ઝીલાયેલી પ્રતીછબી, કાવ્યનો પ્રકાર, બંધારણ, લય, વગેરેનો મોટો આધાર રહે છે. શોકાંજલિ તો એક કાવ્ય પ્રકાર તરીકે ખરી, પણ એક જ વ્યકિત માટે એકજ ભાવ માટે મૃત્યુનિમિત્તે શોક જ્યારે વ્યકત કરતી લખાયેલી કવિતામાં કોઈ પાંગળી અને કોઈ શ્રેષ્ઠ કૃતિ બને ત્યારે ઉપર્યુકત કારણો તેમાં કારણભૂત હોય છે. એકજ પાત્ર, ભાવ અને પ્રસંગ પર લખાયેલી કવિતામાં ઉચ્ચાવચતાનું મુખ્ય કારણ આ તફાવત છે તેથીજ એક જ કવિના જુદાં જુદાં શોકકાવ્યો કે એકજ વ્યકિતના મૃત્યુ નિમિત્તે લખાયેલા વિવિધ શોકોર્મિકાવ્યોમાં રચતા ભાવવિશ્વની દુનિયાના રૂપરંગ આપણને જુદો જુદો આસ્વાદ કરાવી જાય છે. શોક આમતો એક પ્રકારના ખાલીપામાંથી જન્મે છે પણ જ્યારે આ ખાલીપો કાવ્યમાં શોકને ભરી દે, કાવ્ય જ્યારે ખાલીપાના શોકના વાતાવરણથી ભર્યું-ભર્યું બની જાય ત્યારે શોક નવીન રૂપ 'શ્રી જ્યંતિ દલાલની પુણ્યતિથિએ' કાવ્યમાં આવે છે. કવિ એક દૃષ્ટિકોણ આપે છે કે માણસ જ બધે ખેલન પૂરે છે. તેનાથી ભર્યું ભર્યું બને છે. અને તેના વિના વ્યાપક શૂન્યાવકાશ લાગે છે તેથી જ તેના સ્થાનો પર તેના વિના ભર્યું યથાવત્ 'ભર્યું ભર્યું' હોય છતાં ખાલી ખાલી તેના વિનાનો અફસોસ વ્યકત કરે છે. માણસે રચેલી સૃષ્ટિ તેની હાજરીમાં ભરી ભરી લાગે એ સૃષ્ટિજ તેના વિના તેના શોકનું માધ્યમ બની જાય છે તે શોકનો વિષાય કે સ્મૃતિનું ભાથુ બની જાય છે. સદ્ગત જ્યંતિ દલાલનો ગ્રંથખંડ પહેલાં

kalpataru

વ્યાપક લાગતો હતો. અને પછી ભાવસમાધિમાં તે ગ્રંથોના પાને પાને કાવ્યના નાયકનો ચહેરો અને શબ્દે શબ્દે રણકો સંભળાય છે તે શોકની અને સ્મૃતિની પરાકાષ્ઠા બની જાય છે.

સંગત કુટુંબીજનોના અવસાન નિમિત્તે લખાયેલી શોકાંજલિઓમાં નીતાંત શોક મળે પણ આદરણીય મહાનુભાવોના મૃત્યુ પ્રસંગે લખાતી શોકાંજલિમાં શોક કરતાં દુઃખ, ખોટની લાગણી, સમાજમાં તેની જરૂરિયાત તેનાં કાર્યો, યશગાથા, પ્રેરણા, અનુકરણ, આદર્શો, સંસ્કાર, સંસ્કૃતિ, આ દેશની રીત રસમ, પૂર્વજો અને પ્રેરણા જેવાં અનેક તત્ત્વોનું મિશ્રરૂપ ક્યારેક કાવ્યોમાં મળે છે. માટે જાહેર વ્યક્તિની શોકાંજલિમાં શોક ક્યાંક ગૌણ ક્યાંક માણી શકાય તેવો હોય છે બાકી જીવન ગરમર અને યશોગાનનું તત્ત્વ વધારે હોય છે તેથી એમ પણ કહી શકાય કે શોકાંજલિના હાર્દને પામવું હોય તો સંગત-સ્વજન સંદર્ભે લખાયેલી શોકાંજલિઓને સમજવી રહી.

શોકની અસલિયત તેના બિજી રંગ, ઢંગમાં છે તીવ્રવેદના અને આઘાતમાંથી ઉદ્ભવતી આ ભાવની અભિવ્યક્તિના અસલ રંગની આસ્વાદ, જ્યાં વધુ પડતાં શૈલીકરણો નથી ત્યાં માણી શકે છે. માટે જ શોકની અભિવ્યક્તિ માટે શાસ્ત્રીય પાંડિત્ય ભરી ભાષા, ઊંચા શબ્દો કરતાં સરળ શબ્દાવલિ અને લોકજીભનો રંગરણકો વધારે ફાવી ગયો છે. આવા શબ્દદેહ વાળી રચનાઓમાં આ ગુણને લીધે કૃતિમાં આસ્વાદનું તત્ત્વ ભાવાભિવ્યક્તિની વેધકતા અને તેની દીર્ઘકાલિનતા વધી ગઈ છે. 'બર બર છાંટુ અંજલિ' ની એક વિશેષતા તેના ચોરઠી દુહા ૧. ''જિકડી હેડી હલ ગઈ, વાંકા પૂરા હાલ'' કહી સદ્‌ગત મણિલાલના મૃત્યુનો ખેદને વધારે ચમત્કારક બનાવી દે છે. 'કૂલબર્યું' નું રૂપક અને પરોપકારી મણિલાલને બર બર છાંટુ અંજલિ' માં ૨. ''હરિયાળી ધરતી કરી હાલ્યા મેઘ મલ્હાર'' માં ચોટ અને ચુનાત્મક વ્યક્તિત્વ છતું કરી દે છે. નિમિત્તરૂપે પણ સદ્‌ગત વ્યક્તિવિશેષના વ્યક્તિત્વનો

નિર્દેશ શોકાંજલિના કાવ્યસ્વરૂપનું એક બીજા કાવ્યમાં છવાયેલું જોવા મળતું મહત્વનું લક્ષણ છે. જ્યાં પ્રમાણમાં રહી તે ઉંડારાયું છે ત્યાં કાવ્યને અવશ્ય ઉપકારક નીવડ્યું છે. અહીં નિમિત્તમાત્ર કહેવાનું તાત્પર્ય એ છે કે કાવ્યનું તે હાર્દ નથી. અનિવાર્ય અંગ નથી પણ તે પ્રમાણમાં અપેક્ષિત છે. ભાવકાર્ય છે. શોકની ભૂમિકા બાંધવામાં તેનો ફાળો નાનો સૂનો નથી.

શોકાંજલિને એક વાસ્તવિક પરિપ્રેક્ષ્ય હોય છે. ભાવ અને ચિંતન કે અંજલિના આલેખન માટે કલ્પનાને અવકાશ ખરો પણ તેનો પ્રસંગ કપોલકલ્પિત, કાલ્પનિક હોતો નથી અને તેની વાસ્તવિકતાની ખાસિયત એ છે કે સંવેદનાના સહજોદ્ગારની અભિવ્યક્તિ એટલે શોકાંજલિ કારણ કે માનવ જીવનની કોઈ પણ ભાવાભિવ્યક્તિમાં હૃદયની સચ્ચાઈ સાથે સંવેદનાની લગોલગની અભિવ્યક્તિ આપતો બે સંવેદના શૃંગાર અને શોકમાંથી શોક સર્વોત્તમ છે. આત્મીયતાની સાક્ષીરૂપ શોકની અભિવ્યક્તિની સચ્ચાઈમાં તેના નિતાંતરૂપમાં, પારદર્શકતામાં અન્યને અવકાશ નથી. આવી સચ્ચાઈનો રણકો જે શોકાંજલિમાં સંભળાયો છે તે આસ્વાદ્ય ઉત્તમ શોકાંજલિ તરીકે હંમેશ વરી ગઈ છે.

શોકની અભિવ્યક્તિ સમય પ્રમાણે બદલાતી રહી રુદન અને માત્ર કલ્પાંત માંથી અભિવ્યક્તિ વેદના, અભાવ, બાગીચો, રંજ, દીનતા, અફસોસ, શૂન્યતા, વૈરાગ્ય -વિરક્તિ, એકલવાયાપણું, નિર્જનતા જેવી વિવિધ ભાવછાયાઓના રંગો કાવ્યોમાં વિકસ્યાં આ વિકાસમાં શૈલી પણ અભિવ્યક્તિનું આબાદ નિમિત્ત પુરવાર થયું. ચંદ્રકાંત શેઠ, લાભશંકર, મણીલાલ દેસાઈ, રાવજી પટેલની નવી શૈલીની રચનાઓમાં ઢંઢોલાય પછી એક નવો વળાંક આવ્યો તે અભિવ્યક્તિની તાજગીનો છે. એમાં સ્મૃતિ લગભગ બધાજ કાવ્યોમાં છવાઈ ગઈ છે.

શોકાંજલિમાં જે કાંઈ હોય તેની ગતિ શોકની દિશામાં હોવી ઘટે. એમાં વ્યક્તિવિશેષના વ્યક્તિત્વનો ઉલ્લેખ હોય તો તેની અનિવાર્યતા કે ઉપકારકતા સિધ્ધ થવી જોઈએ. અને લાઘવને વરેલી શોકાંજલિમાં પ્રમાણબધ્ધતાનો હંમેશ ખ્યાલ રાખવાનો હોય છે. માટે વ્યર્થ વૃત્તાંત અને વ્યક્તિમોહ જો વ્યક્તિત્વમાં વિસ્તરે તો કાવ્ય શોકાંજલિ બનવાને બદલે માત્ર પ્રશસ્તિકાવ્ય બની રહે માટે વ્યક્તિત્વના સંપૂર્ણ ચિતારને બદલે શોકાંજલિમાં અદ્ગત વ્યક્તિવિશેષના ચેકાદ ઉત્તમ અંશનો આગ્રહ રાખવાને બદલે. સાથે એ સભાનતા પણ જાળવવી રહી કે નાટકના સંવાદો અને વર્ણનોમાંથી બંધાતા પાત્રાલેખનની સાથે વ્યક્તિત્વના વર્ણનની સ્પર્ધાનો વિષય શોકાંજલિનો નથી.

શોક સાહિત્યનું આકાર ધારણ કેર તે પહેલાં જે વિવિધ તબક્કાઓમાંથી તે પસાર થાય છે તેનું ચિંતન સર્વ સ્પર્શી સર્વ સ્વીકૃત સ્વરૂપ શોકાંજલિમાં અપેક્ષિત છે. મરનાર વ્યક્તિ , મરણાસન્ની સ્થિતિમાં જે વ્યથા અનુભવે છે, જે વિલાપ કરે તે, તેની સેવાસુશ્રુષામાંથી બંધાતી આત્મીયતા માંથી બંધાતું સાતત્ય ભૂતપૂર્વ પ્રસંગોમાંથી જાગતી સ્મૃતિમાંથી રચાતો શોક, આઘાતો અને સ્નેહીઓમાં વ્યાપતો શોક, દર્શકોમાં અનુભવાતો શોક, ભાવ, પ્રતિભાવમાંથી બંધાતો શોક, આખા વાતાવરણ માંથી કરુણા સાથેની તેની સહાનુભૂતિ ઝીલી કવિ પોતાના હૃદયમાં અનુભવેલો શોક ઉમેટી જે કવિકર્મ કરે તેમાં શોકની અભિવ્યક્તિ એક વિશિષ્ટ આકાર સાથે આવે છે.

શોકની અભિવ્યક્તિને વૈવિધ્ય બક્ષનાર માધ્યમો, સાધનો, અને ગ્રન્થ સામગ્રીનો ઉલ્લેખ કરવા યોગ્ય છે. અનેક પ્રકારની શૈલીઓ, અને કવિસૃષ્ટિઓ ક્યાંય આ અભિવ્યક્તિને નવોચોપ આપે છે. શોકને સ્વાંગપણે કૃતિમાં ઉતારવાનું ભગીરથ કાર્ય કોઈ કાવ્યમાં બની આવે બાકી મહદંશે અનુભૂતિ કણનો વિસ્તાર કાવ્યોમાં છે. આત્મ ચેતના નિમિત્ત ભદારા જુદાં જુદા પાત્રોનો વિકસાવી તે માંથી શોકને સ્વાંગસંપૂર્ણ

બનાવવું મુશ્કેલ છે. શોકાંજલિ આત્મીયતા વિના સંભાવિત નથી એમ માનીએ તો પણ આત્મીયતામાંથી શોક સુધી તો વિસ્તાર અને રૂપાંતર થવામાં ઘણી વાર લાગે છે. નિરંજન ભગત 'લલ્લુકાકાને અંજલિ' કાવ્યમાં માત્ર 'રણકો' યાદ કરાવી લલ્લુકાકાનો રણકો, તેમનો અવાજ લહેકો, મિજાજ અને તે પરથી તેનું પ્રભાવશાળી વ્યક્તિત્વ કાવ્યાંતે ઊભું કરે છે કે..

"..હવે ચકિત કાળ પણ મુગ્ધ સુણ્યા કરે"

અભિવ્યક્તિનાં વિનિયોજનની કલા અને વિનિયોજનમાં ઉપકરણો અને પ્રયુક્તિઓ શોકને કાવ્યસ્વરૂપે ઠંડા રસમાં સફળતા મેળવી ગયા છે. સિધ્ધહસ્ત કવિ માટે ભાવાભિવ્યક્તિની અસરકારતા લાવવા માટે વિનિયોજન એક કૌશલ્ય છે જ્યારે કાવ્યોમાં એક જ ઉપકરણમાંથી વિવિધ અર્થઘટન તો ઘણા કાવ્યોમાંથી વિવિધ ઉપકરણોમાંથી અર્થઘટનની સમાનતા મળી આવે છે. અર્થાત્ ઉપકરણ કે પ્રયુક્તિ, દૃષ્ટાંત કે રૂપકની અસરકારકતા કવિકસબ પર આધાર રાખે છે. સ્વપ્ન, શોક , આંસુ, પાનખર, સ્મૃતિ જેવા પરંપરાગત ઉપકરણો અને રૂપકોમાં નવા અન્વય અને સંદર્ભમાંથી પ્રાપ્ત થવા નવા અર્થોની તાજગી મળે છે. પરંતુ સમય જેવા ક્લિષ્ટ ઉપકરણમાંથી અર્થ કાઢવાની સામર્થ્ય કોઈક કવિમાં જ મળે. પિતાના મૃત્યુના નજીકના દિવસોમાં કવિપિતાને ભૂલવા માગે છતાં ભૂલાતાં નથી. ત્યારે એવું લાગે છે કે સમય પિતાથી પુત્રને દૂર થવા દેતો નથી. પણ કાવ્યના અંતે કવિ કહ્યું છે કે પિતા હવે ચલત યાદ આવતા નથી પિતાને પોતાનાથી દૂર લઈ જાય પણ એ સમય જ છે. વ્યવહારની ભૂલ ભૂલામણીમાં સ્મૃતિ થઈ જાય તો તે સમયની બલિહારી એકજ વર્ષમાં સમયના પ્રભાવે પલ્ટાતી પરિસ્થિતિની મૃત્યુપ્રાપ્ત રાજેની આપણી સંબંધકરી પર શું અસર પડી હશે તે અહીં સચોટ રીતે બતાવ્યું છે આમાં શોકની ભાવગૂંથણી સમયના ગોથા પર છે.

શોકનું વહન ચિંતન કે કરુણ તરફ હોય પણ 'વીર જતીન્દ્રના સંભારણા' એક નવો અને ભાવકાર્ય અનુભવ આપે છે. શોકમાંથી કરુણની રસાનુભૂતિનો ખ્યાલ સાચો છે. યથાર્થ છે. અને સ્વભાવિક પણ છે. પરંતુ આંસુ વહાવ્યા કે કરુણ નિમિત્તે સદ્ગતને પક્ષે કોઈ અન્યાય ન થઈ જાય તેની માવજત અને શોકની માના, પ્રભાવ ટકવી રાખી ઊંચુ ગૌરવ અને ગાપવાની ભાવના એ માંગલ્ય બક્ષવાનું સાહસ છે. 'વીર જતીન્દ્રના સંભારણા' એ દૃષ્ટિએ બીજા શોકાંજલિ કાવ્યોથી જુદી પડતી કવિતા છે. ઉંચા ચાદર સાથે જતીન્દ્રની વીરતાને ઝવેરચંદ માન આપે છે કે ' હે જતીન્દ્ર, તું દધીચિ, મોરધ્વજ, અને ભીષ્મથી ઉતરતો સ્હેજ પણ નથી કારણ કે દુશ્મનોની વચ્ચે એકલા હાથે લડી ટેક ખાતર રામની કરી દ્રામતા, સહનશીલતા અને એકલતાના બળ પર તે વિજય મેળવ્યો છે. રણશીંગ વાગ્યા નથી તો પણ તે લોહીનું પ્રત્યેક ટીપું વાળ્યું છે અને તે મૃત્યુને શાંતિના પરમ સ્થાન તરીકે, માતાની ઢંકાળી ગોદ તરીકે સ્વીકાર્યું છે. એ તારી મહાનતા છે. તારી વીરતા તેથી જ અલૌકિક લાગે છે. અન્ય કાવ્યોમાં કવિ શોકમાંથી કરુણ તરફ જાય પણ અહીં કવિ ધન્યતાનો ભાવ ઊભો કરે છે. અને કહે છે કે દુશ્મનો મૃત્યુ પર જાને નર્મદ કહે તો હતો તેમ 'નવ કરશો કોઈ શોક રસિકડાં..... શઠ હરખાશે મનથી'' શોક વ્યક્ત કરી તારી શહાદતને, મૃત્યુને હાસ્યાસ્પદ નથી બનાવવું.

૪...''ગગન વિદારણ રાગનાં, ગાજો-નંદન-ચોટ।
ઉત્સવ દિન આપણ ઘરે, અરિજનને ચકચોટ''

વળી કવિ આગળ દરેક જણને આદેશ પણ આપે છે કે

૫...''ગાઓ રે બેની વીરને વારણે
ગાઓ રે માવડી પુત્રને પારણે''

શુધ્ધ અંજલિ અને મૃત્યુનું માંગલ્ય બેવી બે નવી વિશેષતાઓ આ

Kalpana's

કાવ્યમાં મળી આવે છે.

કાવ્યોમાં આંશિક કે ખંડ (સામ્રા) વ્યક્તિત્વ, એમ બન્ને પ્રકારે આલેખન જોવા મળે ત્યારે પ્રશ્ન થાય કે શોકની અભિવ્યક્તિ માટે કયા પ્રકારનું આલેખન વધુ ઉચિત ગણાય ? પણ શોકોદ્ગાર માટે બન્ને આલેખનો સફળ રહ્યા હોવાનાં દૃષ્ટાંતો કાવ્યોમાંથી મળે છે. ઉમાશંકર કૃત 'મેઘાણીભાઈને' માં આંશિક આલેખન છે અને બાલમુકુંદકૃત 'આજીવન શબ્દો' માં વિસ્તારથી આલેખન છે. બન્ને વદારા શોકની અભિવ્યક્તિની સફળતાને ધ્યાનમાં રાખતાં એમ પણ કહી શકાય કે એનો કવિની સૂઝ પર તે આધારિત છે. શોકની અભિવ્યક્તિ માટે વિરોધાભાસની અસરકારકતા માટે 'વિશ્વચેતની વિદાય' યાદ આવે. માત્ર ગાંધીજી ગોળીથી હત્યા પરથી કવિ ચિંતાર આપી દે છે કે સત્ય, અહિંસા, પ્રેમ અને કરુણા, માનવતા વાળા ગાંધીજી હત્યાં , ખૂન, ગોળીથી અવસાન શોક અને કરુણા વધારો દે છે. એજ ઉપકરણને આધારે શોકની અભિવ્યક્તિ થઈ હોય તેવા ઈંદુરમુ,બાલમુકુંદ અનેઉમાંશંકરના કાવ્યોમાં શોકની ચીતાર છેડવા તંબૂરનો દાખલો આપે છે. 'વિશ્વચેતની વિદાય' માં જોવા મળે છે તેવો વિરોધાભાસ બબરદારકૃત 'સ્વ.ઝાલાદારીના આત્માને ! શોકાંજલિમાં પણ જોવા મળે છે.

૬...'લૈંચી લૈંચી તુજ મેડી આકાશે, નીચા અમારા વાસ
તો ય દૂરથ તુજ નિત્ય ઘડકતું, દુભતું અમી દાસ'

અથવા

૭...'રોતાને નઈ રોકતો વીરા, રોકતો ચેતર આપ
હિંદ મૈયાના દીન દૂરથની રૂડ્ય બન્યોતું બાપ'

શોકગ્રસ્ત વાતાવરણના આલેખન માટે સ્થળ, પ્રસંગ અને ઘટનાના વિરોધાભાસ ઘણા કાવ્યોમાં મળી આવે છે.

શોકાંજલિ કવિતામાં જે કવિનો સ્મૃતિને આધારે શોક આલેખી શક્યા છે તેવી શોકાંજલિ, સિધ્ધિરૂપ છે. આ વિધાન યથાર્થ ઠેરવા

kalpanabu

માટે લાગે કે શોક એટલે માત્ર વિલાપ નથી. અત્યંત કરુણ સ્વરે રુદન કે વિલાપ એ ચાંચો શોક નથી એમ જ હોત તો મરાસિયાથી શોકાંજલિને અલગ રીતે ઓળખી ના પડત પરંતુ શોકાંજલિમાં શોકનું ઉત્તમ રૂપ મરાસિયાની તુલનાએ કંઈક વધુ સઘન સ્વરૂપ પામી આવે છે. રુદન, કે વિલાપ ના હોય છતાં શોક પ્રતીત થાય તેવી રચના અને પંક્તિઓ છે એમાં ઝકોરા, હતાશા, અભાવ ઉપરાંત પ્રાર્થના, ક્ષમા-યાચના, અપેક્ષાની નવી ભાવછાયાઓ પથરાઈ છે. કેટલાક કાવ્યોમાં વિલાપ એટલો હૃદયદ્રાવક લાગે છે કે થોડી માત્રા જો ઓછી હોત તો શોકનું ચર્મ સાધન બની રહે તેવો વિલાપ થઈ અટકી ગયો છે. કેટલાંક કાવ્યોમાં કુદરતના દૃશ્યો, ઋતુઓ, ને આધારે શોકનું આલેખન થયું છે. કેટલાંક કાવ્યોમાં બે વિચારધારા સમાંતરે કાવ્યમાં વહેતી લાગે છે. એક વિચારધારા સતત આશ્વાસનનો પ્રયત્ન કરતી હોય છે જ્યારે બીજી વિચારધારા સ્મૃતિના ફ્લેશ બૅક તારસ્વરે સંવેદના જગાવતી હોય છે. એક વિચારધારા કહે છે : ૮.''ધંધો હવે નિષ્ફળ થયુ મારાં'' અને બીજી વિચારધારા તેમને પડકારે છે કે ૯.'' ક્યાંથી કહો આખી ઉર ધાતા'' આવી ચતુષ્પદિમાં કરતા હોની હાય નિતાંત રૂપે તરી આવે છે. ત્યાં માત્ર સીધી સાદી રીતે નહી આવતા શોક કે કરુણને બદલે લાગણી, વાસ્તવિકતા, મંથન અને ચિંતનના ચતુરંગથી શોક વધારે ઊંડર લાગે છે. કરુણરસની નિષ્પત્તિ આવા કાવ્યોમાં વધારે કલાત્મક આસ્વાદ્ય, રસોદ્ય લાગે છે. સતત ઝરતા શોક અને કરુણને લીધે આવી કૃતિ કરુણપ્રશસ્તિની લાક્ષણિકતા વધુ નજીક પહોંચી જાય છે. આવી શોકાંજલિ પોતાની સબળતાને કારણે પ્રથમ પંક્તિની શોકાંજલિ બની જાય છે. શોક અને કરુણની નિષ્પત્તિ પ્રસંગ કરતાં પણ વધારે કલાસૂઝ અને કવિસૂઝ પર આધારિત છે. કારણ કે ઘણા કાવ્યોમાં પ્રસંગ અને ઉપાદાનોની સમતા હોય છે. કરુણનિષ્પત્તિની માત્રાની ઉચ્ચતરતા તેની સફળતા-નિષ્ફળતા માં ખૂબ ભાગ ભજવે છે. ઉપકરણોનો ફ્લેશ અભ્યાસ કરી કવિ

kalpana's

જેટલો વધારે કરુણનિષ્પત્તિ કરી શકે તેટલું કાવ્ય વધારે કાવ્યત્વ પ્રાપ્ત કરે. તે માટે ઉપકરણો ક્યાં સુધી મુખ્યભાવમાં ઓતપ્રોત, ઐક્યરૂપ થાય છે તે મહત્વનું છે.

શોકની અભિવ્યક્તિ માટે વિરોધાભાસ પછી દૃષ્ટાંત કે રૂપકો અને તુલનાઓ ઘણા કાવ્યોમાં પ્રયોગાયેલા જોવા મળે છે. દા.ત. જેમ ચંદ્ર વગર આકાશ અને રાત ગમગીન લાગે છે તેમ સ્નેહીજન વિના સંસાર ગમગીન લાગે છે. કેટલાક કાવ્યોમાં શોક ભાવના વિવિધ ઉપકરણોને સહાયક આલેખાતો હોય પણ જે કાવ્યમાં લાગણીને અભિવ્યક્તિમાં વિસ્તરતી બનાવી જ્યાં જુએ ત્યાં બધે, જ્યાં સ્વજન અભાવને દૂર કરવાના પ્રયત્નો રહે તેમાં વતનની ઓટ અનુભવી શોકને હૃદયભાવક બનાવાયો હોય તે શોકાંજલિ બીજી કોટીની બની જાય છે.

છંદોબદ્ધ રચનાઓ કરતાં નવી શૈલીની અછાન્દસ કવિતામાં નવી રીતે શોકની અભિવ્યક્તિ મળે છે. ચંદ્રકાંત શેઠ રચિત 'રાવજી' કાવ્ય એનો સુંદર નમૂનો છે. સ્મૃતિનો પરંપરાગત ઉપયોગ ન સ્વીકારતાં તેઓ નવી પરિપાટીમાં સ્મૃતિને ઢાળી પોતાની મૌલિકતા સિદ્ધ કરે છે. સ્મૃતિના આલેખનની આ કવિતામાં બે વિશેષતા છે કે સ્મૃતિ બહાર કશું નહીં, સ્મૃતિ અન્ય કોઈની અભિવ્યક્તિનું સાધન-માધ્યમ નહીં પણ સ્મૃતિને સ્વતંત્ર રીતે વિહરતા દઈ વિસ્તરતા દે છે. તેમાં [redacted] આંખો સ્વજન બનાવ છે જ્યાં રાવજી અને સ્મૃતિમાંથી શોકની અનુભૂતિ મળે છે.

૧૦"..."તને રાવજી, હવે શબ્દની વાટે સરતો જોતો
નમણી પનિહારીના વાંસે, નજર બની ટકરાવ
પનિહારીના ભેડામાં જે ઉછળ્યું
કેટકેટલા શબ્દે રચ [redacted] થૈ, એકાંતે ના નીતર્યું
તારી ભુખ્યી આંખોમાં, ખેતરના લીલી લીલા ગોલ"

સ્મૃતિ નવે રૂપે ચમત્કૃતિ આપી જાય છે. ચંદ્રકાંત શેઠ નિરૂપેલા ભાવ

kalpataru

સ્મૃતિચિત્રોની બે વિશેષતા છે. એ ચિત્રોની તાદૃશતા અને ગતિશીલતા આ બે વિશેષતાઓથી ભાવ જીવંત બની જાય છે.

૧૧.''કાષ્ઠ પર સૂતેલો કાષ્ઠ થયેલો રાવજી''

તાદૃશ તેમજ આઘાતજનક અને શોકગર્ભિત છે. અછાન્દસ કવિતામાં શોક કોઈ રંગે રંગાઈને આવતો નથી પણ બધાજ રંગોમાંથી ચળાઈને, શુધ્ધ થઈને પોતાનું આગવું રૂપ લઈને આવે છે. છાન્દસ રચનાઓમાં પ્રાસ કે છંદ કે કોઈપણ કારણે ક્યારેક દેખાઈ આવતી કૃત્રિમતા, ગતિરોધ, આભાસ,જીભાઢાળ પ્રવૃત્તિ, વિરહમાં ક્યારેક બનાવટ થતા, કે ગતિશયોક્તિ અછાન્દસમાં જવલ્લેજ જણાશે. નહીંતર પ્રમાણમાં હજો કારણ કે નવા કવિઓ પાસે ઉપકરણોના વિનિયોજનની આગવી શૈલી, સૂઝ છે. દા.ત.

૧૨.''તારી ભુખ્યી આંખોમાં
બૈતરમાં લીલા લીલા પોલ
પોતા સાથે ઝીણી આંખ કરીને વાતો કરતી મારે કરી કરીને જોવો''

આગાઉના કાવ્યોમાં શોકમાંથી માત્ર વિલાપ વિયોગ કે આઘાત દેખાતો હતો તેને બદલે અછાન્દસ કવિતામાં ઉંમેરા , અભિવ્યક્તિ, તરબ વ્યક્ત થાય છે. નવા કલેવરમાંથી શોક ચમત્કૃતિ લઈને આવે છે. જેમાં કવિપ્રતિભાની અસર કામ કરી જાય છે.

શોકમાં ગતિશયોક્તિ સ્વભાવિક ગતી તિકર અને મનોહર હોય તો શોકની અભિવ્યક્તિની સુગમતા માટે તે સહાયરૂપ નીવડે છે. લલ્લુકાકાને ગંજલિ'માં નિરંજન ભગત બાળવંતરાયના રસકા માટે કહે છે કે ''કાળ પણ મુગ્ધ સુણ્યા કરે'' જેમાં બાળવંતરાયના પ્રભાવની ઘેરી અસર વ્યક્ત કરવા મંજ મંડે છે. રસકાની અસરનો વિસ્તાર અને પ્રસારમાં ગતિશયોક્તિ છે. કાળનો કોઈનાથી જીતાતો કે બંધાતો નથી. બરોબર કાળ બધાને બાંધે છે પણ લલ્લુકાકાના રસકાથી કાળ મુગ્ધ થઈ ગયો.

kalpanch

ક્ષણિક થંભી ગયો ને સુણ્યા કરે અર્થાત્ લલ્લુકાકાનો રણકો સ્મરણમાં પણ પડઘાય છે ને તરત કવિ ભૂતકાળમાં લલ્લુકાકાના સાન્નિધ્યમાં ખેંચાઈ જાય છે. અવસાન પછી ગ્રંથોમાં લખાયેલાં શબ્દો વાંચન દરમિયાન રણકો થઈ ગુંજી ઉઠે છે અને શબ્દે શબ્દે લલ્લુકાકા બોલતા હોય એમ લાગે છે. એમાં શોક અને સ્મૃતિની વેધકતા સુંદર છે. અહીં સદ્‌ગતના અભાવમાંથી નહી પણ સહોભાવમાંથી શોક વ્યક્ત કર્યો છે.

અન્ય કાવ્ય સ્વરૂપોની સરખામણીમાં શોકાંજલિમાં પ્રસંગ, ભાવ અને રસ તો સરખા સમાન છે તેથી કાવ્યમાં વધારે ઉચ્ચાવચતા ન હોય એમ લાગે, પણ કાવ્યો વાંચતાં ઘણી વિશેષતાઓ અને ઘણા - કાવ્યોમાં ઉચ્ચાવચતા જોવા મળી તેમાં ખાસ કરીને શોકની અભિવ્યક્તિ માટે, અંજલિ માટે, કરુણરસનિષ્પત્તિ અને સંક્રાંતિ માટે અને શોકના ઉદ્‌ગમ અને વિસ્તાર માટે કક્કાવાર ક્રમ પ્રમાણે શોકના ઉદ્‌ગમમાં વિવિધતા હોઈ શકે પણ ઉચ્ચાવચતા માટેનું કારણ શું હોય તે તપાસીએ કરતા જણાવ્યું કે અવસાન નામે પ્રસંગ સરખો હોવા છતાં કવિચિત્તમાં ઝીલાયેલી તેની અસર અને કવિપ્રતિભા પ્રમાણે તેની અભિવ્યક્તિમાં માનાફેર વર્તાય છે. પ્રમાણમાં કૃતિ શોકથી છવાયેલી હોય પણ અભિવ્યક્તિ ચમત્કૃતિ વિનાની, બેડોળ લાગે તો શોકાંજલિને હાની પહોંચે. ટૂંકમાં પ્રસ્તુત વ્યક્તિ સાથેની આત્મીયતા, વ્યક્તિત્વ નો પ્રભાવ અને આલેખનનું કૌશલ પર શોકની અભિવ્યક્તિ ખૂબ આધાર રાખે છે.

શોકની અભિવ્યક્તિમાં જે વૈવિધ્ય જોવા મળે છે તેમાં કાવ્યના પ્રકારગત, બંધારણ પ્રમાણે ઉચ્ચાવચતા જોવા મળે છે. ગીતકાવ્ય, ભજન લોકગીતના ઢાળ, ગઝલ, સૉનેટ, ખંડકાવ્ય જેવા અનેક પ્રકારોમાં શોકાંજલિ હોવા છતાં શોક અને કરુણની અભિવ્યક્તિ માટે, ભાવની પરાકાષ્ઠા માટે, ચરમસીમા માટે, પ્રકાર વૈવિધ્ય અને બંધારણ પણ અસરકારક ભાગ ભજવે છે. હરિશ્ચંદ્ર ભટ્ટ 'નિર્મળ' અને સદ્‌ગત બહેન

Kalpana's

માટે સદ્‌ગત ચંદ્રશીલાને, માં ભાવની અભિવ્યક્તિ હોય તેના કરતાં સ્નેહરશ્મિ પુત્રીને અંજલિ આપી કહે છે કે...

૫૩..''આકાશ જેવું
જીવી ગઈ તું હવે
સ્મરણો બીનાં'' માં ઉદ્‌ગારવાચક અક્ષર તો રહેવાની જ (સોનેરી ચાંદ રૂપેરી સૂરજ-સ્નેહરશ્મિ) ચેકજ પ્રસંગ પર, ચેકજ ભાવ અને ચેકજ રસને ધ્યાનમાં રાખી લખાતી શોકાંજલિમાં ભાવની અભિવ્યક્તિની વિવિધતાની વિવિધ શક્યતાઓ તાપસી તેમાં કવિકૌશલ, સ્વજનસંદર્ભ, આત્મીયતા અને વિનીયોજનની સૂઝ કે રચનાકૌશલ મુખ્ય છે.

શોકાંજલિની વિશેષતા એ છે કે પ્રસંગ, ભાવ, રસ અને અંજલિના પાયાની સમાનતા હોવા છતાં શોકાંજલિમાં ઉચ્ચાવચતા અને વૈવિધ્ય જોવા મળે છે. તેની વૈવિધ્ય એ અભિવ્યક્તિ, જે તેના કાવ્યસ્વરૂપ અને કલાત્મકતા તેમજ ગુણવત્તાના માપદંડ સમાન છે. પાયાની સમાનતા હોવા છતાં એના અંતરંગનાં કઈ વિવિધતા હશે કે જેનાથી શોકાંજલિમાં નોખાપણું તરવર્યા કરે. એ વિચારના અનુસંધાનમાં અભિવ્યક્તિના વૈવિધ્યની દૃષ્ટિએ સૌ પ્રથમ ભાવાભિવ્યક્તિની લાક્ષણિક ભીન્નતા પર ધ્યાન જાય છે. કારણ કે પ્રસંગ તો માત્ર ઉલ્લેખ પૂરતો હોય છે. શોકના ઉદ્‌ભવ પછી તેમાં શોકના માધ્યમરૂપે થતી શોકની અંતર સ્થિતિઓ વિલાપ, રુદન, સ્મૃતિ, શોક, અભાવ, શોકનું ગુંજન, ટપકતી વેદના, કરુણતા, આર્દ્રતા, નમ્રતા, આત્મીયતા, ઝરઝરિયા, દિલાસો, મનોમંથન, મૂંઝવણ, આક્રંદ, એકલવાયાપણું ક્યારેક એમાંથી ઉઘડતો વૈરાગ્ય, સંસારની ખાલીપો વલોપાત ની જુદી જુદી રીતે થતી અભિવ્યક્તિ આ વૈવિધ્ય લાવે છે. ઉપર્યુક્ત તમામ અંતર સ્થિતિ સંગત સ્વજનસંદર્ભે લખાયેલી શોકાંજલિમાં જોવા મળશે. તેમાં શોકના સ્વરૂપની ઝાંખી મળી રહેશે. મહાનુભાવો માટે લખાયેલી અંજલિમાં શોક કરતાં તેમના પ્રજા કાર્યો અને પ્રજા પ્રભાવનું આલેખન વધારે જોવા મળશે.

સામાન્યતઃ કવિ તેમાં મૂકદ્રષ્ટા જ હોય છે પણ અંગત સ્વજનના અવસાન નિમિત્તે તે મૂકદ્રષ્ટા હોવા ઉપરાંત ચાખ્તોજનોમાંનો એક પણ હોય છે તેથી જાહેર વ્યક્તિ માટે લખાયેલી અંજલિ કરતાં આત્મીયજન માટે લખાયેલી અંજલિમાં શોકનું તત્વ વધારે મળશે. એ દૃષ્ટિએ એમ કહી શકાય કે અંજલિમાંથી શોકાંજલિ તરીકે ઓળખાવનાર તત્વજ આત્મીયતા અને અભાવની લાગણી છે. તેથીજ બે સ્પષ્ટ માર્ગો જોવા મળે છે કે કેટલાક અપવાદોને બાદ કરતાં અંગત સ્વજન નિમિત્તે લખાયેલી કૃતિ શોકાંજલિ છે પણ જાહેર મહાનુભાવ પ્રત્યે સદ્‌ભાવ કે પ્રતિભાવ વ્યકત કરવા લખાયેલી કૃતિ શ્રધ્ધાંજલિ, માનાંજલિ કે ભાવાંજલિ છે. અંજલિના વિવિધ પ્રકારો-માંથી શોકાંજલિની એ વિશેષતા નોંધપાત્ર છે કેમકે અનેક લક્ષણો જોવા મળતાં હોવાથી અને કરુણપ્રશસ્તિ સાથેના લક્ષણો ક્વચિત્ સરખાવતાં સમાનતા લાગતી હોવાથી શોકાંજલિનું કાવ્ય સ્વરૂપ સ્વાયત્ત રીતે સાહિત્યિક સ્થાન મેળવે છે.

'બલ્લુકાકાને અંજલિ' કાવ્યમાં રણકાનો ઉલ્લેખ છે કવિ કહે છે કે 'હવે ચકિત કાળ પણ મુગ્ધ સુણ્યા કરે' એમ ૭૬૧૨ ચકિલાઈને તાકવાનો પ્રયત્ન એમાં સુંદર છે. સ્મૃતિનું આલેખન પણ શોકની અભિવ્યકિત માટે સારું કરવામાં આવ્યું છે. આનંદના પ્રસંગની સ્મૃતિ દુઃખદ બને એ રીતે સંયોગ વિયોગને સાંકવાનું કાર્ય અને તેમાંથી ખેદ, દુઃખ, શોક વધી જાય છે. શાંતિપૂર્ણ વાતાવરણમાં શોકનું પથરાતું સામ્રાજ્ય કાવ્યના આસ્વાદનો ભંગ બની જાય પણ તેમાં વિલાપ, રુદનના ક્લેશકર કલંક ન હોવા જોઈએ. સ્થિર શાંત વિલસતી પ્રકૃતિમાં સ્હેજ હવા ફરી જાય તેમ ગ્લાનિ, ખેદજનક વાતાવરણની શાંતિથી એક વિશિષ્ટ પ્રકારની સ્થિરતા ખોરવાતી હોય તેમાં ધીરે ધીરે શોક વિસ્તરે અને તેની ચોટ પહેલી સ્થિરતામાં સંચાર કરી જાવી જારી લાગે તેવું આલેખન 'નિદ્રોષ્ઠા ને નિર્મળ આંખ તારી' માં મળે છે.

આવેજ આ કાવ્ય મનહર અને મનતાર કાવ્ય છે.

અનેક વિગતો કે ઉપકરણોના ઢગ ગોઠવ્યા વિના, સાયાસ-પૂર્વક સર્જેલી સૃષ્ટિ કરતાં વાચકને રુચે, તેની રસવૃત્તિને સંતોષે તેવી વાસ્તવિક ભૂમિકા પરથી જ્યારે શોકનો પ્રાદુર્ભાવ થાય ત્યારે તે વધુ પ્રતીતિકર લાગે છે. 'કસ્તુરબા' કાવ્યમાં કવિ બાપુએ કરેલા બાના સંબોધન પછી કસ્તુરબાને આખા દેશના બા તરીકે ઓળખાવે છે. બાની આવી વ્યાપક પ્રતિભા વિકસાવી, ઉપસાવી હવે 'અહીંથી ક્યાં ફર્યા?' કહી દેશ આખો પરિવાર અને તેને મૂકી જનાર બા બે આખા પરિવારને શોકમાં મૂકી દીધો કહી શોક અને વિષાદની વ્યાપકતા વધારી દે છે. આ વ્યાપકતાને માત્ર એક ×××× વાક્યમાં કવિ ઉશનસ્ વ્યકત કરી દે છે કે..

૧૪''...રહ્યાં કેક ને મૂકી બા, બા કાં અહીંથી ફર્યા?''

એમાં લાચારી, વિયોગ અને વિષાદ ને કવિ તાદૃશ કરી દે છે.

મૈત્રી પણ શોકની અભિવ્યકિતનું માધ્યમ છે. મિત્રની સ્મૃતિ દરમિયાન કવિ સદ્‌ગત મિત્રના મિત્રધર્મ અને મૈત્રીની કદર કરે છે કે ખરેખર તને કેવી રીતે ભૂલાય ? બીજાનાં દુઃખમાં અને શોકમાં હું આશ્વાસન આપતો હતો પણ તારા વિયોગમાં તારી સ્મૃતિ સિવાય બીજું કોઇ ઉદ્વેગમાં શમન આપે, શાંત્વન આપે તેવું નથી. તારા શોકમાં પણ તારીજ સ્મૃતિને સહારો મળી રહ્યો છે. તારીજ સ્મૃતિ કામ લાગી છે એ તારી ધન્યતા છે. મને શોકમાં ડૂબાડી શોકની સીમાની પેલેપાર જ્યાં શોક નથી. તેવા વાતાવરણમાં અશોકમાં હું ગયો અને હું અહીં તારા શોકમાં ડૂબ્યો છું મૈત્રીના આધારે જ આ કાવ્યમાં આમ શોક વ્યકત થાય છે. જીવતાં તો મિત્ર મદદરૂપ થાય પણ, મર્યા પછી પણ મદદરૂપ થવાની ઉદાત્ત ભાવના વદારા મૈત્રીની મહત્તા વધારી દે છે. મૈત્રીનું અદ્‌ભુત અદ્‌ભુત સ્વરૂપ, તેમાંથી શોકની

kalpana's

પ્રાપ્તિ, તેમાંથી જ શ્લોકની ભૂમિકારૂપ આત્મજ્ઞાન, આદર્શ મૈત્રી, સમાધાન 'ગયો જ તું શ્લોકમાં ' કાવ્યમાં છે.

શોકાંજલિમાં શોક કેન્દ્ર સ્થાને હોય છે. કૃતિને શોકાંજલિનું ગૌરવ અપાવનાર શોક છે. આ શોક તેના સ્થાંતર રૂપોમાં વિવિધ કાવ્યોમાં જોવા મળે છે. ત્યારે એ વિચાર સહજ આવે છે. શોકનું આદર્શ રૂપ કેવું હોય ? દયા, ક્રોધ, રોષ, ક્યારેક હાસ્ય, આમ તો શોકની સામસે સ્થિતિના ભાવો છે. પરંતુ કાયરેક એમાંથી પણ શોક પ્રગટ થતો જોવા મળે ત્યારે એમ થાય છે કે કવિતામાં શોક કેવો સ્વરૂપે અવતરે તો કાવ્ય શોકાંજલિ બને ? શરૂઆતના કાવ્યોમાંથી શોકનો ઉદ્‌ગમ અને ઉદ્‌ભવ , વિકાસ બહુજ પરંપરાગત રીતે આવતો હોવાથી સ્પષ્ટ જણાઈ આવતો હતો મોટે ભાગે રુદન, વિયોગ, વિલાપ કે વિષાદ કાવ્યોમાં જોવા મળે પરંતુ જેમ જેમ કાવ્યની વિભાવના વિકસતી ગઈ તેમ તેમ પ્રયોગો અને શૈલીની વિવિધ અજમાયશોને કારણે નવીનતા અને ચમત્કૃતિ બદલાતાં ગયાં.

સ્મૃતિ અને અભાવ નવી શૈલીના કાવ્યો માટે નવાં નથી પણ તેના વિનિયોજને વળાંક લીધો. કવિએ વિયોગ દરમિયાન કરેલો વ્યાપાર શબ્દચિત્રને આકારવાનો પ્રયોગ નવી ઢબે કરે છે. જૂનાં ઉપકરણોને નવા સન્દર્ભમાં બદલવાની આ પ્રાયોગિકતા શોકાંજલિમાં નવીનતા લાવે છે. નલિન રાવળ કૃત 'શ્રી જયંતિભાઈ દલાલની પુણ્યતિથિ' માં આવી વ્યાપાર પ્રક્રિયા જોવા મળે છે. મૃત્યુની ગ્લાનિ, વિષાદ, શોક, બહુજ એકમાત્ર ગ્રંથખંડ વદારા વ્યક્ત થાય છે આખો ગ્રંથખંડ યથાવત્ માત્ર કવિ જ નહીં પુસ્તકોની ગુપકીદી વદારા જ કવિની સ્તબ્ધતા, ગ્લાનિ, હતાશા, અને મૌન ગ્રંથખંડ કાવ્યમાં શોક ભરી દે છે. ગ્રંથખંડની સ્તબ્ધતા અને શાંતિમાંથી શોક દ્રવે છે. ગ્રંથે ગ્રંથે અને ગ્રંથોના પાને પાને વ્યક્તિવિશેષ સદ્‌ગત જયંતિ દલાલની

kalpanafo

'તાજા તડકા જેવી તેજ તબકતી આંખો'' મૃત કવિની જીવંત છબી કંડારે છે. એક તરફ સ્મશાનવત્ શોક, ગ્લાનિ, ખાલીપણું બીજી બાજુ ભર્યા ભર્યા ખંડમાં પણ વર્તાતો ખાલીપો, પાને પાને ચહેરો આંખો અને સંભળાતો રુદનો વિરોધાભાસ હોવા છતાં કવિની માનસિક સંવેદનાની પરાકાષ્ઠા, વેધકતા, ક્ષુબ્ધતા, વિક્ષુબ્ધતા શોકસભર બનાવે છે. કાવ્યાત્મક ગૂંથણી સુંદર છે સ્મૃતિ પોતાની મૌલિક છાપ ઉપસાવે છે. કવિ મનમાં જે અનુભવે છે તેટલીજ માત્રામાં કાગળ પર તે ઉતારે છે. બ.ક.ઠા. 'દ્યુતપ્રભી' કાવ્ય વાંચવાનું ગમે તેમાં હીલ્યુઝિન્સ પણ હોય છે. ટૂંકમાં શોકની ભાવાભિવ્યક્તિ સારી થઈ છે.

શોકના વિવિધ ઉદ્ગમ સ્થાનો કાવ્યોમાં જોવા મળે છે. શોકની વિવિધ અવાંતર સ્થિતિઓ પણ તેના એક દૃષ્ટિએ ઉદ્ગમ સ્થાનો છે. શોકાંજલિમાં 'શ્રી જયંતિ દલાલની પુણ્યતિથિએ' કાવ્યમાં સ્મૃતિ અને ગ્રંથખંડમાં સદ્‌ગત કવિનું શબ્દચિત્ર અને ખાલીપો શોકનો ઉદ્ગમ બની જાય છે.

મુખર છાયા ઝાંખી પડી ગઈ અહીં કાલ - ન્યની
ચલે ભોળા મારા ગત-ચમત્ર સંસ્કાર ગરવા
રજોટી નાખ્યો રે ધવલ-વરા ધૂળે તુજ ચમે"

સ્મૃતિ, ક્રંદન, પશ્ચાતાપ, ગફલોસમાંથી શોક અને કરુણ વર્ણવે છે.

કવિ વિના વ્યાપક ભાવ, ખાલીપો કવિ વર્ણવે છે. મહેફીલ મુશાયરાને શયદા જ્યાંથી ચાર ચાંદ લાગી જતા હતા તેની ઉણપની તીખી કરારીના પ્રભાવે કવિ પતિલ શોક વ્યકત કરે છે. સભા સૂની છે. શયદાની મશકિત છે પણ ફકરદાનો નથી, શયદા જેની જીભે છે તેનું હૃદય , વ્યકિતત્વ શયદા જેવું નથી, શયદાના ગઝલો, ગાથાઓ ચાદીબાબામાં છતાં રોચક હતા. શયદાનું નામ છે, શયદાના નામે ચાજે ઘણા તરે છે મહેફિલમાં શયદાનું સ્મરણ છે. પણ .

"મહેફિલ બીરાદરોની લાગે નકામી શયદા" માં વેધક કરુણ

અને શોક છે.

વિસ્મય પણ શોકનું એક ઉદ્‌ગમ સ્થાન પ્રજ્ઞાનાયક ગણાવે છે. પ્રિયકાન્તને' કાવ્યની વિશેષતા એ છે કે કવયિત્રી સુંદર રૂપક યોજે છે. જગતરૂપી મેળામાંથી માનવ રૂપી બાળકને નીકળવું ગમતું નથી તે તેમાંજ સદૈવ રહેવા માંગે છે. મૃત્યુ તેને છેવટે લઈ જાય છે એમાં અપ્રિય થઈને પણ પોતાના નિશ્ચિત કાર્ય માટેની મૃત્યુની અડગતા તો છે જ. પણ કવયિત્રી અંતિમ પંક્તિઓમાં વિસ્મય વ્યક્ત કરે છે મેળાનું આકર્ષણ અને ઝંખનાએ આમ કેમ ? મૃત્યુના વલણના રહસ્યનું વિલાપ મૂકી શોક વ્યક્ત કરે છે.

વિસ્મયની જેમ ઉદ્‌ગાર અને દુઃખદ આશ્ચર્ય પણ શોકનો ઉદ્‌ગમ બને છે. આ સંસારના લોકોને એક આત્મીયતા જ ગુમાવવાનો હોવાથી ખેદ થાય પણ તેની ઉન્નતિ આત્માના કલ્યાણ, મોક્ષમાં છે. તેનો અવસર મૃત્યુ છે માટે મૃત્યુના બે દર્શન જુદા જુદા છે આ લોકના સંસારીઓ માટે દુઃખદ આશ્ચર્ય પણ જનાર આત્મા માટે માંગલ્ય હવે મૃત્યુને મંગલ ગણવું કે અમંગલ એ વિદ્વદ્‌ જન અને કવિ, વિમાસણ તેમજ વિસ્મય પામી મૃત્યુનું દુઃખદ આશ્ચર્ય વ્યક્ત કરતાં કવિત્રી બેટાઈ કહે છે.....

૭૦."' આ વિશ્વની મંગલ યોજનામાં
હશે ઘડ્યું મૃત્યુ જ શું અમંગલ''

આશ્ચર્ય અને ઉદ્‌ગારમાં માંગલ્યના સ્વીકાર સાથે 'હશે ઘડ્યું મૃત્યુ જ શું અમંગલ'' શબ્દોમાં આગમતી ઘટનાની ઠેરા વ્યક્ત કરે છે.

વ્યથા, હતાશા અને એકલતામાંથી શોક નો ઉદ્‌ભવ 'પ્રમાદી નાવિક' અને 'વિદુર કુરંગ' માં છે. રૂપકની સૃષ્ટિથી કવિ ભાવને સ્પષ્ટ અને સુરેખ બનાવે છે. પ્રમાદી નાવિક અને બંદરનો અર્થ પણ સુંદર છે. ભવસાગરમાં સુખનૈયામાં સફરે નીકળેલા કવિ અને કવિપત્ની એકબીજાના હમસફર, સહયાની હતાં. સફરના શોખીન કવિને તો સફરમાં જ રસ હતો, આ

શૃંગારમાં જ રસ હતો, આનંદ તેનો આશય હતો તેથી એમને બંદરમાં રસ પ્રાપ્તિની ક્યાંથી હોય ? કવિ પછી વ્યંજના મૂકે છે કે ચાંદી વગરનું જીવન, જીવન જ ન હોતું માટે પરસ્પર ઉષ્મામાં જીવાતા જીવનને (કવિ સંત ગણે છે) સંત ગાવે છે. તેના ગાયાતને વ્યક્ત કરવા માટે કવિ સાગરમાં પડતું મૂકવાનો ઉલ્લેખ કરે છે. કવિને મનમાં થાય છે કે પત્ની અવસર ચાલી ગઈ અને હું કંઈ ન કરી શક્યો એ મારી પ્રમાદી અવસ્થા જ ગણાય છે નૈષધનો નાવિક પ્રમાદમાં હોવાથી તે કાવ્યને 'પ્રમાદી નાવિક' શીર્ષક આપી પત્નીના અવસાનનો શોક અને અફસોસ અનુભવે છે. કરુણને ઘૂંટવા માટે રંગીન સ્મરણો કવિ વૂંથે છે.

૭૧. "ચહેવ ગુખનાવમાં સ્વજનસંગ માટે જતો
કૃતાર્થ રહ્યા રથી પ્રણયથી ભેષા હતો
શશી પ્રભ રહિત રાત્રીઓ પ્રભ મહિ અનેક ગોષ્ઠિ કરી
ગયા દિવસ તે બધા ? નહીં જ આવવાના ફરી"
" " " "

કવિ ભૂતકાળના ઘણા સંસ્મરણો વાગોળી અફસોસ વ્યક્ત કરે છે કે

૭૨. "રહી ચિંતનમાં રખી નિકટ માન નૌકા પરે
ગણી ઉષ્મા ગર્ભ ચર્વ ભટક્યા મહા ચરે
" " " " "

૭૩. "નહીં વિદુર ચેતરે તદપી કાંઈ આશા ઠરે"

પ્રમત્તાવસ્થામાં પત્નીને ગુમાવી બેઠાનો શોક અને પોતાના પતનમાં કવિ કરુણને વ્યક્ત કરે છે. 'વિદુર કુરંગ' માં પણ પોતાની શોકમગ્ન સ્થિતિ અને પોતાના પુત્ર માણસાલની નિરાધાર સ્થિતિ કરુણતા જાગે છે. પોતે જ વિદુર કુરંગ સમાન છે નોંધારા કોને કેવીરીતે આધાર આપી શકે ? પત્નીના વિયોગના આંસુ પડ્યા છે તેમાં નિશ્વાસ અને

ઉષ્ણતા છે ઊના ચાંસુ પડ્યા છે. ત્યાં વાત્સલ્યની શિતળતા ક્યાંથી સ્નેહને તેલમાં પુન ઉછેરવાનો છે.

૭૪. "દિને રજકણો શમ્યા સ્ખલિત બાષ્પથી પારમાં
કરે નદિ શૈત્યનું હરણ ઉષ્ણ નિશ્વાસમાં "

પત્ની વિનાનું સુખ કવિને ડંખે છે. જીવને શાંતિ નથી.

૭૫. "સુધા વરસતી બધે નહિજ ભગ્ન હૈયા પરે,
ફરે, તરફડે, ઝરે, નહિજ , દેહ સાથી ધરે ?"
પ્રિયા ? પ્રિયતમાં ગતાં ? જગત સર્વ ઝાંખુ થયું
ગયું સુખ, ગયું બધું ન પણ જીવવું ગયું "

સ્મરણો, એકલતા, પત્ની વિયોગ, અફસોસ જેવા અનેક ભાવોના સમન્વયમાંથી શોક પ્રગટે છે.

'વિરહ-પૂર્વધિ-ક્ષણ' કાવ્યભાગમાં બ.ક.ઠા. પત્નીના મૃત્યુ નિમિત્તે એકરાર અને અફસોસ વ્યક્ત કરે છે કે જ્યારે સમયાવધિ હતી ત્યારે તમારા 'લાજાળ હૃદયને' પારખવાનો સમય હતો તે સમયે મેં તમને કે તમારા હૃદયને પારખ્યાં નહીં , હવે આ મારો અદકચરો ભવ નકામો છે. કવિ પત્નીના વિરહને પ્રાયશ્ચિત રૂપે વ્યક્ત કરે છે. અને ક્ષણ' શબ્દ વદારા હૃદયમાં પત્નીને ગુમાવ્યાની તીણી તીખી વેદના વ્યક્ત કરે છે.

પહેલાં જેનું ઐક્ય હતું તેનો વિચ્છેદ થતાં, અવસાન પછી 'ધ્રુતિકણી' કાવ્યમાં આત્માની વ્યાપકતા સિધ્ધ કરી વિલસતા આત્માની સાથે પોતાનું અનુસંધાન સ્થાપિત કરતાં કવિ શોકના સમાધાન રૂપે આત્મા સાથે ઐક્ય સાધી આત્મીયતા વ્યક્ત કરે છે.

૭૬. "સ છે, નભ સહે, બધે, ધ્રુતિકણી ઝીલે સર્વદા
બની વિમલ, વિમલ વિશ્વનયન
શ્રોત ઉર્ધ્વ ચા "

આ કૃતિકૃતીનું ઉદ્ગમસ્થાન કવિહૃદય જ છે. કવિ આત્માની વ્યાપકતા સિધ્ધ કરે છે કે

૭૭..'' અકારણ ઉઠે, શમે, સ્થળે બ્રહ્મે, દશા સર્વમાં
બ્રહ્મે મુજ સ્હે સદાય અવિનાજ્ય છાયા રમા''

વિયોગમાં સ્મરણો અને તેના સહારે સમય વ્યતીત થતો હોય તેમાં બાધાનજનક વિક્ષેપ બતાવી કવિ શોક પ્રાગટ્ય આપે છે. ભાવની સઘન અભિવ્યક્તિ માટે પ્રાકૃતિક દ્રશ્યોનો ઉપયોગ કર્યો છે. ચાંદની રીતે કવિ પત્નીના સ્મરણોમાં ગળાબુડ્યા છે. પત્નીના અવસાનથી હૃદય ચારે નિધી બારે છે. ઉત્કટ કલ્પનોને કારણે કવિ પત્નીના ચારિત્ર્યનો ચમકારો ઉભો કરે છે.

૭૮.''ઘૂંટો એ પ્રકટો ન સ્પષ્ટ નહીં તો
પ્રકટી ગયો દિપ એ
બાલી ઘૂંટી જ ચાંપતો જઈ પડ્યો
તેમાં ચમિનરવાસ હું''

નિશ્વાસ નાંખી કવિ બેઠા છે એ દુઃખદ પળ છે અને તેમાંજ એક ઘાતક ઘટના બને છે.

૭૯..''એકે એક સ્મરંત એ સ્મરકથા, રંક ગઈ ચાથમી
ને બીતી ય નિશા, ઉડ્યો શી, લ્યા વિ રવિ નિષ્ઠુર''

ચાંદની રાતે પત્નીના સ્મરણોમાં ડૂબેલા કવિનું સ્મૃતિનું સુખ પણ વિધિને ગમ્યું નહીં હોય તે નિષ્ઠુર રવિએ તે સુખ લૂંટી લીધું.

શોકના વિવિધ ઉદ્ગમ નિમિત્તે કાન્ત, બાલંતરાય ઠાકોર, બિનાક્રિ ઠાકોર, કવિ પત્નિના શોકની ભાવાભિવ્યક્તિ માટેનું કવિકર્મ ઉલ્લેખનીય ગણી શકાય. શોકના નવા મૌલિક ઉદ્ગમો તરફ આ કવિઓની કવિતામાં દિશાસૂચન થઈ આવે છે. પ્રાયોગિકતાની

દૃષ્ટિએ પરંપરાથી જુદા પડી, આ કવિઓ ચરિત્રચિત્રણની વફાદારી વધારે સાચવે છે. કવિતાને પોતાનો નવો સૂર મળી રહે તેવા તેમના પ્રયત્નો સ્પષ્ટ તરી આવે છે. ચિંતાવલિ, સ્મૃત્યો, વ્યથા૨ા શોકને નવા પ્રદેશ પરથી ઉતરી આવવાની શક્યતાઓને તેમના કાવ્યમાં અવકાશ છે. માટે ધ.ક.ઠા. ના કાવ્યમાં પ્રકૃતિના માધ્યમથી પ્રકૃતિ ચિત્ર વ્યથા૨ા જ વ્યથા, વિમાસણ, આઘાત, દુઃખ, બેચેનતા, અને ઉગતા સૂર્યના તિરસ્કારમાં સ્મૃતિનું મૂલ્ય અને તે વ્યથા૨ા પત્નીના વિરહને વેધક ચરિત્રચિત્રણ આપે છે. શોકાંજલિ ભાવા ચરિત્રચિત્રણની કવિતા છે એ વિધાનને આ કવિતામાં એ રીતે સમર્થન મળી રહે છે.

એજ રીતે વિધુરકુરંગમાં પુત્ર-પિતા અને પત્નીના મેલડા ભરતે, વાત્સલ્ય, કરુણને ગૂંથી, દયા , શોક, નિરાધાર સ્થિતિ, સંસારની બેચેનતા વ્યકત કરી છે. પ્રમાદી નાવિકમાં શોકની સ્થિતિ માટે પોતાની પ્રમત્તાવસ્થા જ જવાબદાર બતાવી પત્ની માટે અપાર પ્રેમ સિધ્ધ કરી તેને બોચાનો બેદ વ્યકત કરે છે. ગત્યારની આધુનિક કવિતામાં જે નવીન સોપાનો સિધ્ધ થયાં છે. તેના અસાર આ કાવ્યોમાં ક્યાંક ક્યાંક વેરાયેલા મળી આવે છે. દાંપત્ય ભાવના કાવ્યો હોવા છતાં તેમાં અંગત અનુભૂતિની સાથે સંસારનો સૂર અને પરિવારનો સ્નેહ સહભાગી બને છે.

વિવિધ ઉપકરણોનું વિનિયોજન પણ શોકની સઘન ભાવા ચરિત્રચિત્રણ આપી દે છે એક જેવો અભિપ્રાય છે કે મૌન શ્રેષ્ઠ ચરિત્રચિત્રણ છે માનસિક વ્યગ્રતાગ્ર, ઉત્કટ ચિંતા, સઘન શોક, અને વિચારમગ્ન સ્થિતિમાં આત્મખોજમાં ડૂબેલો માણસ મૌન ધારણ કરે છે. આઘાતથી અવાક થઈ ગયેલો માણસ પણ મૌન થઈ જાય છે. જાતમાં આવા કોઈને કોઈ નિમિત્તે વિલસતા મૌનની પણકવિ પર કશી અસર નથી. પણ આજે જાણે કે વિચારમાં પડી જાય છે કે મૃત મિત્રના મોઢા પર પ્રસરેલું મૌન ક્યાંથી આવી ગયું છે ? કવિ જેનાથી વ્યાકુળ, ચિંતીત, વ્યથિત

થઈ કહ્યું છે કે ...

૮૦...નથી રોયો હું તો, રજની નીરખી નીરવ કંઈ,
મહા ચેકાંતે ચે ઉર નથી ડચ્યું મૌન નીરખી
રહું ઉભો ચાજે પ્રિય તુ જ રાખા મૂક બનતો
ભલે ઢાકી રૂતો મરણ શયને નૈન પોઢતો ''

ચીરશયનમાં નૈન પોઢી ચૂતેલા મિત્રના મોઢા પરનું મૌન કવિ સ્નેહરશ્મિને ચકળાવી મૂકે છે.

''રહું હું તે કોને ?'' કાવ્યમાં મનસુખલાલ ઝવેરી વાસ્તવિક જગતની વેદના સાથે માનસિક વ્યથા-ચર્ણા ઉમેરી તેના વ્દંવ્દમાંથી હૃદયદ્રાવક પશ્ચાતાપ બે સ્વરૂપે વહાવે છે. કવિ ચાત્મલક્ષી-ચંગત મનોભાવો પર પશ્ચાતાપ ચાંરંલી ધીમે ધીમે સમા કાવ્યમાં તેને વિસ્તારી સર્વલક્ષી કક્ષા પર પહોંચાડે છે. વિપથગતિને કારણે ચયેલું ચાત્મદર્શન, ચાત્મપરીક્ષાલ પણ પશ્ચાતાપને વધારે ઘેરો રંગ ચાપે છે.

૮૧...''સુધા તે ચાપી ને વચન વિષા કેરું કર્યું ચમે ''
ચમે તો ચારાધ્યું, તરણિ ત્રિચરીને તિમિરને,
પઠીકે કે જોવી ચા વિપથગતિ તારે મનુજની''

ચવળીમતિને કારણે કૃષ્ણ કામ કરતાં ન ચચકાઈચે તે સમયે સત્યથી વિમુખ હોવાથી, જ્યારે પશ્ચાતાપ થાય ત્યારે કરેલા કર્મો પર ધૃણા ઉપજે, મન સદ્વિચારે ધોતાય વિપથગતિ માંથી સન્માર્ગે મન વળે, સત્ય પરખાય ત્યારે ગુમાવ્યા-મેળવ્યાનો ચકસોચ શોક ચાપી જાય છે.

પ્રાયશ્ચિત કે ચકસોચ ગમે તે ભાવ જ્યારે સ્ત્રી કે પુરુષના હૃદયે ચભિવ્યકિત પામે ત્યારે સ્ત્રીસહજ કે પુરુષસુલભ તેની ચભિવ્યકિતમાં તફાવત રહેવાનો.ચભિવ્યકિતની માત્રા ચને વેધકતા સરખી હોવા છતાં તે જુદા પડીચ્રચ જાચે. માટે જ મનસુખલાલ ઝવેરી 'પાઠક સાહેબને' સંબોધી કાવ્ય લખે ત્યારે તેમાં કવિ હૃદયની સંવેદના, ચાત્મીયતા, ઊર્મિલતા,

લાગણીશીલતા અને હૃદયદ્રાવકતા હોવા છતાં તેમાં વિમાસણભરી વાસ્તવિકતામાંથી આવતા શોકની અભિવ્યક્તિમાં સંયમ, શિસ્ત અને પુરુષાતુલ્ય ગાંભીર્ય જોવા મળે છે. કવિ લાગણીને નિતાંત રૂપે ચાહેછે. પણ અભિવ્યક્તિ અને ચાહેલનનો મોભો સ્પષ્ટ દેખાઈ આવે છે. ચહી મચલિત શોકના ઉદ્ગારને અભિવ્યક્તિ આપવા માટેની માૅલિક મતિણા જાહેર કરે છે.

કલ્પના કરતાં વાસ્તવિકતા, બાહ્યજગત કરતાં જ્યારે અંતરના ઊંડાણ લઈને શોક આવે ત્યારે તેમાં અનુભૂતિનો નક્કર રણકો સંભળાય છે. 'દાદા' કાવ્યમાં મનસુખલાલે સ્મરણનો ઉપયોગ શોકના પૂરક પ્રેરક ભાવના તરીકે કરી, વાત્સલ્યનો ઉપયોગ આત્મીયતાની સઘન અભિવ્યક્તિ માટે કર્યો છે. કરુણનો સ્થાયી ચહી વત્સલ બની જાય છે. ચુંદર ચૂંથણી કર્યા પછી ભાવ, પ્રસંગ, દૃશ્ય આદિ વિવેકપૂર્વક પ્રાકૃતિક, દૃશ્યોને સાંધે છે. દા.ત. પાનબરનાં પદોની જેમ વાળબરી તાલ પડી, કાલાબ્ધિમાં માૅઢ પ્રેમાવર્તન પોઢ્યો, વગેરે ચાલેખનો પૂણ ચચોટ લાગે છે.

અન્ય ઉપકરણોની તુલનામાં સમરણના ઉપકરણે શોકાંજલિમાં આનની અભિવ્યક્તિઓ આપી છે. ઘણાં કાવ્યોમાં પાત્ર કે સ્વજનના સ્મરણમાંથી શોક ચાલેખાયો હોય પણ બેંટાઈ વર્ષો પહેલાના ગાંધીના પ્રભાવને આધારે સમરણના ગાળા પછી ગાંધીના વ્યક્તિત્વને વર્ણવે છે.

૮૨..'વરસ કેટલે ચહીં ઉત્સ્ફુરે, નવલનથી ચે ગાંધી ''

કેટલાય વર્ષ પહેલાં જૂહુના નારિયેરીના વનમાં, ગાંધીને જોયા હતાં તેનું અનુસર્જન આ અંજલિ છે. સ્મરણ ચેટલું તાજું છે કે જીવનના ઘણા વર્ષોને ઉથાપીને સમયરેખાને અનુભૂતિની ચેકજ સ્થિતિમાં, ચેક સ્તરે મેળવી દે છે.

૮૩..'ગજબ થાં લિયું બાંધી,

કેમ ચરે તમ નજરે શકિયે નજર અમારી બાંધી

ક્ષમા, ક્ષમા ? ચો સર્વ ઉદય મુખ ગાંધી''

ગાંધીનો નવો પરિચય ચા પંક્તિમાં છે કે ''સર્વ ઉદય મુખ ગાંધી'' એમાં ગાંધીની સમભાવ અને માનવતા, સર્વોદય, કલ્યાણ ભાવના છે.

શોકની અભિવ્યક્તિ માટે મૌન, કલ્પના, પ્રકૃતિ અને વાસ્તવિકતાનો સમન્વય સાધી કવિ પરિમલ 'વિશ્વવંદનની વિદાય' કાવ્યમાં ગાંધીના મૃત્યુ નિમિત્તે શોક વર્ણવે છે. ગાંધીના અવસાનથી ચારે બાજુ હતાશા વ્યાપી ગઈ અને...

૮૪...'નેતાઓ તણી ભલભલા હિંમત છૂટી ગઈ'' કવિ કહે છે. ગાંધીના અવસાનથી આખા દેશને શોક થયો છે, વ્યક્તિમાત્રના હૈયામાં ગાંધી વસી ગયા હતા માટે તેમના શોકથી મુક્ત કોઈ નહીં હોય.

૮૫...'કોને હશે ન રંજ થયો હાય.....?''

શોકની અસરકારકતા માટે કવિ ચમત્કૃતિપૂર્ણ ઉક્તિ મૂકે છે કે....

૮૬...'ખાઉ, કોહ, ખ્હેલ જે મકાન કો ચેવી
ચકસ્માતથી વીજળી પડી ગઈ''

બોલાતા શબ્દો વાણી ખોઈ બેઠા, અવાક્ થઈ ગયા.

૮૭...'શબ્દો તણીય છેક છે શક્તિ ઘાણી ગઈ''

ગાંધીના જીવનના બે આશ્ચર્યો કવિને ચોંકાવી વધુ ચમત્કૃતિ બક્ષી દે છે. એક તો ગાંધીજીનું સ્વપ્ન આઝાદ હિન્દને જોવાનું હતું કે..

૮૮...શ્રદ્ધા ? ફરેલ ક્યાંય સુધી પાથરી ગઈ'' અને બીજું આશ્ચર્ય એ હતું કે ગાંધીને ક્યારેય એવો વિચાર નહોતો આવ્યો કે તેમનું કોઈ દુશ્મન હશે અને દુશ્મન થઈ તેમનું અવસાન હિંસાથી થશે, કારણ કે તેમણે અહિંસા જીવનભર આચરી હતી પણ...

૮૯...'તેને અણક હિંસા કોઈ ચાંચડી ગઈ''

વિધિની વિચિત્રતા છે કે હિંસાનો અહિંસા પર વિજય થયો..

૯૦''આવેશ તણા ચંશનો ન સ્પર્શ જેહને
હિંસા અહ્ક તે હતે છે ગાંધકી ગઈ
પાને સુવર્ણ લોહમેખ છે રહી ગઈ''

કટાક્ષ, વ્યંગ, દર્દ , પ્રાયશ્ચિત્ત, અહ્કને હાથે હિંસાનું તાંડવ આવેશનો જેમાં ચંશ પણ નહોતો તેવા ગાંધીની કાતિલ હત્યા, વિશ્વચેતની હત્યા છે. એના શોકમાં બધાજ ડૂબ્યાં છે. તેની વેધક અભિવ્યકિત સજીવારોપણ વ્દારા આપે છે.

કવિ શબ્દો અને અર્થોનો કારીગર છે. શબ્દો પારો ઉત્તમ અર્થોનું કામ કઢાવી સુંદર કલાકૃતિ રચી દે તેમાં ભાવ અને તેની અભિવ્યકિતની વિશેષ મુદ્રા ઉપસાવી શકે તે જ કાબેલ કવિ. શોકાંજલિમાં લાઘવ જાળવી શોકની ભાવાભિવ્યકિત ચુનાત્યકરીતે આપી દે તે આવશ્યક ગણાય. 'સદ્ગત મિત્રને' કાવ્યમાં કવિ શોકની ભાવાભિવ્યકિત આ શબ્દમાં આપે છે.

૯૬''અશકયોની આશા , અસત્ તણી મિથ્યા ઉરતૃષ્ણા
ગઈ જ્યાં પલ્ટાઈ, અબ જીવનની આપણી ધરા''

શોકાંજલિમાં એક ઉપકરણ કે એકાધિક ઉપકરણોની સજાવટ પણ મળી આવે છે. જ્યારે એકાધિક ઉપકરણો મળી આવે ત્યારે કાવ્યમાં કેન્દ્ર-સ્થાને, મુખ્ય મુખ્યસ્થાને કયું ઉપકરણ છે તે કવિતામાં તેના વ્દારા મળતા ઉપાર્જન પરથી મૂલ્યાંકકી કરી શકાય. એની પરખ ક્ષમતા પર આધાર રાખે છે. સ્મરણ, દ્રશ્ય, પ્રકૃતિ, અભાવ, એમ અનેક ઉપકરણોનો સંયોગ કાવ્યમાં જોવા મળે ત્યારે મુખ્ય-ગૌણનો વિવેક સ્પષ્ટ કરી તેના સમન્વયની ભાવાભિવ્યકિત પર થતી અસર સમજી લેવી જોઈએ. આ બંને ઉપકરણોના વિનિયોજન માટે શોકાંજલિમાં સારોક વૈવિધ્ય [illegible] જીન્નતા મળી આવે છે.

૧. એક માત્ર ઉપકરણથી શોકનિષ્પત્તિ.

૨. એક કરતાં વધારે ઉપકરણના સમન્વયમાંથી શોકનિષ્પત્તિ.

૩. ગૌણ, મુખ્યની ઉચ્ચસ્થતા જોવા મળે અને શોકની ભાવાભિવ્યક્તિમાં મુખ્યનો સવિશેષ ફાળો માની લેવો.

૪. સરખા સ્તરનાં અનેક ઉપકરણની રચના વડે શોકનિષ્પત્તિ.

૫. ઉપકરણને આધારે ચિંતન વડે શોકનિષ્પત્તિ.

૬. પ્રકૃતિના ઉપકરણ વડે શોકની ભાવાભિવ્યક્તિ.

૭. શોક વેધક ભાવાભિવ્યક્તિના પૂરકબળ તરીકે.

બાલમુકુંદ દવેની 'અદના આદમી' કાવ્યમાં લાલબહાદૂર શાસ્ત્રીના નિધન સમયે વર્તાયેલા અકથ્ય ખેદાણ, ઉદાસીનતા, ભારતની શાન માટેના સાત દિવસના પ્રયત્નો પછી તાશ્કંદ કરારની રાત્રે મૃત્યુની સ્થિતિમાંથી શોક વ્યક્ત કરે છે. કે....

૬૨. "આજ દિશે બહું ઘૂંધળું ઘૂંધળું
વ્યોમ' ને ભોગ ગમગીન લાગે
વાયુમાં યે ઉદાસી રહે ઘૂમતી
હૃદયમાં લાખ ભણકાર વાગે
સાત દિ' તે સમદર વલોવ્યો અને
ઝેરનાં ઘૂંટ આકંઠ પીધા
કુંભ અમૃત તણો ભેટ અમને ધરી
કુણા પંથ રે કીટ લીધા ?"

શોકનિષ્પતિ માટે સમુદ્રમંથનનો ઉલ્લેખ આપ્યો છે. ઉપરાંત પ્રાકૃતિક તત્વો જેમાં કે વાતાવરણ, વાયુની અસર વર્ણવી છે બધાજ ઉપકરણો સાથે રહી શોકની અભિવ્યક્તિ આપે છે. શિષ્ટ હસ્ત કવિઓની શોકાંજલિમાં ઉપકરણ અને શોક બન્ને કલાત્મક રીતે રજૂ થયેલા જોવા મળે છે. કેટલાંક કવિઓ તો તેમાંથી શોક, ચિંતન કે સમાધાનને પણ કલાત્મક બનાવે છે.

બ.ક.ઠા. રુદનને શોકની છેલ્લી કક્ષાની અભિવ્યક્તિ ગણે છે. કદાચ આ અભિવ્યક્તિ ઠગારી પણ હોઈ શકે રુદન તો હાસ્ય નિમિત્તે બાળક પણ કરતું હોય છે. શું તેમાં શોક હોય છે? કારણ કે બાળ-રુદનમાં પણ આર્તનાદ, આંસુ, ડૂસકાં હોય છે. અર્થાત્ આંસુ કે રુદન સંપૂર્ણશુધ્ધ અભિવ્યક્તિ નથી. અભિવ્યક્તિના માધ્યમ તરીકે રુદન વ્યક્ત કરનાર માણસે વિચારવું જોઈએ કે જેને માટે રોઈએ તે તો હવે છે જ નહીં અને બીજાને તેની ઝાંખી ચાર થતી નથી શોકને સમજનાર, જીરવી જીણનાર રોતો નથી. મૌન શ્રેષ્ઠ અભિવ્યક્તિ છે તેમ રુદન કરતાં આંસુ શોકની ઉત્તમ અભિવ્યક્તિ છે. તેનાથી વેદના કળી શકાય છે અનુકંપા જાણી શકાય છે. કરુણરસને પણ તે નિતાંત રૂપે રજૂ કરી શકે છે. માટે બ.ક.ઠા. કહે છે...

૯૩...''હે ઉચ્ચારણહાર, રોઉં કે રોઉં નહીં
રે ગા વહેતા નીર, ઈચ્છા રહી ગઈ લટકતી''

ખૂબજ શોકમય સ્થિતિનો ખ્યાલ આવે ત્યાં સઘન શોક હોય શોક દેખાય કરવાનો ભાવ નથી પણ અનુભૂતિનો ભાવ છે. જેમ મજ્જ મન રડે તો ન દેખાય તેમ આંખોએ પણ રોઈને આંસુ કોઈને બતાવવાના નથી ત્યારે ઉત્તમ શોક વ્યક્ત થાય.

શોકની ભાવાભિવ્યક્તિ શોકાંજલિમાં કેન્દ્રસ્થાને હોવાથી તેની ચર્ચા ગત્યાસના વિષયનું મહત્વનું અંગ છે. એથી શોકની ભાવાભિવ્યક્તિને અનેક દૃષ્ટિકોણથી તપાસી, શોકાંજલિમાં ક્યા પ્રકારે તે પાંગરી સૃષ્ટિ સમૃધ્ધ થઈ તે રસનો વિષય બની જાય છે. માટે શોકના ભાવની પરિચય, તેનું સ્વરૂપ લક્ષણ અને વિશેષતા નો વિચાર, શોકની વિવિધ ભાવછાયાઓ, શોકાંજલિમાં આ ભાવછાયાઓનું પ્રદાન અથવા સ્થાન, શોકના શોકાંજલિમાં ઉપલબ્ધ ઉદ્ગમ સ્થાનો, શોકને પ્રગટ કરવામાં અને સમૃધ્ધ કરવા માટે પસંદગી પામેલા વિવિધ કલાત્મક તત્વો-અંશોમાં

Kalpana's

અલંકાર, રૂપક, શૈલી, પ્રયોગિકતા, ઉપકરણો, અન્ય કાવ્યોમાં પરંપરાગત આવતાં ચલિચ્ચકિતના માધ્યમોની સમાનતા-સુલના અને એ સંદર્ભે શોકાંજલિમાં શોકની ભાવાલિચ્ચકિતના લાભાર્થે ઉપકરણોનું ઔચિત્ય, કાળો એ વિનિયોજન, અન્ય લાગણીના અન્ય ભાવો અને તેમાં શોકની સ્વતંત્ર ઉપસતી પ્રતિભા, એ પ્રતિભાને શોકાંજલિમાં કેટલે અંશે પાંગરવાનો અવકાશ, મોકળાશ મળ્યાં છે આવા અનેક પાસાંઓને ધ્યાનમાં રાખી 'શોકાંજલિમાં શોકની ચલિચ્ચકિત' આ સ્વાંગ સ્પર્શી ચર્ચાને આધારે શોકાંજલિના કાવ્ય સ્વરૂપના કેન્દ્રીય ગંગળૂઢા શોકનું મૂલ્ય આંકી શકાય (શોકની ભાવાલિચ્ચકિતની અનેક દૃષ્ટિએ ચર્ચા કરીએ ત્યારે).

જ્યારે શોકની ભાવાલિચ્ચકિતને અનેક દૃષ્ટિકોણથી તપાસીએ ત્યારે કલાત્મકતાનો દૃષ્ટિકોણ પણ સહજ યાદ આવે. શોકની સમૃધ્ધિ ભાવાલિચ્ચકિત માટે સ્વતંત્ર શોકાંજલિ તરીકે, જો તે ગુચ્છમાં હોય તો ગુચ્છના કાવ્યાંશ તરીકે, જો તે કાવ્ય-સંપૂટમાં હોય તો ભાવના સાતત્ય તરીકે, વિવિધ સ્તરે તેની ભેદરેખાઓ સમજવી પડે. કદાચ કાવ્ય સ્વતંત્ર રીતે ચિંતનાત્મક લાગે પણ ગુચ્છકાવ્યના વિસ્તારમાં શોકના વિસ્તરતા પટમાં તેનો કાળો કેવોક છે સમગ્ર ગુચ્છમાંથી નિરૂપાતા ભાવની રજૂઆતમાં કાવ્યકડી તરીકે તેનું સ્થાન કેવું છે? એ સર્વમાંથી પસાર થઈ તરી આવતા શોકમાં ક્યા કલાત્મક અંશો મળી આવે છે એ કલાત્મકતાના દૃષ્ટિકોણના અભ્યાસનો ઉપક્રમ છે. સ્નેહરશ્મિકૃત કાંતિભાઈ કાપડિયાને અપાયેલી અંજલિના કાવ્ય ગુચ્છમાં એક કાવ્ય 'હું જાણું' પણ છે. ગુચ્છમાંથી બહાર એક સ્વતંત્ર કૃતિ તરીકે કાવ્ય જોઈએ તો તે ચિંતનાત્મક કૃતિના લક્ષણો ધરાવતું કાવ્ય લાગે એની સરખામણીમાં ઉશનસ્ કૃત 'પૂ.બાપા જતાં' ગુચ્છ-કાવ્યોમાંનું એજ શીર્ષકવાળું કાવ્ય -'પૂ. બાપા જતાં' ગુચ્છના સંદર્ભમાં તપાસીએ તો તેમાં શોક મિશ્રિત ચિંતન જોવા મળશે શોકનો આધાર લઈ ચિંતન વિસ્તરે છે કાવ્યમાં શોક પણ વ્યકત થાય છે. માટે તેમાં ચિંતનના

Kalpana's

સંજ્ઞો ઉપરાંત શોકાંજલિના સંજ્ઞો પણ મળી રહે છે. પૂ.પિતાશ્રીનો સ્વજન-સૌંદર્ય તેમજ શોકના ભાવનું સહ અસ્તિત્વ કાવ્યમાં હોવાથી તે શોકાંજલિ પણ બની રહે છે. વળી સમગ્ર ગુચ્છમાં વ્યક્ત થતી ભાવનાની અસર પણ એ કૃતિમાં વર્તાય છે. ગુચ્છનો મુકુટમણિ બની રહે છે. કોઈપણ ઉપકરણ વિના અર્થગંભીર અભિવ્યક્તિ અને આસ્વાદ એ કૃતિ આપી જાય છે. તેથી એમ લાગે છે કે કૃતિમાં સાપેક્ષે ઝરાની જેમ, મૌલિક રીતે, સહજ રીતે શોક ઝરે છે તેથીનેતું કરુણની રસનિષ્પત્તિ પણ ઘારી અસર કરે છે ચિંતનનો શોક અને કરુણની અભિવ્યક્તિ પછી રૂપાંતરે ભાવનું આલેખન બને છે. તેથી શોકાંજલિના લાક્ષણ બધાજ લક્ષણો ને વરેલી કૃતિ ' પૂ. બાપા જતાં' ઉંચા કલાત્મક ગંજો ઘરાવતી આસ્વાદ્ય કૃતિ બની રહે છે.

શોકની અભિવ્યક્તિ, હૃદયમાં ઊઠતી વેદનાના સહજોદ્ગારની રીતે અભિવ્યક્તિ છે તેમાં પરામર્શન, ઠોકઠાક, ટાપટીપ તેના પ્રાગટ્યની સચ્ચાઈને ઝાંખી પાડે છે. વૈયક્તા અને અસરકારતાની દૃષ્ટિએ પણ એ હાનીકારક છે. તેથી હૃદયમાં ઉઠતો રંજન, લાગતી વેદના, તેજ માત્રામાં વ્યક્ત કરવામાં ભાવની વફાદારી જળવાય એ કવિકર્મનું એ ઉત્તમકાર્ય છે. એનાથી અનુભૂતિની સચ્ચાઈ ટકી રહે છે. સ્નેહરશ્મિ ગુચ્છકાવ્યોમાં ક્યારેક સમતોલ સ્થિતિનું આલેખન કરી, સમીકરણની સ્થિતિ લાવે છે. 'ગ્રહ્યા' અને 'દર્શના' કાવ્યોમાં આ પ્રકારનું આલેખન જોવા મળશે. કવિતાનું હાર્દ કંઈક આવું છે કે કવિના મિત્રને મારી નાખી ઈશ્વરે ઘોર હિંસા કરી છે. તેની વેદનાથી કવિને કેટલી હાય લાગી છે તેની ઈશ્વરને ક્યાંથી ખબર હોય ? મારનારને તે વળી લાગતી હોતી હશે ? અને જે સતત માણસોને મારવાનું કામ જ કરે છે તેને દયાળું કહેવો કેવી રીતે ? મૃત્યુ તેના અનેક નિશ્ચિત ક્રૂર કાર્યોમાંનું એક ચરિત્ર કાર્ય છે. માટે દયાની અપેક્ષા અસ્થાને છે માટે કવિ 'હૃદય વિનાનું હૃદય જડ છે.'' એમ કહે છે. નિર્દય સાથે નિર્દય વ્યવહાર એજ વ્યવહારની સમતુલા છે. વળી

દયા ગ્રસ્થાને છે. એમ માની કવિ આલેખે છે કે મને લાગેલી હાયથી હું વદન પટકીશ, હું મારું આખું જગત બાળી મૂકીશ, અને તેમે ઉનાં અંગારાથી પૂછીશ કે તૃષ્ણા તૃપ્ત થઈ કે? કવિ રોષની સામે રોષ, ક્રોધની સામે ક્રોધ, હિંસા સામે હિંસા, નિર્દયતા સામે નિર્દયતા, હત્યા સામે હત્યા, બાળવાનો જવાબ બાળીને, ઈશ્વરે કેટલું ઘાતકી કામ કર્યું છે તેની વેદના પ્રગટ કરે છે. અહી નિયતિનો નમ્ર સ્વીકાર નથી, પણ ગ્લાનિની માત્રા સરખી માત્રામાં કવિ અભિવ્યક્તિ પામે છે એમાં ભાવાભિવ્યક્તિની વેધકતા કલાત્મકતાથી અંતરી જાય છે. કવિ કહે છે તારા જગતને બાળીને મારી આગ ઠોલવાશે તો પછી હું તને પૂછીશ તૃષ્ણા તૃપ્ત થઈ કે? એમાં માનવસહજ સ્વાભાવિક ગ્લાનિની જેમ રંગ રૂપે અભિવ્યક્તિ પામતી વેદના, ક્રોધ, રોષની કઠોરતામાંથી હૃદયભાવક રૂપે ઝાકળ ઝરે છે.

સામાન્યતઃ શોકાંજલિમાં શોક સ્વજનનાં મૃત્યુ નિમિત્તે જ હોય પણ કાવ્યાદર્શ મુજબ ગ્લાનિ વૈશ્વિક ફલકે વિસ્તરવી જોઈએ જગત ગ્લાનિનો પ્રચાર જનસમાજમાં પથરાય તો કૃતિ સર્વાનુભાવી થાય. ગ્લાનિ અને અભિવ્યક્તિમાં આજ તફાવત છે કે ગ્લાનિ જગત હોય પણ અભિવ્યક્તિના પરિણામે તેમે આકાશ જેવી વ્યાપકતા મણી રહે છે. જગત ગ્લાનિ કાવ્યમાં આવ્યા પછી તે કવિની નથી રહેતી અનેક હૃદયમાં એ સંવેદિત થાય છે માત્ર એની અભિવ્યક્તિ આલેખનમાં કવિની મૌલિકતા સ્પર્શતી હોય, એમાં પણ સ્ત્રી હૃદયમાંથી અભિવ્યક્તિ આવતી હોય તેના કરતાં પુરુષહૃદયમાંથી વ્યક્ત થતા શોકનું (સ્વરૂપ) અભિવ્યક્તિનું સ્વરૂપ કઈક જુદું હોય. શોકની ગહનતા, વેધકતાની એજ માત્રા હોવા છતાં પુરુષના સ્વભાવગત તરી આવતી વિશેષ છાપ કવિ કલાત્મક રીતે 'પાઠક સાહેબને' કૃતિમાં રજૂ કરે છે. અભિવ્યક્તિમાં પુરુષ સુલભ શિષ્ટતા, સંયમ, વિવેકબધ્ધતા, માવજત, કઈક અંશે રૂક્ષતા છતાં શોકની કરૂણાતની અભિવ્યક્તિ વ્યક્ત કરતાં કહે છે કે...

૯૪.''છે મૃત્યુ તો પ્રકૃતિ જીવીત માન કેરી
એ સત્યની પ્રતિપલે ઉરને પ્રતીતિ''

ખૂબ ગંભીર રીતે મૃત્યુની ઋણ ઝીલ્યાની વાત કરી કવિ કહે છે કે..

૯૫.''થાતી તથાપિ તમ ચા નીરખી પ્રયાણ
શાને જ ચામ ઉરનું ઝગી જાય ધૈર્ય'' ?

પોતે ગળાબૂડ શોકમાં ડૂબ્યા હોવા છતાં ખૂબ શિષ્ટ રીતે વ્યકત કરે છે કે રોજ ધીરતા રાખનાર હૈયું આજે કોણ જાણે કેમ ઝગી ગયું છે ? અને આ પંકિતઓ મનની કેવી વિહ્વળ સ્થિતિ છતી કરે છે.

૯૬.''ના, ના, નથી ગમ ન તો તમ લેશ શોક,
ને તો ય હૈયું થઈ આવ ગયું ઉદાસ
કાં કે જતે તમ ગયું ચમ બાહ્યમાત્ત્વ
જ્યાં જાતાં તમે ગણું ઊડી ગમ છાં ચેક'!

પાઠકસાહેબના જવાથી કવિ રંક થઈ ગયા હોય એવું અનુભવે છે અને એ રિકતતા પર વિચાર કરે છે કે પાઠક સાહેબની ખોટ કવિમને રહેશે કે શું ? એ રિકતતા કવિને ડંખ્યા કરે છે.

૯૭.''આ રિકતતા ખચરી જે રહી તે ન જાને
રે ? કયાં લગી નીરખવાની હશે ચમારે ?''

કવિને જે શોક થયો છે તેનું મૂળ પાઠકસાહેબનું ચવસાન હોવા છતાં શોકની ગહનતા એક બીજી સરહદને સ્પર્શે છે.

૯૮.''રંકતા તણો ચમજીવનની, ના,ના, -હોય એ તમ મૃત્યુનો''

પાઠક સાહેબના મૃત્યુનો શોક કહેતા કરતાં, કવિ કહે છે કે અમારી તમારા જવાથી અમારી નિરાધારી, એકલતા, ઉદાસીનતા, રિકતતા, રંકતા વધી છે. તેનો અંત દેખાતો નથી તેના વિસ્તાર જુદી વિસ્તરેલા શોકનું

કારણ એ રિક્તતા જ છે, રંકતા છે.

૯૯...''ના, ના, નથી ગમ નો તમ લેશ શોક
શોક જે થાય છે તો થાય છે રંકતા તણો''

અહીં નોંધવું જોઈએ કે સ્વજન નિમિત્તે શોક ચારેબાજુ પણ તેની વૈયક્તાત્ર, વિસ્તાર, ગહનતા મૃત્યુથી ઊભી થયેલી રિક્તતાવાદી પરિસ્થિતિનો વિશેષ કાળો છે અને તેની અનુભૂતિ કવિ ઉપરાંત અનેક જણ કરે છે કવિ તો માત્ર બહાના તળે પ્રતિનિધિરૂપ આપે છે આમ વૈયક્ત અનુભૂતિને સાર્વત્રિકતા કક્ષાએ વિસ્તારવાનો પણ પ્રયત્ન કદાચ યથાર્થ લાગે છે. વળી શોકાંજલિનો એક આદર્શ એવો છે કે પાત્ર મહિમાના મોહમાં પડ્યા વગર મૃત્યુનો માત્ર સ્વજનની અંતર્ગત સ્થિતિનો આધાર લઈ શોકના ભાવવિશ્વ કાવ્યમાં સર્જવાનું કામ સર્જકનું છે. એ વ્યક્તિનું પ્રશસ્તિ કાવ્ય નથી પણ શોકાંજલિનું ધ્યેય સિધ્ધ કરતું લક્ષણ છે. એ પણ કવિની કથનાત્મકતામાંથી સ્પષ્ટ થઈ જાય છે કે 'ના, ના, નથી ગમ ન તો નમ લેશ શોક' કવિ જાણે છે કે 'મૃત્યુ તો પ્રકૃતિ જીવીત માર્ગ કેરી' આમ શોકની ઉત્તમ કક્ષાની સ્વરૂપબાંધી આપેલી અભિવ્યક્તિ આ કાવ્યમાં વિશેષ ધ્યાન ખેંચે છે. તેના આલેખનમાં કલિષ્ટતા છે તેવી જ તેનું કલાત્મક રોચક આલેખન થયું છે અને અભિવ્યક્તિ ઉપકરણ વિના, સીધીસાદી, સરળ ભાષામાં થઈ છે તે પ્રશસ્ય વિશેષ છે.

ઈંગિતમાંથી ચૂકવાતોયો શોક કલાત્મક અભિવ્યક્તિ પામતો હોય ત્યારે તેનો નિખાર જુદોજ હોય છે. નાથાલાલ કૃત 'જ્હાનવી' કાવ્યમાં સ્મરણોને આધારે કવિ પહેલાં ગુઢ ભાવવિશ્વ સર્જી દે છે. એમાં જ મગ્ન રહી કવિ ઘડીક ભૂતકાળમાં સરી પડે છે. વાચક પણ એ રમણીય સૃષ્ટિમાં ભાવવિભોર બને છે. કે જેમાં ભારકો પડે તેવી કારમી વાસ્તવિકતા માં પ્રવેશ પછાડે છે અને 'પુત્રી શારદા' ના શોકની કટારી વૈયક્તરીતે વાચકને વાગી જાય છે. પહેલાં કવિ ગુઢ ભાવવિશ્વ સર્જે છે કે

૧૦૦...''ગાવાં જન્મદિનો સો સો જોવાને બહેન આવજે

પૂર્ણિમા સરખાં મીઠાં, તેજ તું પાથરી જજે'

પણ એ આશીર્વાદની નિરર્થકતામાંથી જન્મેલી ઘોર હતાશા કવિને અકળાવી મૂકે છે. બે પૂનમ વચ્ચેનો ગેપ કવિને ગ્લાનિમાં ડૂબાડી દે છે. મનોવિજ્ઞાનના મતાનુસાર મૌનની સ્થિતિનું માનવીનું એક કારણ વિચાર કે અનુભૂતિની પરાકાષ્ઠા પણ હોઈ શકે કંઈક એવી સ્થિતિ આ પંક્તિઓમાં પણ કવિ વ્યક્ત કરી દે છે કે...

૧૦૧.''કાર્તિકી પૂર્ણિમા પાછી, ચાલી શૂન્ય સમા ઘરે
ગૃહિણી મુજ કન્યાની, છબી ખાસ કુલો ઘરે,
ને એના કંપતા હાથો ઝીલી , શું મુજને થતું
શબ્દોમાં જાય ના કહ્યું ''

આગા વર્ણન વિના કવિ ઉત્કટ શોક વ્યક્ત કરે છે એક સુંદર શબ્દ-ચિત્ર અને એક સ્મરણ ચલ્ગતની સ્પષ્ટ છબી ઉપસાવે છે. અનુભૂતિ વાણી કરતાં સૌગણી વધુ માનાની ક્ષમતા ધરાવે છે. વાણી તેના કેટલામો ભાગ હશે ? કેટલું વર્ણનની બહાર રહી જતુ હશે, એ માનાનો તેમજ ઉત્કટ કરુણનો ખ્યાલ આપવા માટે કવિ કહે છે 'શબ્દોમાં જાય ના કહ્યું '' અને એજ પ્રયોગથી અનુભૂતિની સઘોટતા વ્યક્ત કરી દે છે. કવિ વાચકના મનમાં સોંસરવો એ ભાવ - અનુભૂતિની માત્ર । આકૃતિ સહિત ઉતારી દે છે ખાલીપો, સ્મશાનવત્ ઘર, આંખ સામે છબી, તેની આગળ ફૂલ મુકવા માટે લંબાવાયેલા હાથ, ઝૂલતા હાથનું એ દૃશ્ય, વિચારો અને વાણીને અળગાવી દે તેવો શોક કવિ મૂક ઈંગિત રીતે વ્યક્ત કરી દે છે. એમાં સ્મૃતિનું ભાવવિશ્વ, વાસ્તવિકતામાં પછડાટ, શબ્દ ચિત્ર અને વાણીની અલ્પતાની કબૂલાતમાં ઉત્કટ શોકની ચમત્કૃતિ કલાત્મક બની રહે છે.

શોકના એના જ કલાત્મક સ્વરૂપનો પરિચય ઉશનસ્ના 'ફૂલબર્યું' કાવ્યમાંથી મળી રહે તેમ છે. શોકના નિરૂપણ કરતાં શોકના સ્વરૂપ

માટેનું આ ઉત્તમ દૃષ્ટાંત છે. ચિ. ચંપાના આસાનને કવિ ફૂલ બરવાની પ્રક્રિયા સાથે સરખાવે છે. બંને કંઈ આશ્વાસન રૂપે કવિ કહે છે કે જેમ ડાળના જેમ ફૂંપે બીજું ફુલ પણ આવશે.

૧૦૨. "ને આજ વેલે ડોકિયું, તત્ક્ષણ નવી કળિએ કર્યું
જન્મ,મૃત્યુ- ચક્ર એક પૂરું કર્યું" ગયેલા ફૂલના જેવું જ
ગંધ, રૂપ, રસ બધું ચૈતન્ય પણ એવું જ જોઈ કવિ કહે છે.

૧૦૩. "હા બને કે આવું આ ફૂલ
બાથીયે રૂડું
અભિનવ રૂપાશ્વિ
પણ અહીંજ હોય તો યે
બધુરી રહી જે વાત, તે તો ફરી ફરીક્યાંયે
પૂરી થવાની રે નહીં જ"

એમાં એક રહસ્ય કવિ જણાવી દે છે કે નવા ફૂલ કે કળી સાથે જૂના ફૂલ જેટલી મમતા, કે આત્મીયતા ન જ હોય માટે નવી કળીનું સાન્નિધ્ય, ફૂલ જેટલું નહીં હોવાથી આશ્વાસન નિરર્થક, શુષ્ક લાગે છે. સાન્નિધ્ય, મમતા, આત્મીયતા, એકતા પછીના સહયોગ, સહજીવન પછી ઉદ્ભવતો વિયોગ ગહન શોક આપી જાય છે. તેમાં લોકજીવે ગવાયેલા વચનવાણીનું પરંપરાગત આશ્વાસન શમન આપતું નથી. એ સર્વની સામે શોક સ્વતંત્ર રીતે મક્કમ પણે ટકી રહે છે. જેવી અભિવ્યક્તિ આવશ્યકથી પર રહીને સ્વયં પ્રકાશિત, બલવત્તર હોય છે. દુઃખ કે શોક અનુભૂતિની એવો કોયડો છે કે કોક અનુભવી જ તેને જાણે, પ્રમાણે, પીછાણે એ લોકોપચારનો વિષય નથી. એ સત્ય વ્યાપક પણે સ્વીકારાયું હોવા છતાં, શોક સર્વ વ્યાપી હોવા છતાં તેને સમજવા માટે અનુભૂતિની લાયકાત માંગી લે છે. શોકના ઊંડાણની સ્પર્શ તો જ અભિવ્યક્તિમાં આવે તે વિના માન બાહ્ય

શિષ્ટાચાર બની જાય. શોક ગહન શોકના સ્વરૂપનું બીજું લક્ષણ એ છે કે તેના ઉપચાર હારમાં વેચાતાં ન મળે, તેનો ઉકેલ સહેલાઈથી, સહેજમાં રસ્તામાંથી ના જડે શમન માટે દુન્યવી બધા જ પ્રયત્નો કદાચ નિષ્ફળ જાય ધર્મ, ચિંતન, આશ્વાસનો, ધર્મગ્રંથો, ચર્ચાઓ, દૃષ્ટાંતો તેની આગળ પાંગળા પડે, બધાને રદિયો આપી દે તેવી બળવત્તર લાગણીની અનુભૂતિ હોય.

૧૦૪.''કિન્તુ હજાર ક્રિશ્ચિયન એજેદની
લાખો કુરાન, બાયબલોને વેદની
લાગણી ટાળી શકે ના ખેદની''

પ્રાકૃતિક ઉપકરણ, ઋતુની ગહનતા, વ્યંજના, ચર્ચા, લક્ષણા-માંથી શોકની કલાત્મક ચૂંથણી પતિલકૃત 'શોનવાર શાને પહેર્યાં' કાવ્યમાં છે. કાવ્ય કવિએ લલિત માટે લખ્યું છે. લલિતનો સ્વભાવ છે મોજીલો , આનંદી સ્વભાવ, નામ પ્રમાણે માણસ ગંભીર ના હોય કવિ લલિત થાય તો સ્વભાવે નામ પ્રમાણે સરળ, આનંદી હતા, ગમતીની, મૌન, ગંભીરતા, શોક સાથે તેમને ન કાવે એ સ્વભાવગત ગણાય. મૃત્યુ-સમયે પોઢેલા કવિ લલિતને ઉદ્દેશી કવિ કહે છે ગંભીરતા, મૌન કે શોક સાથે કેવી રીતે કાપ્યું ? 'લલિતે પોતાનો વેશ છોડ્યો'. એમાં વ્યંજનાર્થ છે કે આનંદી, બોલકાપણાનો વેશ, સ્વભાવ છોડી લલિત મૌન થઈ ગયા. એમાં શોક સૂચિત છે શોક અને ચિંતનની ગૂંથણી કવિએ પ્રાકૃતિક ઉપકરણને આધારે કરી છે કે તારા આકાશની શોભા છે. તારો ખરે છે ત્યારે તારાની સાથે આકાશની શોભા પણ શંકિત થાય છે એમ હે લલિત, તું જ મારા હૈયાને ભાંગે છે.

૧૦૫.''હરિન જે હૈયે રમે છે
તેણે જ હૈયાં વધેર્યાં''
શોગવાર શાને પહેર્યાં''

ચોટતા, વેધકતા અને કરુણતાની દૃષ્ટિએ પણ આ દૃષ્ટાંત તુલનાત્મક રસમુલા ટકાવી રાખીને સુંદર શોકની અભિવ્યક્તિ આપી જાય છે. શોકમાં માર્મિકતાના રંગો પણ ભળી આવે છે. ટકોર, કટાક્ષ, મીઠી ટીકા-વ્યંગમાં મૈત્રી અને આત્મીયતાની કોરમ પ્રસરે છે અને હેયા વલોયમાં આઘાતજનક સ્થિતિનો પડઘો પાડે છે. કાવ્ય અભિવ્યક્તિના કૌશલની દૃષ્ટિએ વિશેષ ધ્યાન ખેંચે છે.

સદ્‌ગતના મૃત્યુ પછીની મિલનની વ્યર્થ કલ્પના અને આકાંક્ષા અંતે હતાશામાં જ નીતરે છે. એમાંથી અંતે વેદના, શોક અને કરુણ સિવાય અન્ય કાંઈ અનુભવવાનું બાકી નથી અને હતાશા પછીની વાસ્તવિકતા આપણને વધારે તીવ્રદુઃખદાયક લાગે છે. હતાશામાંથી જન્મેલો શોક અંતે તો અસહ્ય વેદના જ આપે છે. શોકની વેધક અભિવ્યક્તિ મકરંદ છે. 'સદ્‌ગત મિત્રને' કાવ્યમાં આપી મિલનની અધીરાઈ, વ્યર્થ પ્રતિક્ષા અને ઉત્કટ મનોવેદના પછી અસહ્ય વેદના રૂપે કહે છે.

૧૦૬...'હજી તું શો આવે ? સુખદ વરસી વ્યર્થ ક્ષણો
ગઈ જ્યાં પલ્ટાઈ, થવ જીવનની આપણી ધરા''

જે આંખે કલિ મિત્રને દૂરથી હરપાલો આવી જોતા હતા તે આંખો તૃષ્ણ નજર કરી 'હમણાં આવશે, આંખે દેખાશે' એમ વિચાર્યા કરે છે. પણ હતાશા બાકી, નિરાશા આપનારી આશાને અંતે કહે છે.

૧૦૭...'સુખેથી તારે તો, પરમ ચિર શાંતા મનુજની
લઈ જોઈ રોવું, પણ ઉપર આંખો ભરીવાળી''

આંખે જોઈ જોઈને હતાશ થતી આંખ છેલ્લે બીડાય છે અને તીવ્રવેદના અનુભવે છે કે

૧૦૮...'ગઈ પલ્ટાઈ રે, ખરું જીવનની સર્વ ધરણી
અવે તો શે સ્નાં, કહન નવલી કયમ સદા
પછાટા ખાતી ઘૂમ, ખિન્ન હૃદયની જાય ઝરણી''

શોકની વેધક, તીવ્ર અભિવ્યક્તિ માટે મૃત્યુ પછીની બિન્નની સ્થિતિ અને પોતાની સ્થિતિનો ભેદ બતાવી કહે છે કે બાપણા બન્નેના જીવન-જીવવાની ઘરાજ બદલાઈ ગઈ. હવે આશા વ્યર્થ છે. હતાશામાંથી ઉદ્ભવતા શોકની સઘન અભિવ્યક્તિ મકરંદ જ દવે આપે છે.

મૃત્યુનું ગરિમ સ્થાપી, બાગ અને ફૂલ બરવાની ક્રિયાની રૂપકોક્તિ વડે રા વ્યક્તિત્વનો ઉઘાડ, ઐતિહાસિક સંદર્ભ અને 'નીંદ ગાવી ગઈ' કરી મૃત્યુ થવાનો સંકેત, 'બાગ આખો આંખ ચોળી રહ્યો' માં એક દુઃખદ વિસ્મય, આકસ્મિક ઘટના અને તેનો તીવ્ર આઘાત આ સર્વમાંથી શોક અને કરુણની ચમત્કૃતિ ભરી રજૂઆત 'નીંદ ગાવી ગઈ' કાવ્યમાં છે. જાહેર રૂપી ફૂલ ઉપર, એની શત પાંખડી ઉપર કૈકની હેતભીની નજરની ચોકીની ઝુલ બંધાઈ હતી. આખો દેશ વહાલનો વિંઝણો ઢોળી રહ્યો છે. આવા વૈભવી વ્યક્તિત્વનો ઐતિહાસિક સંદર્ભમાં કવિ પરિચય આપે છે કે આ ફૂલે કેટલાય ઝંઝાવાત સહ્યા છે. અને ડાબા હાથના ખેલની જેમ કંઈક તોફાનો ખાળી નાખ્યા છે. ક્યારેય તેનામાં ભયનો કંપ દીઠો નથી. બાગની શોભા તેણે કાયમ વધારી જ છે. તેની સુગંધે સૌ કોઈને ધીરજ આપી છે તે હવે

૧૦૯. ''કોણ પીશે ? ગરલ કાળ ઘોરી રહ્યો ?''

એમાં ભય, રૂઢિ, ઐતિહાસિક હુમલા અને જાહેરની ઉજ્જ્વલ કારકીર્દી પ્રતિક અને રૂપક વડે વ્યક્ત કરી છે. માત્ર ફૂલના જ ઉપકરણથી ગઝલ ગાવી સ્પષ્ટ, સુરેખ, સંપૂર્ણ ભાવચિત્ર ઉપસાવતી, અભિવ્યક્તિ લાઘવ અને કલાનું ઉદાહરણ બની રહે છે. પ્રથમ પુણ્યતિથિએ લખાયું હોવા છતાં કાવ્યમાં શોકની અનુભૂજન્ય અભિવ્યક્તિ કવિ આપે છે.

૧૧૦. ''ગગનમાં આજ પથરાઈ કાળી ઘટા,
આજ આંધી ફરીવાર જાગી રહી ''

હૃદયમાં ઘૂંટાતા શોકની આ અભિવ્યક્તિ અને જવાહર વિનાના દેશની સ્થિતિ માટે ચાંદી શબ્દ સચોટ છે. આખો દેશ કરસે છે અને કવિ તેના સહભાગી છે. ગગનમાં પથરાયેલી કાળી ઘટા મોતની કાલિમા અને શોકના સન્નાટાને વ્યક્ત કરે છે. કવિ ક્યાંય મૃત્યુનો ઉલ્લેખ કરતા નથી પણ રૂપકનો આખો સંદર્ભ મૃત્યુ અને શોક સમજાવી દે છે. બધાં બાગની શોભા ઝાંખી પડી ગઈ હોય તેમ બાગ એક ઘટનાને જાણે આંખ ચોળી જોઈ રહ્યો.

૧૧૧.. 'બાગ આખો ય આંખ ચોળી રહ્યો
એક એ ફૂલને નીંદ આવી ગઈ'

આલેખન એ અભિવ્યક્તિની કરામત એ છે કે પ્રસંગને વર્તમાનના રંગે આલેખી સચોટતા અને તાદૃશતાથી દૃશ્ય આકારી, તીવ્ર વેધક અનુભૂતિને વ્યક્ત કરે છે. ઉપર્યુક્ત યુગ્મ મૃત્યુની આકસ્મિકતા, શોકની ચોટ, અને અભિવ્યક્તિની વેધકતા વ્યક્ત કરે છે. પ્રસંગ અને ભાવની ગંભીરતાનો આસ્વાદ કરવાની એકોક્તિ છતાં રૂપકોક્તિ દૃશ્ય અને ઝાનિ, ગાંભીર્ય વ્યક્ત કરતી કલાત્મક ગૅજલિ કવિતા બની રહે છે.

'મારા સદ્‌ગત પિતાજીને' કાવ્યમાં કવિ પાનાલેખન કલાત્મકતાને આલેખે છે. અન્ય કાવ્યોની જેમ કવિ કાવ્યમાં સદ્‌ગત પિતાના વ્યક્તિત્વ-ના વર્ણનની કોઈ ભૂમિકા બાંધતા નથી શબ્દચિત્ર કે વ્યક્તિત્વ પણ છેડતા નથી છતાં ઊંચા વિચારો ધરાવનાર પુરુષ તરીકે કવિતા પિતા તરફ માથું ઝુકી જાય છે. એ આ કાવ્યના આલેખનની કલાત્મકતા છે. બેજ પંક્તિમાં મૃત્યુની વિભાવના સમજાવી મૃત્યુનું ગૌરવ બતાવી પિતાની સદ્‌ગતિ જણાવી કહે છે.

૧૧૨.. 'અમે નીજ કુલંકની શીઢ મીટાવશું રે વ્યથા'

એમાં પિતાની સ્મૃતિ, અને શોક સમર સ્વજની લાચારીભરી વ્યથા અને શોક વ્યક્ત કરે છે. પિતા મૃત્યુની મંગલ ક્ષણને પામ્યા એમ કહી

મૃત્યુનું માંગલ્ય વ્યકત કરે છે. કવિનું મૃત્યુના માંગલ્ય વિશેનું આલેખન શોકના સ્વરૂપનું રૂપાંતર જ છે. પિતાના ગુણવયુકત વિલસતા આત્માને કવિ જોઈ રહે છે એ પણ કલાત્મક આલેખન છે વ્યથાની કથા કલાત્મક રીતે રજૂ કરતું 'મારા ચક્ષુગત પિતાજીને' મા મૃત્યુની મંગલ વિભાવના ચાખી જાય છે.

ગરિષ્ઠ વ્યકિતની તદ્દન નોખી ભાત પાડતું કાવ્ય ભર ભર છાંટુ અંજલિ' ઝવેરચંદ મેઘાણીએ રાજસ્થાનના પ્રજાસેવક શ્રી મણીલાલ નિવેદીના મરણોત્તર નિમિત્તે લખ્યું. જીવન, વ્યકિતત્વ અને કર્તુત્વ માટે કવિ બહુ જુદા ગુણવયુકત ઉપકરણો ચાપે છે. કલાકોમાં જેમ ફુલ કરમાય પણ પ્રતિભા પાથરી જાય તેમ સજ્જનો ઓછું જીવી દીર્ઘકાલિન અસર મૂકી જાય છે. સજ્જનોના દૈહિક જીવન પછી લોકમાનસમાં દીર્ઘકાલિન જીવતા રહે છે. તેથી કવિ અંજલિ ગાયે છે.

૧૧૩..."હરિયાળી ધરતી કરી, હાલ્યા મેઘ મલ્હાર
વૃદ્યા તંબૂર તાર, ભણકારા ભવ ભવ રિયાં"

વાદળાં વરસીને જતા રહે તેમ મણીલાલ પરોપકાર કરી જતા રહ્યા તંબૂર શમે પણ ભણકારા વાગ્યા કરે તેમ તેમનાં સ્મરણો ગુંજ્યા કરે છે. સ્મરણ, વ્યકિતત્વ અને કાર્યોમાંથી કવિ શોક આલેખે છે. શોકની ગરિષ્ઠ વ્યકિતની એક વિશેષતા ચોરહી લોકવાની છે. એમાં વિયોગ, એકલવાયાપણાની તીણી ચીસાચી સંભળાય છે. 'ભવ રહ્યો મેહું ગયો'.

૧૧૪..."ભવ ભવ ગોત્યે ભટકતાં
ના જડે જોડીદાર
જિનકી હેંડી હલ ગઈ,
વાંકા પુરા હાલ"

આમાં સ્મરણ, વિયોગ, વિલાપ, કલ્પાંત, વિરહ, ગદ્ગદપણું, દર્દ બધું જ છે પણ મર્યાદામાં 'બાકીના બધા બધા રિયા'માં સ્વજન સ્મરણ અને વિલાપ હૃદયદ્રાવક રીતે વ્યક્ત થાય છે સ્વજન વિશેનો શોક ખ્યાલ જુદી રીતે આ પંક્તિઓમાં કવિ આપે છે કે અન્ય સ્વજનનો શોક કોઈને કોઈ સીમા સુધી વિસ્તરેલો હોય છે પણ આ સર્વ સ્વજનો કરતાં વધારે સ્વજનત્વ તમે આપ્યું, આત્મીયતા બધામાં તમારી શ્રેષ્ઠ, માટેજ અન્ય સ્વજનોના મૃત્યુથી થતા શોકની બધી સીમાઓ સામટી ઊભરાઈ છે અન્ય સ્વજનો કરતાં અનેકગણું દુઃખ ચેકી આપે આવી પડ્યું એવા આ લેખનમાં દુઃખ અને વેદના, શોકની તીવ્ર સંવેદના વ્યક્ત થાય છે.

૧૧૫.''ભાઈ મર્યે બધા હારિયે,
બેન મર્યે દૃશ્ય જાત
માવતર મરતે ઉનાં
ચોદશનાં વા વાય
(પણ) સુખ દુઃખ બેનાં થાય
હેડી ? એક તમ મુતે''

ભાઈ, બ્હેન અને માવતરના કરતાં અનેક ગણું દુઃખ મણિલાલના મૃત્યુથી થયું છે. શોક અને કરુણની પરાકાષ્ઠા બતાવવા માટે કવિએ આપેલી તુલના મતીતિકર લાગે છે. કવિને મણીલાલની વસ્મ માટે પણ આદર છે.

૧૧૬.''સજન તમારી બાક પર, ઝાઝા હજો જુહાર
બર બર છાંટું અંજલિ, બળતરિયા જોધાર''

શોક, વિલાપ અને અંજલિને ઝીલી કવિ મણિલાલને ભાવ ભરી અંજલિ આપે છે.

શોકની ક્લાત્મક ભાવાભિવ્યક્તિ 'આજ નયનો ? રડો ?'માં છે. અસહ્ય શોકની ભાવાભિવ્યક્તિ માટે કવિ પોતાની આંખોને

સંબોધે છે કે 'આજ નયનો ? રડો?' કવિને ગાંધીનો શોક અને ક્લેશ વ્યક્તિગત તો છે જ . પણ તેને જીવંત રાખવા કવિ આંખોને રડવાનું કહે છે. મનોવિજ્ઞાનનો એક મત એવો છે કે જીવને લાગેલો આઘાત, દુઃખ, શોકની અભિવ્યક્તિ બે રીતે થાય છે. ક્લેશને કારણે રોષ, ગ્લાનિને કારણે શોક દુઃખને કારણે વિલાપ , આઘાતને કારણે રોષ અથવા શોક જીવને થયેલો ક્લેશ પણ દુઃખદ આઘાતનો પ્રત્યાઘાત જ છે. તેની અભિવ્યક્તિમાં ક્રોધ કે રોષ હોય તે પણ સ્વાભાવિક છે માટે કવિ કહે છે.

૧૧૭. "આજ નયનો ? રડો? હૃદય ભાંગી પડો
પૃથ્વી પેટાળના કાળના કોરડા શા
ધરાકુખ સૌ કારમા ગડગડો
આજ આકાશના ઘુમટ નીચે પડો
સૂર્ય 'ને ચંદ્રને તારલા સૌ ટળો
આજ ગાંધી ગયા.....''

રૌદ્રરસથી ભરપૂર ભયાનક ચિત્ર આલેખિત કરે છે કે ગાંધીની હત્યા નાની સૂની ઘટના નથી પૃથ્વીના પ્રલય સમી છે માટે કવિ ઉપર પ્રમાણે આદેશ આપે છે. માનવદીપ ગાંધી બુઝાયા પછી, હે સૂર્ય, ચંદ્ર, તારા, તમારી શી જરૂર છે, તમે તો તે પહેલાં હતાં જ ને ? પણ ગાંધીથી દરેક માનવહૈયામાં જે પ્રકાશ પહોંચ્યો છે તે તમારાથી ક્યાં પહોંચ્યો છે ? માટે માનવહૈયાનું અંધારું તમે ખાળી શક્યા નથી. હવે તમે ટળો તમારું અસ્તિત્વ વ્યર્થ છે. આ તિરસ્કારમાં ભારે શોક જ છે. આ અભિવ્યક્તિમાંથી વેધકતા પણ સિધ્ધ થઈ જાય છે. ગાંધીનો પ્રભાવ અને શોક વ્યક્ત કરવા માટે કવિએ સંસારની સમસ્ત સત્તા અને શક્તિઓને પણ તુચ્છ પ્રતીતિ બતાવી છે એ શોકની અભિવ્યક્તિની ક્લાત્મકતા છે. ભયાનક વાતાવરણના આલેખનથી છવાતો આતંક એને તો શોક જ વ્યક્ત

કરે છે. એમાં તિરસ્કાર, રોષ, ક્રોધ, આદેશ, ઋજ્ઞ ચકળામણ, ધૂંગણમાંથી વિવિધરૂપોમાં મૌલિક વ્યાપક શોક વ્યક્ત કરે છે.

શોકની વૈધક ચિત્રિત્યકિત માટેના અનેક પ્રયોગો ગાયણે જોયાં એમાંનું નવું ચોપાન વક્રોક્તિ વ્યંજના, વેકોક્તિ વ્યંજના, નાટ્યાત્મક સૃષ્ટિ વ્યંજના વ્યક્ત થતો શોક છે. ગાંધીના અવસાન પર આખો દેશ રડે છે. માત્ર ગાંધી રોતા નથી. કોણ કોને આશ્વાસન આપે, તેવી માનવતાવાદી ગાંધી પોતાના અવસાન પર નહીં રડ્યા, આંસુ લૂછી નાંખવા માટે પોતે કહે છે 'રડો ન મુજ મૃત્યુને'.

૧૧૮.'' રડો ન મુજ મૃત્યુને,
અને નહીં શું ભેમકાર ઉછળી ચરે ? કાં રડો ?
હતું શું બલિદાન, આ મુજ પવિત્ર પૂરું નકે ?
અધૂરપ દીઠી શું જ કે મુજ અકામ્ય તેથી રડો ?''

X X X X

૧૧૯.'' સુણો પ્રગટ સત્ય વૈર, પ્રતિ પ્રેમને પ્રેમજ
હસે ઈશુ, હસે બુદ્ધ ચકલુ, સૌમ્ય સંતો રસે
રડો ન મુજ મૃત્યુને, હરખ થાય આ છાતીમાં
ન રે, ક્ષમ તમે ય તો હરખતાં ન કેમ નહિ''

કવિએ નાટ્યાત્મક વક્રોક્તિ વ્યંજના શોક નિષ્પત્તિ કરી છે. શોકની ચિત્રિત્યકિત માટે, આશ્વાસનના માધ્યમે સદ્ગત વ્યકિતવિશેષને મુખ્યે વેકોક્તિ અને સંબોધન નાટ્યાત્મક ઢબે મૂકાયાં છે. વક્રોક્તિમાં પ્રજા પર કટાક્ષ પણ છે. ગામ કટાક્ષ, વક્રોક્તિ, વેકોક્તિની પ્રગટ-વાણીમાંથી વૈધક શોકનું અનુભવાય છે. કલાત્મકતા એ છે કે કવિ ક્યાંય વચ્ચે આવતાં નથી કાવ્યમાં મૃત્યુ પામનાર ગાંધી નમ નિખાલસ એકારાર અને આશ્વાસન જ વ્યક્ત કરે છે પણ એની રજૂઆત જ વાચકના

મનમાં શોક છાઈ દે છે. સદ્‌ગત ગાંધી આશ્વાસનરૂપે આપું કાવ્ય કરે પણ મજા મત્યુત્તારમાં માત્ર તેમના માટેની ગહન શોક વ્યક્ત કરે છે એ અભિવ્યક્તિની કરામત છે.

અભિવ્યક્તિ કવિના માનસિક કવિ રંગ પર આધાર રાખે છે. વિષાયને પામીને તેને કાવ્યાત્મક રૂપે સર્જન કરી તે પ્રસંગને આલેખે છે. ત્યારે તેમાં તેની ચૂક, કાવટ અને બહાવરો કામ કરી જાય છે. માટે જેના ધારાધોરણ ચુસ્ત નથી પણ સારી અભિવ્યક્તિનો ખ્યાલ સર્વ સ્વીકૃત છે.

અહીં અને વાત્સલ્યમાંથી શોકની અનુભૂતિ કરાવવા માટે માતા, પિતા અને ભાઈ, બહેનના મૃત્યુ પ્રસંગે લખાયેલી અંજલિ કવિતાઓ-માંથી મીનુ દેસાઈકૃત 'સ્વ.ભાઈને' વિલાપનો લયબદ્ધતા કરતી પ્રાસ-ચાતુરી, તેમજ શબ્દ ચૂક,માંથી શોક પ્રગટ કરવાનો પ્રયત્ન કરતી કવિતા કરતાં સંવાદ, સ્મરણ અને નાટ્યાત્મકતા દ્વારા તાદૃશતા અને ચમત્કારકતા ઊભી કરી શોકની સહજ અભિવ્યક્તિ આપતી પિનાકિન ઠાકોરની 'પૂ.બહેનને' કાવ્યમાં કવિ કહે છે.

૧૭૦.''ચણચીલી કળી ચોક ઢળી પરી
પીઠડી ડાળ રહે ક્રમ બાંધવી
જગતમાં ક્યહીં સંપડશે કરી
બ્રહ્મરી ચંતરની મહુરી બાંધવી''

પંક્તિઓમાં 'કુમળી કળી'નું રૂપક અને તેમાંય ચણચીલી શબ્દ પ્રયોગમાં કોમળાર્થનાં જ ચલચાનનો ભેદ અને મહુરી મમતા હવે જગતમાં કોની સાથે બાંધવી એ વ્યથિત ભાવભાવો શોકનામી છે. એક તો સામાન્ય પ્રચલિત અર્થ છે કે તૂટ્યા પછી ડાળ પર કરીથી કેવી રીતે બાંધવી ? અને ભાઈના અર્થમાં બંધુ, બાંધવ શબ્દ ગુજરાતી સાહિત્યમાં પ્રચલિત છે.

તેના આધારે બાંધવની બ્હેન બાંધણીનો ગર્ભ સંકેત કવિશ્રીએ પ્રસાર્યો છે આંખ સામેથી બસતી નથી એવી બ્હેન જાણે કે

૧૨૧. "અધચણેલ બ્હેલની બાંગલી
નિરખું હું જ અટારીએ ધરી કલા
કર લહે વહી હેત થી ? બાઈલા
અનુભવું તુજ બ્હેન હું આંગળી

બ્હેન જાણે કે અધચણેલા બ્હેલની અટારીની ટેકે પડેલી કલા હતી હજી ય હાથ પહોળા કરી પારણામાંથી બાઈને બોલાવતી બ્હેન આંખ આગળ તરવરે છે. ધ્વનિ અને સ્પર્શને કવિ જીવંત રીતે વ્યક્ત કરે છે કે '.....હેત થી બાઈલા અનુભવું તુજ હું આંગળા'. જાણે આંગળીનો સ્પર્શ આજે ય અનુભવું છું. આ ઈન્દ્રીય ચેતપકૂંતાનો અનુભવ અભિવ્યક્તિની ખૂબી છે. કાવ્યમાં સ્મરણો, મરંગિનો વિવિધરંગી, વાત્સલ્યપૂર્ણ સ્નેહળીનાં ઊર્મિબિંબ છે. બાઈના બ્હેન માટેના વિયોગની વ્યથા આ વાત્સલ્ય સ્નેહભર્યા પ્રસંગો જ કરાવે છે.

૧૨૨. "નયનને પણ બંધ કરી રહું
સ્મરણ શિતલ પારણિયે ઢળું
મધુર શૈશવની મૂઠ લાગણી
ગળતી ઉજજવલ હેતથી રાગિણી"

આ કાવ્યને શોકાંજલિ બનાવતા ઘંશોમાં મુખ્યત્વે રૂપક, શબ્દચાતુરી, પ્રાસયુક્તિ, સ્મરણો અને તેની કાવ્યાત્મકતા છે. પ્રસંગોની રજુઆત સ્મરણરૂપે જેવી રીતે રજૂ થઈ છે કે બ્હેન માટેનો વિયોગ સહજ, સ્વભાવિક રીતે વ્યક્ત કરી દે છે તેમાં સ્નેહની સુગંધ સતત વરતાયા કરે છે.

સ્મૃતિને રામણનો સંદર્ભ આપી, આલેખી, તેમાંથી શોકનો ભાવ કંડારવાનો પ્રયત્ન 'મણિલાલ દેસાઈનો' કવિતામાં છે. આ કાવ્ય

સ્મૃતિને કારણે કે અજ્ઞાનદૃશ પ્રકારને કારણે યાદ કરવા કરતાં અભિવ્યક્તિની નવીનતાને કારણે ~~[illegible]~~ નોંધપાત્ર બને છે. કાવ્યમાં એક ઉનાળાથી બીજા ઉનાળા સુધીનો વ્યાપ કવિ આંકડો છે. સમયના આ જ વ્યાપમાં સ્મરણને સહારે મણિલાલ દેસાઈનું વ્યક્તિત્વ અને કવિત્વને ચમકાવી દે છે. એ ક્લાત્મક રીતે છે કે નિર્રથકતાની વિશાલ વ્યાપકતા અને શૂન્યાવકાશની સ્થિતિમાં કવિ કોઈ અર્થને આકાર આપે છે. એક સુખદ સ્મરણમાંથી કવિ દુખદ વર્તમાનમાં લાવી દે છે. ગયા એક ઉનાળામાં ગ્લાજોથી ધમધમતા શહેરમાં મણિલાલે જ કવિતા વડારા શહેરને નવો અર્થ અને નવો ધ્વનિ, નવું રૂપ આપ્યાં હતાં. આ વર્ષ પણ હમણાં ઉનાળો છે પણ શહેરનો અવાજ પહેલાં જેવો પાછો નિરર્થક ધમધાટ લાગે છે. કારણ કે તેમાં ધ્વનિ પૂરનાર મણિલાલ નથી અને તેમે અર્થ આપનાર તેની કવિતા નથી એ આજની ગમગીનીનું કારણ છે.

૧૨૭.'' કાળ આળ ઉનાળામાં આવા
મારા શહેર માંથી અહીંને (મને ય) મૂકી
કેમ ? કહે
મૃત્યુને તે
ઘરી લીધી
છલકત સ્વપ્નમયાં જીવનની કાવ્યમાંથી ''

જીવનરૂપી કાવ્યમાંથી મૃત્યુને ઘરી દેવાથી આ શહેરમાં માત્ર નિરર્થક ધોધાટ રહ્યો છે. શબ્દનો અર્થ ગુમ થઈ ગયો છે. એ તારી કવિતામાં હતો પણ હવે તું ક્યાં છે ? આ વિયોગ વેધક અભિવ્યક્તિ પામ્યો છે. મૃત્યુને કારણે લાગની ગેરહાજરી કવિતામાં તોડ્યું કારણ છે કવિએ ભિન્ન ભિન્નાની સૂનકાર, વ્યર્થ સ્થિતિ આખા શહેરમાં વ્યાપેલી બતાવી તે સર્વનું કારણ મણિલાલનું મૃત્યુ સિધ્ધ કર્યું છે આમૂર્ણાત અનુભૂતિ વ્યાપક ફલક પર વિસ્તારી છે તે પણ નોંધપાત્ર છે.

'વસંતાગમને' કવિ ન્હાનાલાલનું સ્મરણ વિષાદ જગાવે છે કારણ કે ન્હાનાલાલ વિના વસંતની ઝલિપ્તકિત પાંગળી લાગે છે. વસંત જે રૂપ લઈને આવે છે તેને શબ્દદેહના શણગાર,અર્થોના ઝંકાર ન્હાનાલાલે આપ્યાં તેથી વસંત ન્હાનાલાલની ઋણી છે. વસંત પણ ન્હાનાલાલને સ્મરે છે. એક સરખા રૂપે બ્રહ્મે પ્રસરતી વસંતને ન્હાનાલાલે શબ્દદેહે અને કાવ્યરૂપે નવલાં રૂપ ધરી દીધાં કલ્પનાના રૂપ અને ઊર્મિનાં શણગાર આપ્યા. વસંત આમ તો મર્યાદિત સમયમાં આવે છે પણ કવિએ કાવ્યકુંજમાં તેને અમર કરી દીધી જાણે કે વસંતના કોડ કવિએ પૂર્યા છે. કોડામણી વસંત આવે ત્યારે ન્હાનાલાલ વિના હવે કોણ તેને સત્કારશે ? ન્હાનાલાલ સિવાય બીજું યોગ્ય તેને માટે છે પણ કોણ ?

૧૨૪. "ઓધા મહેમાન બનીને પધારો
વસંત વૈતાલિક હે કવીન્દ્ર
વસંત આતીથ્ય શું ના સ્વીકારો ? "

વસંત અતિથિ થઈને આવે તેને તમે શું નહીં સત્કારો વસંત પોતે પણ ઈચ્છે છે કે

૧૨૫. "કવિતો ગુણાતો, કવિ કેરી વાણી
આવી ઊભાં આંહી વસંત રાણી
સૂનાં શ્રોતા જનો બધા, સૂના કવિજન દેશ
સૂના મણય કથાનકો, ગ્રહીં સૂના વસંત દેશ"

ન્હાનાલાલ વગર પુલકિત પ્રકૃતિ અને તેના પ્રભાવે માનવ મન, શ્રોતા, કવિમન , મણય કથાનકો બધાજ સૂના છે. કવિ વિરહનો આ વ્યાપક પ્રભાવ છે. આવી વસંત આજે કહેવાતી વસંત બની ગઈ શું ? હૈયામાં ન્હાનાલાલ વિના માનખરનો પ્રભાવ, ઉદાસીનતા છે.. વસંત આ પૃથ્વી પર ન્હાનાલાલના મુખે મણસ્ત્રિત સાંભળવાજ આવતી હતી. વસંત અને ન્હાનાલાલ કયાં જુદા હતા. બન્ને એક જ હતાં બન્ને એકરૂપ હતા.

વસંતની અભિવ્યક્તિ એટલે જ ન્હાનાલાલ... ૧૨૬.''વસંતના નૂતન સૂર ન્હાનલ'' - કવિ ન્હાનાલાલપાસે પોતાની રૂપ પ્રશસ્તિ સાંભળવા જ વસંત આવતી હતી આજે એ વસંત ન્હાનાલાલ વિના ઉદાસ છે. ગંજન ગણગણતિની વ્યાપક વૈશ્વિક અભિવ્યક્તિ આમ કવિ 'વસંતાગમને' કાવ્યમાં આપે છે. 'વસંતાગમને' નામ આપી કવિએ વસંતના નિમિત્તે ન્હાનાલાલને અંજલિ આપી છે. વસંત આવેની એકરૂપતામાં વિચ્છેદ, ઝંખના, વ્યાપક અભાવ, અને વિષાદમાંથી કવિ શોકની સઘન અભિવ્યક્તિ આપે છે તેથી ચમત્કૃતિજન્ય કલાત્મક અભિવ્યક્તિ લાગે છે.

શોકની ઉત્કટ, ઉત્તમ, વેધક અભિવ્યક્તિ ત્યારે જ સિધ્ધ થઈ લાગે કે જ્યારે શોકને શાંત કરવાના પરિબળો પર શોક ગણનમ રહી વિજય મેળવે. શોકને સમાવેશ શમન કરે તેવું એકજ તેવું હરીફ તત્વછે ચિંતન, ચિંતન પાસે બુધ્ધિ, ઉંડાપણ અને ગંભીરતા છે પણ શોક પાસે લાગણી, હૃદય અને બીજી અભિવ્યક્તિ છે. વળી ચિંતન શોકની અનુજ લાગે. ચિંતનનો શોક પર પ્રભાવ યથોચિત ન પણ લાગે જ્યારે ચિંતન પાંગળુ પડે ત્યારે શોકની મહત્તા બને. 'ફુલ પૂર્ણ' માં પુની વિયોગ કુરાન, પાચલલ કે ખુદાથી કયાં શમે છે ? એટીજ સુંદર, સચોટ ઉંડા હૃદયદ્રાવક શોકની અભિવ્યક્તિ 'સૂની સફર'માં છે.

૧૨૭. ''વ્યર્થ આશ્વાસને ઘૂંઘવાતો કરું
સફરમાં કેમ બાંધે મુકામો ?''

સફરનું રૂપક લઈ, કાળની ચક્રમાં મુકામ વિના સફર [illegible] ડામાડોળ અને સૂની થઈ ગઈ એમ કહે છે અનેક આશ્વાસનો શોકશમન માટે વ્યર્થ જતાં ચિત્ત ઘુંવાય છે ને મનન કરે છે 'સફરમાં કેમ બાંધે મુકામો?'' વ્યર્થ પ્રયત્નો હતાશા આપવે એવી લાચારી શોકસાગર લાગે છે. વેધક કરુણ માટે પણ આ અભિવ્યક્તિ ખૂબ સચોટ છે કવિ નશ્વરતા, મૃત્યુ, જીવન

Kalpatru

વર્ણનનું રહસ્ય જાણે છે છતાં આશ્વાસનની અસર થતી નથી શોક સમાવી નથી શકતા એ ઉત્કટ શોકની અભિવ્યક્તિ સિધ્ધ કરી દે છે.

મૈત્રી કાવ્ય, સ્મરણાંજલિ, અને શોકાંજલિ, જોયના લક્ષણો ધરાવતું કોલકનું 'વિખૂટા' કાવ્ય પોતાના સદ્‌ગત મિત્ર ગુણવંતરાય વૈષ્ણવ માટે લખાયું છે. આ એક ઉત્તમ શોકકાવ્ય છે. અસહ્ય શોકની ધારદાર વેધક અભિવ્યક્તિ આપતા આ કાવ્યનો કેન્દ્રવર્તી પ્રસંગ સદ્‌ગત મિત્ર સાથે જોયેલું એક આકાશી દ્રશ્યનો છે. સંજોગવશાત્ કવિને એ દ્રશ્ય આકાશમાં કરી જોવા મળે છે. પણ અત્યારે સંવાદમાં સૂર પૂરનાર મિત્ર નથી તેમાંથી શોક ઉદ્‌ભવી કવિ કાવ્ય લખે છે. આ પ્રસંગ કે દ્રશ્ય જ કાવ્યમાં શોકની વેધક અભિવ્યક્તિનું સાધન બને છે. એનું શોકની ભાવાભિવ્યક્તિ માટે કવિએ કરેલું વિનિયોજન કલાત્મક છે. સંવાદમાં સૂર પૂરતાં મિત્રનું સાન્નિધ્ય, આત્મીયતા યાદ આવે છે પણ હવે મિત્ર વિના આપડા મોટા સંસારમાં જાણે દિશાશૂન્ય થઈ ગયા છે. માટે જ કાવ્યનું શીર્ષક પણ 'વિખૂટા' આપ્યું છે. કવિ આકાશમાં ક્ષિતિજની પછેતીમાંથી ચંદ્ર ઉગતો જુએ છે. ચંદ્ર ધીમે ધીમે આકાશમાં ઉપર આવે છે. કવિ ચંદ્રને આશ્વાસન આપે છે કે હમણાં તું ક્ષિતિજનું રંગીન સાન્નિધ્ય છૂટતાં વિખૂટો પડ્યો છે પણ કાલે પાછું તને એ સાન્નિધ્ય મળવાનું છે. તારી સ્થિતિ મારા કરતાં સારી છે. વિખૂટા પડ્યા પછી અવશ્ય ક્ષિતિજમાં તારું મિલન છે. મારો આ વિયોગ, દુઃખ સ્થિતિ કાયમિક છે. મારે મારા મિત્રનો વિયોગ થયો છે તેમાં મિલન શક્ય નથી તે કાયમી છે. માટે મારું અસહ્ય છે. આ શોક અને ચિંતન કલાત્મક પ્રતીતિકર છે. કલાપતરાયના કાવ્યસંગ્રહોની કાવ્યકંડિકા ચરણાલવાનું મન થાય કે

૧૨૮. "પામીશ પતો પીયુના, નહીં તું થઈશ ઉદાસ
મિત્ર જતાં મારે થયો, મોટો પાનખર માસ"

પાનખરમાં વિયોગને આપેલું દલપત રામનું આશ્વાસન જે શોક વ્યક્ત કરે છે. કે માટે કાયમી મોઢ પાનખર માસ બેઠો છે તેવો જ છે તેમ કોલકે ઈંદુને આપેલું આશ્વાસન શોકને વેલક બનાવે છે. ઈંદુ-અથવા ઈંદુના ઉપકરણની ઉપયોગ કવિઓ મિલન વિયોગના ભાવો માટે કરે છે ન. ભો. દિ. પણ ઈંદુને પ્રતિક તરીકે પસંદ કરે છે પણ ઈંદુ પાસેથી કોલકે જે શોકની અભિવ્યક્તિ કેળવી અને મેળવી છે તે સાચો જ ઉત્તમ છે તેમાંથી શોકની ઉત્તમ ભાવ અભિવ્યક્તિ પણ થઈ છે એ કાવ્યનો ક્લાત્મક અંશ ગણાય.

ઘણા કાવ્યોમાં શોકનું એકાંગ આલેખન જોવા મળે છે. પરંતુ તેના સ્વરૂપની ચર્ચા માટે શોકાંજલિનું લાઘવ મોટી મર્યાદા બની જાય છે. વિશાળ ફલકમાં જ સ્વરૂપની વિશદ ચર્ચાને અવકાશ છે પણ શોકના સ્વરૂપને ઘણાં જોડા કવિઓએ કૃતિમાં વણ્યું છે. રસમિમાંસામાં ચર્ચા ક્વચ શુષ્ક, ક્લિષ્ટ લાગે પણ જ્યારે કાવ્યમાં-કાવ્યના ભાગરૂપે સ્વરૂપચર્ચા આવે ત્યારે સરળ, રોચક બાનીમાં આસ્વાદ્ય ગુણ લઈને આવે તે બાલકના હિતમાં છે. શોકના સ્વરૂપની આસ્વાદ્ય રીતે પરિચય બેટાઈના 'અદ્ભુત રસાવરી' ના કાવ્યખંડ-૫ માં મળી જ રહે છે. શોક અને કરુણની સામે બુદ્ધિ અને હૃદય પ્રભાવિત કરવાની સ્પર્ધા કરે છે. કોના પ્રભાવમાં શોક અને કરુણ ચાલી જશે? એવો સહજ વિચાર આવે પણ અંતે બુદ્ધિની ચતુરાઈ અને હૃદયની સચ્ચાઈમાં હૃદયની સચ્ચાઈ જીતી જાય છે. શોકની વિજય થાય છે. નરસિંહ મહેતાએ જેમ ભક્તિભાવ માટે 'તત્વનું તૂંબડું તુચ્છ લાગે' કહેલું તેમ શોક અને કરુણ પાસે પણ બુદ્ધિ અને તત્વચિંતન તુચ્છ લાગે છે. જ્ઞાન રંક બને છે. શોકના ભાવે તપી તતડી ગયેલા હૃદય પર આશ્વાસનના જળબિન્દુઓ વરાળ થઈ જાય છે.

૧૨૯.''આશ્વાસનના શબ્દ શું વદી શે ?
આજે બન્યું છે મુજ જ્ઞાન રંક
વહું કદી નીચ શું શાંતિ અર્પશે ?
દાઝેલ હૈયું, ક્યમ દાહ ટળશે ?
સંતપ્ત તારા ઉરઘાતુપાત્રમાં
આશ્વાસન શબ્દોની ધરાળ ઠલવે
ઝૂંપ્યું વિજ્યું આજ અતુલ શોકે
તું છો વહાલે ઉરને અનર્ગળ
અને ન શાંતિ ઝૂંપું ફેરી આશ્વસે
તને થશે ગોમતી કેમ શાંતિદા ?''

કવિના સંતપ્ત ઉરઘાતુપાત્રમાં શોકની ઉકેલી આંધી, સંતાપની અભિવ્યક્તિ પણ તેવીજ જલદ, તીવ્ર વેધક છે.

૧૩૦.''કોમળા તુજ હૈયામાં, પુનરપી અધિકો વસ્યો
વિચ્છેદાઈ જતાં આજે
ઘાત બેવડ છે થયો''

પુનરપી અધિકો સ્નેહ વિચ્છેદાતાં કવિ શોકનો બેવડો આઘાત અનુભવે છે. ત્યાં શોક ચે ચરમ સીમા પર પહોંચે છે કે જ્યાંથી કરુણ ટપકતા નાંખે. બુધ્ધિ અને હૃદયની જેમ શોકનું મૂલ્ય આંકતા માટેકવિએ શ્રધ્ધા, ધૈર્યની ચર્ચા પણ કરી છે. કવિ એવું પ્રતિપાદન કરે છે કે શ્રધ્ધાનું પ્રાબલ્ય શોક સ્વીકારે છે. કારણ શોકને તે નવું બળ આપે છે. અંતરના ઘૂંટાતા શોક પર ધૈર્યનો સંયમ છે ત્યાં સુધી બાંધો નથી પણ ધૈર્યની સાથે જો શ્રધ્ધા તૂટી જાય તો પરિસ્થિતિ ગમગીન બને છે. માટે શ્રધ્ધા તૂટવી ના જોઈએ. આંસુ બેગી શ્રધ્ધા વહેવી ના જોઈએ જોઈએ. શોકમાં શ્રધ્ધા આશ્વાસનનું કામ કરે છે. શોકના અસ્તિત્વને આંચ ન આવે તે રીતે શ્રધ્ધા શોકને સાચવે છે. વિકસાવે છે. આત્મચિંતન

દરમિયાન જ્યારે શોકમાં માણસ આ શબ્દાને ટકાવી રાખે છે ત્યારે તેને દાર્શનિક શાંતિ અનુભવવા મળે છે. જ્ઞાન, ગંભીરતા, શાંતિના વાતાવરણમાં મૃત્યુનો અર્થ સમજાતાં મૃત્યુ ગૌરવવંતુ પુણ્યવંતુ પવિત્ર લાગે છે. તેથી મૃત્યુ અમંગલ લાગતું નથી. મૃત્યુને માંગલ્ય આપવું આપણા હાથની વાત છે. આમ મૃત્યુના સંદર્ભમાં શ્રધ્ધા, ધૈર્ય, શોક ખૂબ ઉંડી સમજ માંગી લે છે માટે જ કવિ કહે છે કે

૧૩૧.. 'ધૈર્ય-શ્રુતિ ત્યા કોને
મૂંઝો જ ના'વતાં ?
શ્રધ્ધા-ચ્યુતિ ત્યા શું ચે
શ્રદ્ધા યે સર્વની ચતા ''

ગાને મૂલ્યવાન શ્રધ્ધાને સાચવવા આદેશ આપે છે કે

૧૩૨... 'રેલી રહે, અંતર દુધ્ધ નીર હું
પરંતુ શ્રધ્ધા તુજ આત્મ કરી
રખે વહાળે તુજ નૌકા વ્હારે''

શોકમાં શ્રધ્ધાનો કાળો ચમત્કાર છે. શોકની સ્થિરતામાં શ્રધ્ધા ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે. આમ શોકના સ્વરૂપનો પરિચય સંસ્કારોમાં છતાં સંતોષકારક રીતે 'અદ્રીજ સ્વારી' માં પ્રાપ્ત થાય છે તેથી શોકની સ્વરૂપ લક્ષી સમજ, શોકના સ્વરૂપની ઓળખ કવિ બેટાઈએ આ કાવ્યમાં ભાવકને ધ્યાનમાં રાખી કાવ્યમાં ચૂવે તે રીતે આપી છે.

બ.ક.ઠા.એ મૃત્યુ-દર્શનને શોકની ચમત્કૃતિની સાંધી લેવાની ચમત્કૃતિ ગણાવી કારણ કે તેમાં બાહ્યાડંબર કે પોકાતાનો સંદેહ રહે છે. કંઈક અંશે અતિશયોક્તિ પણ સંભવે પરંતુ કલ્પાંતમાં શોકની ભાવના સચવાઈ રહે છે. જેને માત્ર 'શોકકળા' કરી શકાય તેવા અર્થ વ્યર્થ મૃદનની ચમત્કારીમાં મનની અસ્વસ્થ સ્થિતિમાંથી ઉદ્ભવતું ક્ષોભ વેરું કલ્પાંત શોકજીનું લાગે છે. વેદના માત્ર પોતાને જ વેઠવાની હોય

અને જગતમાં ક્યાંય આશ્વાસન ન મળે ત્યારે બ્રહ્મહૃદયની વ્યથા કલ્પાંતનો સહારો લે છે. જીવનમાં અને જગતમાં જેણે એક નવો અર્થ સંદર્ભ અને રસ ભરી દીધો એવા જગતમાં એકલા મૂકો તે વ્યક્તિ જતી રહે ત્યારે રસ અને અર્થ તેની સાથેજ જતાં રહે છે તેથી સંસાર નિરસ, અને નિરર્થક, અસાર લાગે છે. એ વ્યથા પુરુષાહૃદય વ્યક્ત કરે ત્યારે તો આકાશ રોવડાવે એટલું ઘેરું દર્દ ટપકે છે. શોકની એની ક્લાત્મક, હૃદયંગમ અભિવ્યક્તિ વિયોગેમાં ક્રાન્ત આપે છે.

૭૩૩. "આકાશે એની એ તારા ;
એની એ જ્યોત્સ્નાની ધારા
તરુણ નિશા પણ એની: ધરા
ક્યાં છે એની એ ?"

વ્યર્થ સંસારના અદ્‌લા નિરસ જીવનના દૂષણમાં પત્નીના અવસાનની ખિન્ન વિષાદ છે જે પ્રશ્ન કરીને વ્યર્થ સંસારની ખાલીપો બતાવી દે છે. 'ધરા ક્યાં છે એની જે પ્રશ્ન તેના વિના વ્યાપેલો શોક સૂચવે છે.

શોક અને દુઃખ ક્યારેક આત્મદર્શનની પોતાના જ પૃથક્કરણની સ્થિતિ આપે છે. ત્યારે ઊભી થયેલી સ્થિતિ માટે પોતાની જવાબદારી કેટલી ? એ શોધ ચાલે છે પણ જ્યારે વિધિ નિર્માણ નિશ્ચિતતા હોય અને માનવ નિમિત્તમાત્ર હોય ત્યારે નિર્દોષ હોવા છતાં, દોષ પોતાને શીર લઈ લે ત્યારે તેમાં સ્વજન પ્રત્યેની પ્રીતી લાગણી, પ્રેમ, સિધ્ધ થાય છે અને દોષ સ્વીકારના એકરારમાં શોકની ઝુંપી થાય છે આ પણ એક શોકની જ અભિવ્યક્તિ છે. સંસારસાગરના કવિના સહપ્રવાસની તેમના ધર્મપત્ની મૃત્યુ પામતાં કાન્તની સફર સૂની થઈ જાય છે. ત્યારે કવિ શોકગ્રસ્ત બને છે. અને આ સ્થિતિનું કારણ શોધવા જતાં તેમને લાગે છે કે સફરમાં મગ્ન એવા કવિનો બિના બેદરે, પત્નીનો સાથ છૂટે છે આનંદદાયક સફર કષ્ટદાયી બની જાય છે.

૧૩૪ "સદૈવ સુખ નાવમાં સ્વજન સંગ માટે જતો
કૃતાર્થ સહયાત્રથી, મૃણયથી હંમેશા હતો
શશી સદ્રિત રજનીઓ, મહિ અનેક ગોષ્ઠિ કરી
ગયા દિવસ તે બધાં ? નૃપતિ જ આવવાના કરી ''

ગયેલાં સુખી દિવસો દુર્લભ થવાનું કારણ કવિ કહ્યું છે કે પત્નીના પ્રેમમાં હું એના પ્રમાદમાં ચૈત્યો કુબ્યો કે પત્નીને જ સાચવવાનું હું ચૂકી ગયો ?

૧૩૫ "જતાં નિકટ બંદરો, નિરખતાં હલેસે વહી
ન હોય સુખ નાવની, કુદર બંદરોને કયહીં
અહો હૃદયહીનતા ? અવધિ છેક કાઠિન્યની
વ્યથા ન સમજી શક્યો, પ્રિયતમા મુખે દૈન્યની
'' '' '' ''
હતી, શિથિલ નાવલી, સ્થિર જરા નદીઠી પ્રિયા
પડ્યો તરત જલપતો, જલધિમાં પ્રિયા ? હા પ્રિયારે''

પત્નીના ગયા પછી કવિ નિરાશ છે તે રીતે આ કાવ્યનું પહેલું શીર્ષક 'નિરાશ નાવિક' જ હતું પણ નિરાશાનું કારણ મળતાં સુધારીને તેમે 'પ્રમાદી નાવિક' નામ આપ્યું છતાંય બન્ને શીર્ષકો, કવિની વ્યથા પત્ની વિનાની એકલતા શોક જ વ્યક્ત કરે છે. તેમો હવેથી કવિની સ્થિતિ કરુણ થઈ ગઈ છે.

આંસુ શોકની અભિવ્યક્તિ ખરી પણ મૌન તેનાથી અનેક ગણી અધિકાની અભિવ્યક્તિ છે. શોક અનુભૂતિનો વિષાય છે. પ્રદર્શનની નહીં કશું જ વ્યક્ત ના કરો અને બધું સમજાય, અકળાય ત્યારે તે શોકની અભિવ્યક્તિ ઉચ્ચકારક બને માટે મૌન ગણના પામ્યું છે. ક્યારેક રુદન એટલી બધી અતિશયોક્તિ સાથે આવે કે શોક તેમાં દેખાય જ નહીં હોઠના રુદનને હોઠ પર કે પાંપણ પર કરકતા ન દે તેવી

ચક્રિયકિત કલાત્મક અને 'રોવાનો અર્થ શોક ખોવાનો' થાય માટે બ.ક.ઠા. રુદનને શોકની છેલ્લી ઠવારી ચક્રિયકિત કહે છે. શોકથી દયા, અનુકંપા જાગે પણ રુદનથી ક્રોધ, તિરસ્કાર પણ જન્મે. અને રુદન જલ્લેજ કરુણ સુધી પહોંચે છે. વળી આંસુમાં સ્વજનને સાચવવાના હોય, તેનાં શોકથી રડવું અપમાનજનક પણ બને સ્વજનનો પ્રેમ, અને શોકનું ગાંસ તે ટાળીને સચવાય તેવી પ્રબુ ચક્રિયકિત કલાત્મક બને છે ક્યારે તેથીજ ર.વિ.પાઠક કહેતા હશે 'નહીં જરાય નેન ભીનાં થશો'. માટેજ બ.ક.ઠા. પોતાની શોકની લાગણીને રુદન તરીકે ઓળખાવતાં નથી.

૧૩૬..'હે ઉરચ્છાય, રોઉં કે રોઉં નહીં ?
રે આ વહેતા ધાર,
ઊભા રહી ગઈ ગટકતી ''

આંસુરહિત ચક્રિયકિતને 'શોકનું આદર્શ સ્વરૂપ' બ.ક.ઠા. કહે છે. આંસુ એક પ્રકારના શસ્ત્ર તરફનો માર્ગ છે. હૈયાવરાળ થમે એટલે રુદન પણ અટકી જાય છે પણ આંસુ ન વહે, ત્યાં સુધી શોકથી મન ભારઝીલું બની રહે છે. શોકની સઘન ચક્રિયકિત આંસુ પહેલાં જ છે. આંસુથી શોક ઓસરવા માંડે છે તેથી શોકના સ્વરૂપના અભ્યાસ માટે પણ શોકની અશ્રુરહિત ચક્રિયકિત ઉચિત ગણાય.

અનેક કલાત્મક ચક્રિયકિતઓમાંથી ઉશનસ્ કૃત 'કૂલખર્યું', 'સૂની સફર', વિપ્લવ, ઘટીક સવારી, પૂ. બાપા જતાં, 'વિયોગ', 'મમાદી નાવિક', વસંતાગમને', 'મણિલાલ દેસાઈને', 'પૂ. બહેનને,' '૨૦૧૯ યુજ મૃત્યુનું', 'આજ નયનો? રડો?', 'ભરભર છાંદું સંજલિ,' 'નીંદ આવી ગઈ', 'સદ્‌ગત મિત્રને,' 'પાઠક સાહેબને', કાવ્યોમાં શોકની કલાત્મક ભાવાચક્રિયકિતઓ દ્વારા શોકનું આદર્શ-સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

શોકની અભિવ્યક્તિમાં શૈલીનો મહત્વનો ફાળો રહ્યો છે. શૈલીના ચાલેખનના વિવિધ તત્વો જેવાં કે ચાલંકારિકતા, રૂપક, ચિત્રાત્મકતા અને વ્યંગ, કટાક્ષ, વક્રોક્તિથી આવતી વેધકતા વગેરે શોકાંજલિમાં જોવા મળે તેની શૈલીના વિનિયોજનનું સાર્થક્ય તેમાં સિધ્ધ થતું લાગે છે. નિરુપણની વિવિધ પધ્ધતિઓ સંવાદશૈલી, નાટયાત્મકતા, ભાળવાની, સંબોધન, ચેકોક્તિ પણ ચમત્કારક અભિવ્યક્તિ દ્વારા શોકાંજલિમાં શોકની અભિવ્યક્તિનું કૌશલ સિધ્ધ કરે છે. આ બધા પ્રયોગોમાં ચેતોવિકલ્પ કાવ્યપ્રકારોમાં અને બધા કવિઓની કલમે વિરોધાભાસના ચાલેખનનો બધા કાવ્યોમાં વ્યાપક ઉપયોગ થયો છે. આશા કરીને જ્યાં તીવ્ર હતાશા, દુઃખને ઊંડો આઘાત અને મૃત્યુના મૂલ્યાંકનનો અર્થ અને ચેતના કાવ્યમાં રજૂ થયો છે ત્યારે જીવનનું આ પ્રકારે મૂલ્યું યોગ્ય છે કે અયોગ્ય ? એ ચિંતન નિમિત્તે વેધક શોક વ્યક્ત કરવામાં વિરોધાભાસ ખૂબજ કારગર થયો છે.

બધા સંવેદન-સંદર્ભમાં વિરોધાભાસ અનેક શોકાંજલિમાં ચમત્કૃતિ જોવા મળે છે પણ ગાંધીકાવ્યોમાં અભિવ્યક્તિની વેધકતા સિધ્ધ કરવામાં ઘણા કવિઓએ વિરોધાભાસ પ્રયોજ્યો છે. વ્યક્તિત્વ, આદર્શ અને વ્યવહાર, કરુણ ઘટનાના સંદર્ભે પરિસ્થિતિ, કવિની સ્વાનુભૂતિની અભિવ્યક્તિ રૂપે વિરોધાભાસ શોકાંજલિમાં જોવા મળે છે. વિરોધાભાસની સૃષ્ટિ રચી કવિ વિધિ સામે જાણે એક દુઃખદ આશ્ચર્ય વ્યક્ત કરે છે જેના પ્રત્યુત્તર માટે વિધિ પણ નિરુત્તર નીવડે છે અને તેમાંથી વેધક શોક પ્રાપ્ત કરે છે. બાળપણથી જે સચ્ચિદાનો પૂજારી હતો, માનવતાનો મેમી હતો, સ્વપ્નમાં પણ જેણે કોઈ દિવસ કોઈને દુશ્મન માન્યા ન હતા, પરદેશીઓ પણ જેના ઉચ્ચ વ્યક્તિત્વથી પ્રભાવિત હતા આખા વિશ્વમાં આદર પામેલો જેવો વિશ્વવંદ્ય રીતે બહાલો હતો ઠેકાણે આ જ દેશના એક માનવને

Kalpana

૧૩૭..''વૈરી લાગ્યો વિશ્વ કેરો વહાલો
ડીને હાથે....હેતભંતો ભગાગો '' એક અંજલિ પૂજાલાલ
એને જીવનભર દુઃખ, યાતનાનો વેઠી રહેવાયાં કશુંજ બાકી નહોતું
એની વેદના તો એ અને એનો રામ બેજ જાણે છે.

૧૩૮..''બીરાત્યામે હું રહ્યું ? હું રહ્યું ના ?
સાદરી એનું રામજી મેકલા જ '' એક અંજલિ
આ જેટજાક આશ્ચર્ય, જાતની વિપરિત સ્થિતિમાંથી કવિ શોક—
નિષ્પત્તિ મેળવે છે. 'એક અંજલિ'માં વ્યક્તિત્વ અને વ્યવહારનો
વિરોધાભાસ છે પણ 'કાટશે ચક્રિયંગો' માં માનવતાવાદી કૃપાળ
લાખાજીરાજની પ્રતિમા પાસે પ્રજા સંગ્રામને બહાને માસુમ બાળકોની
બોપરીઓ કૂટતી હતી ત્યાં પ્રતિમા લાચારીનું પ્રતિક બની જાય છે
અને પરિસ્થિતિનો વિરોધાભાસ સર્જાય છે. ઠેર ઠેર જેના માનવતા—
વાદી કાર્યો, દયા, કૃપા, ભાવના વિલસતાં હતાં તેની પ્રતિમા
પાસે હિંસાત્મક, હત્યા, લાઠી ચાર્જ અને તે પણ નિર્દોષ બાળકો પર?
ચુંદરજી બેટાઈ 'અદીક ચવારી' માં મૃત્યુમાંથી ઊર્જસ્વિતા સ્થાપવા
તેમાંથી શોક વિસ્તારવા દાંપત્યનું મંગલ મુગ્ધ અને બાલ્યના વિરોધાભાસ
ચાલેખે છે.

૧૩૯..''જ્યાં પ્રેમનાં મંગલ મંત્ર દર્શને
પૂર્ણ દાંપત્ય વિજયત્વ લાધ્યું
ત્યાં મૂક થે મૃત્યુનું વજ્રાઘ
સહરન ઘા ચકાંજુ હું દી કે''

કવિ પોતે આ વિરોધાભાસના આઘાતથી ગવાક્ષ થઈ જાય છે કે

૧૪૦..''ઉરની સ્થિતિનો ભેદ, શબ્દ રૌં વકલો કથી ?''

'શીજ્યંતિ ઉલાળની પુણ્યતિથિએ' કાવ્યમાં ચક્રગત જ્યંતિ

દલાલ બિનાની વ્યાપક અભાવ-ખાલીપો કવિ વર્ણવે છે અને પછી ગ્રંથખંડના પુસ્તકે પુસ્તકે, પાને પાને જ્યંતિ દલાલના દર્શન કરાવે છે. આલેખનની વિશેષતા એ છે કે કોઈ અન્ય રૂપક દૃષ્ટાંતનો છોગાં વગર અભાવમાંથી લાવ અને ગાન્ધીયતા પુરસ્કાર કરી સદ્‌ગત માટેનો શોક અનુભવે છે અને વ્યક્ત કરે છે. સ્નેહરશ્મિકૃત અશ્રુધ્વા કાવ્ય પણ આ પ્રકારનું દૃષ્ટાંત છે. બિનના અવસાનથી 'નિર્જનભાવમાં ગરકી જતાં કવિના મનોભાવો શોક વ્યક્ત કરે છે. સંસારના કાર્યોમાં વિષ્ણુ નહીં, બિન કામ લાગ્યો છે. એ બિન બનાવને સાચ્યો અને પુલ્લુને બદલે લઈ લીલો જેના ગયા પછી આ જગત પણ કવિ માટે ખાલી છે અને વાદ નસિબ પણ ખાલી થઈ ગયું છે. હવે વિષ્ણુ કે તેના આપેલા ખાલી નસીબની શી જરૂર છે? ખાલી નસીબ લઈ હું આ ખાલી જગતમાં બિન વગર હું કરું? બિન ગયા પછી મારે વિષ્ણુની કે વિષ્ણુના આપેલા નસીબની કશી જરૂર નથી.

૧૪૧...'' બિના, તારા માટે વિષ્ણુ નથી તના શી પડી કહે?''

વિધાતાના ક્રૂર વર્તન પછી નિયતિના નમ સ્વીકારને બદલે તિરસ્કાર અને તેનામાં અશ્રધ્વા વ્યક્ત કરે છે.

બિનના અવસાનથી શોક બધુકે, બિનને મારનાર તિરસ્કારને પાત્ર ઠરે એવી શોક નિમિત્તે રોષની અભિવ્યક્તિ 'દર્શન' કાવ્યમાં છે. કવિ બધુને 'અદ્ય વિષ્ણુ' કહે છે. તેની હિંસા કરપીણ, ક્રૂર, બેહદ ચાતુરજાક છે. તેની મારવાની પ્રક્રિયા રીત વિલક્ષણ છે કે હિંસા ન કહેવાય, લોહીનો છાંટો ય ન ઉડે પણ આખાને આખો માણસ ચક્રબંધ નિર્બાણ બને, મારવાની એ રીતમાં ભેદરીતી છે વીરતા નથી લોહી વહે તો હિંસા અને આખો માણસ મરે ને હિંસા નહી? અને ઈશ્વર સતત આમ ક્યાં જ કરે છે દર્શન' કાવ્યમાં કહે છે...

૧૪૨. "મળો જો સામે હૃદયજ્ઞ એ ઈશ મુજને
ઘડી રોકી તેને, મુજ ઉર થકી હાય નથી હું
બધું લાવી તેનું જગ, વદનથી ક્રૂર પટકું !"

ભિન્નવિયોગથી શોકની અભિવ્યક્તિ નવીન રૂપે આવે છે. હૃદયજ્ઞક વિભુને, તેનું આખું જગત બાળી, ક્રૂર વદન પર પટકી, ઉનાં અંગારાથી પૂછીશ કે હવે તને તૃપ્તા થઈ કે ? રામાંતર સ્થિતિ ઉલી કરી ઈશ્વરના ઘાતકી વલણનો બદલો કવિ લેવા માંગે છે. અને લાગેલી હાય તેની આગ તારું આખું જગત બાળશે પછીજ હોલવાશે. હૃદયની આ સહજ અભિવ્યક્તિ છે. વૈધક અભિવ્યક્તિ માટે કવિ નમ્રસ્વીકાર કરતા નથી.

'કબર' કાવ્યમાં એક નવીજ છટાથી શોક વ્યક્ત થાય છે. સ્તબ્ધતા શોકરૂપે વ્યક્ત થાય છે. કબર પાસે પુષ્પાંજલિ અર્પતા હાથમાં જ રહી ગયેલી ફુલમાળાને કારણે અંજલિ આપનાર પણ કબર સામે કબર જેવો સ્થિર, ખિન્નવત્, શૂન્યમનસ્ક બની જાય છે. આ સ્થિતિજ ઊંડા શોકની અભિવ્યક્તિ છે. અપાર વાત્સલ્ય, ઉત્કટ મનોમંથન અને તંગદીલીમાંથી આ અભિવ્યક્તિ ઉદ્ભવે છે.

શોકની આત્મલક્ષી લાગણીની પરલક્ષી રજૂઆતનું કલાત્મક રૂપ 'ચૉગ્ઠને' કાવ્યમાં મળે છે. કવયિત્રીને પોતાનો આશાસ્પદ પુત્રરત્ન ચૉગ્ઠ ગુમાવ્યો હોવાથી કવયિત્રીને ચૉગ્ઠ માટે તિરસ્કાર જાગે છે. આ તિરસ્કારની ભીતરમાં પણ પુત્રવિયોગની વેદના જ છે. કાળનો શ્રેષ્ઠ ગુણધર્મ બ્રહ્મા બતાવ્યો છે કે કાળ સતત બદલાતો છે તેના બદલામાં ઘટનાનો ઉદ્ભવે છે અને શમે છે માટે તો 'કાળ' જાય ને કરણી રહી જાય' એમ કહેવાયું છે. પણ આ ચૉગ્ઠ તેથી જ વગોવાયો છે. મોટા ભાગની ઘણી ઐતિહાસિક ઘટનાઓ,

હત્યાનો ઓગષ્ટમાંજ બની. ઓગષ્ટ ગયો પણ તેનાં ગાળામાં બનેલી ઘટનાઓ ઈતિહાસને પાને અંકિત થઈ ગઈ.

૧૪૩..''આવ્યો ? આવ્યો ? જોને ચાલ્યો ? માસ ઓગષ્ટ તું છતાં
કરેલાં કાર્યો સૌ તારાં, અંકાય ઉરપાનમાં''

કવિ
હત્યાનો અને તે આજ માસમાં કેમ ? માટેજ શહાદત, તોફાન, અશુભ મૃત્યુઓ માસ-ઓગષ્ટ માસ ગણાયો છે.

૧૪૪..''કહોને કરતા તારી બની સંગીની ક્યારથી ?
બની ના આજ એ સાથી, હતી એ પૂર્વ કાળથી ''

ઓગષ્ટ પ્રત્યે ક્રોધ, વિરોધ, રોષ, ટકોર, ધિક્કાર કવયિત્રીને પુત્રવિયોગના શોકને કારણે જ છે. ઓગષ્ટ પ્રત્યે એક જ કારણે રોષ છે કે તેના પુત્રને પણ ઓગષ્ટ ભરખી ગયો પણ શોક શમતાં તે કહે છે ...

૧૪૫..''અરે કાં દોષનો ભાર, ઓરાહું તુજને શિરે ?
ના, ના, છે દોસારો તું, સર્વને મુક્તિને પથે
મુક્તિના પંથ ગાથી હે ? પૂર્યું ના ઉપકારને
ગણ્યો ભારતી ભોમે, તેં જ સ્વાતંત્ર્ય સૂર્યને''

મહાન વ્યક્તિઓના ઈતિહાસ સાથે સંકળાયેલા ઓગષ્ટે મારા પુત્રને મંગલમૃત્યુ અને મહાનતા બક્ષી છે. હે ઓગષ્ટ તું તો મુક્તિનો પ્રદાતા, મુક્તિનો રાજવર છે. કવયિત્રી દ્રવ્યાત્મક રીતે શોક વ્યકત કરે છે. મતિકાત્મક શૈલીમાં શ્લોકમાં શોકની અભિવ્યક્તિ ગાયી છે. કયાંય રીઢો સંદર્ભ નથી છતાં શોક ઘણી ઉંચાઈને આંબી લે છે. દેશ-ભાવનામાંથી જંગલ શોક ડોકાઈ જાવે છે. અને ઈતિહાસના વિસ્તૃત ફલકને સ્પર્શી જાય છે. તેથી કાવ્ય અંતઃશોકની શ્લોકમાં અભિવ્યક્તિ કહી શકાય. પ્રસંગ-મૃત્યુ સ્વજન આત્મીયતા - વિષાદ મંથન-શોક

સમાધાન -શાંત્વનને ચાવરી લેતું , કરુણ પ્રશસ્તિની સ્પર્ધા કરી શકે તેવું ઉત્તમ શોકાંજલિ કાવ્ય છે. પુત્રના મરણની ઘટના અભિધાત્મક ચાત્મલક્ષી હોવા છતાં, ઐતિહાસિક બનાવોના સહારે પરલક્ષી રજૂઆત પામે છે તે એની કલાત્મકતા છે. ઊર્મિકવિતા ચાત્મલક્ષી અનુભૂતિની અભિવ્યક્તિનો કાવ્યપ્રકાર છે એ લક્ષણ અહીં ચરિતાર્થ થતું લાગે છે.

શોકાંજલિમાં સ્મરણ, સ્મૃતિ,પ્રકૃતિ, સ્વાત્મક્રમ, વિયોગ, વિષાદ, એકલતા એમ કોઈને કોઈ પ્રકારે શોક હોય છે. કરુણ પ્રશસ્તિમાં સમાધાન-શાંત્વન કે સમાશ્વાસન જેટલું આવશ્યક છે પણ શોકાંજલિમાં શોક અતિઆવશ્યક છે. ચિંતનનું એની રચનામાં સ્થાન પછી આવે છે. માટે કોઈ શોકાંજલિમાં શોક પછી, મંથન, ચિંતન મળી આવે છે પણ તો કોઈ કૃતિમાં શોક જ વ્યાપક રૂપે આલેખાયેલો હોય છે તેવી શોકાંજલિમાં પણ પ્રકારના કાવ્યાંત મળે છે. શોકની જ ઉત્કટ અભિવ્યક્તિ સાથે અંત, ચિંતન પછી કે સમાધાન પછી શમન વ્યક્ત કરતો અંત અને શોકના વળાંક પછી સીધીજ (ચિંતનના ઉલ્લેખ વિના) શમનની અભિવ્યક્તિ , દા.ત. ચણાર કાવ્યમાં શોકપછી સ્મરણને બાધારે શોકનું શમન કાવ્યાંતે છે. મીનુ દેસાઈકૃત 'નિર્મલા લોચન' પણ આ પ્રકારનું દૃષ્ટાંત છે. શોક પણ મર્યાદિત પંક્તિઓમાં લાઘવપૂર્વક તેમજ સમગ્ર કાવ્યકલકને આવરી લેતા રૂપે જોવા મળે છે. અંજલિ શોકદ્વારા, ચિંતનદ્વારા, દૃશ્યદ્વારા, ચરિત્રભાવો દ્વારા અપાતી જોવા મળે છે. દા.ત. સ્નેહરશ્મિકૃત..

૧૪૬.''આકડા જેવું જીવી ગઈ હું, હવે સ્મરણો વીનાંમાં જિંદગીની આકડા, આથે તુલના અને સ્મરણના આધારે અંજલિ છે. 'બલ્લુકાકાને' કાવ્યમાં અંજલિ આપતાં નિરંજન ભગત કહે છે .

૧૪૭..''પિતા મ્હારા,તમે રાઉ સિહું પક્ષ્ય પરિધિ
તમારી મ્હેમાથી મલકી રહી, આ ગુર્જરભૂમિ''

શોકની કલાત્મક ભાવાભિવ્યક્તિ શોકોર્મિકવિતાનું પ્રાણતત્ત્વ છે અને શોકના ઉદ્ગમ સ્વરૂપે ઉપલબ્ધ વિભાવાનું ભાવોનું વૈવિધ્ય શોકની ભાવાભિવ્યક્તિનો વૈભવ છે. વિભાવાનુંભાવના વૈવિધ્યનો વૈભવ જ શોકોર્મિકવિતાનું કાવ્યત્વ બની રહે છે. તેથી એમ કહેવું યથાર્થ છે કે શોકની ભાવાભિવ્યક્તિ શોકોર્મિકવિતાનું અવિભાજ્ય અંગ છે. શોકોર્મિકવિતાના કાવ્યસ્વરૂપને શોકની ભાવાભિવ્યક્તિની અનિવાર્યતા સાર્થક કરે છે.

P.T.O.

સંદર્ભ	કૃતિ/પુસ્તક	કવિ/લેખક	સંપાદન/ગ્રંથ	પાન નં.	
૧.	૨.	૩.	૪.	૫.	૬.
૧.	ભર ભર છાંટું અંજલિ	ઝવેરચંદ મેઘાણી	એકતારો	૫૬	
૨.	"	"	"	"	
૩.	બલ્લુકાકાને અંજલિ	નિરંજન ભગત.	છંદોલય	૧૧૧	
૪.	વીર જતીન્દ્રના સંભારણા	ઝવેરચંદ મેઘાણી	એકતારો	૫૭ થી	
૫.	"	"	"	૫૯	
૬.	મલબારીના સ્વર્ગારોહણ પ્રસંગે	ખબરદાર	રાષ્ટ્રીકા	૭૨ થી	
૭.	"	"	"	૭૬	
૮.	થંભો હવે નિષ્ફળ અશ્રુ મારો	કરસનદાસ માણેક	મધ્યાહ્ન	૨૧૩	માણેક
૯.	"	"	"	"	
૧૦.	રાવજીને	કાંતિ શેઠ	પવનપેરી	૩૦થી ૩૧	
૧૧.	"	"	"	"	
૧૨.	"	"	"	"	
૧૩.	હાઈકું	સ્નેહરશ્મિ			
૧૪.	કસ્તુરબા	ઉશનસ્	યાત્રા	૯૮	
૧૫.	સ્વામી શ્રધ્ધાનંદજી	ખબરદાર	રાષ્ટ્રીકા	૮૭થી૮૮	
૧૬.	"	"	"	"	
૧૭.	હવે ઘેર પત્ર લખતાં	ઉશનસ્	તૃણનો ગ્રહ	૯૦	
૧૮.	નિર્મળાં લોચન	બિન્દુ દેસાઈ	અક્ષરા	૫૯થી૬૦	
૧૯.	"	"	"	"	
૨૦.	આજ નયનો? રડો?	મનુભાઈ ઝવેરી	કાવ્ય સૌરભ	૪	
૨૧.	ભાઈનો બહેન પાછળ વિલાપ	ઈન્દુલાલ ગાંધી	આપણી કવિતા સમૃધ્ધિ	૪૦થી ૪૧	
૨૨.	હું મુજ પિતા	ઉશનસ્	તૃણનો ગ્રહ	૯૩	
૨૩.	"	"	"	"	
૨૪.	અશ્રધ્ધા	સ્નેહરશ્મિ	અર્ઘ્ય	૧૭૫	
૨૫.	કોલ	"	"	૧૮૦	
૨૬.	"	"	"	"	
૨૭.	બાપુ જતાં -૧	"	પનઘટ	૧૮૮	
૨૮.	"	"	"	"	
૨૯.	બાપુ જતાં -૨	"	"	"	

૧.	૨.	૩.	૪.	૫.	૬.
૩૦.	હું ગઈ	મ.૨. ભટ્ટ	કાવ્ય માધુર્ય	૧૧૧	
૩૧.	વદાય	નરસિંહરાવ દિવેટીયા	કાવ્ય સમુચ્ચય	૧૦૯થી ૧૧૦	
૩૨.	દાદાજી	મણિલાલ ઝવેરી	ચણિયાર	૪૫ થી ૬૦	
૩૩.	,,	,,	,,	,,	
૩૪.	,,	,,	,,	,,	
૩૫.	,,	,,	,,	,,	
૩૬.	,,	,,	,,	,,	
૩૭.	,,	,,	,,	,,	
૩૮.	બંધુ વિરહ	પ્રાણ પાંતલ	પલિલના ચૂરેલા કાવ્યો	૧૩૮	
૩૯.	ગેક અંજલિ	પુજાલાલ	વૈજ્યંતી	૫૨	
૪૦.	રડો ન મુજ મૃત્યને	ઉમાશંકર જોશી	કાવ્ય સૌરભ	૨૧૯	
૪૧.	પરલોક પત્ર	હીરાબેન પાઠક	બૃહદ ગુજરાતી કાવ્ય પરિચય	૧૬૮ થી ૧૭૪	
૪૨.	,,	,,	,,	,,	
૪૩.	,,	દેસાઈ	સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા પરિદર્શન	૩૪૯ થી ૩૫૧	
૪૪.	,,	હીરાબેન પાઠક	બૃહદ ગુજરાતી કાવ્ય પરિચય	૧૬૮ થી ૧૭૪	
૪૫.	,,	,,	,,	,,	
૪૬.	,,	,,	,,	,,	
૪૭.	,,	,,	,,	,,	
૪૮.	વિવર્તલીલાનું અર્પણ	નરસિંહરાવ દિવેટીયા	કાવ્ય કુસુમો	૬૫ થી ૬૭	
૪૯.	,, (લ લવંગિકાને)	,,	,,	,,	
૫૦.	અદીઠ ચકારી	સુંદરજી બેટાઈ	વિશેષાંજલિ	૭૪ થી ૮૦	
૫૧.	,,	,,	,,	,,	
૫૨.	મિનને નિવેદન	કાન્ત	પુષ્પવિલાપ	૧૫૩	
૫૩.	વિરહનું આંસુ	બ.ક.ઠાકોર	ભાસ્કર	૧૮૩	

૧.	૨.	૩.	૪.	૫.	૬.
૫૪.	જાગરણ - ૧૧	બ.ક.ઠાકોર	બાકાર	૧૮૫	
૫૫.	"	"	"	"	
૫૬.	મનુજ જંતુની અલ્પતા ૧.૨	"	"	"	
૫૭.	વિરહનું આંસુ	"	"	૧૮૩	
૫૮.	ચકરડું	"	"	૧૮૬	
૫૯.	ગાંધીજીને	ઉશનસ્	ગાદર્	૬૪	
૬૦.	પૂ. પિતાજીને	પિનાકીન ઠાકોર	આલાપ	૩	
૬૧.	મહર્ષિ ચરલિંદને	શશિન ઓઝા	અભ્યર્થના	૧૭૪	
૬૨.	વિધુર કુરંગ	કાન્ત	પૂર્વલિાપ	૧૩૫ થી ૧૩૬	
૬૩.	"	"	"	"	
૬૪.	"	"	"	"	
૬૫.	વિવર્તલીલાનું વર્ણન	નરસિંહરાવ દિવેટિયા	કાવ્ય કુસુમો	૬૫ થી ૬૭	
૬૬.	"	"	"	"	
૬૭.	"	"	"	"	
૬૮.	કોલ	સ્નેહરશ્મિ	અર્ઘ્ય	૧૮૦	
૬૯.	રડું હું તો કોને	મનસુખલાલ ઝવેરી	અનુભૂતિ	૯૫	
૭૦.	ચંદીઠ ચતારી	સુંદરજી બેટાઇ	વિશેષાંજલિ	૭૪થી ૮૦	
૭૧.	પ્રમાદી નાવિક	કાન્ત	પૂર્વલિાપ	૧૨૧	
૭૨.	"	"	"	"	
૭૩.	"	"	"	"	
૭૪.	વિધુર કુરંગ	"	"	૧૩૫ થી ૧૩૬	
૭૫.	ધુનિકણી - ૮	બ.ક.ઠાકોર	બાકાર ગુચ્છ-૩	૧૮૧	
૭૭.	"	"	"	"	
૭૮.	"	"	"	"	
૭૯.	"	"	"	"	
૮૦.	XX	સ્નેહરશ્મિ	અર્ઘ્ય		
૮૧.	રડું હું તો કોને	મનસુખલાલ ઝવેરી	અનુભૂતિ	૯૫	
૮૨.	હે સર્વ ઉદયમુખ ગાંધી	સુંદરજી બેટાઇ	શિશિરે વસંત	૮ થી ૯	

૧.	૨.	૩.	૪.	૫.	૬.
૮૩.	હે સર્વોદયમુખ ગાંધી	સુંદરજી બેટાઇ	શિબિરે વસંત	૮થી૯	
૮૪.	વિશ્વસંતની વિદાય	પતિલ	પતિલના ચૂંટેલા કાવ્યો	૧૭૬ થી	૧૭૭
૮૫.	"	"	"	"	
૮૬.	"	"	"	"	
૮૭.	"	"	"	"	
૮૮.	"	"	"	"	
૮૯.	"	"	"	"	
૯૦.	"	"	"	"	
૯૧.	સદ્‌ગત મિત્રને	મકરંદ દવે	તરણા	૨૭	
૯૨.	'અહનો ચાદમી' લાલબહાદૂરને અંજલિ'	બાલમુકુંદ દવે	સમર્પણ	૧	
૯૩.	સ્વેચ્છા શક્તિ	બ.ક.ઠાકોર	બાકાર	૧૭૫	
૯૪.	પાઠક સાહેબને	મનુભાઇ ત્રિવેદી	અનુભૂતિ	૧૩૦	
૯૫.	"	"	"	૧૩૧	
૯૬.	"	"	"	"	
૯૭.	"	"	"	"	
૯૮.	"	"	"	"	
૯૯.	"	"	"	"	
૧૦૦.	જન્મદિન	નાથાલાલ	જહાન્વી	૧૭	
૧૦૧.	"	"	"	"	
૧૦૨.	ફૂલ ખર્યું	ઉશનસ્	મનોમુકુર	૨૦	
૧૦૩.	"	"	"	"	
૧૦૪.	"	"	"	"	
૧૦૫.	શોગવાર શાને પળેર્યા	પતિલ	પતિલના ચૂંટેલા કાવ્યો	૧૮૫	
૧૦૬.	સદ્‌ગત મિત્રને	મકરંદ દવે	તરણાં	૨૭	
૧૦૭.	"	"	"	"	
૧૦૮.	"	"	"	"	
૧૦૯.	નીંદ ચાલી ગઇ	હરિન્દ્ર દવે	માને	૭૩	
૧૧૦.	"	"	"	"	
૧૧૧.	"	"	"	"	
૧૧૨.	મારા સદ્‌ગત પિતાજીને	ચુંનીલાલ	કાવ્યમધુ	૪૦થી	૪૨

૧.	૨.	૩.	૪.	૫.	૬.
૧૧૩.	ભરભર છાંટુ અંજલિ	અમરચંદ મૂંઝાણી	ચેક તારો	૫૬	
૧૧૪.	''	''	''	''	
૧૧૫.	''	''	''	''	
૧૧૬.	''	''	''	''	
૧૧૭.	આજ નયનો? રડો?	મનસુખલાલ ઝવેરી	કાવ્ય સૌરભ	૪	
૧૧૮.	રડો ન મુજ મૃત્યુને	ઉમાશંકર જોશી	''	૨૧૯	
૧૧૯.	''	''	''	''	
૧૨૦.	પ્રભુજીને	વિનાકીન ઠાકોર	આલાપ	૫	
૧૨૧.	''	''	''	''	
૧૨૨.	''	''	''	''	
૧૨૩.	મણિલાલ દેસાઈને	નલિન રાવળ	અટકાશ	૮૪	
૧૨૪.	વસંતાગમને	રમણ કોઠારી	વલ્લરી	૬૪	
૧૨૫.	''	''	''	''	
૧૨૬.	''	''	''	''	
૧૨૭.	ચૂની સકર	વેણીભાઈ પુરોહિત	કાવ્ય સૌરભ	૨૧૫	
૧૨૮.	કાર્ડસ વિરહ	દલપત રામ	વીરૂબાઈ ઠાકર		
૧૨૯.	ચદીહ સવારી	સુંદરજી બેટાઈ	વિશેષાંજલિ	૭૪થી ૮૦	
૧૩૦.	''	''	''	''	
૧૩૧.	''	''	''	''	
૧૩૨.	''	''	''	''	
૧૩૩.	વિયોગ	કાન્ત	પૂર્વલિપ	૧૩૦	
૧૩૪.	મવાદી નાવિક	''	''	૧૨૧	
૧૩૫.	''	''	''	''	
૧૩૬.	૧ - રહેલા શક્તિ	બ.ક.ઠાકોર	બાકોર ગુચ્છ-૩	૧૭૫	
૧૩૭.	ચેક અંજલિ (ગાંધીજીને)	મૂંજાલાલ	વૈજયંતી	૫૨	
૧૩૮.	''	''	''	''	
૧૩૯.	ચદીહ સવારી	સુંદરજી બેટાઈ	વિશેષાંજલિ	૭૪ થી ૮૦	
૧૪૦.	''	''	''	''	
૧૪૧.	અશ્રુકણ	સ્નેહરશ્મિ	ગુર્જર	૧૭૫	
૧૪૨.	દર્શન	''	''	૧૭૭	
૧૪૩.	યોગભ્રષ્ટને	સુરેશ ઝવેરી	અર્ચના	૧૬	
૧૪૪.	''	''	''	''	
૧૪૫.	''	''	''	''	
૧૪૬.	હાઈકુ	સ્નેહરશ્મિ			
૧૪૭.	બલ્લુ કાકાને	નિરંજન ભગત	છંદોલેખ	૧૭૪	

:- લઘુ વિષાદ કાવ્યોમાં વિષાદનું ચાલેખન :-

શોક લાગણીનો સહજોદ્‌ગાર બની શકે તેની પ્રતીતિ સ્વજનના અવસાનમાં શોકને વ્યકત કરતી શોકોર્મિકવિતામાં મળે છે. મૃત્યુના ઘેરા વિષાદને તાર સ્વરે વ્યકત કરતા શોકકાવ્યો ઊર્મિકવિતાનું એક ગાત્ર છે.

ય.ક.ઠા.એ લઘુવિરહોર્મિકાવ્યોના વર્ગમાં 'વિષાદકાવ્યો' ના નામે મૃત્યુ નિમિત્તે લખાયેલી કવિતા અને તેમાં વિવિધ રૂપે પ્રાપ્ત થતા વિષાદનું ધ્યાન દોર્યું છે. શોકોર્મિકવિતામાં પણ વિષાદ કેન્દ્રસ્થાને છે. તેથી શોકની અભિવ્યકિત નિમિત્તે વિષાદનું વિવિધ રૂપે થયેલું ચાલેખન શોકોર્મિકવિતાની શોકની અભિવ્યકિત અને કરુણની નિષ્પત્તિનું સંગલન-મૈરકળા છે.

શોકોર્મિકવિતામાં વિવિધરૂપે માણી શકાતો વિષાદ વિવિધ-કાવ્યોમાં, કાવ્યે કાવ્યે નોખા રૂપે, રંગે ચાલેખાયો છે.

મૃત્યુના શોકની ઘેરી અસર સહજ રીતે ઓસરતી નથી અને રોજીંદા વ્યવહારમાં ભૂંસાઈ ગયા પછી પણ જાણ્યે-અજાણ્યે વર્તાયા કરે છે. અને મનને વિષાદયુકત દુઃખદ ચારિત્ર્યની અનુભૂતિ કરાવે છે. 'હું મુજ પિતા' કાવ્યમાં ઉશનસ્ પોતાનો સ્વાનુભવ વર્ણવતાં કહે છે કે ''અરે, આ વેળા તો અનુભવ થયો અદ્‌ભુત નવો'' અનુભવને વર્ણવતાં કવિ કહે છે કે..

''પિતાજીની ટેવે ? -અહીં જ મગટી પનની તૃષા?
સુતો રાને માટે જનકની જ , રે ગોદડું થ યે ?
નનામીએ મારી નીરખ્યું પછી ને બડબડ ચિતા
રહું જોઈ મારું શબ બળતું હું, હું મુજ પિતા ''

કવિ પિતા વિનાના લાગતા ઘરમાં ગયા પછી પિતાનું જ પંચીયું શણિયું અને ભસ્મની ત્રિવલ્લી કરી પિતાની જેમ દિનચર્યા અનુભવે છે.

ગરીબામાં કવિ પોતાને પરાબર જાક જેવા જ લાગતાં હોય છે.

૨. ''આમ પિતાની જેવી જ અવસ્થામાં એક દિવસ જીવવાનું પ્રાપ્ત થતાં કવિ જન્મ-મરણના 'શિરવક્રમ'નો અનાયાસ અનુભવ કરી લે છે. જેમાં મૃત્યુનું નું રહસ્ય અને મૃત્યુનો શોક ઉભય અભિપ્રેત છે..... પિતાના અવસાન પ્રસંગે કવિએ શોક પ્રશસ્તિરૂપ ગુજરાતી સાહિત્યની ઉત્તમોત્તમ જેવી ગમ સૉનેટ માળા આપી છે. જેમાંનું એક આ 'હું મુજ પિતા ?' સૉનેટ છો' કવિની અંગત લાગણીનો અનુભવ એકરૂપતા તો સિધ્ધ કરે જ છે પણ એ લાગણી વ્યાપક રૂપે વિસ્તરે છે.'' ૩. .. ''અંગતતાનું આલેખન કરતાં આ કાવ્યો બિનઅંગતતાની પ્રજ્ઞ સરહદને પણ સ્પર્શે છે..... પુત્રનું પિતા રૂપે થતું આ રૂપાંતર એંતે જતાં ઉત્કટતાપૂર્વક પ્રતીત થાય છે.'' વિવિધ વિચારો, દૈનિક વ્યવહારોમાંથી ક્રમશઃ તાદાત્મ્યતાનો અનુભવ કરાવે છે.

કાન્તે વિરહકાવ્યો અને મૈત્રીકાવ્યોમાં પત્ની અને કવિમિત્રોના અવસાનથી ઘાંગી પડેલ હૃદય તેની લાગણીઓ વ્યક્ત કરી છે. કાન્ત યુવાવસ્થાના આરંભના મુગ્ધ, મહત્વાકાંક્ષી તથા આનંદમય વર્ષોના મિત્ર સ્વ.ભાવંતરાય ઠાકોરને 'ઉપહાર' સોનેટ વહારા કહે છે કે ૪. ''.....એ ગત ભાવો, સ્મરણો, તથા સંવેદનોને મે કાવ્યદેહ આપ્યો છે, જે હું તને અર્પણ કરું છું, ગમે તો સ્વીકાર જે ?''

૫. ''ઠરી સ્થાને સ્થાને, ક્રુરત બધીને અનુભવી,
ક્યાં ઉદ્‌ગારો, તે બહુ બહુ હતામાં વહી ગયા
રખે ? થોડા બીણો ગહન ચહિ તો બે રહી ગયા
કલાથી વીણામાં ગુટિત સરખા તે ગહીં હતું
અને તેને આજે તરલ ધરું તારા ચરણમાં
ગમે તો સ્વીકારે ગત સમય કેરા અરણમાં''

કાવ્યમાં સ્નેહી મિત્ર મૃત્યે ઋજુ હૃદયના ભાવ લાગણીવશ હૈયે કાન્ત રજૂ કરે છે. પણ ડૉ. જયંત પાઠક નોંધે છે કે ક.''ગમે તો સ્વીકારે જેવા શબ્દપ્રયોગમાં ગર્ભિત ફરિયાદનો ભાવ પણ નીરખવા જેવો છે કાન્તના અતિ જ ઋજુ હૃદયમાં સ્નેહીઓના મરણભાવથી થાય્યેજ પરિતોષના ચુંબકાતો''

'ફાલ્ગુ વિરહ' આખરી આયુષી ઉત્તમોત્તમ કરુણપ્રશસ્તિકવિતા છે. કાન્તની જેમ દલપતરાય પણ મિત્ર ફાલ્ગુનના અવસાનનું દુઃખ ગાય છે. 'મિત્ર મરણ ઉચિત' કાવ્યખંડમાં તે કહે છે કે.:-

૭.''ઉચ્ચાર કદી ન ચેક, ફૂટો દિલાસો જીવ્યથી
છેલ્લીવારે છેક, ફોગટ બોલ્યો ફાલ્ગુ

X X X X X

હેતે ગાલ્યો હાથ, છે ક કદી નહીં છોડ્યનો
મૂક્યો સ્વરપાની સાથ, ઉંટાયો હું ફાલ્ગુ
માનવ જાતી માત્ર, ઝાઝે વસે સઉ ભૂમિમાં
પણ મીતિનું પાત્ર ફૂટી ગયું રે ફાલ્ગુ''

૮.''મિત્ર મરણોચિત'' દલપતરામે મૂળ મિત્ર ફાલ્ગુને સંબોધીને કાઢેલા શોકોદ્ગાર છે. જેમાં મિત્રના મૃત્યુથી કવિહૃદયમાં પ્રગટેલા ઘેરા દર્દને તેમણે વાચા આપી છે. લાગણીની તીવ્રતા તથા સચ્ચાઈ અને સમુચિત શાબ્દાલંકાર વડે રાવ જેમાં વ્યક્ત થયેલી વેદનાને ઋજુ હૃદયસ્પર્શી ઉઠાવ આપે છે...'' વિષાદગ્રસ્ત ઉરનો ઉકળાટ અને વક્ષોપાત કવિ વ્યક્ત કરે છે.

'ફાલ્ગુ વિરહ' પછીની બીજી કરુણપ્રશસ્તિ 'સ્મરણ સંહિતા' નરસિંહરાવની ચિરંજીવ કૃતિ છે. ડૉ.જયંત પાઠક તેથી જ કહે છે કે ૯.''નરસિંહરાવની કવિતાનું કીર્તિ શિખર સ્મરણસંહિતા'ગ્રંથ છે'' સદ્ગત પુત્ર જીવનવન ગતિવેગે વટાવી અવસાન પામ્યો તે જાણે કે ઈશ્વરથી છૂટો ના પડ્યો હોય તેમ સંસારમાં જાતાં પહેલાંજ અવસાન પામ્યો તેથી

કવિ કહે છે કે....

૧૦. "નામ મધુર તમ રહ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્યતૃષાતુરબાલક ચાખ્યો બાળક
પ્રેમે ચમી રસ ઢોળો"

પિતૃહૃદયમાંથી ટપકતો પુત્રસ્નેહ અને ભક્તિના માધ્યમ વડા૨ા દેખાઈ આવતી ભાવની સચ્ચાઈ આ કવિતાની વિશેષતા છે. કવિની આઘાતની લાગણી અને ઈશ્વર પાસે નમ્ર પ્રાર્થનામાં સંયમથી ખૂબ૨ આવતી ભાવના સુંદ૨ છે. ભાષા પાસેથી કવિએ ઉત્તમ કામ લીધું છે. ૧૧. "અર્થ આમ સ૨ળ છે. છતાં ભાષામાં માધુર્ય તથા સહજ સશક્તતા છે. ઉપરાંત ભાવમાં સચ્ચાઈ તથા તીવ્રતાનો મજબૂત રણકા૨ છે. એથી આખી ય રચના એક સુંદ૨ ઊર્મિકાવ્ય બને છે....." પિતાના હૈયાને લાગેલા આઘાતની વેદના, પ્રભુભક્તિમાંથી મૃત્યુવિષયક ચિંતનનો સારો સમન્વય આ રચનામાં થયેલો અનુભવી શકાય છે....."પ્રસ્તુત ગીત 'સ્મરણ સંહિતા' માં નરસિંહ રાવે ગૂંથેલા ગીતોમાં, ઉત્તમ એવું અત્યંત લોકપ્રિય બનેલું પ્રાર્થના ગીત છે."

જનનીના વિયોગે લખાયેલા ઘણા નોંધપાત્ર કાવ્યોમાં જયેન્દ્ર શેખડીવાળાનું 'ઠેસ' કરુણપ્રશસ્તિ કાવ્ય છે. જનનીનું સ્મરણ અને બાળક જેવા ભોળા હૃદયથી કવિએ ગાયેલી વેદના કવિતાનું ઉત્તમ નજરાણું છે. માતા-પિતાના સૂના સંસા૨માં કવિએ અનુભવેલી મૂંઝવણ પા૨ાવા૨ છે. આખો સંસા૨ જાણે સૂની શેરી જેવો અને એમાં કવિ એકલા પડી ગયા છે. અને તેમાં જીવનની ઝડીઓ અને ઝંઝાવાતો માટે કવિ કહે છે કે...

૧૨. "આજ અમારી રિક્ત ચપાટી પર ઠલવાતાં
ખડકઠેસનાં શકટ સામટાં.....
ધૂળમાં ગોઠણભેર પડ્યો હું

કે મારી માને કહેજો રે
હું ઘાવની ઝોળને [illegible] કાંધે વહી જતી વણઝારો
મારો જીવ ઠાટે મૂંઝારો, ગોઠણભેર ધૂળમાં
મૂંઝારો તો કેવાં, જાણે જીવ નર્યો પરસેવો....''

મા વિના ઠોકરો પર ઠોકરો ખાઈને પડતા, આખડતા, ધૂળમાં રગદોળતા કવિ પોતાની કરુણ સ્થિતિ જુએ છે ત્યારે આ સાંભરે છે કે હે માં, મને -ઝાલી લેનારી હે મા તું ક્યાં છે ?

૧૩.''હું ચાંચ મરેલા [illegible] પોપટની હું
રજકણ તારી ખેપટની હું
સૂકકો ચાંબો, સૂકકી ચાંખો
સૂકકું છે ઝાઝલિયું રે, મા,
સાંજ પડ્યે મારા વિનાનું
હું તો તારું કળિયું રે મા
આજ તને સંભારું '' - લનરીક સ્વાજીને પાળ નીકળતા જોઈ બડક મા મનમાંથી - ''

૧૪.'' અને મા વિનાના કળિયાને બદલે પોતાને જ 'મારા વિનાનું તારું કળિયું ' એવા વિપર્યયે વર્ણવવાથી કારુણ્યને અજબ તીવ્રતા પ્રાપ્ત થાય છે. સ્વાજીના ઉલ્લેખથી સંસ્કારનું ફૂલ પધરાવવાના મરણોત્તર વિધિનો સંદર્ભ રચી, જાની સરકારી ચપાટી બહાર ડોકાતા બડકના રૂપકથી સ્મરણની વેદનાને ઘનિષ્ઠાંજિત કરવાનું કવિનું કૌશલ્ય ખરે પ્રશસ્ય છે.'' ડૉ. જયંત પાઠક નોંધે છે કે ''૧૫.'' ઠેસ કાવ્ય ગૂત માતાની કરુણપ્રશસ્તિ છે, પણ તે નવીન છે. ચાગવી છે, જેથી કંઈક જુદી જ ગજોડ મુદ્રા [illegible] તે ઉપસાવે છે.''

સ્વજનના અવસાનથી છવાયેલા વિષાદને કારણે ચિત્તમાં વ્યાપેલો શૂન્યાવકાશ અને ખાલીપો સૃષ્ટિમાં પણ વિસ્તરે છે અને સદ્‌ગત સ્વજનનું

તીવ્ર સ્મરણ અને અભાવથી ઊંડી જતી બેઠ ઈન્દુલાલ કુલચંદ ગાંધીના 'ભાઈનો બહેન પાછા વિલાપ' કાવ્યમાં છે. પોતાના શોક અને વિષાદનું આલેખન પ્રકૃતિ વ્યક્તિ દ્વારા કવિ કરે છે કે "...જ." તારો પ્રાણ છે પવનમાં તરી રહ્યો છે, પાણી ઝાકે છે તે એના જ તેજથી; જાચરો એ ઝાકતા પાણીમાં ચંદુ બોલી આકાશમાં એ ત્હારું તેજ જોવા કેમ નજર કરે છે."

૧૭."પવનમાં તરતા તુજ પ્રાણની, જલ સરોવરમાં પડતી પ્રભા
મિટ અબોલ પ્રકાશ ચહીં ભરી, જાચરો નિરખે આકાશમાં"

× × × × × ××

ઠરિ ગયાં ચરનાં નિર નેનમાં, બધિરે ઉર બન્યુ પડ્યા ભરી
તનમાટ ગયો કુદને ગળી, પણ ફૂટી નહીં અંતર વેદના'

અંતરમાં છાયેલો વિષાદ આંસુ, કુદન અને દુઃખના શૂન્યની ઉપર ભમણાં ય અભાવત્ છે.૧૮." રોઈ રોઈ આંસુ ખૂટ્યા, સ્વર અને પ્રતિસ્વર (રુદનના) ચાંખી ચાંખી કાન ફૂટ્યા, દુઃખની ક્ષુધા પણ શમી છે પણ દુઃખ પોતે હજી હૃદયમાં ઘર કરી બેઠું છે તે બેઠું છે જ છે."

ભાઈને માટે બહેનનું ઉર સ્નેહની ઝરો હતું આજ જાત બહેનની લાગણીને કારણે ભાવનાશીલ લાગતું હતું એ જ જાત હવે જાણે શાન પરાયું, દૂર, શુષ્ક, લાગે છે. ૧૯." જીવનમાં ભાવનામયતા પીલવવાનો અહારો મુખ્ય આધાર ડૂબી ગયો."

૨૦."કરી કરી પુષ્પિકી ચટકી જશે, જાતમાં રહું ચક્ર જશે ખડી;
પણ જ્હેલ ઉરે, સ્મૃતિની કડી, મરણથી ય કદી નય ટૂટશે"

ગુજરાતી ઊર્મિકાવ્યોમાં 'ભાઈનો બહેન પાછા વિલાપ' શૈલી અને ભાવાભિવ્યક્તિની દૃષ્ટિએ ગજબ પામેલું વિષાદકાવ્ય છે.

સ્વજનોમાં માતા, પિતા, પુત્ર, પુત્રી જેવાં કુટુંબીજનોના અવસાન પર લખાયેલી કવિતામાં એવા ગાઢ બંધનની અનુભૂતિ આલેખાયેલી જોવા

મળે છે. દા.ત. જ્યમનગૌરીનું ''સંભારું'આત્માનું ચૈકલ હોવાથી સવિશેષ આત્મીયતા હોય એ સ્વભાવિક છે. દાંપત્યભાવના વિવિધ કાવ્યોમાં શોકનીરજ્ઞાતની જુદી જ ભાત ઉપસી આવે છે. રમણભાઈ નિલકંઠના 'રેખાશૂન્યતા' અને તું ગઈ અને હવે' કાવ્યમાં ઘેરો વિષાદ જોવા મળે છે.

૨૧.''ત્યારે ગઈ હું અહિંથી ક્રિયા હું? મૂકી ગઈ આ હઈયું રિબાતું
હવે મિહું તે મુખ તાકિતાકી નિહાળવાનું નહિ હું કદાપી?''

ક્યાંય પણ જઈને ફરી ફરીને પાછા પત્ની પાસેજ આવી જુઓ એ સંસારનો સાર કવિ પામી ગયા હતા તેથી તેમને મન પત્ની પોતાના જીવનનું મધ્યબિન્દુ હતું તેની જ ચારે તરફ વૃત્તિ-પ્રવૃત્તિને નામે ક્યાં કરવું આકાશમાં ગ્રહો-તારા જેમ સૂર્યની આસપાસ ક્યાં કરે છે તેમ કવિનું જીવન પ્રમુખ પત્નીના મધ્યબિન્દુથી હતું.

૨૨.''ગ્રહો કરે છે રવિ આસપાસ, છાયા ફરે જ્યાં વચમાં પદાર્થ
પ્રદક્ષિણા એ ક્રિય કેરિ સર્વે, ક્યાં હું કહું રે તુજ્જીણ મધ્યે?
તારાની પેઠે સ્થિર એક કામ, દુઃખો સુખો સૃષ્ટિ વિશે તમામ
જોઈ રહી ક્ષોત વિના જરોયે, રહું જડાઈ? ન બને કદી જે?''

૨૩.''હારુ મુજદર્શન નહીં ત્યારો પ્રેમાનુભવ ચટક્યો, મ્હારા જીવનનું એ મધ્યબિન્દુ & કુંવ્યું પ્રેમ પાસે નિશ્ચિન્તતા અને નિરાંતની ચારો તેમ નવીકરણ-અનુભવે કરીકરીને જે હું તું કને ચાલ્યા કરતો હતો તે પૂરું થયું - ત્યારે હવે પછીનું શું વાહું ? , ગ્રહો, તારા, અને ધૂમકેતુના તરંગ આ તદ્દન સાદી અને નગદ વાસ્તવિક બાબતમાંથી આપોઆપ ફૂટી નીકળે છે, એનું નામ કવિતાનો ઝરો'' ભાવનો ફુવારો બ.ક.ઠા. આપણી કવિતા સમૃધ્ધિના વિવરણમાં આ કાવ્યમાં સિધ્ધ થયેલો આમ પ્રસ્તાર કરે છે.

૨૪.''ગૃહિણી ગૃહમુચ્યતે: નરના ચિત્તને સ્વસ્થ, સ્થિર અને એક વર્તુલે રાખતું મધ્યબિન્દુ બહાલી નારી છે જે વિરલ દાખલાઓમાં માતા કે બ્હેન,

kalpana's

બાણી, પુત્રી કે ભિન્ન બનેલી કોઈ વિધવા પણ હોઈ શકે ખરી, તથાપિ સૌએ નોંધવાનું કે એથી પણ વત્તા પ્રમાણનાં દાખલાઓમાં પત્ની જ હોય'' એ ભાવનાનું આ કાવ્ય ઉત્તમ દૃષ્ટાંત છે.

વિષાદ હતાશા, નિરાશા, નિષ્ક્રિયતા, મૌન, નારાજી જેવા અનેક રૂપે કાવ્યમાં આવે છે. કાવ્યમાં વિષાદની અભિવ્યક્તિ તેની વધુ પડતી ઘેરી અને ક્લાત્મક આલેખનના કૌશલમાં છૂપાયેલી છે. શ્રમ તો વિષાદ દર્દની જ ભેટ છે. દર્દ જેટલું વધારે ઘૂંટાયેલું હોય વિષાદ તેટલો વધારે ઘેરો રંગ પકડે છે. આ ચોકના મૂળમાં આત્મીયજનની વિશ્લેષ થતી આત્મીયતા અને ઐક્ય છે. સંસારના અન્ય સંબંધોમાં નિકટતા અને આત્મૈક્ય પતિ-પત્નીના ઐક્ય અને દાંપત્યમાં અનુભવાયું છે અને સ્વીકારાયું છે તેથી સ્વજન સંદર્ભે પત્નીને સંબોધી લખાયેલી કવિતાઓમાં એનો અનેરો રંગ જોવા મળે છે. દા.ત. ઘ.ક.ઠા.નું મૂળ 'વિરહ'નામે લખાયેલું કાવ્ય ઘણું લાંબુ છે પણ એમાં રપ.''નાયકનું મર્મવેધી દર્દ તે સહન કરવાનો પુરુષાર્થ, જગતના તર્કનો ચાર્યનિષ્ઠ વૈરસ્યય ભિન્ન તરકનું માર્દવ, જુના સંબંધની વફાદારી એ સર્વ (છોકરી કે વેવલી લાગણીના કથનથી નહીં પણ) અહીં પ્રજ્ઞાથી આવેલા ઉત્તરમાં સુરુચિ અને ક્લાથી વ્યક્ત થાય છે.'' કારણ કે ક્લાસિક મિલન કે ક્લાસિક મુલાકાત કે આવેશનો ઉભરો એ નાયકનો સંબંધ નથી માત્ર યમરાજા આવા ચારિત્ર્યને વેદી શકે છે પણ છૂટો પડેલો ટુકડો - રહ. બીચારો અવશિષ્ટ ટુકડો રંગેરંગમાં કમ્પાતો મૂર્છામાં સમય વિતાવે છે. ''ચૈકનો યમરાજા વ્હારા વિચ્છેદ એટલે જ મોત, એમાં ચૈકનું દેહાવસાન થાય છે પણ બાકીના આત્માનું પણ તે પછી મોત જ હોય છે. કદાચ મોત કરતાં ય વસમું જીવન સમજી કવિ 'જીવતું મોત' કહેતા હશે. મૃત્યુ નિશ્ચિ હોય તો રબ.'' ગમે ત્યારે પણ જોડ તૂટવાની હતી. અને એથીને નાયક ભોગવે છે તેનું દુઃખ પહેલ જ - બેનું ઉર એકજ એટલે એમ જ થાત તેના કરતાં તો

kalpanas

નાયક કરે છે મ્હારે માથે આ પડ્યું તેજ ઠીક થયું.''

૨૮.''મ્હને વિસ્મારા, મ્હને ભુંસવા , મ્હને ઠારવા
નવા ઊર્જથી મ્હને કરિગડાવવા યૌવને
સખે, વિસ્મય, બન્ધુતા પ્રકટિ જે મૂછો કુટ્ટતાં
ટકો તન ટકે જ્યાંહાં લગણ ત્યાં લગી ચાપવી
મ્હો ક્ષાલિક , વો સ્નાક્ષાલિક - તેહ્જો નાહેરાં
શું કામ ચમકે સખે ? પ્રકટ્ત દાખ્યું છું લિને
પરાન્તર વિમુક્ત ધર્મ તુજ જેહ જોવા નથો:
યોત જીવન યોત, જેમાં વધુ વસ્યુ કર્યું
જૈ જ્ઞાનાબ્ધિ જ્યોત,થકી બહો ઉજ્જ્વર્ત સખી જૂ''

'ધુતિકણી' પણ બ.ક.ઠા.ની પત્નીના અવસાન નિમિત્તેજ લખાયેલી કૃતિ છે. નાયક પત્નીનાં સ્મરણ અને પોતાના વિધુરાવસ્થાના અનુભવો વર્ણવે છે. બે વર્ષની પાછા ફરતાં (ઉત્તરમાં) વિવાહ તો છે જ મૃત્યુ પહેલાં સ્વકીય દેહમાં જે પત્ની હતી તે હવે બ્રહ્માંડમાં વેરાઈ ગઈ. ૨૯. '' જેમ ગ્રહ તૂટતાં ઘનરૂપ ખોઈ વાયવરૂપે કરીથી નિહારિકા (NEBULA) થઈ રહે છે વ્યક્ત બ્રહ્માંડે રહેલી એ જાણે કે મારી (નાયકની) સામે જુએ છે. જોઈ રહે છે મુખદર્શન કરાવ્યા કરે છે. કવચિત જાણે શબ્દો પણ બોલે છે આ અનુભવો સર્વે સ્થિતિમાં - એકાન્તે ને એકાગ્રતામાં, વાકમાં, વિપદમાં, ગ્લાનિમાં-ચકારવ જ ઉઠે છે. થાય છે વળી ઉઠે છે નાયકની દેહની છાયા જ્યાં પણ વાયે દેહ જાય ત્યાં સાથે જાય એમ ભાવે ને જ્યાં ને ત્યાં થયા કરે છે. ચિત્ત એ મય થઈ ગયું છે.'' આ અનુભવોના સૂક્ષ્મ ઝીલવા ગ્રહણ કરવાની શક્તિ ઘટી ગઈ તો ? પ્રશ્ન ભલે ગમે તે થઈ જાય પણ ધુ ધુતિકણી ચર્વદા આ તેને ગ્રહણ કરનાર આ નયન, શ્રોત, હૃદય અને આખો દેહ વિમલતર વિમલતમ બની રહે.

kalpana's

૩૦.''– નહીં ફક્ત સ્વપ્નમાં, વિજનમાંહિ, એકાગ્રમાં
નહીં ફક્ત થાકમાં, વિપદમાં, ઉરચાસિમાં
– અકારણ કૈંક સમે, સ્થલ જ્યાં, દશા ચર્મમાં
બધે મુજ સહે સહાય, મુજ દેહ છાયા સમાં
નથી તદન એ નથી સ્ટણ એ રહ્યાં સ્થૂલમાં
– સહે નયન શ્રોત, સ્થૂલ કમ સૂક્ષ્મ હુલ્લા જ એ ?
સહે, નવ સહે વદે; દુનિઝણી ઝરો સર્વદા
બનો વિમલ વિગલ વિમલ નયન શ્રોત ઉર પંડ આ ''

૩૧.'' દુનિઝણી'' પછી જ સદ્ગત પ્રિયતમાં વિષાયક શોકાનું-ભવનાં ચાર સોનેટ છે, જેમાંથી 'જાગરણ એક માર્મિક સુંદર કૃતિ છે.'' કવિએ પત્નીના સહજીવનનાં સ્મરણું હૃદયસ્પર્શી આલેખન કર્યું છે. જાગરણનો એક દુખદ વિરમય ચાકળતો અનુભવ કવિ તાદૃશ રીતે વર્ણવે છે. ૩૨. મૃત્યુ વિષાયક સોનેટો પછી જે 'દુનિઝણી' આદિ પાંચ મરણોત્તર વિલાપિકાઓથી પ્રેમ વિષાયક શુરુઆ શરુ થાય છે. જેમાં મૃત્યુવેષ્ટિત પ્રેમ અનુભૂતિ રજુ કરવામાં મૃત્યુ અને પ્રેમ એ બન્ને ગહન જીવનાનુભૂતિઓની ગમગીનતાને ઉદ્દીપક રૂપ ઉઠાવ મળ્યો છે.'' શોકોર્મિકાવ્યો તેમજ વિષાદ કાવ્યોમાં ઉશનસ્ અને બ.ક.ઠા. ના શુરુઆ કાવ્યોનું ભાવિકથનની દૃષ્ટિએ આગવું સ્થાન ગણી શકાય. સુંદરમ્ તેને આ રીતે નોંધે છે કે....

૩૩. જેમાં કવિના પોતાના ભાવ પ્રધાન પણે વર્ણવાયા હોય તેવા'' આત્મલક્ષી ઊર્મિકાવ્યો પણ ઠાકોરે ઠીક ઠીક પ્રમાણમાં લખ્યા છે..... વિરહ શુરુઆવાની કૃતિઓ આ પ્રકારની છે. બે નાનીમોટી સોળ કૃતિઓ પોતાના સ્વની ગહનતામાં અને વ્યથામાં 'પ્રેમનો દિવસ' કરતાં વધી જાય તેવી છે. આમાં ઠાકોરના લાક્ષણિક કાવ્ય બંધ-કાવ્યને અંતે ગોરણ માં વળાતી ભાવની મધુર ગાંઠ, તેની ઘરાણું તળપદી છતાં અનેરી બાનદાર ભાષા, તેનું ગૃહજીવનનું વાસ્તવિક

kalpana's

વાતાવરણ પતિ-પત્નીના કોરા મૃદુ સ્વભાવો, પરસ્પરનાં સ્વાર્પણો અને શેતાનોનું માણસ પશવિસાથી નિરૂપણ અને વિરહની સતત વ્યથા એ બધું વ્યક્ત થયું છે.''

''ધુનિકની'' માં વિષાદની સાથે ચિંતન ગૂંથાઈને આવે છે. કવિ સૂક્ષ્મ અને ચેતના વ્યાપારનો ઉલ્લેખ કરે છે. નંદકુમાર પાઠકનું બંધુ મૃત્યુ પ્રસંગે લખાયેલું 'મંગલ વિદાય' પણ આવું જ કંઈક સામ્ય ધરાવે છે. ભાઈના મૃત્યુથી કવિને તો જીવન દૃષ્ટિ મળી છે.

૩૪.''બંધુને તવ મૃત્યુ નેત્ર નવલાં, ચાવી ઉઘાડી ગયું
મૃત્યુ તે તવ ભાઈ ? જીવન ચમું આજે જાડી ગયું''

તેથી ભાઈના સંસ્કાર કવિ સ્વીકારે છે. અને તેમના વિષાદ શોકગ્રસ્ત પણ બને છે કે...

૩૫.''ને તેથી જ વધુ વધુ ઉર બને આતુર શોકે ભર્યું
ને તેથી જ સરી પડે નયનથી આંસુ અધીરું બની''

'મંગલ વિદાય' ગુજરાતી શોકકાવ્યોમાં ગણનાપાત્ર એ રીતે છે કે તેમાં શોક, વિષાદ, ચિંતન અને મૃત્યુના માંગલ્યનો સમન્વય છે.

૩૬.'' બન્ને જીવનમૃત્યુ આજ મુજને ચાપે મહા મેરુના;
ધારીને દિવસ-રાત પાંખ, જગમાં જેવો ઉડે કાળ આ
તેવાં જીવન મૃત્યુ બ્રહ્મ દિવ્ય ઉડતાં, ચૈતન્યની પાંખના?

જીવન અને મૃત્યુ ચૈતન્યની બે પાંખો છે. અને આ અવિરત ચાલ્યું આવતું કાળક્રમ કે કાળધર્મ છે. ૩૭.'' દિવસ અને રાતની પાંખો ધારીને ઉડતો કાળ , જીવન અને મૃત્યુ પણ ચૈતન્યની બે પાંખો જેવાંજ કાળ, સમીર, બધોરે દૃષ્ટાંત બધારા પ્રકૃતિનાં બન્ને સ્વરૂપોને કવિ ગણાવે છે. જગ અંધારને દૂર કરવા ઊગતા સૂર્યની જેમ માનવ પણ જગતના અજ્ઞાન અંધારને દૂર કરવા ઉ

kalpana's

અંધકારને ટાળવા વિશ્વમાં દીપક થઈને પુનર્જન્મ ધારી આવવાનો છે. એની કવિશ્રદ્ધાની ચરમ શ્રધ્ધા છે. પૂનમનો ચૂર્ણ ચેક ગોળાર્ધમાં જાય એટલું જ ; માનવ પણ એ જ ક્રમે 'જીર્ણાની વસ્ત્રાણી તજી આ વિશ્વમાં પાછો ફરવાનો છે. (યાદ કરો કવિવર ટાગોરની લિખ્યાત ઉપમા, માતા પોતાના બાળકને વધુ દૂધ પાવા માટે એક સ્તનથી બીજે સ્તને ખસેડે છે. અજ્ઞાન બાળક એ નહિ જાણતો હોવાથી ચીચાચીચ કરી મૂકે છે' તેવી જ રીતે...)''

'સૂના જીવનને ગમ્યું રહ્યું' મનુભાવાલ ઝવેરીનું, સ્વર્ગસ્થ મિત્રના શોકમાં લખાયેલું વિષાદ અને ઘેરી વિગ્રહ્યતાને વ્યક્ત કરતું કાવ્ય છે મિત્રના અવસાનના શોકમાંથી સાંત્વન લેવા માટે કવિ શમણાંનો સહારો લે છે પણ શમણાં તો કાળજાને કોરી જાય છે. અને વેદના તીવ્ર તેજ વિષાદ ઘેરો બને છે કે આવી કરુણ હાલતમાં મારા હૈયાની વાતને સમજનાર હતો તેય ચાલ્યો ગયો ? કમળને લીધે કાદવ પણ મહત્તા પામતો હતો પણ કમળ જ્યાં કાદવમાં , કાદવ જ રહ્યો કવિ જાણે કે મિત્ર વિના સૂના પડી ગયા છે.

૩૮...'સંજીવની આપ ? તારી, હતાં વિશ્વિલ્પથી
હૈયે મિલો પડેલી આ પ્રાણ કોણ ઠુકાવશે ?
X X X X
છે મધવાસ હજી બાકી, ઘેરે અંધાર પંથને
નિરાલંબ ઉરે મારા, ઘૂમ્યતા ઘોર ઘૂઘવે
નમેરા મૂલ્ય માંહેથી, તારી જીવન પોથડી
ઉઘડી, આશ ઉત્સાહે, સ્વપ્ન રમ્ય ઘરીઘરી
મારા હૈયાની સૃષ્ટિને પણ રંગે લીધી રહી
હવે ચાલ્યું તારી સ્મૃતિને સહારે રહ્યું
ને સ્મરી સ્મરીને સૂના જીવને ગમ્યું રહ્યું ''

..૭૨..

kalpesh's

જિનના અવસાનનો શોક એવો તીવ્ર બને છે કે જિનના મૃત્યુનો શોક કવિના જીવનમાં 'ઇતાં જીવને' મૃત્યુની ઝંખના જાગે છે.

૩૯.''.....પણ એક જ શોક આ
તારા વિરહનો વ્હાલા, ઉત્તરોત્તર વાધતો
જીવને મૃત્યુની ખીલી, પિપાસાને જાગતો

શમ્યાં કરતાં તારો વિરહાનલ વધતો જાય છે. અને આ લોક તો હૈયાહીણા છે. તારા જેવા રસી ભરી આંખડીવાળા તો કોક જ હોય અને તે પણ હવે દુર્લભ છે. કાદવ પણ કમાઈ શોષે છે પણ તારા ગયા પછી મારું હૈયું તો કાદવ જ રહ્યું દિવસ અને રાત હરે દાણવત્ બની ગયાં છે હું એમ ઝંખી તારી તરફ ગાળી રહ્યો છું.

૪૦.''વીતે દિન પર દિન, રજની પર રજની જતી
મ્હારું તો એ મીન, હજીયે તું વીણ તરફડે
શેષનાં સંભારુન સ્નેહ તારું વિસરતો
પણ ચટકાં નોંધારું કાળજ કોરી ખે રહે
દેહાનલનાં આજ શમ્યાં તો ચરપણ થયાં
દિન દિન દિલના દાર વીરા ? મારા વાધતા
હૈયા હીણા લોક, હૈયું કોને દાખવું
હૈયે માંડે કોક, તું જમ ચમિયલ આંખડી
કમ્બો કાદવનાંય ઝૂપો રૂડિયાળાં હતાં
કમ્બ જતાં કરમાઈ કાદવ તો કાદવ રહ્યા
સ્નેહ હી' ને રાત' , વહ્ય વગડું બને,
પણ એક જ એનાં શ્વાસ કે નાવેરાં ચોરાં થતં
પાખી ઝગટે દિન, દીનથી મહિના ઝોરતા
નજલ કયાંથી વીર ? ચાલું નિત નિત ટૂંકડો''

૪૧.'' જિનના મૃત્યુએ કવિ હૃદયમાં વ્યાપેલી વિષાદ્રતા સમ્રા

kalpana's

કાવ્યમાં પથરાયેલી છે. મૃત્યુના માનંદે ભિન્નની જીવનપોથીની ઉરછેદાનાં આશા અને ઉત્સાહનાં સ્વપ્નોથી ભરીભરી કવિનાં હૈયાની સૃષ્ટિ પણ લોપ પામે છે..... ભિન્ન સૌને મ્હાલવા અધીરા બનેલા કવિના પ્રાણપંખીને જીવનમાં મૃત્યુની મીઠી પિપાસા જાગનાર ભિન્નનો ઉત્તરોત્તર વધતો જતો વિરહ છે. ભિન્નના વિરહશોકની ગાથા અનુષ્ટુપનાં ગાઈને આ સૌરાષ્ટ્રી કવિ સોરઠા માં પોતાનો હૃદયભેદ વરસાવે છે.....''

'સૂની સકર' વેજીબાઈ પુરો જિતનું એક એવું જ વિષાદકાવ્ય છે. સદ્‌ગત ભિન પાછળ વિહ્વળ-ઘાયલ-ચાયલ બની ઉઠેલા તપ્ત હૃદયની ઉકળાટ એમાં વ્યક્ત થયો છે. જ્યાં મૃત્યુની નૈરાશ્યવૃત્તિમાંથી ચિંતન ઝરે છે પણ કાવ્યમાં કરુણવિષાદ જ વ્યાપેલો અનુભવાય છે.

૪૨..'જીવને જીવને ઝેર-વિષુણા ને
તેજ - અંધાર આવાગમન છે,
આજ નૈરાશ્યનાં લપડતાં ઉકળું
જીગરનાં ભેજ ભાના જ્વલન છે'

X X X X

વ્યર્થ ચા સ્વાસને ઉંઘવાનો કરું
સકરમાં કેમ ભાંગે સુડાનો ?

''હાથ બે હાથ સારી જતા' ના ચહા' એવી મૈત્રીની સકર હતી સૂની થઈ જઈ છે. કારણ કે.....

૪૩..'સંજનો ચાંદરે અંત આવી ગયો,
સકરમાં હું બચોડી ગયો છે''

X X X X

નજર નાખી કરે ના પછી ચંતરે
આસ હીણા નિરાસા ચરે છે''

વિષાદ ઉપરાંત ૪૪. '' ભિન્ન મૃત્યુથી જીવનપંથમાં એકલા પડી ગયેલા પોતાના જીવનની સૂની બનેલી સફરને નિરખતા કવિ, તત્વ-જ્ઞાનને તાંતણે ગડી '' તે જાની નથી ખોઈ મારા ચૂડલ ?

રે જાની તને ખોઈ બેઠી'' એમ

કહી ભિન્નનું ગૌરવ કરે છે.''

ભિન્ન અવસાન પર ઘેરા વિષાદને વ્યકત કરતાં કાવ્યોમાં વેણીભાઈ પુરોહિતનું 'સૂની સફર' અને ચરાલવાળાનું 'વિધુર ભિન્ને' સવિશેષ ઉલ્લેખનીય છે. કારણ કે ૪૫.'' ચરાલવાળાનું ઘૂંટાયેલા વિષાદની તીવ્રતાનો અનુભવ કરાવતું 'વિધુર ભિન્ને' આપણાં ઉત્તમ વિષાદ કાવ્યોમાંનું એક છે. ઉપરાંત વેણીભાઈ પુરોહિતનું 'સૂની સફર''

ઉશનસ્‌ની 'બળતી બા ચાલી' કૃતિ કરુણસભર છે. એમાં નાનાનું બાળ વત્સલકરુણ ચિત્ર આલેખાયું છે. ૪૬. '' કુટુંબની ચિંતાથી બચાઈને કૃશ થયેલી 'કૂલ ચરણી કોટી જનની' નું કરુણસભર ચિત્ર અહીં ઉપસ્યું છે.'' એ કાવ્યમાં નિરૂપાયેલી એકલતાની કરુણતા અને બહેરાપણાનું આલેખન તેનું વિશિષ્ટ પાસું છે. ૪૭. '' બળતી બા ચાલી'' માંનો આ કરુણ કેન્દ્રીય વત્સલરસ – જેને ઉશનસ્‌ પોતે 'વિગલંબવત્સલ' કહે છે તે – ગુજરાતી કવિતામાં વિરલ ગણાય એવો છે . અને એક વિશિષ્ટ ભાવ જગા ઉપસાવે છે.

'એક બાળકીને સ્મશાને લઈ જતાં' ઉમાશંકરની એક જૈસીજ વિષાદ અને કરુનસભર ચમત્કૃતિ ચાપની કૃતિ છે. કુટુંબમાં અન્ય માણસો હતે અને કવિની આંખ પલતે એમાં ઘણો મોટો તફાવત રહેલો છે. કારણ કે નાની બાળકીને તો વળી શું રોવું ? એવી વિચારણા દરેકને હોવા છતાં ઉપાદેયી મૃત્યુ નિમિત્તે રડવું જોઈએ એમ માની બધા ય રડ્યાં, દાદીમાં પણ રડ્યાં કવિને હજી આ વાત મનમાં સમજાતી નથી. અંતરમાંથી

kalpana's

ચાવતી વ્યથાની મલજો ડોલ કરવાથી ના ચમત્કાર જેમ કવિ સમજે છે.

૪૮.'' લિચારું હું – જોયે, મરણ મૂકું તે શીદ રહ્યું ?
– છતાં રાખે રોચકં ગ્રહિવર, દઈ હાથ લખ્યો''

એક તરફ ખરેખર મૃત્યુની ગંભીરતા અને એક તરફ ખરેખર શોકની અભિવ્યક્તમાં દંભ– આ બે વચ્ચેની સ્થિતિમાં કવિ મૂકાઈ ગયા છે. તેને હાથમાં ઉપાડી લઈ જતાં, વળાંક વટાવતાં જ તેની એક નાની બ્હેનપણી આ મૂઈ રહેલાની રમત–માની– હાય હૈયા કરવા લાગી પણ તેને લાગ્યું કે....૪૯. '' આ રમત હેઠ કારમી હતી તે જ ક્ષણે તે ઉંચા હાથ ગળા પાછળ નાખી દઈ પગ પછાડી રડવા બેઠી ગઈ. તેની ગોઠણ હવે તેની સાથે ગોઠ કરવા નહીં આવે એ ખ્યાલ આવતાં જ તે તો બે ક્રૂરતા અનુભવી તે જોઈને નાયક કહે છે કે મારે રોવું નહોતું તો પણ મારાથી રોવાઈ ગયું '' મૃત્યુની ગંભીરતાં ચાટલા બ્યામાંથી એક પર જ ઝેર કરી ગઈ ક્રૂરતની કારમી રમતની બે ગંભીરતા ચાટલા બધા માણસો અને તેમ કહેવાતા સાગીવજનોમાંથી માત્ર એકને જ સમજાઈ વિષાદની ક્રૂરતાનાં આ જોઈ અનાયાસે આંખ પલળી ગઈ.

૫૦. '' અમે ચાલ્યા ચાલ્યા– રમત પરથી જઈ જ ક્યારી
ગળા પૂંઠે નાખી કર, પગ પછાડી, ઝેર ઉંચે
ગઈ બેઠી રોવા ? હું જ મરણની ચોટ વસમી
અકેલીએ આપ્યા જગત મહીં એણે જ વરની ?
અને રોવું નહોતું પણ મુજથી રોવાઈ જ ગયું ''

૫૧.''ઘણીવાર એવું બને છે કે બનાવની આપણા ઉપર અસર થતી નથી તે બનાવની બીજી ઉપર થયેલી અસર જોઈને આપણને અસર થાય છે. એટલે કે, જે બનાવનું રહસ્ય આપણે જે રીતે રીતું સમજી કે અનુભવી શકતા નથી તે કોઈવાર આપણે આ રીતે પાત્રકાના અંતર વ્યવહાર સમજી અનુભવી શકીયે છીયે એવા જ અનુભવનું આ એક કાવ્ય છે.''

kalpana's

પુત્રવત્સલ પિતાહૃદયની મનોવ્યથા વ્યક્ત કરતું બાલમુકુંદ દવેનું 'જૂનું ઘર ખાલી કરતાં' સોનેટ પણ ગુજરાતી કવિતાનું ચાને હૈયે વસી ગયેલું અને રમી રહેલું શોકકાવ્ય છે. કવિએ પોતાની ઉપર જ કરેલો કરુણ કટાક્ષ પ્રબુદ્ધ જ વાચક અને હૃદયદ્રાવક છે પણ કવિની જેમાં લાચારી જે રીતે પ્રસ્તાર થાય છે તેમાંથી કવિ પ્રત્યે આપણને સહાનુભૂતિ જાગે છે. આમ આ ઘરમાં જીવનના આનંદથી ચારેભાગ કવિતા વળાંક લેતાં ગંભીર અને વિષાદગ્રસ્ત બની જાય છે. કવિનું મન ભરાઈ આવે છે. પણ ક્ષણી જઈ ધીમા પડી જાય છે. મન વિચારના વટોળે ચઢે છે કે આનું તે શું થશે, વસ્યા તેમ છૂટ્યા, શીશી પણ પાછી બોખી; ક્લીપ બટન કે ટાંકણી કે સોય દોરો જેવી વસ્તુઓને સાથે લઈ જવાની- જે સંસારની મૂલ્યવાન વસ્તુઓ ન જ ગણાય અને મોંઘામાં મોંઘુ રત્ન -પુત્ર છોડી દેવું પડ્યું ? આ સંસારની વિચિત્રતા કેવી છે ? સમજાતી નથી અને કવિ કહે છે કે પુત્ર ભૂલાઈ ગયો નથી પુત્ર પણ જાણે કે ટહુકો કરે છે કે.....

પરંતુ આ - બાપુ ના કશું ય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?
ભૂંસી બધી સજાવટ દઈ કાગળ-કેરી કલિકા ?
ઉપાડ્યાં જ્યાં ઉપર ત્યાં લીટા કેરા મલિકા ?''

સંસારની ચલિત સામાન્ય વિગતોનું નાનકડા ઘર માટેની નોંધમાં છે માત્ર પુત્ર માટે જ ચિંતા લાગણ ? એ વિચારમાં કવિ ચોટપૂર્વક સ્વાનુભવે કરુણ કટાક્ષમાંથી ઘેરો વિષાદ વ્યક્ત કરે છે. કાવ્યમાં નિરૂપાયેલો પ્રસંગ અતિસામાન્ય હોવા છતાં તેની રજૂઆત માર્મિક અને હૃદયી રીતે થઈ છે તે આ કાવ્યના વિષાદના નિરૂપણની વિશેષતા છે. વીરુભાઈ ઠાકર બરાબર નોંધે છે કે '' હૃદયી કુલ કથનશૈલીમાં ગંભીર અને હળવા વિષયોને સ્વાભાવિક રજૂ કરવાની કલા બાલમુકુંદને સુપેરે સિદ્ધ છે'' '' જૂનું ઘર ખાલી કરતા'' એ કૃતિ આનો ધ્યાન

kalpana's

પાન દાખલો છે. ઘર ખાલી કર્યાં પછી દંપતી ઘરમાં છેલ્લી નજર કરી લે છે. ત્યાં તેમને એ ઘરમાં જન્મીને અસ્તાન પામેલો પુત્ર યાદ આવે છે.

પ૩.'' જ્યાં દેવોના પરમ વર શો પુત્ર પામ્યા પનોતો
ને જ્યાંથી રે કરુણ હૃદયે ચઢિને અંક સોંપ્યો
કોલેથી જે નીકળી ચલ્યા, ઊઠતો બોલી જાણ
બા-બાપુ ના કશું ય ધૂલિયાં ચેક ધૂક્યાં મને કે ?''

કાન્તનો કરુણ ચૂટકાજ મકારનો છે. જે જગતમાં રહેવાનું તે જગતમાં શ્રેય પ્રયનો સંઘર્ષ ચને તેમાંથી નીતરતી કરુણતા કોઈ લાચારી, હતાશા, ખિન્નતણ, વિષાદ માં ડુબાડી દે છે. ૫૪.'' વિશાલ કલ્પનાથી જગતને જોતાં તેમને જગતની યોજનામાં કોઈ ક્ષણિક વિષમતા પ્રતીત થાય છે. એ યોજનાની નીચે કોઈ ક્રૂર અસહ્ય અન્યાય તેમને જણાય છે. કવિનું હૃદય એ અન્યાય સામે લડત ચલાવે છે. એ વિષમતાનું સમાધાન કરવા ચિંતનમાં પડે છે અને સમાધાન ન થતાં જગતના અન્યાય માટે કરુણમાં ભ્રમે છે.'' કરુણના આ સ્વરૂપની ભંડકાવ્યો પછી સહજ પત્ની નર્મદાના વૈધવ્યમાં ચાનુભવેલી ઝંઝાવમાં ચેકલવા મકરોસ, ચેકરાર અને વ્યથા અનેક કાવ્યોમાં થાય છે. ૫૫.'' ઈ.સ. ૧૮૯૧ માં તેમનાં પત્ની ગુજરી ગયા એ વડોદરામાં રહેતા કવિ ને દરમિયાનના ગાળાનું સૌથી મોટું દુર્ભાગ્ય હતું ''જીવનભર મે અન્તર્મુઢ ઘન વ્યથા'' શબ્દો પામી નથી આ દર્દમાંથી આવા કાવ્યો ઉદ્ભવ્યાં છે. 'પ્રમાદી નાવિક' માં કવિચિત્તની પાછળ દશ્યમાં પડી આપઘાત કરે છે. તેવી આપઘાત કરવાની, અને સંન્યાસી થવાની વૃત્તિ તેમને વારંવાર થઈ આવતી આ તીવ્ર ઉદ્વેગ 'વિધુર ઉરંગ' માં પણ પ્રતીત થાય છે.

''ક્ષણ ભ્રમણ આવતાં દુર્ધિસ્મીર નેને અરે,
દયા સ્વજનને થતાં વદન પાસા પાછી ધરે

kalpana's

નહીં સ્વજન તેં રાખી ? સ્વજન મેડકી હતી
સહજનશત શલ્યમાં હૃદયની પધારી હતી ''

''ગાન વિમાન'' ને વિયોગ કાવ્યો પણ પત્નીના શોક નિમિત્તે જ લખાયાં છે. ઘણા લાંબા સમય સુધી પત્નીનો તીવ્ર વિયોગ અને શોક અને કૃત કાન્તના જીવનમાં રહ્યું ત્યારે તો કવિ વિયોગમાં લખે છે.

પદ:''અંત સુધી મારે રોવાની, ઘરા એની એ''

પરંતુ 'વિધુરકુરંગ' અને પ્રમાદી નાવિકમાં ઘૂંટાયેલું દર્દ અહે છે. વિધુર - કુરંગમાં માણેકલાલ નામનો પુત્ર અવસાન પામતાં દર્દ બેવડાય છે.

પૃ:''પ્રિયા વિયતમા ગતા ? જગત સર્વ અંધું થયું
ગયું સુખ, રહ્યું બહું ન પણ જીવવાનું ગયું
તજી ગઈ વિલાસિની નિજ કુટુંબને શાપને
ચૂતો મૃદુલ બાલ તાત ચરણે, ન માતા કહે
નહીં હૃદયની બની હૃદય બેક હાલ્યાં વળે
નહીં નયનને કરી નયન તે પ્રિયાના મળે''
કુરંગ જતપાત્રને બસ ચરાય ચારા રહી
ઝરાં કરવી ચૈકલાં, વિવસ જીર્ણ અંગો વહી''

'પ્રમાદી નાવિક' નું મૂળ નામ તો 'નિરાશ નાવિક' હતું પણ પત્નીના સહચર્યના પ્રમાદમાં જેટલે પત્નીજ ખોઈ તેથી પ્રમાદી નાવિક નામ બદલ્યું. 'પતિને સાગરનો પ્રમાદી નાવિક જેટલા માટે કહ્યો છે.'' કાવ્યમાં કવિ કહે છે કે(કવિ)'આ બંદરો સુખનાવ (Pleasure Boat) ને શું સમજે ?'' એમ કહી હેલચાથી ઘરી જાં બંદરોને વટીને ચાલ્યા જતાં સમાનું નાવ તૈયાર કે સ્વરત કે લડાઈ માટે ન હતું. માત્ર સુખની સફર માટે હતું. તેને આ બંદરો સાથે શી લેવા-દેવા હોય ?

પૃ:''હતાં સજલ નેન જે મુજ બરોજ નિદ્રા હરો
પડ્યો સ્વરત ઉરમાં ? સ્મરણ તે ન હાલાં ખસે?

kalpana's

કરાલ રજની નહીં ગગન ગર્ભમાં ડૂબતી
દશે દગ ઉઘાડતાં ચડી અનેક તારા ચતી
જતી ત્રિવિધ નાવલી સ્થિર જરા ન દીઠી પ્રિયા,
પડ્યો તરત જલધિમાં "પ્રિયા? હા પ્રિયા?"

'પડ્યો તરત ઉદધિમાં' માં પ્રસ્તુત અને [illegible] નિષ્કાળજીનો ઉર્મિ છે. ચામ ઈ.સ. ૧૮૯૧ માં પ્રથમ પત્ની નર્મદાના અવસાનનો કાગળ ઘા લાગ્યો અતિ દયાજાડ ત્રિભાદને જોઈ તેમના જ જ્ઞાનના વડીલ જમનાબાએ વચનો પાળ્યાં અને બીજી નર્મદા નામની જ પત્નીને પરણ્યા પણ પછી " એ નર્મદાના મૃત્યુ પછી વીસ-બેતાલીસ વર્ષે જૂની કવિતાઓ તપાસતાં " નયન નમણાં, ગ્રીવા ગોરી, લલાટ સોહામણું' એ પંક્તિઓ વાંચતા " તેમની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં અને ચમે જોયો તેમની પાસે બેઠા હતા અને નર્મદાને કદી નહિ જોયેલાં તેમને મોઢે તેમના સૌંદર્યનું અને તેમના સદ્‌ગુણોનું વર્ણન કરવા લાગ્યા; જાણે હજી તેમનો વિયોગ ગઈ કાલે જ થયો હોય ?" બે તેરા ત્રિભાદને વ્યકત કરે છે.

કાન્તના ખંડકાવ્યોમાં પ્રગટ થતાં કરુણ એ સ્વજનના પત્ની-પુત્રના અવસાન નિમિત્તે લખાયેલા કાવ્યોમાં તરી આવતાં ત્રિભાદમાં તફાવત જોવાયો જ છે કે ખંડકાવ્યોમાં અભ્યાસ, મનન અને કષ્ટ તરીકેનું આલેખન ખંડકાવ્યોમાં છે. જ્યારે વેદના વધારે પત્નીના અવસાન પર લખાયેલી કવિતાઓમાં વધારે છે. ખંડકાવ્યોમાં વર્ણન અને ચિંતન જે બહુધા જોવા મળે છે તેના કરતાં આ કાવ્યોમાં અનુભૂતિ કરુણ કલાત્મક રીતે ઓગળે છે તેમાંથી ટપકે છે. દુઃખ, લાચારી, હતાશા, બેકરાર, કરુણતા, ત્રિભાદ અને બકચોચ એ કાવ્યોમાં અનુભૂતિ નહીંવત્ છે અને ચિંતન પણ નહીંવતછે. બે ય કાંઠે કરુણ - ત્રિભાદ વહે છે. એ કાન્તના ત્રિભાદની વિશેષતા છે. ખંડકાવ્યોમાં કરુણતા છે તો સદ્‌ગતપત્ની માટેના કાવ્યોમાં કરુણ પોતે વહે છે.

kalpatar's

''સખી? જો ઉદધિ તને ઉરે''. શેષનું વિરહ અને ચિંતનના મિશ્ર-ભાવમાં લખાયેલું કાવ્ય છે. ભરતી-ઓટમાંથી ભરતીનું રૂપક પસંદ કરી કવિ વિચારે છે કે ભરતી પૂનમે હોય છે અને અમાસે પણ હોય છે આનું રહસ્ય શું? કાવ્ય એક વિરહગીત પણ છે. પૂર્ણિમા પછી અમાસ આવવા શુક્લપક્ષ પછી કૃષ્ણપક્ષ આવે જ છે અને ભરતી પણ પૂનમે આવે તેમ અમાસે પણ આવે જ છે તાત્પર્ય માત્ર એટલો જ છે કે પૂર્ણિમાં પ્રત્યક્ષ મિલનમાં ઉમટતી ઊર્મિની ભરતી છે અને અમાસે આવતી ભરતીમાં મિલનનાં સંભારણાની ઉમટતી ઊર્મિ છે બન્નેમાં ઊર્મિના તરંગો હેલે ચડે છે પણ એકમાં બન્ને સહભાગી છે બીજામાં વિયોગી અવસ્થામાં માત્ર એક વ્યક્તિગત પાત્રના સંભારણાની ભરતીમાં ભેંચાય છે.

૬૦. ''અમાં પણ કોઈને કહી,
ન મળે એકલી શુભ કૌમુદી;
ગજવાનું પીધેલ બાજને
ભરી બંધાનું પીવાનું છે જને?
પણ કૌમુદી ક્ષુબ્ધ થૈ જતાં
ઘન અંધાર ઉરે ય વ્યાપતાં;
દધિને ગત પર્વ સાંભરે,
ભરતી પાછી અમાસની ચડે
સખી એમ કદી કદી મને
મુજ આ કૌમુદી-અસ્ત જીવને
ઉર આવતી ઊર્મિ ઉછળી,
અનતી સાર્થક હું ભલી ઠરી''

તારા વગી કળામાં સાર્થકતા માનતી મારા ઉરમાંથી આવતી ઊછળતી ઊર્મિ કૌમુદી-અસ્ત જીવને ઉર આપતી ઊર્મિ છે. ૬૧. ''જે બાજ પેટલે પાન્ધી ગજવાનું પીધેલું હોય તેજ પાન્ધી બાદલો બંધારું પીવાનું છે.

kalpana's

ગજવાલિયામાં જે પ્રહરોમાં અજવાળું ભોગવ્યું હોય તે જ પ્રહરોમાં અંધારિયામાં અંધારું ભોગવવાનું હોય છે.'' ૬૨. '' એજ રીતે નાયકને વિરહી દશામાં, કસ્તૂરી-ગ્રસ્ત જીવનનાં મિલનનું પર્વ સાંભરી આવે છે અને પ્રિયા પ્રતિ તેના ઉરની ઊર્મિઓ ઊછળી ઊછળીને કહે છે.'' કવિએ ઉરમાંથી ઉઠતી ઊછળતી ઊર્મિના રહસ્યનો ભેદ વ્યકત કર્યો છે કે ગજવાલિયાંના ગજવાળાંની જેમ અંધારીયાનું અંધારું પણ ભાગ્યની જ પ્રાપ્તિ છે. અહીં અંધારું વિષાદને સૂચવે છે. વિષાદના ઘોડાપૂર વિરહ-વિયોગના ચમાસમાં આવતી સ્મરણોની ભરતી છે.

ડૉ.જ્યંત પાઠક નોંધે છે કે ૬૩. '' કાવ્ય એક વિરહગીત છે. અને મિલનમાંની અનુપસ્થિતિમાં પણ નાયકના હૈયામાં ઊર્મિઓ કેમ ઉછાળતી રહે છે ? એનું કવિત્વમય કારણ શું કવિએ એક ભૌગોલિક-વૈજ્ઞાનિક ઘટનાનું રૂપક લઈને પ્રગટ કર્યું છે. આમ કાવ્યમાં વિચારની સ્પષ્ટ પ્રેરક ચમત્કૃતિ છે, પરંતુ વિપ્રલંભ પ્રેમકાવ્યની ઊર્મિનો ઉછાળ નથી''

'ભગ્ન સ્વપ્નની નાવ' પણ નાવ જ વિલાપ-વિષાદને વ્યકત કરતું ઊર્મિકાવ્ય છે. જીવનના સ્વપ્નો ચૂર થઈ જતાં જીવન નિસ્સ બની જાય છે. અને બાકીનું જીવન કેમ કરી જીવાશે ? એ ચિંતામાં જ શેષ - જીવન કષ્ટમય, લાંબુ કંટાળાજનક, બોકલવાયું લાગે છે. રોજ મૃત્યુ પોતાનું સ્મરણ કરાવી જાય તેવા દુઃખદ દિવસોનું જીવન એટલે જ ભગ્ન સ્વપ્નની નાવ એને પાર કરવા સાથી જોઈએ પણ હવે મરન જ ગે છે કે 'મારી નાવ કરે કોણ પાર''

૬૪.'' ભાવિના નહીં મેરક વાયુ,
ભૂત તણો દાબે ચોથારું;
ચકડોળી દીવા દાંડી પર
બાકી ચારણા મોત - પછાડ
મારી નાવ કરે કો પાર ?''

kalpana's

અધડૂબી દીવાદાંડી અને ચારે બાજુ ઘોર અંધાર, તેમાં આશા બાંધી મોત પછાડ્યું દૃશ્ય અને અણભાવ ભયાનકતાને લીધે દયાજનકસ્થિતિ સૂચવી જાય છે તેમાંથી જ જીવનની કરુણતાનો વિષાદ દેખાઈ આવે છે કે ગાવી જીવનનૌકામાં ભાર છે. એ ભારનું વહન થઈ શકે એમ નથી કારણ કે જીવનમાં જોયેલા સ્વપ્નનાં ટુકડાથી ભરેલી આ નાવ છે. એમાં કોને રસ હોય ?

''નથી હીરા, નથી માણેક, મોતી
કનક લાલો નથી એમાં ભાર;
ભગ્ન સ્વપ્નનાં ખંડિત ટુકડા
તારી કોણ ઉતારે પાર ?
મારી નાવ કરે કો પાર ?''

''જીવનનાં સ્વપ્નો ભાંગ્યા પછી, જીવનનાવને ભવ પાર કરવી કેટલી કઠિન છે એનો ચાર્ત ઉદ્‌ગાર સુપેરે આ રચનામાંથી સંભળાય છે. સ્વપ્નો ભાંગી ગયા બાદ, જીવનમાં જે નિરાશા વ્યાપી રહે છે. એનું સરસ, કવિત્વમય વર્ણન આ રચનામાં મળે છે.'' ચિંતન અને વિષાદને સમતોલ અને, ગુણાત્મક રીતે સંકલનબંધ આખા કાવ્યમાં ચમત્કૃતિ સર્જી દે છે. વિષાદમાં વેરણ છેરણ થઈ ગયેલી જિંદગીની વ્યથા 'ભગ્ન સ્વપ્નનાં ખંડિત ટુકડાં છે. કે.....'' ખામી, અપૂર્તિ, અનૌચિત્યો ગમે તેટલાં, મનુષ્ય જીવન તો છે માત્ર 'ભગ્ન સ્વપ્નના ખંડિત ટુકડા'' અને આ ચાર શબ્દો ગુજરાતી કવિતાના ખજાનામાં એક અમૂલ્ય અને અમર ખંડિતરત્ન ઉમેરે છે અર્થપોષક શબ્દસ્વનો જાદુ ખંડિતને પ્રથમ સાંભળતાં જ સ્મૃતિમાં સદાને માટે જડી દે છે.''

રમણીક અરાલવાલાનું 'વિખૂટા ગિનને' સદ્‌ગત મિત્ર માટે લખાયેલું કાવ્ય છે. મૈની કાવ્યના લક્ષણો ઉપરાંત તેમાં મિત્ર ગુમાવવાની રંજ અને શોક ભારોભાર છે. મિત્ર ગયા પછી વિષાદ વ્યાપક બને છે અને

kalpana's

કવિને જગત મિથ્યા લાગે છે માટે કહે છે કે

૬૮.''ચિતા ચિરવિરાગની જ્વલ આત્મ એકાન્તમાં
જ્વલે પ્રજ્વલિને જ્વી કજ્વળિ છેક ધીરે ધિરે ?
વિશાળ જગ છે, અસંખ્ય પથ છે પ્રવાસી ય તે ?
અનંત પણ ના બ્હને ચૂલ્હચને ઝંખાડ સાખે''

વિશાળ જગતના અસંખ્ય પથ અને અનેક પ્રવાસી હોવા છતાં હવે તારા ગયા પછી હે મિત્ર, હવે કશી જ ઝંખના નથી મારા આત્માના એકાંતમાં તારા ચિરવિરાગની ચિતા પ્રજ્વલી છે તે ધીરે ધીરે જ્વલે મને બાળી નાખે. એક વ્યાપક વિષાદ અને અંતરની ઊંડી બાતરા સંસારમાં વિરક્તિનો અનુભવ કરાવતી વિષાદ-યુક્ત પંક્તિઓમાં ૬૯.''બ્હને જ તજતાં તજી સકલ સખ્યસંવેદના' ઉત્તમ પંક્તિ છે, ''૭૦....આ પંક્તિ આખી કૃતિનું બીજબિંદુ રાખ્યુ થયું , તારા જેવાનું થયું, જેથી વિશેષ ઉન્નતિપ્રદ બીજું સંબંધે બાધ્યે જેવું - અને કદાચિત્ જે પણ છૂટ્યું, તે પછી મિત્ર મેળવવાની તારાના માન વર્યું છું, વજાઈ જ જાયને, અને આમ સંપૂર્ણ ત્યાગ કરતાં પણ જે અત્યંત દુઃખ થાય છે તે દુઃખના ઉદ્ગાર જેવું પોતાની જાતને ધૂમકેતુ ઉપનામ વડે સંબોધન છે. હે સૂર્યમંડલમાં જેવો ધૂમકેતુ , તેવો સમાજમંડલે ચૂકલરબાડ્યો કવી ગ્રહેલ જીવ ?'' કહીને 'વિખૂટા મિત્રો' સંબોધી પોતાના તેના વિનાના એકલવાયા જીવનનો વિષાદ જ કવિ ગાય છે. કાવ્યની અંતિમ બે પંક્તિઓ વધારે વેધક અનુભૂતિ આપે છે.

૭૧.''હવે હું અવરોધ ? બોધ? અફસોસ ? જા, હું હવે
કરીશ બમણો બ્રહ્મો બતમ આખી ધ્રુવને ''

આ પંક્તિઓમાં જીવન માત્ર પૂરું કેમ થઈ જાય એ જલ્દી પૂરું કરી નાંખવાની ઉદાસીન વૃત્તિની અભિવ્યક્તિમાં અફસોસ ?' ૭૨ા ચૂભાતો ભાવ વિષાદને અભિપ્રેત છે. ૭૨.''આ શબ્દ અફસોસ ? એ પ્રશ્નચિહ્ન વડે આગલા શબ્દોની સાથે અન્વયમાં પણ લેવાય, અફસોસ ?

એમ વિષાદ ચિહ્ન વડે પાછલા શબ્દોની સાથે સંબંધમાં પણ લેવાય...''

સમરસ અને ચિંતનની ચૂંથણીથી ચાલેલાચેલા 'ઉત્કચ્યુત'માં ચુંદરજી લેટાઈ કહે છે કે...

૭૩.. ''કો મૃત્યુ સંકે મુજ બાલ સંગે સૂનેલ જોયાં શિશુનો ચસંખ્ય
હું ચાંખ્યું છું મુજ બાલચીસે અનેક ચીસો જા બાળકોની
ઉંડી ગમારી ઉચ્ચેદનામાં ઘૂમી વ્યથા કે જનની જણાતી;
હું દાઝ્યો અંતરબાહ્યઝાળે અનેક દુઃખ્યાં જનની પિતાની
દંપતી વેલને મોંઘા ફૂલમો દઈ ને પછી
ચૂંટી કોણ જાણે ગૂઢા મૃત્યુના નિજ હસ્તથી ?''
મોંઘા હરાયાં સુખિ બાલપુષ્પો, જીવંત સૂક્ષ્મ સ્મૃતિ સોરબેની
જિવાડતાં કે જનની પિતાને, મૃત્યુ લિયે જીવન ગૂઢરીત્યી
કે કાલના ગહ્વરને ઉજાળે દિશાલકાશે નવતેજ પૂરે
એવો અનેરો સ્મૃતિદીપ દેવે કૃપા કરી માનવચિત્ત ચેતવ્યો
વિનાશમાં સર્જનું સાક્ષ્યો.
જન્મ, જીવન ને મૃત્યુ ચેકતંતુત્વ પામતાં,
વિશ્વના વાદિથી નિત્યે વૈવિધ્યે વિલસી રહ્યાં ? ''

આ કાવ્યખંડમાં સમરસનો મહિમા ગાઈ જન્મ-જીવન-મૃત્યુના જાતમાં રચાયેલા વિલાસમાં જીવું ના વિષાદમાં કવિ જાતમાં બાળકો અને તેમના માતાપિતાની ચીસ અને વિષાદ અનુભવે છે. ચંતત અનુભૂતિ અને અનુભવેલા કરુણ તેમજ વિષાદને વૈશ્વિક વ્યાપકમાં વિસ્તારી દે છે.

૭૪. '' કવિ કહે છે આ દુઃખજનનો ચમત્કાર સ્મૃતિઓ કરે છે. વ્યવહારુ જગત કહે છે કે ફૂલે ધીરે ધીરે કાલવળો. અહીં કવિ તો વળી તે સાંત્વનના કરુણને નવો ગહનતર સર્જનતંતુ પણ કહે છે. આ ચમત્કારોક્ત નથી ? સ્વીકારું છું કે વિરહદશાના ઉત્કટ દુઃખમાં દરૂઢ તર્કી કલ્પના આદિ માણસને માટે મૃત્યુ ઈશ્વર ની ચિત્રવ્યાપાર છે, ઊર્મિલીલોને દરૂઢ તર્કોને ધોવા

કરવામાં ઉચ્ચ કરુણરસ પણ લાગે છે ઘેરા વિષાદને ટિપ્પણમાં વિવરણકારે કરુણની એક સબળ શક્યતા પ્રસ્તાર કરી છે અને તેવો વિષાદ આ પંક્તિઓમાં છે. 'વિપુટા મિલને'માં વર્ણવાયેલો વિષાદ પણ આવો જ ઉચ્ચ કક્ષાનો છે.

ગુજરાતી વિષાદકાવ્યોમાં જનની અને માતૃભાવના વ્યક્ત કરતાં કાવ્યો મોખરે આવે છે. ઉશનસ્ 'વળાવી બા આવ્યા'માં માતાનો મૃત્યુથી વ્યાપેલો શોક વ્યક્ત કરે છે. 'તર્પણ' કાવ્યસંગ્રહમાં માતાનો મહિમા ગાતા 'ચમર મૃત્યુ', 'વિદાયવેળા' અને 'શ્રાદ્ધ' કાવ્યોની સરખામણીમાં યોગેશ્વરજી રચિત 'સ્મશાનેથી ગૃહે' કાવ્ય તેવો જ ભાવ વ્યક્ત કરતું કાવ્ય છે.

૭૫. ''અમે તમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યાં
હજી જાણે કશું ના, સાથમાં સંસ્મરણને લાવ્યા
તમારી રૂક્ષતા કાયા મથ્યા પણ ના અમે કાવ્યાં
ગમ્યું કે નવ ગમ્યું સ્મૃતિના છતાં ચલણને લાવ્યાં
× × × × × ×
હજી પણ દૃશ્ય એ તાજાં સ્મરણના લુપ્ત લેશ થયાં,
અમોને એમ લાગે કે સફરમાં સટ્ટાકાજ ગયાં
ચિતા એ, અગ્નિની જ્વાળા, ગેન એ ભસ્મમય કાયા,
અમે તમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યા''

દૃશ્યની તાદૃશતા બદલ શાંતિમાતાના અને અગ્નિસંસ્કાર બદલ મૃત્યુના શોક અને વિષાદથી વ્યથિત ભાવોના સંદર્ભમાં રમણલાલ જોશી કહે છે કે ''સ્મશાન ગૃહે અગ્નિદાહ પછી પાછા ઘેર ફરતા તેમને કેવી લાગણી થાય છે? બાને વળાવીને પાછા ફર્યા એટલું જ નહિ પણ વાસ્તવિક રીતે તો અમે બાને વળાવીને પાછા ફરવાનું કર્યા જેવું લાગે છે લાગણીની અભિવ્યક્તિ ચોટ અને ભાવવાહી છે.''

સ્મરણ અને વિયોગમાં વિષાદ અને વાત્સલ્યની ઘુપછાંવ યોગેશ્વરજીના 'તર્પણ' કાવ્યમાં અનુભવી શકાય :

૭૭. ''નિર્મળ નેત્ર નિહાળે નયનો વદન પ્રસન્ન મધુરતમ
ક્ષણે ક્ષણે સ્વર ગુણે તમારો, સ્નેહભરેલ સ્વચ્છન્દયં,
સ્થળે સ્થળે ચંતરને ઘાયે, સતત ચિતાનું દર્શન
સ્વપ્ને પણ ના થાય ભ્રાન્તિ, ના ક્લિષ્ટતાનું હો સ્પર્શન''

૭૮. ''આ સંગ્રહ ચેક પ્રેમાળ પુત્રે કરેલું પોતાની દિવંગત માતાનું ચારિત્ર્યિક તર્પણ છે. 'તર્પણ' માં શ્રી યોગેશ્વરજીએ મનભરીને વાત્સલ્યરસ વહાવ્યો છે. ભાવની સચ્ચાઈ, પ્રસંગોની તાદૃશતા અને ચરિત્ર્યચિત્રની સરલતા આ પ્રેમોદ્ગારોને રોચક અને પ્રેરક બનાવે છે.''

ચંદ્રી મહેતાની નાટ્યપ્રતિભા જગ પ્રસિધ્ધ છે અને કવિ તરીકે તે ઉર્લાકાવ્યોના કવિ તરીકે ઓળખાયા છે. પરંતુ ચંદ્રી મહેતાના સોનેટમાં તેમના માતુશ્રીને 'તર્પણ' કરેલું સોનેટ મળી આવે છે. ઋજુભાવ અને સચ્ચાઈ તેમાં નીંગપાન થાય છે. મંદાક્રાન્તામાં લખાયેલા સોનેટમાં વિષાદ અને દુખનો રંગ પણ ઓછો નથી.

૭૯. ''પાળ્યાં પોષ્યાં? ચરણ નજીનો, ગે ઋણો કેમ વાળું ?
મોંઘી માડી? જીવન-ભરતી-ચોટમાં તું જ ઈન્દુ
તારી ચાણે મુજ ઉર ચડે-ઉતરે ઊર્મિ-સિંધુ
મારે માટે હૃદય જનની? આંસુડા કેંક ચાર્યાં
મારે માટે સુખ દુઃખ વળી તે ક્યાં ના વિચાર્યાં?''

માતાના ત્યાગ ચાગળા પુત્ર ઋણ સ્વીકાર વ્યકત કરે છે. સુખ દુઃખમાં સમભાવે માતાની ચમીનજરની ચાંદની વર્ણવી માતાના ઉદાત્ત ગુણો પ્રત્યે ચાદર વ્યકત કરે છે. માતાનો મહિમા તો દામોદર દાસ ખુશાલદાસ બોટાદકર, સુંદરજી , ઉશનસ , બાલમુકુંદ દવે જેવા અનેક

kalpana's

કવિનો ગાઢ છે. દરેકની અસ્થિ પ્રક્રિયામાં માતા અનુપમ-ઉત્તમ પદે સ્થાપવામાં આવી છે. તો પ્રજાલાલ, મણિલાલ, નાનાલાલ, ચિનુમોદી, જયદેવ શુકલની રચનાઓમાં દાદા અને પિતા માટે અંજલિ મળી આવે છે. 'પિતાના ફૂલ' એક એવું જ ઉમાશંકરનું અંજલિકાવ્ય છે.

'પિતાના ફૂલ' સદ્‌ગત પિતાના અસ્થિ પધરાવવા જતાં લખાયેલું કાવ્ય છે. પિતાની મહિમા અને આદર્શ પિતા તરીકે કવિ આલેખે છે કે જેમ બળે કિલોનું વજન થઈને જાતની ગલીકૂંચીમાં વિવિધ ચડાણ-ઉતારણે શિરવિટંબણા થઈ બન્યા એ શરીરને નીજ કાંધ ઉપર ઊંચકી ચમે અગ્નિસંસ્કાર દેવા ચાલ્યા. કાંધથી ખોબા ગુલીમાં નિયતિક્રમ અને જીવનક્રમ કવિ ચૂંથી દે છે. અગ્નિસંસ્કાર પછી પિતાના હાડકાંનો ઢગલો જ રહ્યો પિતાના અનુશેષ કવિ ધબધબ થતી ટોપલીમાં મૂકે છે નજીકમાં પાણીનો ખાબોચો હતો ત્યાં જઈ પાણીમાં અસ્થિ ફંફોડી, પોંઢાડી ધોયાં તો દૂધ સમા થઈ ગયા પાણીમાં આ અસ્થિ આકાશમાં તારા લિખ્યા હોય એવું લાગ્યું.

૮૦."ન લાવે રહેજે જે શિવશક્તિ આજે મળી ગયું" અને બદારા કવિ કહે છે કે હાડકાંટાઢાં થતાં કવિના મનમાં મૃત્યુના શોકમાં શાંતિ વળી ધબધબતી ટોપલી સમયે શોક વિષાદથી તપ્ત હૃદય અંતે શાંતિ પામ્યું.

૮૧."શમ્યા મૃત્યુ શોકો, અમર કરુંતી નીરખીને
પિતાના ફૂલોમાં ધવલ કલગી વિશ્વક્રમની"

સ્વજન સંદર્ભે લખાયેલી અંજલિઓમાં તેમજ કરુણપ્રશસ્તિમાં પણ ઉમાશંકરની રચનાની વિશેષતા એ છે કે સદ્‌ગત પાત્રનું ગૌરવ અને અભાવમાંથી શોક અને વિષાદ ખૂબજ ચોટ રીતે વ્યક્ત કરી દે છે. અને સ્નેહ તેમજ શોકનું મિશ્રરૂપે એક સુંદર ભાવવિશ્વ ઉભું કરી દે છે અને નિયતિના હુકમનો સ્વીકાર કરે છે કે ...

kalpana's

૮૨.'' નિયતિ, નિયતિ, એક અતું વર સત્ય તું
વિશ્વે જે છે નથી તે છે , હું ન છે, એક માન તું''

શોક અને વિષાદ માટે 'સદ્ગત મોટાભાઈને' આ કહે છે.

૮૩.'' જિંદગી કેરું ઢોળાયેલું પાત્ર,
ક્યાં હવે અલબ્ધ્ય અન્યનું રેહ''

મોટાભાઈ વિનાની અસહાયતા અને નિરાધારતા અતિ દુઃખદ રીતે વ્યક્ત કરવા કવિ 'અંગૂઠે વાઢ' નું રૂપક યોજે છે.

૮૪.''શ્વાસે શ્વાસે રહી જાગી, ઉંડ અંતર વેદના
પલકે પલકે છેડી, ટપકે ગૂઢ વેદના
.....પાંચ આંગળીઓમાંથી અંગૂઠે વાઢ મૂકિયો.

સ્વ. કવિ ગોવિંદ સ્વામીના મૃત્યુ પ્રસંગે ઉશનસે લખેલું 'અગ્નિ વિરામ' કાવ્ય કદાચ દીર્ઘ કવિતા કહી શકાય તેવું લાંબુ કાવ્ય છે. પણ કવિએ હૃદયને મનમૂકીને વરસવા દીધું છે. મિત્રવિયોગના વિરહમાં અકળાવ્યા વ્યક્ત કરતા આ કાવ્યમાં સ્નેહ, મૈત્રી, કેટલાક સંસ્મરણો, ક્યારેક ચિંતનની ક્યારેક ઉકેલની ચૂંથણી જોવા મળે છે. પણ શોકનો વ્યાપ વિસ્તૃત છે. ચિંતન અને વલોપાતમાંથી ચૂંગ્રણ અનુભવે છે કે આદિકાળથી કેટલીય જડ લાશોને અગ્નિ ભરખી રહ્યો છે.

૮૫.''છતાં નહીં સજીવ ચિત્ત પર એક ચેકે પડ્યો''
વદંત યમરાજની અકળ પલ્લવીની કળા''

મરેલાને બાળનારો અગ્નિ વિરમતો નથી પણ યમરાજની આ અકળલીલા છે કે સજીવના ચિત્ત પર તેની કશી અસર નથી અમે સજીવો જેવા અગ્નિદાહને ઉપેક્ષીયે છીયે કે જે ગમારું ઉત્થાન કરે ..

૮૬.'' દિપ્ત કરી જાય જીવનતણી તમિસ્રાવલિ

kalpana's

અને વિરચી જાય ના અમ ભક્તની ગાગનો
વિરામ નિજ માતૃગર્ભ સમી પ્રાણદા ચાંગમાં''

કવિએ રજૂ કરેલું એક ચિંતન સુંદર છે કે મૃત્યુ ટળી ભવરો જગતના જીવરૂપી પુષ્પોમાંથી નૈનેગમના પુષ્પની પરાગ લઈ જતો રહ્યો.

૮૭.''તમામ જાપુષ્પ વૃક્ષ પર હો ખીલેલા
પરંતુ ચણિ કો ગગમ્ય ચડી પુષ્પકે ચાલીને
કલદ્રુપ કરે પરાગહરને ઝુલંથો જતો
X X X X
પરાગ રગનો પિપાસુ ભમરો, જુદો પુષ્પથી
સદાય નિજ રંગથી જાતને રહે રંગતો
અનોખી નિજ ગુંજારથી વનકુંજ ગુંજારતો
ભમે ગગન ગુમ્બજે ચકુની માન લીલા વચે''

પરંતુ ના બધા તો સમાધાનોના વલખાં છે. જ્યાં ભિન્નની તીવ્ર યાદ આવે છે ત્યાં પુષ્પિતા બધાજ ખેલ મર્કટ લાગે છે અને ભિન્નનું X સાન્નિધ્ય તારસ્વરે જાગી ઉઠે છે.

૮૮.''દિમાગ ચકરાય, ધાય મતિ મૂર્છિતા
હું ય તમ ચહે, કરું શમન અગ્નિસંકમાં
લિલોછું ચટમાળનાં વમળ ઘોરની વેદના''

ભિન્નની તીવ્રતમ સ્મૃતિ આગળ મતિ મૂર્છા પામે તેવી માનસિક સ્થિતિની અભિવ્યક્તિમાં 'હું ય તમ ચહે, કરું શમન અગ્નિસંકમાં' જાણે પરાકાષ્ઠાની અનુભૂતિ બની જાય છે. કારણ કે કવિ માને છે કે વમળો અને વેદનામાંથી તે વિના મુક્તિ અસંભવ લાગે છે. વિયોગી હૃદયની ઉત્કટ મનોવ્યથાની અભિવ્યક્તિ સચોટ છે.

'રડો મુજ મૃત્યુને' ઉમાશંકરની ગાંધીજીના મૃત્યુ પ્રસંગે લખાયેલી

Kalpana's

કૃતિ છે. ગાંધીજીની મૃત્યુની ચેજ ચક્રિવર્તિનું કૌશલ્ય છે. જાણે કે ગાંધીજી કહે છે કે તમે શું ચેલું ઇચ્છો છો કે ચવાક્ થઈ, ગ્રસાય થઈ, મારા સત્યને ડૂંધી રાખી, વિષાદનો કૂવો કેટલા કાળ સુધી ગળે ભરી રાખી કર્યાં સુધી આમ ચવસ્થા કરત? મરણથી તો ચા સૌને મુક્તિ મળી છે. વૈરમતિ પ્રેમ, સત્ય અને માનવતાનો વિજય થયો છે ''હવે ઊઠ ઝુઓ, ચુકત, ચૌન્ય શાંતો હવે' અને તમે જ રડો છો? કવિ કહે છે કે તમારાથી અમે અને અમારું જીવન ધન્ય હતાં, અમને ગૌરવ હતું તમે હિન્દ અને હિન્દીનું ગૌરવ હતાં પણ કમનસીબે હિન્દના જ હિન્દીએ તમારા પ્રાણ લીધા, અમારી દૈન્ય સ્થિતિ વિશે અમે શું કરીએ? અમે કોઈને દોષ દઈએ? અમારામાંના જ એક જણે અમને દીન બનાવ્યા છે તેનું અમને દુઃખ છે અમે તમારા મૃત્યુને રડતા નથી પણ તમારા વિના અમે રંકદીન હીણા બન્યા છે યૌ છુપાવવાની જગ્યા નથી. અમે અમારી દૈન્યથી લાચાર છીએ જેણે કોઈ દિવસ કોઈનો ચરે, શત્રુનો પણ ચદેખા નથી કર્યો એવા બાપુ, તમારો શો ચદેખા હોય? તમે તો પાવન છો, તમારું મૃત્યુ ચ પાવન છે. અમે તમને કે તમારા મૃત્યુને નથી રોતા.

૮૯. 'અમે ન રડીએ, પિતા, મરણ આપનું પાવન
ક્લેકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન''

જીવનનું દૈન્ય અમારા રડવાનું કારણ છે. ગાંધી બાપુ તો જીવનથી ધન્ય અને મૃત્યુથી અમર બની ગયા. ૯૦. '' આપ્યું તું જિંદગી લેવા, આવી ગયું અમરત્વ મેં શ્રી મણલાલ પારેખની અંકિત કવિવર ટાગોર પ્રતિની પંક્તિ ગાંધીજીના મૃત્યુને પણ યથાર્થ રીતે વર્ણવી જાય તેવી છે.'' કાવ્યમાં વિષાદની ચક્રિવર્તિ જે રીતે ચભિવ્યક્ત થઈ છે તે ચભિવેષ લાગે છે કે 'રડો ન મુજ મૃત્યુને' એમ કહી શોક ન કરવા માટે કહેવાની રીતમાં જ એવી વેધકતા છે કે કવિના ચેકરાર, નિવેદનમાં ચારોચાર દર્દ, શોક,લાચારી અને વિષાદ ઘુમરાય છે અને તીક્ષ્ણતા એ છે કે ગાંધીજીના મૃત્યુનો શોક કે વિષાદ નથી

kalpana's

જેમ કહેવા છતાં વિષાદ મરણથી જ છે પણ તેને માટે પોતે જ જવાબદાર ગણવામાં વિષાદ વધારે ઘેરો બને છે. વિષાદની અભિવ્યક્તિની આ ક્લાત્મકતા ગાંધીના અન્ય મૃત્યુ નિમિત્તે લખાયેલા કાવ્યોથી સવિશેષ ઘૂંટી આવે છે. આ કાવ્યમાં નિરૂપાયેલા વિષાદને ધ્યાનમાં રાખી ચંદ્રશંકર બટ્ટે ગાયેલો અભિપ્રાય જોઈએ. "૯૧ ગાંધીજીના અવસાન નિમિત્તે લખાયેલાં અનેક વિષાદ કાવ્યોમાં વિશિષ્ટ રચના રીતિ અને દૃષ્ટિકોણથી લખાયેલું ગાંધીજીના મુખમાં મૂકાયેલી ઉક્તિરૂપે રચાયેલું અને અંતે કવિના વિષાદને સંયમિત છતાં તીવ્રતમ રીતે બે પંક્તિઓથી અભિવ્યક્તિ આપતું ઉમાશંકરનું 'રડો ન મુજ મૃત્યુનેં' પદ્ય સ્મરણીય છે. મનુભાઈનું 'આજ નયનો રડો ?' પણ ઉલ્લેખપાત્ર છે.

શોકો ર્મિકવિતાના હાર્દમાં મૃત્યુજન્ય વિષાદ હોય એ નેનું મહત્વનું લક્ષણ છે. આ વિષાદ શોકજન્ય છે. તેથી તે અન્ય પ્રકારે થતા વિરહજન્ય વિષાદ કે દુઃખથી તદ્દન જુદો છે. મૃત્યુથી શોક જન્મે અને શોકથી વ્યાપેલો વિષાદ સ્વભાવિક રીતે જ વિરહ કરતાં ચડિયાતો હોય કારણ કે એમાં મરણની ગંભીરતા નિરહાયતા અને શાશ્વતભાવ વિયોગની વેદના વિશે માન્યતા અભિવ્યક્તિ પામે છે. વિરહના કારણની ભિન્નતા કલ્પી શકાય પણ શોકના કારણનો કોઈ પર્યાય નથી માટે જ શોકો ર્મિકવિતા અંતરના ઊંડાણમાંથી, ચોટમાંથી વહેતી કવિતા છે. શોકનું શ્લોકમાં રૂપાંતર એજ શોકો ર્મિકવિતા છે એમ કહીયે તો અતિશયોક્તિ નથી'' શ્લોકત્વમ્ આપ્તાતુ વસ્ય શોકઃ શોક શ્લોકનું દૃષ્ટાન્ત કરે છે. ત્યારે કવિતા બને છે.

આ પ્રકારની શોકો ર્મિ કવિતામાં મૃત્યુનો સંદર્ભ અસંભવિત કેવી રીતે હોઈ શકે ? અસ્તિત્વનો લોપ એજ મૃત્યુ છે. અને વિષાદનું સૌથી અસરકારક કારણ પણ એજ છે. મૃત્યુ અને જીવનની અસંગતતા દર્શાવતાં રાધેશ્યામ શર્મા અસ્તિત્વની વ્યાખ્યા બાંધે છે કે...

kalpana's

૯૨.'' કોકથી
બત્તી બંધ હોય તોય બંધ કરવામાં
સ્વીચ ચોન થઈ જાય છે - જન્મ
બત્તી ચાલુ હોય તોય ચાલુ કરવામાં
સ્વીચ ચોફ થઈ જાય છે - મરણ .

વેરા વિષાદની ચમત્કૃતિ ત્યારે શુષ્ક પળોમાંથી ચાલ્યા જાય છે ત્યારે ત્યારે વધારે વેધક અને હૃદયદ્રાવક, ચમત્કારક બની જાય છે. રાવજી પટેલના 'ભાઈ' સોનેટમાં વિષાદની અનુભૂતિ ચા રીતે નિરૂપાઈ છે. 'બપોરી બેઠાનું હરિતવર્ણું ખેતર....' લય લય થતો મોલ અને સીમ નીરખીને ગીતોનું સ્મરણ કરતાં પક્ષીને જોઈ કવિના સરવા થતા કાન વગેરે શુષ્ક ચિત્રાત્મક વાતાવરણ છે પણ અચાનક સ્મરણ જાગે છે કે

૯૩.''પછી તો ઠંડાગો હરખ નવ માયો હૃદયમાં
ફરી ચાલું થોડું બસ મન જરી ખેતર લિસે
જતાં રોઝું વાગ્યું ચરણ લથડ્યો, આંખ ફરકી
અહીં ચા ક્યારીમાં ખડખડ હસ્યો ભાઈ તુજનો?''

૯૪.'' કાવ્યની ચોટ આવે છે મૃત્યુ પામેલા ભાઈના સ્મરણથી અને કવિનો આનંદ વિષાદમાં પલટાઈ જાય છે....'' વિષાદને વ્યક્ત કરવાની ચમત્કૃતિ બાલમુકુંદ દવેના 'જૂનું ઘરબાલી કરતાં કાવ્યમાં પુત્ર વિના પુત્ર સ્મરણ સાથે સામ્ય ધરાવે છે. બે કાવ્યમાં આનંદથી પળોમાંથી પુત્રસ્મરણથી વિષાદની અનુભૂતિ થાય છે. અને અહીં પાકથી ઝૂમતા ખેતરથી પુલકિત મન પર રોઝું વાગતાં ભાઈના સ્મરણથી વિષાદ અનુભવે છે 'ફરી ચાલું થોડું બસ મન' એમ કહી લીધા થયેલા કવિના પગ ભાઈનું સ્મરણ થતાં ચરણ લથડ્યો અને આંખ ફરકી પણ અને આંખમાં વર્તાતો વિષાદ બાલમુકુંદમાં દેખે.'' ઊંચી ભાત સજાવટમાં કાગડરી

kalpana's

કણિકા ને ઉપાડેલા 'ઉપાડેલા ઝા ઉપર શા લોહુકેરા મણિકા ?'
એમ કહી રજૂ કરે છે. ચીનુ મોદી , નલિન રાવળ, રાધેશ્યામ શર્મા,
મણિલાલ દેસાઈ, ને ગાફિલ મન્જુરીયે અને રાવજી પટેલે ગુજરાતી
શોકોર્મિ કવિતામાં નોંધપાત્ર કાવ્યો આપ્યાં છે તેમાં વિષાદની નૂતન
વિવિધ અભિવ્યક્તિઓ પણ મળી આવે છે. લાભશંકર ઠાકર રચિત
'શિવાસ રીગલ' આ બધામાં જુદી ભાત પાડતું કાવ્ય છે. અન્ય
કાવ્યોમ કોઈ નેકાદ સ્વજન કે મિત્રના અવસાન નિમિત્તે લખાયેલાં કાવ્યો
છે. પરંતુ શિવાસ રીગલ' કાવ્યની વિશેષતા એ છે કે એમાં બન્ન આત્મીય
મિત્રોના શોકથી ઘૂંટાયેલો વિષાદ લાભશંકર ઠાકર વર્ણવે છે.

૬૬. 'આ કોણ ટપકે રાવજી થઈને હવે ?
આ કોણ ગમ્યું વેદના થઈ ચોગળે
.....તૂટી પડેલા દેહના મંડેરમાં
સરકતાં સપનાં સરિસૃપઃ રાવજી
નમક જેવી જિંદગી ખારી છતાં સ્વાદુ
અરેરે એય સરકી જાય જ્યારે હાથથી ?'

કવિની માંદગી અને જીવનમાં ઉતરેલી કરુણતા આ પંક્તિઓમાં પ્રગટ
થાય છે અને મૃત્યુના વિષાદને વધારે કરુણ મૃત્યુ સમયની વેદના અને
માંદગીની સ્થિતિ બનાવે છે તેથી આ પંક્તિઓમાં રાવજીના મૃત્યુનો
વિષાદ અને તેના જીવનની કરુણતાનો સમન્વય છે. એજ કાવ્યમાં
અદ્‌ગત કવિમિત્ર મણિલાલના મૃત્યુનો રંજ વેધક રીતે મૂકે છે કે

૬૭. 'અરે હું કઠણ તો જેવો હતો, જાણે મણિ ?
મીણ શો, પીગળી ગયો !'

મણિનું મીણ થઈ પીગળી જવું એ જ મૃત્યુની સ્થિતિ સૂચવે છે. અને પીગળી
જવામાં વિષાદજન્ય સ્થિતિ ઝીલેલ છે. નાટ્યકારોને પ્રસિધ્ધિ પામેલા

kalpana's

નાટ્યનિર્મૂતા મીનુ કાપડિયા પત્ર તેમના મિત્ર હતા તેમના અવસાનનો ખેદ પણ અતિ દુખદ હતો વિષાદની અભિવ્યક્તિનું કૌશલ એ છે કે કવિ તેમાં સંગોટતા 'મીન' ના ઉલ્લેખ દ્વારા માછલીના તરફડાટ અને શમન પછીની સ્થિતિ મીનુ કાપડિયાના મૃત્યુને ચૂકવવા વર્ણવે છે. મૃત્યુની ઘેરી વિષાદજન્ય સ્થિતિનો આઘાત વ્યક્ત કરવા કવિ પ્રશ્ન દ્વારા ભાવાભિવ્યક્તિ આપે છે. અવાચક્ક થવાથી લાગતો આઘાત અને વિષાદ વ્યક્ત કરવા 'ક્યાં ગયું ?' નો દુઃખદ ઉદ્ગાર મૂકે છે.

૬૮. "મીન નાટકનું કવિતાનું હૃદયનું લાગણીનું
માનવીના સ્નેહ પારાવારનું -
ક્યારે ગયું છટકી ?
જરાં કંઈ તરફડ્યું
ને ક્યાં ગયું ?"

અન્ય કલાકાર મિત્રોના અવસાનને એક જ કૃતિમાં ઉલ્લેખી ઘૂંટાતા વિષાદને કવિ વર્ણવે છે. ૬૯. "ચુવાન કલાકાર મિત્રોના અવસાનના વિષાદથી કવિતા ચાહે મૃત્તિની વિહ્વલતાને ઘેરી વાચા આપતાં કવિ ગાય છે.

૧૦૦. ક્ષીર સાગરના હવે સપનાં નથી
કમલના ફૂલ કયા બાકી નથી!"

અર્વાચીન ગુજરાતી કવિતાની વિકાસ યાત્રામાં સૌથી વધુ ધ્યાનપાત્ર વિષાદ કાવ્યો છે. એક તરફ કરુણપ્રશસ્તિઓ મળી આવી તો બીજી તરફ મધ્યકાલિન દીર્ઘવિલાપ કાવ્યોને પગલે સંસ્કારણ પામી લઘુવિષાદ કાવ્યો અનેક સ્વરૂપો, લય અને પ્રકારોમાં વિકસ્યાં સમયની સાથે વિકસતાં આવતા ખંડકાવ્ય, સોનેટ, ઊર્મિકવિતામાં પ્રકારે પ્રકારે વિષાદકાવ્યો ચિરંજીવ સ્થાન સિધ્ધ કરતાં ગયા. માનવીય સંબંધોનું વૈવિધ્ય અને વિશાળ પટે લઘુવિષાદકાવ્યોને વિસ્તરવાની પૂરી ગુંજાશ

kalpana's

આપી છે. સ્વજન નિર્દેશ અને લોકપ્રસિધ્ધ મહાનુભાવોની અંજલિની મધ્યમાં મૈત્રીકાવ્યો અને દાંપત્યભાવના કાવ્યોએ પણ નોંધપાત્ર કલાસિધ્ધ ચરિત્રચિત્રણ આપી. કાન્તના પ્રમાદી નાવિક, વિધુર કુરંગ અને વિયોગ ગાનવિમાન કાવ્યો સહગત પત્નીના અવસાનની વિષાદયુક્ત શોકોર્મિ કવિતા છે. જેમાં જીવનભર શમી ન શકે તેવી 'અંતર્ગૂઢ ઘનવ્યથા' અને ભારોભાર દર્દ ઝરતાં કાવ્યો છે. કાન્તનાં જ સ્વજનમાં ભિન્ન ભિન્ન ઠાકોરે સ્વજનોના અવસાન નિમિત્તે લખેલાં કાવ્યોમાં એક કાવ્ય 'ચ.સો.નર્મદા ભટ્ટ' પણ છે."

૧૦૧.। 'ચ્યવિધા રાજત જેહું કપરું
મહાતપસ્વીને ય ન સુનરું જે જેસ્વતું
તો પણ તે પાવ્યું ચાખો બહુ;
– રે હસતે મુખ ઢાંકયો ઉર દળ,
પ્રેમ મિષ્ટતા, લીલા, માદવ બહું ટકાવ્યું .....''

એવા ગુણાનુવાદ પછી કવિ ભિન્નપત્નીના અવસાનનો વિષાદ વ્યકત કરે છે.

૧૦૨.। ભિન્ન ચાંખ ટપકે છે ન્હારે
ઉભ્રુ વિષાદે, ક્ષાર ઝ્રારે
ગરે ગુટંત નિશ્વાસ ધારે આંસૂ...ન્હાની.....૧૮.

વ્યકિતત્વના પ્રભાવ પછી અવસાનથી થયેલા અભાવમાંથી વ્યાપેલો વિષાદ આ પંકિતઓમાં છે. 'ચ.સો.નર્મદા ભટ્ટ' કાન્તના સહગત પત્નીના અવસાન નિમિત્તે લખાયું છે તેમાં વ્યકત થતો વિષાદ વધુ સઘન કાન્તના અવસાન પ્રસંગે ગવાયેલા 'કોકિલ વિલાપ' માં છે. 'કાન્તનીલલિત' કોમ્પ્ર કાન્ત પદાવલિ' એ બંને કાવ્યત્વને કાવ્યકુંજમાં વસંત આણી હતી કવિનો કોકિલ ટહુકો માદકમોહક થતો જતો હતો ત્યાં 'કોકિલ વિલાપ' થયો.

૧૦૩..। ઓરે કોકિલ, ? રે.. રે.. કોકિલ ?
અંતે આજ હતું નિર્ભિત તો

kalpana's

વર્તમને તું શાને રજ્યો, કોમલ દિલ કોકિલ ?
વિસૂરાશક્તિન હે પાલન ?
તુજ પાંખો વર્તન ઉત્સાહના
પ્રલય તાહરા કલબીજદાન ?
જાહેર તેં તો પણ આ કુંદન મેરે ગાઢંદન કે..... ૫

વિષાદ, વિયોગ અને દર્દ કરતી અભિવ્યક્તિમાં, બ.ક.ઠા.ની કવિતામાં આત્મીયતાનો એક વિશિષ્ટ પ્રકારનો અનુભવ કરાવે છે મિત્ર અને મિત્રપત્નીને આપેલ અંજલિમાં જે દર્દ ઘૂંટાયું છે. તેના કરતાં કંઈક વિશેષ દર્દ છે. પત્નીનો વિરહ કવિ પ્રભુ પાસે ગાય છે એમાં ઘેરો વિષાદ અને ચાકળવાકળા મનોદશા છે.

૧૦૪...હાય વિરહ, આવો જ જ્યાં બે સાંઝે ગામ બિલીની
બને ચાંદની તે પછિ ઉજળી નદિવાંકે પીધી નીર પ્રભુ. ...૪
છે બે સંધ્યા, નદી, બગીચો, બેજ કુરંગી કોકિલ;
બે ચાંદની-બની પણ જાણે એક, બન્યું વિષ કાલિય ?
પ્રભુ હું તે કેમ જિવત ઠાનું રે, જ્યાંય ઉર ના થશે ખાનું''-૫

બ.ક.ઠાકોરે વિવિધ કવિ મિત્રો, સ્નેહીઓ, સ્વજનો મહાનુભાવો, કુટુંબીજનો અને પત્નીના અવસાન પર અન્ય ઘણાં કાવ્યો લખ્યાં છે જે લાક્ષણિક છે જ પરંતુ વિષાદની ઉર્મિનું અંતરંગ તો રા. નર્મદા ભટ્ટ, કોકિલ વિલાપ અને વિરહના બીજા કાવ્યોમાં વધુ ગાઢ છે. આ વિષાદકાવ્યોમાં

kalpana's

પ્રથમ હરોળમાં મૂકી શકાય તેવું ઊર્મિનું સ્વરૂપ, શોકની અભિવ્યક્તિ આ કાવ્યોમાં છે.

રુદન, મૌન, ગદ્‌ગદ, જેવા અનેક સ્વરૂપે વિષાદ પ્રગટ થતો જોવા મળે છે ક્યારેક [illegible] ઠાલવતો બોધ અને મનનચિંતન પણ વિષાદ ચૂકતી જાય છે. એકાંત, એકલતા અને નિસહાય સ્થિતિમાંથી પણ પ્રગટ થતો વિષાદ ઘણા કાવ્યોમાં જોયો છે, પણ 'છેલ્લું દર્શન' કાવ્યમાં માંગલ્ય અને ઘેરા વિષાદનો સમન્વય છે. કવિ પોતે મનોમન આશ્વાસન લઈ રોતી આંખને લૂંછીલી, ઠાલવતી બોધ આપે છે એમાં હૃદયનો ડૂમો, તલોપાત તો છે જ.

૧૦૫. ''ધમાલ ન કરો, – જરાય નહિ નેન ભીનાં થશો –
ઘડી – ૪ – ઘડી જે મળી –નયન વારિ લૂંછો જરા –
X X X X X
ધમાલ ન કરો, ને લો સ્મરણ કાજ ચિહ્ન કશું
રહ્યું વિકસતું જ ગન્ત મુખી જેહ સૌંદર્ય તે'
અંડ જ બને રહ્યું હૃદય કેવાન તેનું અહો
ન સંસ્મરણ વા ન કો સ્વપ્ન થે કદી પૂરશે ૧૨
મળ્યાં તું જ ચુંબીય ચક્ષિ ? તું જ પાસ જુદા થિયે,
કહે, વધિક ભવ્ય મંગલ નથી હું યે સુંદરી ?''

kalpana's

''હિન્દુઓમાં લગ્ન અગ્નિની સાક્ષીએ થાય છે માટે કહ્યું છે કે પ્રથમ તારી સમક્ષ મળ્યા હતાં અને હવે છેલ્લે જુદું પડવાનું પણ તારી ચિતાના અગ્નિ) સમક્ષ થાય છે. દંપતીના બન્ને કાલનો બે સાક્ષી છે.'' વિયોગનું દર્દ અને વિષાદ, વ્યથાને કવિ માંગલ્ય અને પ્રાનપ્રાવથી પૂજનીય, દર્શનીય બાની દઉ ઉન્નત પદે સ્થાપે છે.

કલાનો મહિમા ગાતું ઉમાશંકરે લખેલું 'કલાનો મહિદ' કાવ્ય કલાકીમાંસાં કરતું લિખી શિરાવરના પ્રસિદ્ધ શિલ્પ પર લખાયેલું કાવ્ય છે. સિધ્ધાંત માટેનો સંઘર્ષ અને કલાકારના જીવનની કરુણતા વ્યક્ત કરતા આ કાવ્યમાં ગ્લાનિ, વિષાદ, હૃદયદ્રાવક રીતે વ્યક્ત થાય છે. કવિએ પથ્થરોની કઠોરતાની વચ્ચે લિખી હીરાધરની કોમળતા કંડારી છે. કાવ્ય આમ તો સાંગોપાંગ સુંદર કલાકૃતિ છે. શિરાધર શહિદ થતી વખતે કાવ્યનાં અંતભાગમાં કવિ વર્ણવે છે કે કલાને તેની કીર્તિ રૂપી સાખીને સોંપી હું વિદાય લઉં છું. સ્વાપત્ને ઝંખતા મારા વહાલા હે પથ્થરો, સૈના રમણીય પથ્થરો, સુરંગના સંગે મરમર, ધોળમાં નીલર જેવ લેખાં પથ્થરો, પર્વત પર પ્રતિક્ષા કરતાં, મન ગમતા પથ્થરો- મને માફ કરો, હું કલાને પૂરેપૂરી જીવી શકયો હોઉંત તો પ્રભુ મારાપણને કરી મોકરી આપશે જ ત્યાં સુધી પથ્થરમાંથી પ્રતિમા બનાવી મારી પાસે ઝંખતા રાખતા પથ્થરો મને ક્ષમા કરો.

૧૦૬..મારે પથ્થરો સૌ કરજો મને ક્ષમા
જેથી શકયોના તમ પુણ્યપાત્રમાં''

..૪૫૯..

kalpana's

ચિલ્લી ચિરાયરને પથ્થરોમાં ચણી લે છે. ત્યારે ચિરાયર કહે છે કે

૧૦૭...હું તો ચિલ્લાનો, પક્ષીકુળનો શ
ચિલ્લા ચણુ ના ઉર હું કરીશ...

કરુણ વિષાદ રેલાતી આવી ચણી પંક્તિઓ ઉમાશંકર જોશી આપણને આપે છે. પરંતુ ઉપર્યુક્ત પંક્તિઓમાં ચિરાયરની વાણીમાં વેધક કટાક્ષ અને વેદના તેમજ કલાપ્રીતિ વ્યક્ત કરે છે.

અર્વાચીન ગુજરાતી કવિતામાં હરિશ્ચંદ્ર ભટ્ટની 'નિદોષ' ને મિસ્ટર આંખ તારી' કરુણ-વિષાદનો અનુપમ કરાવતું ઉત્તમ વિષાદકાવ્ય છે. હજી તો ઉમરમાં ઉગ્યાં ગૌરવ જતાં ચૌવન વાંગેર છે ને યૌવનકાળમાં જ મૃત્યુ થાય છે તેથી કવિ હૃદયમાં પ્રગટતી વેદનામાંથી કવિતા ચરી જાય છે. બીલવાની ગ્રન્થમાં બરવાની ઘડીથી વ્યાપી જતી વેદના આ કાવ્યનો વિષાય છે. જ્યારે કુ વસંતની ટૂંકની વસંત બીલે ત્યારે જ કોમળકળી ખરી પડી ? ગૈની ખેદ, અફસોસ, રંજ ઉચાટ, કવિ અરે..... ની પુનરુક્તિથી વ્યક્ત કરે છે. કવિ અરે...અરે....કરી કરુણથી ભાવજગત ભરી દે છે.

૧૦૮...છો કાળ ચાવે, ચિંતિશો ન ચાતે
ને પુષ્પ ચૂંટા, હજમાં પ્રજાળે
ચુકોમળી દેહકળી, અરે, અરે -
વસંત કુ પહેં ખરી પડી ?...

kalpana's

૧૦૯.''તેમનાં ચિંતા તથા ચિંતન સમસ્ત માનવજાતના વિકાસ તથા બાલિને આવરી લેતાં, પરંતુ 'નિર્દોષને નિર્મળ આંખ તારી' કુટુંબજીવનની એક ઘેરી કરુણ રચના છે. જેમાં એક સ્વજન યુવતીના લગ્ન બાદ તરત થયેલા અકાળ અવસાનની લાગણી સભર વેદના નિરૂપાઈ છે.....છેલ્લી કડીમાં કલ્પનાની જે ચમત્કૃતિ છે એ કૃતિને એક સારું કાવ્ય બનાવી રહે છે. વસંતમાં તો પુષ્પ ખીલે પરંતુ આ ચુકોમા તો વસંતની ટૂંકે જ ખરી પડી ?'' એક શોકોર્મિકવિતા તરીકે કાવ્યનાં શોકની ઊર્મિ વિષાદમય વાતાવરણ સર્જી દે છે. અને સમગ્ર કાવ્યમાં એકરૂપ થઈ સંવેદનાની અનુભૂતિ કરાવે છે. ૧૧૦.''ઊર્મિકાવ્યમાં ઊર્મિની ઉત્કટતા બહારથી લાવેલો પદાર્થ નથી હોતો એ તો વિભાવ સંયોગના કારણે પ્રગટે છે ત્યારે બહુજ 'નહીં સાંધો નહીં રેણ' એ રીતે એકરૂપ બની જાય છે.' આંતુ કાવ્ય કવિના અખિલ ચીતરનું, તેની સકળ શક્તિનું નિર્માણ બની જાય છે. તેના સંવિત્તનો સાહજિક આવિષ્કાર હોય છે.....કાન્તનું ઉદ્ગાર.....પાઠક સાહેબને છેલ્લું દર્શન, હરિચંદ્રનું 'નિર્દોષને નિર્મળ આંખ તારી!..... કાવ્યોમાં વિવિધતત્વોનું પ્રાધાન્ય છતાં સઘન સંવેદનાની તીવ્રતા તરત જ વર્તાઈ આવે છે. બધા જ તત્વો પરસ્પર એકરૂપ બની જઈ એક ચિંતનપિંડ સર્જાયાની અનુભૂતિ થાે છે. ''સ્વજનનું મૃત્યુ, ઘેરો વિષાદ, સઘન ઊર્મિ-, ઉપરાંત અનેક તત્વોના સુભગ સમન્વયમાં કરુણ -વિષાદની આજની વિસાત્ નિર્દોષને નિર્મળ આંખ તારી' કવિતાનું કાવ્યવિશેષ છે. ચિંતન, ઊર્મિ અને કલ્પનાના ત્રણેય ઉત્તમ અંશોમાંથી કોઈ એકાદ નહીં ૧૧૧.''..... કોઈ ઊર્મિકાવ્યમાં ત્રણે અંશો લક્ષણ પ્રમાણ ઉત્તમ હોય એ કાવ્ય ઊર્મિ-કાવ્ય લેખે સર્વોત્તમ ના ગણાય ? શ્રી બળવંતરાયની પરિભાષાની રીતે કહેવું હોય તો એમ કહેવું પડે જેમાં આ ત્રણે અંશો લક્ષણ પ્રમાણ હોય તેજ ઊર્મિકાવ્ય તરીકે ત્રિદળોત્તમ ઘુંટવાનું પૃથ્વીમેયા અને હરિચંદ્રનું 'નિર્મળ

kalpana's

અને નિદ્રાહીના આંખ તારી' બંને ય અંશોમાં સમતોલ ઉતરે તેવાં કાવ્ય ગણાય એમ લાગે છે" આ દૃષ્ટિએ હરિચંદ્રનું આ કાવ્ય ઉત્તમ ઊર્મિકાવ્ય, કરુણ વિષાદયુક્ત શોકોર્મિકાવ્ય ગણી શકાય.

જુદાંજુદાં વિષાદ-કાવ્યોના અભ્યાસ પછી, એટલું સ્પષ્ટ કહી શકાય કે વિષાદ-કાવ્યોમાં વિષાદ અનેક સ્વરૂપે મળી આવે છે એથી વિશેષ, કેટલાંક વિષાદ-કાવ્યોનું વિશિષ્ટ પ્રદાન નોંધપાત્ર છે. સ્વરૂપ-વૈવિધ્ય ઉપરાંત વિષાદ બે પ્રવાહોમાં કાવ્યોમાં વહેતો આવે છે. ઘણાં કાવ્યોમાં સ્વજન કે પ્રિયજનના અવસાનથી થતો વિષાદ વહે છે તો કેટલીક કલાકૃતિઓમાં વિષાદની રેત ઊંડી અભિવ્યક્તિ ચાપણું ધ્યાન ખેંચે છે તેવી છે એવા કાવ્યોમાં મૃત્યુનો વિષાદ કે બે સદ્‌ગતનો વિષાદ નથી (બે તો કવિતાના વિષાદ લેખન માટે સર્વસામાન્ય કહી શકાય પણ) મણિલાલ પારેખનું 'XXXX 'વિદાય' કાવ્ય એનું ઉત્તમ ઉદાહરણ છે. એ કાવ્યમાં પ્રિયજનના જવાથી વ્યાપેલા વિરહનો વિષાદ કવિ વ્યક્ત કરે છે.

૧૧૨. "કહી નહીં કહું મને જ સ્મરણે સદા રાખજે
અને નયન-પંથનું અન્તર વિશ્વ તું ત્યાગજે

X X X X

કઠોર થઈને કદીક તુજ આંસુ જોયા કર્યાં
કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યાં

X X X X X

રચે સ્વપ્ન એક કો જગતનું બીજા સાથમાં
બધું વીસરજે પછી જગત આપણે જે ઘડ્યું

X X X X X

છતાં ય સ્મરણે ચડી વિપત્ત એક જો હું લઉં

૧૧૩. "ઉદાર તવ ઉરની પ્રથમથી ક્ષમા જો હું જાણું તો ચું"

kalpana's

''આપણે જોઈશું તો બહુધા તો વિષાદ મૃત્યુજન્ય છે.'' તેમ છતાં મહલાલ અને લાલશંકર જેવાનાં કાવ્યોમાં પોતાને ત્યજી જતાં પ્રિયજનના વિરહદુઃખનું આલેખન પણ છે. આમ વિષાદ કાવ્યોમાં બન્ને પ્રકારના વિષાદને સ્થાન છે.''

'જનની' વિશેના કાવ્યોમાં અંજલિ અને શોકોર્મિકવિતામાં સુંદરમ્ ઉશનસ્, રંગદ્વદન મુકેતા, યોગેશ્વરજી, જેમ ઘણા કવિઓની સાથે કૃષ્ણલાલ શ્રીધરાણીનું 'મારી બા' કાવ્ય પણ વાદગાર છે. કાવ્યમાં માતાનો મહિમા માતાનું ઋણ અને કવિ માટે બા આરાધ્ય, ઈશ્વરસ્વરૂપ છે એનો આદર ભાવ કવિ વ્યક્ત કરે છે.

૧૧૪.''બાની બાની કોતર કામજાનાં
આ લેહ્યું મંદિર હૈ ચણી દીધું
કરી દઉં દાન બની પ્રભાના
આ કોડીયું એક પ્રકાશ્યું કીધું
× × × ×
આ વિશ્વની ભવ્ય વિરાટ વાડીએ
પ્રવેશ હું કાંચન બારણી કીચો
× × × ×
ના બીજરૂં નેત્ર કરી ગમીનાં
અપત્ય પ્રીતિ પ્રસરત વિના
× × × ×
ને બીજમાં હું તુજ રૂપ બાળું
માતૃત્વની ત્યાં કવિતા નિહાળું

માતા સાથેનું ગહન સાન્નિધ્ય અને હૃદયમાં સ્થાપેલી માતાની મૂર્તિ તેની ૪ આરાધના જન્મ મરણથી પર છે. મૃત્યુ પછી પણ હૃદયમાં બાની એની એટલીજ તાજી છે.

kalpana's

૧૧૫. "નથી ગઈ બા નકી હું કહું છું ;
ભૂતાંતરો સર્વ મહીં ભર્યું છું,
ચાકાશમાં તારી આંતના છે
ને અગ્નિમાં હુ જ વિશુધ્ધતા છે
નિદ્રા મહીં વત્સલભાવનાં ના ?
ઉલ્લાસ ચિંતનનું રોજ્યામાં,

માતૃ સંવેદનાના કાવ્યોમાં માતૃપ્રેમ અને વાત્સલ્યથી ગૂંથાઈને આવતાં ઉત્તમ વિષાદ કાવ્યોમાં બાલમુકુંદ દવે કૃત 'દાદીમાની ચોરડી' માં પણ કવિ ગૌરવ વિષાદની અનુભૂતિનો વૈશ્વિક સ્તરે વ્યાપ વધારી વિશ્વના વૃધ્ધત્વમાં પોતાની દાદીમાંના વૃધ્ધત્વને પામી આદર - સન્માનની લાગણી વ્યકત કરે છે.

૧૧૬. "અનેક દુઃખ દૈન્યના અરણ્ય પટારા ગમો,
સુનો બરફ્યા લગી ચાલ્યા ? જોજ બા ચોરડી ?
હવે નયન બા ? પક્ષે જ તમને રહે ફૂંકતા
પિયારી તમ દર્શની બસ રહી છ પીડી જ કે-
જરાક નજરે ચડે તમસું જ કો મોણિયું
મિલાવું પ્રભુ બરી જોજ અંતર તણે ચહીં ચોરડે
નિહાળી રહું પોલા સકલ વિશ્વવૃધ્ધત્વને
અને સકલ વૃધ્ધમાં વિલસતાં દીસો બા તમે ?"

સોનેટના અષ્ટકમાં ગાલેબાની વ્યથાની અનુભૂતિ બાદમાં એક સુંદર વળાંક લે છે દાદીમાંની અનુપસ્થિતિની ચુસ્તામ જોતી ચોરડી સંવેદનાનું કેન્દ્ર છે પણ વ્યથાનો વિસ્તરનો વ્યાપ અને વિશ્વસકલના વૃધ્ધત્વમાં દાદીમાનાં દર્શન પ્રાપ્તિ મૂકાયું આશ્વાસન કાવ્યને એક નવોજ ભાવવળોટ આપે છે.

kalpana's

દયા અરે માતની ક્રાંતિકામાં
વસુંધરામાં બલિદાન બાકીનાં ?
આરાધનામાં રહ્યું ન્યૂન બાકું
ને બા ફેમરીને પ્રણરૂપ પામું ?'

ગુજરાતી કવિતા હજીયે નિરંજન ભગત અને રાજેન્દ્ર શાહની કવિતા પછી સાતમાં આઠમા દાયકામાં ચિનુભ મોદી, લાભશંકર, આદિલ, નલિન રાવળ , મણિલાલ દેસાઈ આદે રાવજી પણ ચમકાલિન ધરો. ૧૪૭.'' રાવજી પ્રવેશ્યો ત્યારે આધુનિક કવિતાનો બીજો તબક્કો શરૂ થઈ રહ્યો હતો. શુદ્ધ કવિતાની વિભાવના કરીકરી વાતાવરણમાં પ્રસારિત થવા લાગી હતી, કલ્પના, પ્રતીક, લય, ઈબાદત આદિની ચમત્કાર ચર્ચાઓ ઉપડતી, અને રાવજીને જીવતાં તો એવું બનયું કે ચક્રવાત, ભ્રાંતિ, ચેકલતા અને વિષાદ.... જેની રચનાઓમાં વરતાતી આધુનિક સંવેદના ગુણ વિશેની જેની આંમતતામાંથી જન્મી હશે એમ કહેવાનું રહેતું નથી. છતાં જેના ગજામાં વર્તમાનની બદી મુંઝવણો અને ચિંતાઓ બોલી છે. લાગે છે કે વેદના જ એક અનીબો ગજા ઘડતી રહી...'' વિષાદ અને વેદના વ્યકત કરતાં કાવ્યોમાં કવિમિત્રોના વર્તુળમાંથી મણિલાલ દેસાઈ માટે લાભશંકરે, આદિલ મન્સુરીએ અને નલિન રાવળે અને રાવજી પટેલે વિષાદ કાવ્યો આપ્યાં જેની વિશેષતા એ છે કે વિષાદની અભિવ્યકિતની એક નવીજ ઉપલબ્ધિ એમના કાવ્યોમાં અનુભવાય છે. આધુનિક ગુજરાતી કવિતામાં એમણે વિષાદ કરતાં અભિવ્યકિતનાં નવાં ચીલા આપ્યાં.

૧૧૮.''હું કવિતા થઈને
મારા લય લોહીનું દિલ ખોલ
કાંગસના ખેતરમાં તડકો થઈને હું બળતેલો
ચોમાસાના પહેલા વાદળનો રેલો
પીવા બાવળના ફૂલ થઈને મારું જૈશવ ગાતો

kalpana's

અંધારામાં ઉડલી પડ્યો
કોચલું ટોળું થઈ મારી આંખે વળ્યો
ચડતાં ચડતાંમાં હું તડાક દઈને ઉઘડી પડ્યો
હું મારી માટીનો જાણે માટીના સ્તનમાં
ક્યાં સંતાયો ?
મીઠા લયનાં સર્જ- વલિવર
ઝબાણું હું છોડ
હું ક્યાં છું હુબકીની માતા
કે કરી કરી
મારા મનમાં જન્મી જન્મી સ્વાસ છોડતો .

મિત્રની આત્મીયતા અને તેના મૃત્યુપછી લાગતો ઝાટકાનો ઝંઝ તેમજ લાગણીનું ચેકચ્ય ચેકરૂપતાની મનિષ્યવિત કવિ આપે છે. વિષાદની ચેક જુદીજ તાસીર લઈ આવતું અનિલ જોશીનું 'રાવજી પટેલની જેલીએ' કાવ્ય પણ ચેક ઉત્તમ વિષાદકાવ્ય છે.

મરણ અને સ્મરણ ચેક જ સીકકાની બે બાજુ છે. મરણ પછી સ્મરણોની વણઝાર ઉકલે છે. વિષાદનું ચેક માધ્યમ સ્મરણ પણ છે. સ્મરણ સદ્ગતની આત્મીયતા તાજી કરાવે છે. ડો. વિનુ મોદીની 'પિતાની પ્રથમ પુણ્યતિથિએ' કાવ્યમાં સ્મરણનું આલેખન છે. પણ કવિએ સ્મરણની સાથે વિષાદ માટે 'સમય તત્વ' નો સરસ ઉપયોગ કર્યો છે. કાવ્યના પ્રારંભે કવિએ નોંધેલી સ્થિતિ અને કાવ્યાંતે કવિએ નોંધેલ સ્થિતિમા નિર્મિતા સમય જ છે અને બન્ને સ્થિતિ અને બે સ્થિતિમાંથી કવિચિત્તમાં વ્યાપેલા વિષાદની સ્થિતિ આ બધું સમયની બલિહારી છે. ગયેલાં મૃત્યુના ઘાના ઝાઝાતની, ચોટની તાજી સળોટતા અને વેધકતા અને કાલાંતરે ઘાના ઉંટડા જેવી પિતાની સ્મૃતિ વાગોળી શકાય છે. (મૃત્યુના નજીકના દિવસોમાં) મૃત્યુ થયું ત્યારે પિતાને પણ પ્રિય એવી આની ઘૂંટડો ગળે ઉતરતી ન હતો.

kalpana's

આ વિષાદ કવિની નીચી ચેતનસ્તુતિ છે.

૧૧૯.''તમે મારાથી કાં દૂર દૂર થતાં જાવ ? તમને
ધક્કેલે ઘીમેથી સમય

× × × × ×

હમે વીત્યે થોડો સમય નથી હું યાદ કરતાં
પહેલાંની પેઠે , કદીક હવે આ બે કર યદિ
તમારી પેઠે તો સ્મરણ ઉરમાં જાય ધ્રુજી
વરે ધીમે ધીમે મુજ ઉજડાને ઘર બહું,
તમારાથી દૂર દૂર થતો જાઉં, જાણે
મને યે દે ધક્કો સમય.....''

કાવ્યમાં વ્યક્ત થતી સંવેદના કવિ ચિત્તમાંથી સમષ્ટિમાં વિસ્તરે છે એ તો કવિકૌશલ્ય સિધ્ધ થાય. ડૉ. જિતુ મોદી તો ''આધુનિક'' રીતિના ''રે''ના મહાપ્રાણના નોંધપાત્ર સિધ્ધ-હસ્ત કવિ છે. ઉશનસ્ આ કાવ્યના આસ્વાદ નિમિત્તે કહે છે ૧૨૦.'' આની શોક સંવેદનાને માત્ર વ્યક્તિમાંજ નહીં, સમષ્ટિમાં પણ ફેલાતી જતી જોઈ છે.''વરે ધીમે ધીમે મુજ ઉર દ્યાને ઘર બહું'' અંતિમ બે પંક્તિઓ સોનેટની ચોટને બરાબર ધાર કાઢી આપે છે. અને ચમોટ બનાવે છે.'' મૃત્યુની સંવેદનાથી ચલિત ચિત્તના શોકની સંવેદના છે અને પ્રિયજનના મરણથી થતા શોક કરતાં, તેના વિરહથી વ્યાપેલો વિષાદ એ વિષાદની ઉત્તમ સિધ્ધિ છે અહીં એ રીતે પિતાનું મૃત્યુ શોકનો આધાર છે પણ સમયના પ્રભાવે વ્યાપેલો વિષાદ કલાત્મક છે.૧૨૧.'' સમયે બન્ને પાત્રોને દૂર દૂર કરી દીધા છે. આ દૂરતાં કરી આપે છે. સમયનું તત્વ, એટલે અહીં સ્વ. પિતાજીના મૃત્યુના દર્દની તીવ્રતા તે મુખ્ય વિષય નથી. મુખ્ય વિષય છે ''સમય તત્વ'' ની વિસ્મારક શક્તિ. કાલેલકરે ક્યાંક કહ્યું છે કે ''મરણ હોય તો પછી સ્મરણ હોય જ'' પણ આ વાતને પણ સમયનું તત્વ ઢંકી આચ્છાદી દે છે. તે વાત

kalpana's

કવિને અહીં કરવી છે. અને તે નીંદ્યપાત્ર કવિકર્મથી કવિએ અહીં કરી છે.!

૭૪. કવિ હિંમત ખારસૂરિયાના મૃત્યુનો શોક વ્યક્ત કરતું
'કવિમિત્ર હિંમત ખારસૂરિયાનો' કૃપાશંકર જાનીનું કાવ્ય છે તેમાં કવિ-
મિત્રના અવસાનનો ચાબાતજ્જક આંચકો કવિએ આપ્યો છે.

૧૨૨.।। હિંમત ખારસૂરિયા ગયા
એ શબ્દો કાનના પડદા પર
હથોડાના ઘાની જેમ ઝીંકાયા
હૃદયદ્વાર પર જાણે પડી વીજળી
ને તમારા વિજોગે
આંખે માં આંસુ ઉભરાયાં
હજી તો જાણે ગઈકાલે જ
બાલાશિનોરમાં કાવ્યગોષ્ઠિની રાત્રીસભામાં
કવિમિત્રોના આનંદિત કલરવ
તમે મનભરીને માંચ્યા હતાં
અને
તમારાં ઊંડાણ અને નૃત્યકલાથી
બધા સૌની આંખો મૃગાક્ષી ભીંજાઈ હતી
બધું નથી એ કશ્ય, કદી એ વિસરશે નહીં એ કાણો
× × × × ×
સ્નેહ, નિષ્ઠા, નિખાલસતા અને સચ્ચાઈ-હવે ક્યાં ગોતીશું?
બધે હતાં આંસુડાં માણસ, લાગીનો અંતરાય
તમારું આસન ખાલી ! ?''।

ઉં. ત્રિપુ મોદીના કાવ્યમાં વર્ષા ચિંતાની અનુભૂતિ છે આ કાવ્યમાં
મૃત્યુની તાજી ઘટનાની ચોટની અનુભૂતિ છે. હૃદય પર લાગેલા ઘાવાતને

kalpenaa

કવિ હ્યોડાના મહારની વેદનાની ચમાર, બીજાનો આંચકો, આંસુ અને સ્મૃતિચિહ્નથી તાદૃશતા ઉદાસ ભાવને ચમત્કારક બનાવે છે.

આદિલ, નલિન, અને રાવજીએ કવિમિત્ર મણિલાલના મૃત્યુ પ્રસંગે શોક વ્યક્ત કર્યો છે. રાવજીના કાવ્યમાં અસ્તિત્વક્ષતિનું જેમ ઓજસ માણે છે તેમ આદિલ મણિલાલના તીવ્ર સ્મરણથી વ્યથિત થઈ તેના વિયોગને ગાય છે.

૧૨૩. "આંસુ કે ટૂટે હુએ સાયે સે શરમાયેગા કૌન ?
ચમરતો કો આંખમે પલ પલ પિઘલ જાયેગા કૌન ?
જિંદગી કે ગીતકા ટૂટા હુઆ વહ અન્તરા
મૌતકી આંખોસે આંખે ડાલકર ગાયેગા કૌન ?
પીરે- મયખાના કા દામન ખીંચ કર પૂછો જરા,
તિશ્નગીની તલખિયોં કે જામ છલકાયેગા કૌન ?
રાત કે ઇસ આખરી હિસ્સે કી તન્હાઈ ન પૂછ
નીંદ આ જાયેગી લેકિન ખ્વાબોમે આયેગા કૌન
(કાલે શબ્દોં કી ઉદાસી પી કે લહેરાયેગા કૌન
વક્ત કી દીવાર સે ગમ સર કો ટકરાયેગા કૌન ?)

આદિલની ગઝલમાં, હિન્દીબાનીમાં વિશ્વવિયોગનું દર્દ અને હવે તેનો કાયમી ભાવ લક્ષગતાં વ્યાપતો વિષાદ ગઝલનો વિસ્તાર છે સ્વાસથી શરૂ થઈ ઊર્મિનો વિસ્તાર અનેક ઉલ્લેખો માંથી જોઈ શકાય છે કે વધે છે અને પ્રશ્ન પાછો ઉરમાં સ્વપ્નરૂપે શરતો થ લાગે છે વિષાદની આ વિશ્વ-ચર્યા કાવ્યનું વિશેષ અર્પણ છે. વિષાદની વેધકતા કવિએ "કૌન?" પ્રશ્નથી જગાવી છે. આ કાવ્ય પણ વિષાદની નૂતન અસ્તિત્વક્ષતિનું ઉદાહરણ છે.

નલિન રાવળ 'સ્વ. મણિલાલ દેસાઈનો' કાવ્યમાં, ગઝલ-દ્વય રચનામાં

kalpana's

મણિલાલની ચર્ચા પ્રવૃત્તિના સંદર્ભમાં અંજલિ આપી શોક વ્યક્ત કરે છે કે હજી ઊગી ચાહનાઓ સેવાતી તારી કાવ્યપોથી અને અધે ગમને મૂકી તે મૃત્યુને કેમ ધરી દીધી ?

૧૨૪...જ્યારે કાળા ઉનાળામાં સળગતું હતું શહેર,
જ્યારે ખાલી ગલીઓમાં ખખડતું હતું શહેર,
ત્યારે
આવી
કાવ્ય કર્યું ચેતું (મારા શહેરને તે અર્થ દીધો) કવિ
વાંચ્યું પ્રથમ એ કાવ્ય પ્રિય મારી અને કરી કરી
ગાજ કરી
કાળઝાળ ઉનાળામાં આવા
મારા શહેર મહીં (સહુ ને) અને ય મૂકી
કેમ કહે,
મૃત્યુને
તે
ધરી દીધી
છલકંત સ્વપ્ન વર્ષા જીવનની કાવ્યપોથી''

બે ઉનાળાની વચ્ચેના એક વર્ષનાં સમયના ગાળામાંથી બીજે ઉનાળે સ્મરણની ઘડી આવી ગઈ... કવિનો ભાવ આખા શહેરને અર્થ આપ્યો હતો હજી કોણ આપશે' એની વ્યક્ત થતી ચિંતામાં વિક્રમે છે. 'રે મઠ' ની કાવ્ય પ્રવૃત્તિમાં અદિલ, નલિન, રાવજી, ની એક મિત્ર સાન પર લખાયેલી કૃતિઓમાં તેની કાવ્યપ્રવૃત્તિને અંજલિ અને ચિરવિયોગનો વિષાદની મૂલ્યાંકન અભિવ્યક્તિ છે આ ત્રણે કવિઓની મણિલાલ માટે લખાયેલી કવિતા ખરેખર ગુજરાતી વિષાદ કવિતાની પ્રથમ હરોળની કવિતાઓ છે. અદિલ, નલિન અને રાવજી ત્રણેય કવિએ પોતપોતાની

kalpesh's

રીતે અંજલિ આપે છે, સ્મરણ ગાઈ શોક વ્યક્ત કરે છે પણ પ્રસ્તુત કવિચિત્ત વ્યક્તાં કેન્દ્રમાં સર્જકપ્રકૃત્તિનું વિશેષ મૂલ્ય આંકે છે. અને તેની કવિતા વિનાની ગુજરાતી કવિતા માટે દુઃખ વ્યક્ત કરે છે. એટલે એમ કહી શકાય કે કવિ નહીં પણ કવિકર્મી અંજલિ છે સ્વજનથી વિષાદ કહીયે એનાં કરતાં સ્વજના વિયોગમાંથી વ્યાપેલા વિષાદનું વર્ણન છે. અને તેથી વિષાદની અહીં કલાત્મક અભિવ્યક્તિ થઈ છે આ કવિકૌશલને કારણે પ્રસ્તુત કૃતિઓ લઘુવિષાદ કાવ્યોમાં ગણનાપાત્ર બન્યાં છે.

મનુભલાલ ઝવેરી કૃત 'આજ નયનો ? રડો?' વ્યથાના ઊંડાવાતથી પ્રારંભકારી વર્ણનથી, બારે વિક્ષુબ્ધ અને અશાંત મનના અજંપાથી શરૂ થતી કૃતિ છે. 'ગાંધી ગયા' નો વિષાદ કવિ હૃદયના બારે અજંપા ભાવ વ્યક્ત કરે છે. કારણ કે જેની આંખમાં કોઈએ દ્વેષ ના જોયો તેની આંખમાં એક જણે જોયેલો શત્રુભાવ કેટલો સાચો ગણવો ? અને તેને પરિણામે ગાંધીની હત્યા થતાં દેશની પ્રજા પાછી જાણે કે પાંગળી, હતાશ બની ગઈ સૂર્ય, ચંદ્ર હતા તોયે જેના ચહેરા પર તેજ નહોતું એ પ્રજાને ચેતનવંતી જિંદગી ગાંધીએ આપી હતી એના ગયા પછી અંધકારના ઓળા ઊતર્યા છે સૂર્ય-ચંદ્રની શું જરૂર છે ? ગાંધી વિના પ્રજા રાંકડી બની છે એવો વિચાર આવતાં જ ગાંધીના સાન્નિધ્ય અને પ્રભાવનું સ્મરણ થાય છે કે જે પ્રજાએ વિશ્વવંદ્ય ગાંધી આપ્યો એ પ્રજા રાંકડી કહેવામાં ગાંધીનું જ અપમાન છે કવિ મંથનના ચઢાપાટામાં અજંપો અને અશાંત મનનો વિષાદ વ્યક્ત કરે છે.

૧૨મ..'ગાંધી શા પુરુષને જેહ પ્રગટાવીને...
વર્તમાને બની પરમ મહિમામયી, તેને મેં કહી રાંકડી ?
ના, નહીં રાંકડીના, તું તો મૂર્તિ ચોખા ત્યની
ગાંધીનો વધ કો વિજય તારો હતો
ગાંધીનું મૃત્યુ એ વિજય તારો બી'

ગાંધીના કરુણ મૃત્યુમાંથી કવિ વિષાદ અનુભવે છે કે

kalpana's

૧૨૬ ...ગાંધિને ક્ષાત્રકુલની દિવ્યતા દાખવી
રામ હે, રામ હે
પોઢી ગાંધી ગયા, અમર આજે થયા.''

ગાંધીની હત્યાથી મંથન અને વિચારણા ચાલે છે એમાંથી જ આક્રોશરૂપે વિષાદ બહાર આવે છે અને વલોવાતમાંથી જ કરુણરસ પણ નિષ્પન્ન થાય છે.

મનુભલાલ 'આજ નયની, રહો' કહે છે તો ઉમાશંકરના કાવ્યમાં ગાંધીની ઉક્તિ 'રહો ન મુજ મૃત્યુને કહે છે.' ઘડીભર રોક થવાની અનુભૂતિ પણ બન્ને કાવ્યોમાં છે. બન્ને કાવ્યોમાં મનોમન સમાધાન, શાંત્વનનો ભાવ કવિ વ્યકત કરે છે પણ ચૈતન્ય સંવેદનાની સમાન તીવ્રતા ટપકાવતી વિષાદની આ બન્ને ઉત્તમ અભિવ્યક્તિઓ છે. રચનારીતિ આકર્ષક છે બન્ને કાવ્યોમાં વિષાદ તીવ્ર વેધકતા સાથે આવે છે છતાં કવિનું તેના આલેખનમાં નિયમન સુંદર છે માટે.બુધ્ધિ વડે નિયમનથી કૃતિ કલાત્મકતા સિધ્ધ કરી લે છે. ગુજરાતી સાહિત્યમાં ગાંધીનો પ્રભાવ તો છે જ પણ ગાંધી વિષય પર લખાયેલા વિપુલ કાવ્ય સાહિત્યમાં ગાંધીની હત્યા નિમિત્તે લખાયેલી કરુણ વિષાદની કવિતાઓ ગુજરાતી કાવ્ય સાહિત્યમાં એક ચોકકસ મૂલ્યવિભા સંપન્ન કરી છે તેમાં આ બે કાવ્યોની ઊર્મિકવિતા તરીકે અને કરુણ વિષાદની નોખી અભિવ્યક્તિની કલાકૃતિ તરીકે ચંદ્રશંકર બૂચ સવિશેષ નોંધ લે છે. સ્વજન નહીં પણ આખા દેશના સ્વજનની દૃષ્ટિએ આત્મીયતાનો રંગ ઝબકી મનુભલાલ અને ઉમાશંકર પ્રજાજનોના ચૂના હૈયાનો ઝરસાદ ગાય છે તેમાં બુધ્ધિમત્તા અને ઊર્મિના સમતોલ ઉદ્ય પ્રયત્ને કરુણ વિષાદ પ્રગટે છે.

આમ, આપણે વિવિધ સ્વરૂપે વિષાદની અભિવ્યક્તિ આપતાં અર્વાચીન ગુજરાતીનાં કેટલાંક ગણનાપાત્ર વિષાદકાવ્યો જોયાં.

-:-

Kalpana's

।। પ્રકરણ - ૩ ।। લઘુવિવાહકાવ્યમાં વિવાહનું ચાલેખન

-સંદર્ભ ગ્રંથ - સૂચિ-

સંદર્ભ	કૃતિ	કર્તા/લેખક	ગ્રંથ/સંપાદન	પાન
૧.	હું મુજ પિતા	ઉશનસ્	ગુજરાતી ઊર્મિકાવ્યો સંપાદન-જયંત પાઠક	૭૫
૨.	ગુજરાતી ઊર્મિકાવ્યો ૪૯૫ ટિપ્પણ	જયંત પાઠક	આદર્શ પ્રકાશન	૧૪૨/૧૪૩
૩.	ઋ ઉશનસ્ સર્જક-વિવેચક	રમણ સોની		૬૧
૪.	ગુજરાતી ઊર્મિકાવ્યો -ટિપ્પણ	જયંત પાઠક	ગુજરાતી ઉ.કાવ્યો સંપાદક-જયંત પાઠક	૧૨૫
૫.	ઉપહાર	કાન્ત	ગુ.ઉ.કાવ્યો	૪૬
૬.	ગુજરાતી ઊર્મિકાવ્યો	જયંત પાઠક	ગુ.ઉ.કાવ્યો સંપાદક-જયંત પાઠક	૧૨૬
૭.	વિનમ્રતિ ઉક્તિ	દલપતરામ	ગુજ.ઉ.કાવ્યો સંપાદક-જયંત પાઠક	૭૫
૮.	ગુ.ઊર્મિકાવ્યો	જયંત પાઠક	-''-	૧૨૩
૯.	-''-	-''-	-''-	૧૨૪
૧૦.	મંગલ મંદિર	ન.ભો.દિવેટિયા	-''-	૪૮
૧૧.	ગુ.ઊર્મિકાવ્યો ટિપ્પણ	જયંત પાઠક	-''-	૧૨૪/૨૫
૧૨.	ઠેસ	જયેન્દ્ર શેદડીવાળા	-''-	૧૧૨
૧૩.	''	''	-''-	-''-
૧૪.	ગુ.ઊર્મિકાવ્યો-ટિપ્પણ	જયંત પાઠક	-''-	૧૬૨
૧૫.	આપણી કવિતા સમૃધ્ધિ-ટિપ્પણ	ધ.ક.ઠાકોર	-''-	૧૬૩
૧૬.	ગુ.ઉ.કાવ્યો-ટિપ્પણ	જયંત પાઠક	-''-	૧૬૧
૧૭.	ભાઈનો બહેન પાછા વિલાપ	ઈન્દુલાલ ગાંધી	આપણી કવિતા સમૃધ્ધિ	૧/૬ ૫૭
૧૮.	આપણી કવિતા સમૃધ્ધિ ટિપ્પણ	ધ.ક.ઠાકોર		૧૬૭
૧૯.	''	''		૧૬૭
૨૦.	ભાઈનો બહેન પાછા વિલાપ	ઈન્દુલાલ ગાંધી	આપણી કવિતા સમૃધ્ધિ	૫૬/૫૭

૧.	૨.	૩.	૪.	૫.	૬.
૨૧.	હું ગઈ અને ભૈ	રમણભાઈ નિલકંઠ	આપણી કવિતા સમૃધ્ધિ	૫૭	
૨૨.	"	"	—"—	૫૭	
૨૩.	આપણી કવિતા સમૃધ્ધિ – વિવરણ	બ.ક.ઠા.કોર	—"—	૧૬૮	
૨૪.	—"—	—"—	—"—	૧૬૭/૧૬૮	
૨૫.	—"—	—"—	—"—	૧૭૦	
૨૬.	—"—	—"—	—"—	૧૭૦	
૨૭.	—"—	—"—	—"—	૧૭૧	
૨૮.	જીવતું મોત અને ધુલિકણી	બ.ક.ઠા.કોર	આપણી કવિતા કૃતિ સમૃધ્ધિ	૫૮	
૨૯.	આપણી કવિતા સમૃધ્ધિ– વિવરણ	બ.ક.ઠા.કોર	—"—	૧૭૨/૧૭૩	
૩૦.	જીવતું મોત અને ધુલિકણી	બ.ક.ઠા.કોર	આપણી કવિતા સમૃધ્ધિ	૫૯	
૩૧.	બ.ક.ઠા.ના સોનેટ	ઉમાશંકર	મારા સોનેટ	૪૬ ૧૫	
૩૨.	બ.ક.ઠા.ના સોનેટ	ઉમાશંકર જોશી	મારા સોનેટ	૧૫	
૩૩.	ગલ્વીન કવિતા	સુંદરમ્		૩૫૪	
૩૪.	મંગલ વિદાય	નંદકુમાર પાઠક	કાવ્ય સૌરભ સંપાદક–ચિમનલાલ	૨૧૮	
૩૫.	—"—	—"—	—"—	૨૧૭	
૩૬.	મંગલ વિદાય	નંદકુમાર પાઠક	કાવ્ય સૌરભ	૨૧૮	
૩૭.	કાવ્ય સૌરભ ટિપ્પણ	ચિમનલાલ ત્રિવેદી	કાવ્ય સૌરભ	૯૨/૯૩	
૩૮.	સૂના જીવને અમું રહ્યું	મણુભાલ	"	૨૧૨	
૩૯.	—"—	—"—	"	"	
૪૦.	—"—	—"—	"	"	
૪૧.	કાવ્ય સૌરભ–ટિપ્પણ	ચિમનલાલ ત્રિવેદી	"	૮૯	
૪૨.	સૂની સફરે	વેણિભાઈ પુરોહિત	"	૨૧૫	
૪૩.	—"—	—"—	"	"	
૪૪.	કાવ્યસૌરભ–ટિપ્પણ	ચિમનલાલ ત્રિવેદી	"	૯૨	
૪૫.	ઉર્મિકવિતા	ઉમાશંકર જોશી	ઉર્મિકવિતા	૧૬૧	

Kalpana's

૧.	૨.	૩.	૪.	૫.	૬.
૪૬.	ઉશનસ્ ચર્ચક-વિવેચક	મમ્મા ચોની		૧૫૧	
૪૭.	-''-	-''-		૧૫૨	
૪૮.	એક બાળકીને સ્મશાને લઈ જતાં	ન.ભો. દિવેટિયા	કાવ્ય પરિચય ભાગ-૨. ૨૧. વિ.પાઠક નગીનદાસ	૨૦૪	
૪૯.	કાવ્યપરિચય ટિપ્પણ	-''-	-''-	૨૩૪	
૫૦.	એક બાલકીને સ્મશાને લઈ જતાં	ઉમાશંકર જોશી	-''-	૨૦૪	
૫૧.	કાવ્ય પરિચય ટિપ્પણ		કાવ્ય પરિચય	૨૩૪	
૫૨.	જૂનું ઘર ખાલી કરતાં	બાલમુકુંદ દવે	કાવ્યસુધા	૩૮	
૫૩.	ગ્રન્થિનું સામાન્ય લિકાસ રેખા	ધીરુભાઈ ઠાકર		૩૯૯	
૫૪.	જૂનું ઘર ખાલી કરતાં	બાલમુકુંદ દવે	પરિક્રમા	૧૪૨	
૫૫.	પ્રલાપ ઉપોદ્ઘાત	૨૧. વિ.પાઠક	પ્રલાપ	૨૨	
૫૬.	-''-	-''-	-''-	૨૩	
૫૭.	વિદુર કુરુક્ષેત્ર	કાન્ત	પ્રલાપ	૧૩૫	
૫૮.	પ્રલાપ ટિપ્પણ	૨૧. વિ.પાઠક	-''-	૨૯૦	
૫૯.	પ્રમાદી નાવિક	કાન્ત	પ્રલાપ	૧૩૪	
૬૦.	પ્રલાપ ઉપોદ્ઘાત.	૨૧. વિ.પાઠક	-''-	૨૪	
૬૧.	રાણી? જોઉ દધિ નહિ ઉર	૨૧. વિ.પાઠક-શેષ		૦૩	
૬૨.	શેષના કાવ્યો ટિપ્પણ	૨૧. વિ.પાઠક	શેષના કાવ્યો	૧૪૦	
૬૩.	ગુજરાતી ઊર્મિકાવ્યો	કો.જ્યંત પાઠક સુરેશ પાઠક	ગુજરાતી ઊર્મિકાવ્યો	૧૨૯	
૬૪.	-''-			૧૨૮	
૬૫.	બ્રહ્મ સ્વપ્નની નાવ	સ્નેહરશ્મિ	ગુજરાતી ઊર્મિ-કાવ્યો સંપાદક-	૫૩ જ્યંતપાઠક	
૬૬.	-''-	-''-	-''-	૧૩	
૬૭.	ગુજરાતી ઊર્મિકાવ્યો	-''-	-''-	૧૩૭	
૬૮.	ટિપ્પણ	ધ.ક.ઠાકોર	આપણી કવિતા સમૃધ્ધિ	૨૨૧	
૬૯.	વિષ્ટા ભિક્ષુ	રમણીક ગઢવાળા	-''-	૬૪	
૭૦.	-''-	-''-	-''-	૬૫	

Kalpana's

૧	૨	૩	૪	૫	૬
૭૧	વિવરણ	ધ.ક.ઠા.કો.૨	ચાપણી કવિતા ચયનિકા		
૭૨	વિષ્ટા ભિન્ને	રમણીક અગ્રવાળા	-''-	૯૪થી૯૫	
૭૩	વિવરણ	ધ.ક.ઠા.કો.૨	-''-	૨૧૭	
૭૪	ઈન્દ્રધનુમાંથી		-''-	૪૬	
૭૫	વિવરણ	ધ.ક.ઠા.કો.૨	-''-	૧૭૩	
૭૬	સ્મશાનગૃહે	યોગેશ્વરજી	તૃષ્ણા	૮૦	
૭૭	તૃષ્ણાનો ચયનિકાયેલખ	ડો.રમણલાલ જોશી	'તૃષ્ણા'-હેન્દ્રુપાન		
૭૮	'તૃષ્ણા'	યોગેશ્વરજી	'તૃષ્ણા	૫૯	
૭૯	'તૃષ્ણા'-ચયનિકાય લેખ	ડો.રમણલાલ જોશી	-''-		
૮૦	તૃષ્ણા	ચંદ્રવદન મહેતા	કાવ્યસમુચ્ચય ભાગ-૨ સંપાદક-૨ા.વિ.પાઠક	૧૬૧	
૮૧	પિતાના ફૂલ	ઉમાશંકર જોશી	નિશીથ	૬૭	
૮૨	-''-	-''-	-''-	''	
૮૩	સદ્‌ગત મોહનભાઈને	-''-	-''-	૬૮	
૮૪	-''-	-''-	-''-	''	
૮૫	ચયનિકાય	ઉશનસ્	ચાના	૧૦૪	
૮૬	-''-	-''-	-''-	''	
૮૭	-''-	-''-	-''-	''	
૮૮	-''-	-''-	-''-	''	
૮૯	રડો'ન મુજ મૃત્યુને	ઉમાશંકર જોશી	કાવ્ય સોરભ	૨૧૯	
૯૦	દિપ્પણ	ભિમભાઈ ત્રિવેદી	-''-	૯૩	
૯૧	ઊર્મિકવિતા	શંકરશંકર ભટ્ટ	ઊર્મિકવિતા	૧૯૦થી ૧૯૩	
૯૨	ગુજરાતી ગુ.સા.સાહિત્યની વિકાસરેખા	ધીરુભાઈ ઠાકર		૪૧૦	
૯૩	'બાઈ'	રાવજી પટેલ	'અંગત'	૫ થી ૬	
૯૪	ગુજરાતી વાંચન માળા ધો-૧૦	ભિમલાલ ત્રિવેદી	પુનઃપુસ્તક મંડળ સંપાદિત	૧૬	
૯૫	જુઓ ઘર ખાલી કરતાં	બાલમુકુંદ દવે	પરિક્રમા	૧૪૨	
૯૬	વિલાસ રીગલ	લાભશંકર ઠાકર	મારે વામને દરવાજે	૭૨થી ૭૪	
૯૭	વિલાસ રીગલ	લાભશંકર ઠાકર	મારે વામને દરવાજે	૭૨ થી ૭૪	
૯૮	-''-	-''-	-''-	-''-	
૯૯	-''-	-''-	-''-	-''-	

૧	૨	૩	૪	૫	૬
૧૦૦	શિલાસ રીગલ	લાભશંકર ઠાકર	મારે નામે દરવાજે	૭૨થી ૭૪	
૧૦૧	ચારણો નર્મદા બદ્ધ	ધ.ક.ઠાકોર	ભાગ૧-ગુચ૭-૩	૧૬૯	
૧૦૨	કોકિલ વિલાપ	-''-	-''-	૧૬૭	
૧૦૩	કોકિલ વિલાપ	-''-	-''-	૧૮૩	
૧૦૪	વિરહનું આંસુ	ધ.ક.ઠાકોર	ભાગ૧ ગુચ૭-૩	૩૩	
૧૦૫	છેલ્લું દર્શન	રામનારાયણ પાઠક	શેષનાં કાવ્યો	૭૪ થી૭૮	
૧૦૬	કલાનો શહિદ	ઉમાશંકર જોશી	ગંગોની	૭૪ થી૭૮	
૧૦૭	કલાનો શહિદ	ઉમાશંકર જોશી	ગંગોની	૭૪ થી૭૮	
૧૦૮	નિદોંષને નિર્મળા ગણિ તારી	હરિકૃષ્ણ બદ્ધ	સ્વપ્ન પરાયણ	૦૨	
૧૦૯	ગુ.ઊર્મિકાવ્યો-ટિપ્પણ	જયંત પાઠક	ગુ.ઊર્મિકાવ્યો	૧૩૫	
૧૧૦	ઊર્મિકવિતા	શંકરશંકર બદ્ધ		૯૫	
૧૧૧	-''-	-''-		૮૫	
૧૧૨	વિદાય	પ્રહલાદ અને પારેખ	પ્રહલાદભાઈ શ્રીધરાણીના કાવ્યો	૩૧	
૧૧૩	ઊર્મિકવિતા	શંકરશંકર બદ્ધ		૧૯૩	
૧૧૪	મારી બા	શ્રીધરાણી	પ્રહલાદ અને શ્રીધરાણીના કાવ્યો	૮૦	
૧૧૫	-''-		-''-	૮૧	
૧૧૬	સંગત પ્રસ્તાવના	સુંદરજી બેટાઈ	સંગત	૧૧/૧૨	
૧૧૭	દાદીમાનો ઓરડો	બાલમુકુંદ દવે	પરિક્રમા	૧૦૬	
૧૧૮	મણિલાલ	રાવજી પટેલ	સંગત	૧૦૪	
૧૧૯	પિતાની પ્રથમ પુણ્યતિથિએ	ડૉ.ચિનુ મોદી	ઉત્તર ગુ.કાવ્ય પરિચય ભાગ-૧	૧૫૧	
૧૨૦	આસ્વાદ	ઉશનસ્	રંગ તરંગ	૨૧	
૧૨૧	-''-	-''-	-''-	૨૨	
૧૨૨	કવિમિત્ર હિંમત બાબ પાટણવિદ્યાને	કૃપાશંકર જાની	રંગ તરંગ	૩૨	
૧૨૩	મણિલાલને	ગાદિલ મન્સુરી	રાનેરી	૧૨૦	
૧૨૪	સ્વ.મણિલાલ દેસાઈને	નલિન રાવળ	રાનેરી	૧૨૧	
૧૨૫	આજ નથી? રડી?	મનસુખલાલ	કાવ્ય ગોરવ	૨૦૮	
૧૨૬	-''-	-''-	-''-	-''-	

kalpanat's

:- શોકોર્મિ કવિતામાં કરુણની રસાનુભૂતિ :-

પ્રાસ્તાવિક :-

રસાસ્વાદમાં જ કવિતાની કલાકીય સાર્થકતા છે. કરુણરસની અનુભૂતિમાં ભાવક શોકાનુભવ કરે છે. ચિત્તમાં એ શોકભાવ રસાસ્વાદરૂપે પરિણમે છે અને આનંદરૂપે અનુભવાય છે. તેથી જ કરુણ શોકજન્ય હોવાં છતાં તેની આસ્વાદ આનંદજનક છે. ભાવક પોતાના ચિત્તમાં સંક્રાંત થયેલા શોકના ભાવને રસરૂપે અનુભવે છે. અર્થાત્ જે સ્થાયિભાવ શોક એજ ભાવ, અનુભાવ અને વ્યભિચારી સામગ્રીથી ગુણ્યકૃત બનીને કરુણરસરૂપ ભાવકના ચિત્તમાં બેસે છે.

કરુણરસની ઉત્પત્તિ, નિષ્પત્તિ અને આસ્વાદની પર્યાપ્ત ચર્ચાની સાથે સાથે આચાર્યોએ રસનિષ્પત્તિમાં જ ભાવરૂપે રસસંક્રાંતિની પણ ચર્ચા કરી છે. શોકોર્મિકવિતામાં, શોકના સ્વજનાદિવિભાવના વિભાવને સંદર્ભે સ્વજન, મિત્રજન કે કોઈ ઇષ્ટજનના મૃત્યુના શોકની ભાવાભિવ્યક્તિ છે. એમાં ગુરુશિષ્ય પછી મૈત્રી કરતાં પારિવારિક સંબંધે પિતા, પુત્ર, માતા, દાદા, દાદીમાં, ભાઈ, બ્હેન, પતિ, પત્ની, પુત્રીના મૃત્યુપ્રસંગે અનુભવેલા વિષાદની સંગત અનુભૂતિનું આલેખન વિશેષ છે. તેથી કરુણની રસનિષ્પત્તિ ઉપરાંત રસસંક્રાંતિના પણ ઉત્તમ દૃષ્ટાંતો સુલભ છે. એવા કેટલાંક શોકોર્મિ-કાવ્યો, વિષાદ કાવ્યો અને શોકાંજલિમાંથી વાત્સલ્ય, વીર, રૌદ્ર, શૃંગાર અને હાસ્યરસમાંથી કરુણની રસસંક્રાંતિ થતી જોવા મળે છે.

વાત્સલ્ય :-

સંગત સ્વજનના અવસાન નિમિત્તે કુટુંબના જે પાત્રો પર વિવિધ

kalpana's

ભાવો અને રસમાં આત્મીયતા વ્યક્ત થઈ છે એમાં 'દાદા' ના પાત્ર પર પ્રજાંલાલ અને મણુભલાલના કાવ્યોમાં વાત્સલ્ય અને નિકટતા સિધ્ધ કરવા માટે વિવિધ સંબોધનોનું ચાતુર્ય છે. સંબોધનોનું સ્મરણ શોકની ચરિતાર્થતા આપી કરુણનું નિમિત્ત બને છે.

૨૪૧. 'બેટા, બેટમજી કેરા, મારે તો બોલ દોહ્યલાં
દાદાજી આપને ચાલ્યે, સદા કેરા બની ગયાં'

સંબોધનોનું સ્મરણ રૂપે શોક સ્થાયિભાવ પ્રગટ થાય છે. સંબોધનોમાં પિતાનું છત્ર, સુખદ બાલકાળની સ્મૃતિ, આદર્શ પિતૃત્વનું સ્મરણ, આદર્શ પુત્ર ભાવ, પિતાનું સ્નેહાળ ભાવચિત્ર અને હવે પિતાના સાન્નિધ્યના અભાવે સ્મૃતિ બેઘડક બની તીવ્ર શોક આપી 'મારે તો બોલ દોહ્યલાં' કહી કરુણ વ્યક્ત કરી દે છે. અહીં સ્મૃતિ વિભાવરૂપે શોકને સઘન કરે છે અને વાત્સલ્યમાંથી કરુણનો આસ્વાદ કરાવે છે.

વત્સલમાંથી કરુણની નિષ્પત્તિનું એવું જ બીજું સુરેખ શબ્દ ચિત્ર આપતું કાવ્ય 'પૂ. બાપા જતાં' છે. ઉશનસ્ એમાં સદ્‌ગત પિતાની એક સામાન્ય માનવીથી પર એવી પ્રતિભા ઉપસાવે છે તેમાં ભાવુકતા, આર્દ્રતા, પાવનતા અને પિતૃત્વનો સમન્વય પણ છે. સર્વે જનાઃ સુખીના ભવન્તુ' ની ભાવના વ્યક્ત કરે પંક્તિઓ કવિ આપે છે.

૨૫૨. 'મુખે આશીર્વાદો, સહુ તરફને રામની કૃપા
કરે સ્વસ્તીમુદ્રા સહુ તરફ ચલ્યા દિશ્પર્શ
પિતાવેશે દીઠો પ્રભુ વિચરતો વત્સલરસ'

પિતા જાણે કે વત્સલનો અવતાર, વત્સલનું મૂર્તિમંત રૂપ ગણાવી તેમના અવસાનકાળે જન્મતો શોક કયાં સ્વસ્તીમુદ્રાથી પાવનતા પ્રસરે છે. પિતા પ્રત્યેનો પૂજ્યભાવની હૂંફેના ઉર્મિથી ઉર્મિમાં વિસ્તરી જાય એવી ભાવના કવિ વ્યક્ત કરે છે.

kalpana's

૩૩. ''પેટે પ્રાણ તારા, પુત્રવાહો મેમનાં ચઢો
પિછુલકિત ત્યાં રુનો, ઉમિંડીમેં કરી ગજાવતાં''

માતા-પુત્ર અને ભાઈની વચ્ચેનું વાત્સલ્ય બે પ્રવાહોમાં 'ભાઈ વિહોણું' માં વ્યક્ત થાય છે. માતા અને પુત્રની વત્સલતા તેમજ બે ભાઈ વચ્ચેનું વાત્સલ્ય, કવિતામાં ભાવમુંકન સુંદર છે કે બાળક પોતાના ભાઈ વિના ભાઈ વિહોણું અનુભવે છે. ભાઈ માટેની બાળકની બાળહઠ અને મનાવવાના સંવાદમાં માતા અને પુત્રની વત્સલરસ ઉભરાય છે પણ જ્યાં માતા નિરૂત્તર બની જાય છે. બાળહઠ પાસે મજબૂર બની જાય છે માતાનો પણ સદ્‌ગત પુત્ર માટેનો દાબી રાખેલો શોક સંયમની પાળ તોડી વહેવા માંડે છે.

૪૦. 'ઘોર જેટલું ચાંદુ ગળતું માની ચાંખડીયે''

વાત્સલ્યના તાણાવાણામાંથી વેદના એ કુદન વ્હારા ઝરતો કરુણથી વિષાદ છાઈ જાય છે. બાળકની પૃચ્છા, માતાના સંયમ સાથેના જવાબો, સંવાદ દરમિયાનની માતાનો અને બાળકનો દુઃખદ મનોવ્યવહાર અને બંને માતાની વ્યાપક સ્થિતિમાંથી કરુણ આંસુ રૂપે, છેવટે શોકે લાચારી રૂપે પ્રગટ થાય છે માતા બાળહઠ સંતોષી ના શકી પોતાના કરતાં ભાઈને ભાઈ માટે વધુ વાત્સલ્ય પુત્રવિહોણું હૃદય માતાનું હતું એ બાળકનું ભાઈવિહોણું પણ ભાઈવિહોણું માતાને વ્યાપક કરી કરુણને વેધક રીતે નિષ્પન્ન કરે છે. જ્યારે માતા સંવાદમાં વ્યાપક બની જેમ કરુણને વધુ તીવ્ર બનાવે છે કરુણની રસ નિષ્પત્તિમાં જુદી દિશામાંથી આવે ચમત્કારક નિવડતા માતા-પુત્રના પ્રયત્નોની સામટી શોકની ચોટદાર અભિવ્યક્તિ આપી વેધક કરુણ રસ નિષ્પન્ન કરે છે.

વત્સલની અભિવ્યક્તિના અંશરૂપે પરવાતાપના ભાવમાં ચેકરાવમાંથી પિનાકિન ઠાકોર 'પૂ. પિતાજીને' માં નિર્મળ હૃદયના ભાવ પ્રગટ કરે છે.

kalpataru

"...જો હૃદયનાં નથી ચઢ્યાં તોફાન, ને ના જ
ત્યજે ભરતી ઓટના ભાન, નિષ્ઠુર જો નિર્ભ્રમ
રમે સૃષ્ટિક નીરમાં સ્વપ્ન, મીન શા નિર્ધ્વ
વટે હરિત અંકુરો, ઉદિત કામનાનો જ
પિતા ? પટ ધરી જો, તમ કુમારિકે સાધના
ધરો વરદ મસ્તકે નત-શિવત્વ આરાધના"

પિતાના વાત્સલ્યની ક્રિત જ્વાનીનાં ચઢ્યાં તોફાન નમીજતાં પશ્ચાતાપમાં હૃદય ન્હાવા લાગ્યું ન્હાનાલાલના પિતૃત્વમાં પણ કવિ પશ્ચાતાપ વ્યક્ત કરે છે. ન્હાનાલાલ પશ્ચાતાપ પામેલું હૃદયનું પંકજ પિતાને ચરણે ધરી સ્વીકારવા વિનંતી કરે છે. પિતાકિ ઠાકોર શિવત્વની આરાધના ધરી નતમસ્તકે નમ્રતા વ્યક્ત કરે છે બન્ને કાવ્યોમાં નમ્રતાની રજૂઆત, પશ્ચાતાપની ભાવના અને પિતાના વાત્સલ્ય બદલ પ્રેમ્ર બેકર પુત્રોનો વ્યોપાત, ઝરણ અને પ્રાયશ્ચિત સમાન તત્વો છે.

"...જાણ્યા, તાત જ્યત્કાર્યા ગવાદયા;
ને ક્ષમાને ગા રે ના હાથે દેવ અર્પિયા
જી જ્યા, પજ્યા પૂરા, કર્યું દિલ કાપિયું
ને તમારા દિનો છેલ્લા, ઝેર કીધા ચૂક ગયું
X X X X
રમીને ભમીને હું આવ્યો છું આપ છાયમાં;
દે જો રે છાંયડી શીળી, દીધી છે જેમ કાય આ;
રહે અભીતરાનીચે ક્ષમાઓ તાત આપજો;
ન જોશો માટીને, દેવા ? માનજો પંક પંકજો

સંબોધનો, સ્મરણો અને શૈક પૂજાલાલ કૃત 'દાદ', 'પુંઆપાજાનાં' માં ઉપરના ઉદાહરા રજૂ થયા હતા બન્ને કાવ્યો વત્સલરસનાં કાવ્યો હતાં

kalpana's

પિનાકિન ઠાકોર કૃત 'પૂ. બહેનને' પણ વાત્સલ્ય સ્રોતમાંથી કરુણાર્દ્ર નિષ્પન્ન થયું કાવ્ય છે. આ કાવ્યમાં સ્મરણ, સંવાદ, તાદૃશતા, અને નાટ્યાત્મકતા ઉપરાંત રૂપકે શોકના ભાવને સચોટ અભિવ્યક્તિ આપી પ્રાકૃતિક વાતાવરણ અને રૂપકાદિને આધારે કરુણનો આસ્વાદ કરાવ્યો છે.

૭. ''ચકચીલી કળી ગ્લાન ઢળી પડી
બીછડી કાળ ચહે કરુણા સાંધવી
જગતમાં કયહીં સાંપડશે ફરી
ચતુરી અંતરની માધુરી બાંધવી''

હવે અંતરની મધુર મમત્વ ભરેલા કેવી રીતે બંધાશે ? ક્યાં જઈ બંધાવી ? કવી બહેનનું મૃત્યુ એટલે કળીના આકસ્મિક ગ્લાન થઈ જઈ કરમાઈ જવાના રૂપક વડે આ વ્યથા વડે આ કરુણ વ્યક્ત કર્યો છે.

૮. ''ચકચકેલ ભ્હેલની બાંગલી
નિરખું હું જ ચરાટી ખરી કલા
કર ધરે વદી ' બાઈ લા'
ચુમ્હું તુજ બ્હેન હું ચાંગલી''

બ્હેન જાણે કે ચકચકેલા ચહેલની તૂટી પડેલી ચરાટીની કલા હતી પારસામાં ચૂનેલા બાઈને 'બાઈલા' કહી બોલાવતી બ્હેનના હાથ,

મંગળાચરણના સ્પર્શ હજી તાજા છે. સ્મરણ બદારા કવિ ભાવની ઉત્કટતા સાધે છે. ભગ્નહૃદયે કવિ શોક બોલે છે.

"...નયનેન્દ્ર બંધ કરી હજી સ્મરણ શીતલ પારખિયે
મધુરશૈશવની ધૂંધ લાગતી, ઉજ્જવલ કોનની રાગિણી"

વાત્સલ્યમાંથી દૃષ્ટાંત, રૂપક, પ્રાસચાતુરી, સ્મરણ, બદારા વિલાપ, વિયોગ, વ્યથા નિમિત્તે શોકમાંથી કરુણ સાધે છે.

વાત્સલ્યની સરળ છતાં વેધક અભિવ્યક્તિમાંથી પુત્રીનો બાલ્ય મધુમયી બાલ્યાવસ્થા અને લાચારીમાંથી શોક વ્યક્ત કરે છે. નં. બો. દિ. બે શોકની અભિવ્યક્તિ માટે વિલાપનું લાચાર સ્થિતિ બાલ્યાવસ્થા વિલાપનું વિનિયોજન કર્યું છે તીવ્ર અભિવ્યક્તિ લાવવા માટે વ્યક્તાનની ઉલ્લેખ કરે છે. નં. બો. દિ. બે વારાફરતી સતત દુઃખદ ઘા વેઠવા છે તેથી આ ઘા પણ સહી લઈશ એમ માનતા હોવા છતાં ધૈર્ય તૂટે છે મૈ બને બોલી જાય છે કે "... ૧૦." આ ઘાત આ ક્રમે સહી શકીશું ? બાલ્યાવસ્થાના પ્રતીતિ આ ઉદ્ગારમાં છે હજી હૃદયમાં કુટુંબનાજ સંતાનોના બાલ્યાનથી ઘા રુઝાયા નથી ત્યા ઉઘરડાયેલા હૈયા પર આ શો બાલ્યાત બે વેદના વ્યક્ત કરતી પંક્તિઓમાં કરુણસભર બની રહે છે.

kalpana's

૧૧''... પૂનાં વ્રજોનો રંગ ગાવતાં જો
પડ્યો હમારે શિરે વેગ ચાલ
આ શો નિઝ નયનાં થકી વજ્રપાત''

આકસ્મિક રીતે થયેલા સ્વજનવિયોગના થયેલા મૃત્યુને કવિ પોતાને માટે વજ્રપાત માને છે કવિનું હૃદય હવે ઉઝરડાઈને બોદું-બરડ થઈ ગયું છે. તેથી રહેજમાં આંખોથી આંસુ વહેતા લાગે છે.

૧૨''ઉર થકી ઉભરાતા નેહનાં નીર રાખું''

સ્નેહ, દયામણી ઉર વ્યથા અને કવિની કરુણામાં ગાદી-સરણી બાબતમાં વ્યક્ત થાય છે તેનાં હૃદયની વ્યથાને યથોચિત વ્યક્ત કરે છે.

કરુણની વૈધક નિષ્પત્તિ, માટે વાત્સલ્ય કરુણને પોષક નીવડે વાત્સલ્યથી કરુણનું પરિપોષણ થાય તેવું દૃષ્ટાંત 'વિધુર કુરંગ' છે. પત્નીના મૃત્યુસંદર્ભે પુત્રની લાચાર સ્થિતિ, પોતાની વૈધવ્યતા અને વાત્સલ્યની અભિવ્યક્તિ થાય છે. વિધુર કુરંગે પત્નીના અવસાન પછી બાલમૃગની સંભાળ લેવા માટે શીંગડા વડે જમીન ખુંદાળી કરી, શયનની બીજ પાસેના કાંકરા જિહ્વાગ્રથી દૂર કર્યા આસપાસની ઘૂળ તો બધા આંસુથી ભીની થઈ.

ઝરતા આંસુથી શમી ગઈ. પણ તેમાંથી થવી જોઈએ તેવી હવા ઠંડી થતી નથી કારણ કે અવસાનની ખેદ અને તેના કારણે નીકળતા ઉનાં નિશ્વાસ હવાની શિતળતા હરી લેતો હતો. સુશુષ્ણાના ભાવમાં વ્યક્ત થતા આ વાત્સલ્યમાં કવિનો પુત્ર મણિલાલ બાલબ્રહ્મ છે અને પત્ની મરી જતાં કવિ વિધુર કુટુંબ બન્યા છે કવિ રૂપક યોજી વાત્સલ્યમાંથી કરુણરસ નિષ્પન્ન કરે છે. ઊંચી ખોતરી શિતલતા શોધવાના ભાવમાં વાત્સલ્યની સાથે લાચારીમાં પણ ગાવી પડેલી નવાપદારી કરુણતા વધારી દે છે. પત્નીનો વિલાપ નહિ પણ ગેબલતામંથી જીવનના જાગતી કરુણતા કવિએ વ્યક્ત કરી છે.

'દાદા' કાવ્યમાં બાળસૃષ્ટિ દ્વારા વત્સલરસ ચાલેલ્યો છે પણ કવિને મન દાદાનું મૃત્યુ કોઈ ગમગ્યુ, આશ્ચર્યજનક, જીવનના ગમખ્વાર બાનાં બની જાય છે તેથી જ કરુણ ઘેરો લાગે છે.

૧૩..."કાળાબ્ધિએ નહિ નહીં, મહાડુંગર ગબ્યો
ગઈ ઉડી મીઠી હૂંફ હરિયાળી ગઈ ઉડી
બ્લાઈ, બોલાઈ ગઈ.....કુલિનતા"

દાદાના અવસાનથી કુટુંબનું હીરજ, કુલિનતા, હરિયાળી બધું જ જતાં હવે તેમનાં સ્મરણો જે હયાતીમાં આનંદદાયક હતાં તે અવસાન પછી વેધકદુઃખવેધક બની જાય છે.

૧૪..."દાદા બધાની વચ્ચે, બેસી જમાડતા
તે મહલકુરતી કર જોઈએ કહી" મંકિતઓમાં બાળટોળીમાં દાદાએ વેરેલું વાત્સલ્ય અને કરુણ ઘઈ ઉગી નીકળ્યું છે. 'દાદા' કાવ્યનો પ્રત્યેક પ્રસંગ, ભાવ, દ્રશ્ય, બધુ વાત્સલ્યની ઝમતા છે અને તેમાંથી કરુણની ઝરમર થાય છે. કવિ ગમે તે રૂપક કે દૃષ્ટાંત પ્રયોજે પણ તેનો આશય વાત્સલ્યનો છે અને તેની પ્રાપ્તિ કરુણમાં વ્યક્ત થાય છે.

kalpanas

૫૫. "મારા સુખનાં સાથી, સમભાગી ચ દુઃખના"
એ પ્રતીતિ ક્યાંય ઓછી નથી થતી પણ વાત્સલ્યમાંથી ધીમે ધીમે
કરુણ રસ ઘેરાતો જાય છે.

૫૬. "ભાગ્યનાં સુખ માણવા જતાં,
ઢુંઢાળ ખોળો મમને વધાવતો
પુષ્પો તણી સેજ મખો બની જતો
આંસુ ઝીલતા મમ લોચનોને
દાદા તણો વત્સલ હાથ ફરતો
બળી ગયેલો બળની વિશેષ
પંપાળતા પીઠ હથેળીઓમાં
લઈ ગયાનું મુખ ચકાસીજ્યું
કરી સ્વયં ગદ્ ગદ્ કંઠ ઘૂમતા"

દાદાના સ્નેહાળ હૃદયમાંથી ફલતી વત્સલતા ઉષાની આત્મીયતા, જાણે કે બાળકોના દુઃખની સંવેદના દાદા હતા એમ વ્યક્ત થાય છે. બાળકોને પોતાનાં માતા-પિતા હોવા છતાં, બાળકિલ્લો હોવા છતાં દાદાની વત્સલકુંજ શિવાય ચેન પડતું નહીં. દાદાના વાત્સલ્ય સ્નેહગરામાં ક્યાંય દંભ, ઔપચારિકતા ન હતાં. દાદા'વત્સલ વડ' હતા તેમાં વડવાઈઓમાં બાળકો વાત્સલ્યની વડવાઈઓ માં ઝૂલ ઝૂલતા હતાં. મોટે મર્વત જેવા દાદાના ખોળામાં રમતા ગમતાં જાણે પર્વતના બાલઝરણાં હતો. દાદાના અવસાનથી શાંયજ તેમની વત્સલકુંજમાં જેવી પાનખર પેઠી કે જેના ફુલવાટામાં બાળકો ફેલાઈ ગયા છે. કોઈ ઝંઝાવાત કુંજને વેરાન, બ્યાનક બનાવી ગયો જેમાં બાળકો અને કવિ લાચાર, હતાશ થઈ ગયાં છે. કવિતાની પૂર્વી એ છે કે કવિ વત્સલનું આલેખન કરે છે. તેમ તેમ કરુણ નિષ્પન્ન થઈ હૃદયદ્રાવક બનતો જાય છે તે કલાત્મક નિષ્પત્તિ લાગે છે.

વાત્સલ્યની વિશેષતા એ છે કે દાંપત્યભાવની નિષ્પત્તિ માત્ર

kalpana's

પતિપત્નીના પાનો વ્યવહાર થતી હોવાથી તેમાં પારસ્પરિક કુટુંબ કે દાંપત્યના ભાવો વ્યક્ત થાય તેના કરતાં પુત્ર, દાદા, દાદી, પિતા, માતા, બ્હેન, ભાઇ, ભાભી જેવાં અનેક પાનો અને સંબંધોના વૈવિધ્ય પ્રમાણે આત્મીયતાની ઘુપછાંવ, અને ઉચ્ચાવચતા તેમજ રૂપ-વૈવિધ્ય, અનુભૂતિ અને તેની અભિવ્યક્તિનું વૈવિધ્ય વાત્સલ્યમાં ઘણું છે. વાત્સલ્યના પટમાં માતાના સંવેદનો, પિતાના, પુત્રના સંવેદનો દાદા, દાદીના વાત્સલ્યની છાલકોના અનવદ્ય રૂપો મળે છે.

'પૂજ્ય નાનાને' મણિલાલ દેસાઈનું એક આવું જ શોકોર્મિકાવ્ય છે પૂજ્ય નાનાની આંગળીઓ પકડી વિતાવેલા શૈશવનું સ્મરણ વાગોળી આજે એજ ગામનાં રસ્તાઓ, મંદિર કે રસ્તે જ્યારે નાના ચાલતા છે ત્યારે હૈયામાં ઘૂનો વિષાદ પ્રગટે છે.

"ન જ્યાં કુંચે પેલા તમ્મજરનાં સ્નેહ સરખું
કૂણું બીનું હોઉં નિત તરસતું લાળ ભરવા
નહીં ચે તો આજે નયન સરખું હું નીરખી રહું.
ઘણી વેળા આવી પથ પર વટા મંદિર મહીં
નિરાળું છું કોઇ તમ ઉમરનું, સાથ નવ કો,
અને ત્યારે જાણે ગગન ઉરમાં.....
અરે ? જેમાં પ્રેમે બંને કર પકડીને હું ચરી ગયો
નહીં તેની સોડે અવ ચમીપ રૈને કર લઇ
કરે, રસ્તે ચેનું નયનગત તેજે બની શકું
અને નાના મારી
હ્યામાં હંમેશા ઘડ ઘડ ઘળે જેજ ગતિ."

કવિનું બાળકૃત્ય નાનાને ભેટવા ચતત તરસતું હતું પણ ક્યે કોઇની નજરમાં એવો સ્નેહ ન હતો. મારા શૈશવના ભાકાળને હું સ્વપ્નની જેમ જોઇ રહું છું રસ્તે, મંદીરે ઘણી વેળા તમારી ઉમરનું જોઉ અને તેમની સાથે કોઇને ના જોઉં ત્યારે જાગે ગગન ઉરમાં અહીં કવિ

kalpana's

ચેહલ્લાની વ્યથા વ્યક્ત કરે છે અને તે વ્યથાને વિસ્તરતી બનાવે છે કે 'નહીં તેની ચોડે ચલ સમીપ રેને કર લઈ,'

કરે સ્તને જેનું નયનગત તેજ બની શકું' જ્યારે તમારા જેવા પણ ચેહલ્લાયા વૃધ્ધને માથે જોઉં ત્યારે અને હું તેમને જ્યારે દોરી જઉં ના જ શકું એવી સ્થિતિમાં હોઉં ત્યારે મને તેમનામાં નાના દેખાય છે. નાના, તમે ચેહલ્લાયા જેવા વૃધ્ધ સ્વરૂપે હો અને હું તમે મને ચાલું શૈશવ સાથે લઈ ઘુમ્યા હો પણ હું નયનગત તેજ બની શકતો નથી સંસારની કોઈ એવી ક્ષણ કે જેને કારણે એ ભાવના સિધ્ધ થતી નથી ત્યારે xxxxx નાના-ના હૃદયની વ્યથા કવિ અનુભવે છે તે ઘેરો વિષાદ વ્યક્ત કરે છે કે 'અને નાના મારા, હ્યામાં હંમેશા ભડકો બળે જેજ ગનિ.'' મરણમાંથી સ્મરણ અને તેમાંથી વિસ્તરતો ભાવ અને અનુભવાતી વ્યથા આ કાવ્યને વિષાદ કાવ્ય બનાવે છે. કવિને અન્ય વૃધ્ધોમાં નાનાની લાચારી જોઈ તે વ્યથા છે અને તેમને સહાય કરવાથી નાનાને સહાય પહોંચે એવી ભાવના હોવા છતાં કવિ સહાય માટે અસહાય બની જાય છે તે ઉત્કટ અભીવ્યક્તિ છે.

માતાનો મહિમા વ્યક્ત કરતી 'બા' મણિલાલ દેસાઈની સુંદર ગંજલિ કવિતા છે. કવિની શુન્યહૃદય કુટિરમાં પૂજ્ય બા આજે પણ વિરાજેલી છે.

૮.'' વિરાજેલી બા, હું, નવ કદી ય હું દૂર ખસવા
દઉં, મારે માટે વિકટ પથમાં તું જ સબળું'

બાળક માટે મા જેજ સર્વસ્વની ભાવના વ્યક્ત કરી છે કવિ બાળપણનું એક સ્મરણ તાજું કરી તેના અંત ભાગ વ્યથાની ચોટ વ્યક્ત કરે છે કે બાળપણમાં જાગી જઉં તો મને તું હલાવી દેતી અને હું નિશ્ચંત બની જઈ જતો એ વ્યથાનો આજે તો હૈયાના ગાડ થઈ ગઈ છે ને ક્યાં તારી ચિતા ચાસ્યની છાયા નથી.

૧૬. "વળી વેળા રાને ઝાકી જઉં ને ત્યાં જ નયનો
ઉઘાડીને જાગી, ખબર નહીં કયાં, જાય રમણાં?
અને ત્યારે થાતું ચલ ઠબૂરીને તું સહજમાં
કરીથી ઘુઘાડે અરર પણ ના એ નસીબમાં
વધે છે વછોં તો દિન દિન છતાં કેમ મુજને
રહે છે બોલાતી બચપણ તણી કઈ હાર્ક હજુની ?"

મારી બચપણની એ હાક હજે હું કેમ નથી સાંભળતી, હું તને જેજ ભાવથી વછોથી બોલાવું છું, અરે રે પણ હજે એ સુખ નસીબમાં નથી. કાવ્યમાં એતે કવિ વાત્સલ્યમાંથી શોક પ્રગટાવે છે. અરેરે વદારા વચના વ્યકત કરે છે અને બચપણની ઘુમ હજે માતા નથી સાંભળતી એ કવિના મનીબ્યું જ જાણે કે દુઃખાંચ છે એ વિષાદની વેદનાની ચરમ સીમા છે કવિની આ કૃતિ એ દૃષ્ટિએ ઉત્તમ શોકો મિશ્ર શોક કાંજલિ છે.

વીર રસઃ-

વીરરસમાંથી કરુણની નિષ્પત્તિ એક જ વ્યકિતમાં એક જ સમયે સંભવિત નથી વીરતા પરવાદ, સમયના ગાળે વીરતાના અનુસંધાનમાં શોક ઉદ્ભવી વીરતાના અનુભાવથી તરીકે સંકાંત થયેલો કરુણ રસ સંસ્કૃત દા.ત. કલિંગની વીરતા પછી વ્યાપેલા શોકમાંથી કરુણરસ અશોક નિષ્પન્ન કરે છે જો એકજ સમયે પ્રબ બન્ને રસ એકબીજાના અનુસંધાનમાં રહી સહસ્થિતિ શક્ય બનાવે તો પાનભેદ તેનું કારણ બને છે. ઉત્સાહ અને શોક બન્ને એક જ પાત્રમાં એકજ સમયે સંભવી ના શકે. વીરને કરુણની અથવા શોક અને ઉત્સાહની સહસ્થિતિ જોવા મળે તો પાત્રગત ભેદ તેનું કારણ બને છે. શોકાંજલિમાં વીરરસમાંથી કરુણરસ જો પ્રાપ્ત થતો હોય તો તેમાંથી પ્રબ કયાં પ્રકારે, કયાં સ્વરૂપે તે નિષ્પન્ન થાય છે તે સ્પષ્ટ મુદ્દો છે.

'વીર જતીન્દ્રના શૌર્યગાનમાં' અંબેરર્ચદ મેઘાણી યુધ્ધના

વાતાવરણના આલેખનથી વીરરસ જમાવે છે. તલવારોની ઝડીઓ વરસતી હોય, જ્યાં ઘોષણા થતી હોય, અરિ ગર્જારોસ ચાલુક્યતા હોય, ઢાક વાગતાં તોપાર ઝીલાતા હોય યુદ્ધ ઉન્માદના નાદ રણગણતા હોય અને વાતાવરણ યુદ્ધના રંગે રંગાઈ ગયું હોય ત્યાં બીજી બાજુ વગર ઉન્માદે વીર જતીન્દ્રએ રક્તનું બુન્દે બુન્દ પરત કર્યું હોય મૃત્યુને માતાની ગોદ માની ચિરશયન કર્યું હોય તો એમાં જતીન્દ્રની વીરતા તો છે જ પણ સાથે કરુણરભર વેદના પણ છે. યુદ્ધિ યુદ્ધના વાતાવરણના વર્ણનમાં ઉત્સાહ, ઉન્માદ છે તો જતીન્દ્રની શહાદતમાં વિષાદ ઘો વેદના છે. આત્મસ્વનમાંથી જુદુરુણ પ્રગટ થાય છે.

"વીસ ઉન્માદે વીર તેં દીધો દેહ વરી
બિન્દુ બિન્દુ રક્તનાં ઋણને દીધ ગણી
બિન્દુ બે બિન્દુ બે રક્ત દીધા ગણી
ગુલામી પલપલે દેહની કણી કણી
મૃત્યુને ગણ્યુ તે ગોદ માતા તણી
કે શું જિય બિલ્વની રાત સોહામણી"

તલવારની ઘટાલાગી કરતાં, જતીન્દ્રની વીરતા જૈસી હતી. દુશ્મનો વચ્ચે જેલમાં બેકલા હાથે, શાંત મુખે, સ્વસ્થ ચિત્તે, મૌન રહીને, બેકલે હાથે મૃત્યુને લીધેલા નિર્ણયને અમલનારી વીરતા ક્યાંથી નીચી કક્ષાની કહી શકાય ? બિના યુદ્ધે સ્વમાનપૂર્વક રક્તનું બુન્દ આપતો રહ્યો, દેહનો કણ કણ અને જીવનની પાઈ પાઈ ગુલામનો રહ્યો દુશ્મનો કપાળ કે કુદી પોતાની હારનો ગર્જારોસ વ્યક્ત કરે છે રાજકેદી જતીન્દ્રએ રાજકીય બંદીવાનોની દશા સુધારવા માટે બોત્તેરદિવસનું મરણાંતર અનશન કર્યું. ઈ.સ. ૧૯૨૯ ની સાલમાં તેઓ અવસાન પામ્યા ત્યારે તેમણે બતાવેલી અલૌકિક વીરતાને અંજલિ આપે છે. કૃતિની વિશેષતા એ છે કે જતીન્દ્ર-કાવ્યના વ્યક્તિવિશેષના બુ દુશ્મનોની સ્થિતિ

દયનીય બનાવી છે.

૨૧. ''ફૂટતા કપાળો, ક૨ ઝાલ ચે, નાહરાં શાંત વીરત્વ
નીરખી રહે
હાયટ હા હારિયાં' દાંત ભીંસી રહે, ગબડ્યા વીરને
જાલિમો કયમ સહે''

શબ્દાર્થથી આ વર્ણન કરુણરસ પુષ્ટ લાગે પણ આ રસ કાવ્યના વ્યક્તિ-વિશેષોમાંથી ભિન્ન થતો નથી બલકે કરુણરસ વીરતાને વધારે પ્રભાવશાળી બનાવે છે. માટે જતીન્દ્રનો શોક ન કરવો જોઈએ એમ કહી કવિ કહે છે. ૨૨. '' ગબડ વિદારણ રાગનાં, ગાજો-નંદન ધોળા
ઉત્સવદિન આપણ ઘરે, અરિજનને અફસોસ''

અફસોસ, બાપો, કલ્પાંત, હૈયાવરાળ જેવા શોકના વિલાપોથી કરુણરૌદ્રરસ થાય છે પણ તે જતીન્દ્ર માટે નહીં છતાં એમ કહી શકાય કે કરુણની તીવ્રતા બાળવા આશ્વાસન રૂપે આ વીરતાની ખિરદાવલી કવિએ ગાઈ છે એ મર્મ મનમાં રમ્યા કરે છે. કારણ કે અંજલિના અંતમાં કવિ રંજ મૂકી જાય છે કે હૈયામાં સ્નેહજનો હિસાબ નોંધી રાખીશું, તને ગુમાવ્યાનો હિસાબ પાકે સમય આવ્યે જવાબ માગીશું, પુકારા અંતની પતાકા લઈ અમેય જવાબ માંગવા આવશું એવા આલેખનમાં વ્યથા વ્યક્ત થઈ જાય છે.

વીરરસને યુદ્ધ, શહાદત, પરાક્રમના મૂલ્યો, ઐતિહાસિક અને દેશભક્તિના શૌર્યો વધારે અસરકારક બનાવે છે આજ વિલાપો અને અનુભાવો કરુણને વધારે ઘેરો બનાવે છે. કરુણની નિષ્પત્તિમાં તે શોકના વિલાપો થઈ કરુણ વ્યક્ત કરે છે : 'સ્વામી શ્રધ્ધાનંદ' કાવ્યમાં હેડગે દેશભક્ત બતાવતા ત્યાગમાં શ્રધ્ધાનંદના સ્નેહ, ઔદાર્ય અને શાંત સ્વભાવ હોવાંછતાં શ્રધ્ધાનંદની હિંમત, બલિદાન પર વારી જાય છે.

૨૩.''પૂજા આ દરથી –''ધન્ય'', ધન્ય'' – શબ્દ ય ઉચ્ચર્યા'' પણ કાવ્યોનું પોતાનું જ દુર્ભાગ્યને હાથે કપટથી ધર્મ-ધતાને નામે થયેલી હત્યામાં કરુણરસ ઉત્કટ માત્રામાં વહાવે છે. કવિ પોતે પણ આ ભાવ પ્રસંગે ચુકતા નથી. રૂપક, દૃષ્ટાંત વિનાના, લાગણીવશ કોઈ ચોપ્પારિકતા કે વેવલાપણું જેમાં લાગતું નથી તેથી જ્યાનમાં સ્વતંત્રરૂપે કરુણરસ કાવ્યને શોકાંજલિ બનાવે છે.

'મુક્તાત્મન્ મોતીલાલ' કાવ્ય ઈતિહાસ, આઝાદી-મુક્તિ અને શહાદતના શોકના ભાવમાં લખાયેલું કાવ્ય છે. કવિ મુક્તિને સંબોધન કરે છે તે જ્યારથી છે. અસંખ્ય શહિદો બલિદાન પછી પણ મુક્તિ મળી નથી ત્યારે કવિ કહે છે. 'હે મુક્તિ, તું કેવી છે? કોઈ નિર્દયી ચમારો જેવા જ બાદશાહ છીનવી લીધો તેના વિયોગમાં ધરા કુંચે છે. ગરે, માતૃભૂમિનું રુદન રોકાતું નથી. ચાટચાટવા રોનાનોના ભોગ લીધા પછી પણ તું ધરાતી નથી જ્યારે તારા ગળ્યા આકાશની શોભા ચંદની વધે પણ આકાશ સૂર્ય વિના જેમ અંધકારમય છે તેમ મોતીલાલ વિના બાવી અંધકારમય લાગે છે.

૨૪.''રોનાન મોંઘા- મા જણ્યા
દીધા બલિદાનો ઘણાં
લીધા કરે કાં ભોગ,
મુક્તિ, ચાંડુળાં હોતી નથી ''

કવિએ શહાદતનો અફસોસ જુદી રીતે વ્યક્ત કર્યો છે કે આટલા વીરો ખપી ગયા તો પણ હજી આઝાદી આવતી નથી?

૨૫.''બલીદાની લહુમે બહુકશે
ફિરભી કોટિ ચઢી''

કવિની આગાહીમાં શહીદોના બલિદાનનું દર્દ અને આઝાદી આવી નથી

Kalpana's

તેની ચિંતા, વિલાપ, થોડો આક્રોશ પણ દેખાય છે. પણ કાવ્યમાં થોડી ઝાંખી પ્રવર્તે છે કે મુક્તિ પર આ શબ્દોની કોઈ અસર નથી હું ?

ગદ્યાંશ ૨–

કરુણ સાથે વીર, શૃંગાર તો જે સંબંધ છે તેનાથી કંઈક જુદો સંબંધ અદ્‌ભુત અને કરુણ વચ્ચે છે. કારણ કે ઘેરા વિષાદ અને શોકની તુલનામાં વિસ્મય ચકિતભાવ, મુગ્ધ અનુભવ, મનુષ્યેતરતા, અહોભાવ તેની વિરુદ્ધ સ્થિતિનાં ભાવ છે. મહર્ષિ અદ્‌ભુતરસ વિસ્મય, ચમત્કાર અને દિવ્ય-ભાવમાંથી પ્રગટે છે તેની એવું સ્પષ્ટ જાણી શકાય કે મૃત્યુને જ્યાં માંગલ્ય, દિવ્યભાવ સાંપડે છે ત્યાં શોકોર્મિકવિતામાં ક્વચિત અદ્‌ભુત અને કરુણ ઉભયે જોવા મળે છે. ચમત્કાર જન્ય અદ્‌ભુત રસ શોક અને કરુણના પર્યવસન નિમિત્તે પણ ક્યારેક કાવ્યમાં મળે છે પરંતુ વીરમાંથી કરુણ સંક્રાંત થતો જોવા મળે અથવા શૃંગારમાંથી કરુણ સંક્રાન્તિ તો ઉત્તમ રસાસ્વાદ તેની સરખામણીમાં અદ્‌ભુત અને કરુણ એકમાંથી બીજાની ઉપલબ્ધિના સંબંધે ન પણ હોય બન્ને પોતાના અલગ સ્વરૂપે કાવ્યમાં હોય અને ક્યારેક અદ્‌ભુત રસમાંથી કરુણ તરફ વળાંક પામતો દિશામોડ પણ જોવા મળે તે છતાં એટલું સ્પષ્ટ કરી શકાય કે રસાસ્વાદની દૃષ્ટિએ વીર અને શૃંગારમાંથી કરુણમાં સંક્રાંત થતી કૃતિઓના મુકાબલે અદ્‌ભુત અને કરુણના સાયુજ્યવાળી કૃતિઓ નહિવત્ છે ત્યારે નાટક માટે રામબસાદ બક્ષીએ શૃંગાર વીર અને કરુણ માટે કરેલું વિધાન શોકોર્મિ-કવિતામાં પણ તેટલું જ યથાર્થ લાગે છે કે ''રહેવું જોઈએ અદ્‌ભુત અને બીભત્સ રસોને નાટકોમાં શૃંગાર- વીર - કરુણ (અને અંશિન દૃષ્ટિએ હાસ્ય) જેવું પ્રધાન સ્થાન અપાયું નથી'' તે છતાં અદ્‌ભુત અને કરુણ સાથે જે કૃતિમાં આપણને ઉપલબ્ધ છે તેમાં એક જુદોજ રસ જોવા મળે છે.

Kalpana's

અન્ય શોકો ર્મિકાવ્યોમાં ઉદ્ગાર કે વીરમાંથી કરુણ પ્રાપ્ત થાય છે. પરંતુ અદ્ભુત અને કરુણના કાવ્યોમાં કરુણની નિષ્પત્તિ શોકમાંથી સીધી થયેલી જોવા મળે છે અને શોકના સમાધાન રૂપે, કરુણના પર્યવસન નિમિત્તે કરુણમાંથી અદ્ભુતની સંક્રાન્તિ થતી જોવા મળે છે. સૌન્દર્ય, માંગલ્ય, સ્વયંપ્રકાશ સંદર્ભ, સૃષ્ટિનું રહસ્ય, પરમાત્માનું સ્વરૂપ, કર્મ, આત્માનું વિલિનીકરણ, પુરાણોક્ત માન્યતાઓ, ઈશ્વરાનુભૂતિ અને ચમત્કારરૂપે અદ્ભુતરસ પ્રાપ્ત થાય છે. શોકો ર્મિકવિતામાં અદ્ભુતનું આલેખન બે સ્વરૂપે મળે છે. કરુણના પર્યવસન નિમિત્તે અને અંજલિના દિવ્યભાવ માટે.

મૃત્યુની ઘટનાને અનેક દૃષ્ટિકોણથી સમજવા ચિંતકોએ પ્રયત્ન કર્યો તેમાંથી મૃત્યુ પછીની આત્માની સ્થિતિનું એક દર્શન એવું છે કે આત્મા પરમાત્માનો અંશ છે પૂર્ણાત્ પૂર્ણમિદમ્‌ના ન્યાય પ્રમાણે આત્મા અંતે પરમાત્મામાં ભળી જાય છે. પરમાત્મા જ્યાં વસે છે તે સ્વર્ગ દિવ્યભૂમિ છે. એવી એક કલ્પના છે કે મૃત્યુ પશ્ચાદ્ આત્માનો ત્યાં વાસ થાય છે. આત્માની ઉન્નતિ બતાવવા માટે આ દિવ્યભાવની અભિવ્યક્તિમાંથી ક્યારેક આનંદદાયક સુખદ આશ્ચર્ય, તો ક્યારેક અદ્ભુતરસ નિષ્પન્ન થાય છે. અદ્ભુતના અજ્ઞાનથી ઉપજાવેલા શોકનું સમન ક્યારેક કાવ્યોમાં આવતા અદ્ભુતરસથી થતું લાગે છે. અથવા કરુણરસની અનુભૂતિ પછી અદ્ભુતમાંથી પ્રાપ્ત થાય છે. અદ્ભુતરસની સ્થાયિભાવ દિવ્યભાવ છે. અલૌકિકતા, ચમત્કાર, ઈશ્વરાનુભૂતિમાંથી દિવ્યભાવની અભિવ્યક્તિ થાય છે. વિવિધ શોકાંજલિઓમાં અદ્ભુતની નિષ્પત્તિથી બે પ્રવાહોમાં અભિવ્યક્તિ વહેંચાય છે. અન્ય અંજલિકાવ્યોમાં અદ્ભુતમાંથી સુખદ સમાધાન અને ચિત્તના ઉદ્વેગને શમન મળે છે. શોકાંજલિમાં અદ્ભુતમાંથી કરુણ સંક્રાંત થાય છે. વિવિધ પ્રસંગો અને કાવ્યહેતુઓમાંથી પ્રાપ્ત દર્શનોમાં ઘણું વૈવિધ્ય છે.

'એક બાળકીના ગયા પછી' કાવ્યમાં ન.ભો.દિ. મૃત્યુ પછીના આત્માના વાસની ભૂમિ તે દિવ્યભૂમિ તરીકે ગોઠવાવે છે. આ મૃત્યુ-

kalpana's

લોક કરતાં તે વધુ રમણીય અને સુંદર છે એની કલ્પના વ્યક્ત કરતી કાવ્યપંક્તિઓ કવિ ગાય છે.

"હાથી દિવ્ય મુજ કોકિલા, જાતાં ઉંડો ચેકાચેક
કેમ નયનમાં ના સ્ફુરે, અમૃતાશ્રુની રેખ ?"

પોતાના અહોભાગ્ય કે દુર્ભાગ્ય વિશેની અભિજ્ઞ કવિ નવી રીતે રજૂ કરે છે. કવિ કહે છે કે મારી હૃદયકુંજમાં બે દિવ્યલોકના ગીત તેં ભરી દીધાં જાતાં કારણ કે બે તારી ભૂમિ હતી તારા જાથી હું બે રીતે મારું દુર્ભાગ્ય માનું છું કે બે લોકને હું તો જાણી શક્યો જોઈ શક્યો નહીં, તેનું દુઃખ હતું પણ તારા ગીત દ્વારા મળતા પરિચયથી આશ્વાસન હતું કે બે લોકનો પરિચય તારા ગીતમાંથી મળતો હતો હવે તો હું પણ ગઈ, બે ગીતો પણ ગયાં બે લોક મારે માટે અજાણ્યા જ રહ્યો હવે મારે બે તારકથી શોક અને કરુણ ભાવ્યમાં છે આ આલેખનમાં દિવ્યભાવયુક્ત અદ્ભુતમાંથી કવિ કરુણ નિષ્પન્ન કરે છે.

"બે ઉપકાર શો કોકિલા, કેમ વીસારે આ વાર,?
બેય સ્મરી નવ ઢાળું શું ? ઝીણાં આંસુ બે ચાર ?
હવિ દિવ્ય મુજ કોકિલા, જાતાં ઉંડો ચેકાચેક
કેમ નયનમાં ના સ્ફુરે, અમૃતાશ્રુની રેખ ?"

અદ્ભુતમાંથી કરુણની નિષ્પત્તિ સ્નેહરશ્મિકૃત 'સદ્ગત મિત્ર કાંતિભાઈ કાપડિયા' વિશે લખેલા કાવ્યગુચ્છમાંની 'સ્વપ્ન' કાવ્યમાં કલાત્મક લાગે છે. કવિ બાત આલેખે છે કે વિજ્ઞના સ્વપ્નની ધનથી લહેરથી ઘનગર્ભાં, તે કુસુમો થઈ લક્ષ્મીની વેણીમાં વસ્યાં, બાકીના પુષ્પો આકાશમાં ચેરાતાં ઉષા પ્રગટી, સૂર્ય સમ પ્રસરી ગઈ તે ય પેલાં પુષ્પો હતાં. મિત્રના પ્રયાણના ચાલ્યાં વ્યાપક શુભ સંભારણાંને અંતે કવિ કહે છે કે જ્ઞાન વિજ્ઞનું તે સ્વપ્ન બીજું કોઈ નહીં પણ હું જ

kalpatru's

હતો. હે તારા જળથી તારો સ્વાને મારે માટે તારા સ્નેહાશ્રુઓથી ઝરતી માત્ર 'વેદનાજ્ઞાન ધારા' વહે છે. દિવ્યભાવ માટે ભગવાનની વિષ્ણુના સ્વપ્નનું રૂપકાયોજન બ્રહ્મજ્ઞાનની અનુભૂતિ કરાવે છે પણ મિલનના અવસાનથી તેની વ્યાપક અભાવ અને મનની અંજપો તેમજ વ્યથામાંથી કરુણરસ નિષ્પન્ન કરે છે.

૨૮...ના જાણ્યું મેં સુહૃદય ? તું હતો વિષ્ણુનું સ્વપ્ન આ દિ
અંધેરું રે ? કર મુજ હવે, એકલો મંદ ભાગી''

સુખદ સ્નેહાશ્રુ જેમાંથી મળ્યું છે તેવું વિષ્ણુનું સ્વપ્ન અન્ય કોઈ નહીં પણ પોતાનો મિત્ર હોવાથી પહેલાં 'મુજે મારે હૃદય સહસા છંદના છંદ જાગ્યા' એમ કહે છે પણ પછી મિલનના અવસાનથી વ્યથિત થતી કવિ પોતાને મંદભાગી કહ્યું છે.

ચમત્કાર અને રહસ્યના ઉઘાડમાંથી દિવ્યભાવ વ્યંજના રૂપનું બાલેખન ઝવેરચંદ મેઘાણી 'અણ વંચાયેલા સંદેશા' કૃતિમાં કરે છે. સામાન્ય માનવની આંખથી નથી વાંચી શકાય એવા જેવી સંદેશા માટે કવિ 'અણ વંચાયેલા સંદેશા' કહે છે. કાવ્યના સમગ્ર ભાવ પ્રદેશમાં આ રહસ્ય નથી ઉઘડ્યું તેવા અણ વંચાયેલા ચમત્કારો ધીમે ધીમે ઉઘડે છે. જેમ જેમ આ ચમત્કારોના રહસ્યો ઉઘડે છે તેમ તેમ સંતોની સમાધિના પોપડા ઊઘડે છે. તેમાંથી સંતો પ્રત્યક્ષ પ્રગટ થાય છે. જતિ-સતિના મહાસંઘો તેમાંથી ઉભટે છે. બ્રહ્મના પ્રકાશતંત મશાલો સળગે છે તેના પ્રકાશમાં દિવ્યપુરુષો દેખા દે છે. રણના રાઠડાકાંઠ કાંઠી રામદેવ પીર જાગે છે. દેવીદાસ જાગે છે. લોકલાયકાઓ જાણે જીવતી - જાગતી સજીવની બની જાય છે. કવિ એક પછી એક બ્રહ્મજ્ઞાનના પોરાણિક પ્રમાણો આપે છે. અને સદ્ગત વ્યક્તિ વિશેષ ઠક્કર-બાપાના લોક-કલ્યાણના કાર્યોનું ગૌરવ કરે છે. આ દિવ્ય દેવાંશીએ ના જીવન કાર્યોનું ઉત્તમ, ઉન્નત અનુસરણ કવિ ધ્રુવમાં વ્યક્તિવિશેષ માટે કરે છે.

kalpana's

એમાં સર્વપ્રથમ રામદેવપીરનું ધર્મ રક્ષાર્થે કરેલા બલિદાનનું સ્મરણ કુરે છે. મુસ્લીમો હિન્દુઓને વટલાવવા આવ્યા ત્યારે રણમદેશના રણુચા ગામના માલાડીના વીર રજપૂતે વીરતા બતાવી ધર્મનું રક્ષણ કર્યું હતું. તેનો લીલો ઘોડો અને લીલી ધજા પ્રચલિત છે. તેમને રવર્ણોમાં ટકાવી રાખતાં કે રાખવા જતાં જુવાનીમાં જ તેમનું મૃત્યુ થયેલું પછી તે ચમત્કારિક પુરુષ, દેવાંશી આત્મા તરીકે પૂજાયા એજ પ્રમાણે કાઠિયાવાડના પરબ નામના ગામના સંત દેવીદાસે રક્તપીત્તિયા અને કોઢીયાની સેવા કરવામાં આવડું ધરી નાખ્યું. ઝોળીમાં પ્રજા દાણાં ના લાવતાં ગામે ગામથી રોટલીના ટુકડા માંગી લાવતા : ભીખી લાવેલા ટુકડાથી સર્વને ભોજન કરાવતા તેને કવિ 'રંકાજી ઝોળી ' કહે છે. બીજી સંદેશામાં વીર શહિદો ચાલ્યા જતા ચોથા સંદેશામાં હિમાલયની ખુંદરામાંથી જીવની અવાજો સંભળાય છે. ચાર ચમત્કારોમાંથી કવિ ચદ્ગતસ્ય રેલાવી કાવ્યના ચદ્ગત વ્યક્તિ વિશેષરૂપ એક જ્યા જ જીવંત ચમત્કાર માટે સમર્થ ગણાવી કહે છે.

૨૯. 'શબ્દ અનોખા જેની રૂપાઇ નોખી બાયા
લક્ષિયા ને લેખણ જેના અકળ કળાવો રે'

ચદ્ગત ઠક્કર બાપાના વ્યક્તિત્વનાં પણ આવું ઉદાત્ત સામર્થ્ય ભાળી કવિએ શો ક વ્યકત કર્યો છે.

'અકાલમરણ' માં ન.ભો.દિ. ચદ્ગત મિત્રપત્નીને ચંદ્ર, તારા, ચિનકારના ચિત્ર, રવિ જ્યોત, ઉષા, રુચિર તારલાની હીરાકણી વસંતની માધવી નીકળી સાથે સરખાવી 'સ્મરણ મંદિરીયે મ્હારતા કરી' જે સ્વભાવની સુગંધ' થશે કેમ લુપ્ત તે કહેતી' એમ કહે છે.

૩૦. 'તદપિ કલ્પના બળે ભેદી, જવનિકા એ મૃત્યુ કેરી,
નિરખું હું એ છબી અધિક એ રૂડી
મૃદુલ દિવ્ય જ્યો નિભા હિં બૂડી

kalpana

ગાડી દિવ્ય પાંખ ગઈ ઉડી
ક્ષિતિજમાં ઝૂકી, ક્ષિતિજમાં શમી
રહ્યું પ્રતિબિંબ સ્મરણમાં રમી ''

વાત્સલ્ય જેવોજ ઉમદા સદ્‌ભાવ અને આત્મીયતા મૈત્રીમાં વ્યક્ત થતાં હોય છે. મિત્રવિરહ અને તેમાંથી જાગતી બેકલતા કવિ સ્નેહરશ્મિ 'કોલ' કાવ્યમાં વ્યક્ત કરે છે.

૩૧..!સ્મરે છે પેલો જુગ જુગ જૂનો કોલ તુજને ?.....
કહ્યું' તું કે ''જેવું'' સફર કરવા વ્યોમ-રથમાં
દઈ ચાવાં ચાવાં વચન વિરહ્યો રહેજ કરવા
છતાં હું તો નિત્યે અનિમિષા દૃગે રાહ નીરખી
જ્યાં તારી મૃદા તપીશ ચહીં કાલાન્ત અવધિ''

વ્યોમ રથમાં અને કરવા સાથે લઈ જવાનું બેકરાર વચન આપી, કહ્યા-વગર જતો રહ્યો પણ જે મિત્રના નામની આજીવન જપી તેના વિયોગમાં તપી હું તેની હંમેશની ટેવની જેમ રાહ જોઈશ સ્નેહરશ્મિએ મિત્ર માટેની કેવી સુંદર નાદાન નિષ્કાલસતા વ્યક્ત કરી છે પણ તેની ભીતરમાં ઘોરગંભીર શોકનું ગુંજન છે. કવિનો મિત્રને ઠપકો આપવાનો હક્ક છે. એમ માની કહે છે કે તારા જેવો વચનભંગ હું નહીં કરું, મારે મિત્રના લાજે ગેલું કંઈ નથી કરવું. આલેખનમાં આદર્શમૈત્રી, બેકલતા, કલ્પાંત, ઘેરી આર્દ્રતા, જય-તપ્તતાપ-વચન સર્વમાં મિત્રવિયોગ, વિલાપનું વૈવિધ્ય સ્નેહ નિમિત્તે કરે છે.

બહેની સ્નેહ પણ એક વાત્સલ્યનો જ પર્યાય ગણીયે તો હરિશ્ચંદ્ર-ભટ્ટની 'નિદ્રોળાને નિર્મળા ચાંખ તારી' બહેનના સન્માન પર લખાયેલી કવિતામાં બહેન માટે સ્નેહ અને વાત્સલ્યમાંથી ઝરતા રસાનુભૂતિ આપે છે. કવિની કલમ આલેખનમાં ચુકેલતા સર્જે છે. નિદ્રોળા સુકુમાર બહેન માટે કવિ 'સુકોમળી દેહકળી' લખે છે કળીના ખીલવાની આશા બંધાય પણ

kalpana's

મૃત્યુનો આંચકો કવિ 'વસંતની ફુંક થી 'ખરી પડી' કહી આઘાત-જનક વ્યથાનો નિર્દેશ કરે છે.

૩૨...'ઘેરી રહે જીવન-ઝૂંડી જરી,
ખરી પડી ત્યાં ઋતુજ અંગણી અરે ?'

પંક્તિમાં 'અરે' કહીને કવિ દુઃખદ વિસ્મય સર્જે છે. વસંત અને ખરવું, પાંગરવું અને ખરી જવું, કૌમાર્ય ઉંબરનાં પહેલાં જીવનઝૂંડી ખરીજવી એક અંજલિમાં બારું નીહું જલ સમજે ન સમજે ત્યાં 'ખરી પડ્યો પાય સમૂહ મહીં' વિરોધાભાસી ક્રિયા-પ્રતિક્રીયા સર્જી કવિ દુઃખદ વિસ્મયને ઘેરું બનાવે છે. અને મૃત્યુના કરુણને વધુ શોકમીનો બનાવે છે. ૩૩. ''સાતમી પંક્તિના ઉત્તરાર્ધમાં 'ખરી અને આઠમી પંક્તિના પૂર્વાર્ધમાં 'ખરી' નો પ્રાસ સાભિપ્રાય આપી અકાળે થયેલ જીવન વિલયના, ચિત્રને ચાક્ષુષ કરી આપે છે. સમગ્ર રચનાનું સંરચન સ્વયં રસ' રૂપે પ્રતીતાય છે..... વસંતની ફુંકથી મરણની અનુપ્રાસ વૈધકતા ધારણ કરે છે.....'' સમગ્ર રચના પ્રસન્ન ભાવ અને ભાષાના ઋદ્ધતની કલામય પ્રમાન બની રહી છે.

રૌદ્ર રસ :-

ભયાનકતા અને રૌદ્ર અત્યંત નિકટની સ્થિતિ દર્શાવે છે. ક્રોધના ભાવ-વિભાવમાં વ્યક્ત થતા રૌદ્રના કર્મો કરુણનું કારણ બની જાય છે. તેથી રૌદ્ર અને કરુણને કાર્યકારણનો સંબંધ છે. રૌદ્રના કર્મ શોકજન્ય નીવડે તેથી કરુણ પ્રગટે . રૌદ્રનું કર્મ કરુણનો વિભાવ બને તેથી રૌદ્રરસના અનુભાવો શોકના વિભાવ બની જાય છે. રૌદ્રમાંથી કરુણ પ્રાપ્ત થાય અર્થાત્ રૌદ્રરસના ફલસ્વરૂપે કરુણ ઉદ્ભવે તો એક રસના ફલસ્વરૂપ બની રસની નીપજ એ સ્વયંસ્ફુરિત વિલક્ષણ પ્રક્રિયા બીજી પ્રકારે થતી રસ સંક્રાંતિનું દૃષ્ટાંત છે. રોષ, આક્રોશ, હોનારતી ભયાનકતા, વિનાશલીલા, તાડન, પીડન , ક્રોધજન્ય તિરસ્કારની અનુભાવોમાંથી

રાંદ્ર મગટે છે.

'આજ નયનો? રડી?' કાવ્ય એક આવી વિશિષ્ટતા ધરાવતું કાવ્ય છે. દુનિયા ફરાની દઈ પોતાની આંખોને કવિ સંબોધે છે કે નયનો, રડો ગાંધીની હત્યા વિશ્વની કોઈ નાની સૂની ઘટના નથી. અભિવ્યક્તિમાં વક્રતા અને વેધકતા શોકને ચોટદાર વ્યક્તવ્ય આપે છે.

૩૪. 'આજ નયનો ? રડી ? હૃદય ભાંગી પડો
પૃથ્વીના પેટાળના કાળના કોરડાશા
ધરાકમ્પ ચૌ કારમા ગડગડો
આજ આકાશના ઘુંમટ નીચે પડો
સૂર્ય ચંદ્રને તારલા ચૌ ટળો
આજ ગાંધી ગયા ?.....

રાંદ્રસ્રના વર્ણનમાં રોષની અભિવ્યક્તિ છે. પ્રલયંકારી વજ્રાનકતા વર્તાવે તેવા આલેખન દ્વારા ગાંધીનો પ્રભાવ અને અભાવ કવિ સ્થાપિત કરે છે. ગાંધીના ગયા પછી ચોકેર અંધકારમય વાતાવરણ લાગતું હોવાથી સૂર્ય ચંદ્ર તારાની વિસાત નથી એમ કવિને થાય છે. તેથી પ્રકૃતિ તિરસ્કાર બધાં ભાવ બતાવવા માટે કવિ કહે છે સૂર્ય, ચંદ્ર, તારા ટળો સનાતન સત્તા, સત્ય અને શક્તિઓને નિર્મલ્યે, વ્યર્થ વ્યક્ત કરવામાં શોકની તીવ્ર માત્રા જ કાર્ય કરે છે. કવિ શોકની વ્યાપકતા પ્રસ્તાર કરવા માંગે છે માટે કહે છે 'હૃદય ભાંગી પડો ' આકાશ માને કેમ છે ? કાળના કોરડા જેવાં ધરાકમ્પ ગડગડો. વજ્રાનકતા, આતંક, પ્રલય, ધરાકમ્પ આકાશના ઘુમ્મટ નીચે પડો જેવા રાંદ્રસ્રની અભિવ્યક્તિમાં કવિના મનમાં શોકથી મચેલો ઉલ્કાપાત અને કરુણે મચવેલો આતંક જ છે. રાંદ્રસ્રના કર્મ, તાડન, પીડન, છેદન, અને ઉપરની પંક્તિઓમાં બતાવેલા ભાવો શોક જન્માવે છે. કાવ્યમાં ચૂડગતની અસરથી કવિ આ રાંદ્રની

વ્યભિચારિ કિંવા ૩૯ારા શોકનો આશ્રય લઈ, રૌદ્ર રસનાં પણ અનુભાવો ૩૯ારા શોકના અનુભાવોનેરૂપે કરુણ નિષ્પન્ન કરે છે. રૌદ્રમાંથી કરુણની રસાનુભૂતિ પણ ચેતનાના ફલ સ્વરૂપે અન્યરસની નીપજની પધ્ધતિથી રસ સંક્રાંતિની બીજી પ્રકારના દૃષ્ટાંત પ્રમાણે થાય છે.

૬.શાંતરસ :-

શાન્તરસ અને પદ્મરસની સંયુક્ત ચર્ચાનો ઉપક્રમ બે દૃષ્ટિએ સાથે લિયાર્યો કે કરુણ પછી શાન્તરસ આવ્યો હૃદયમાં અનુભાવ પણ તે છતાં કરુણ નામશેષ થતો નથી એજ કરુણની તીવ્રતા છે. બે સિધ્ધ કરવા પદ્મરસ એક ઉમદા માધ્યમ છે, પદ્મમાં વ્યક્ત થતો કોઈપણ ભાવ પદ્મમાં ઢાળ્યા પછી શાંતિ નિમિત્તે વ્યક્ત થાય તેવી સામાન્યતઃ માન્યતા છે. આમ તો પદ્મ જ કહેવાતું આવ્યું છે પણ તેમાંથી હૃદયનો વિશિષ્ટ રંગ પરખાતો હોવાથી અને મૂળ ચક્રારણ કવિએ હૃદયની રસની અનુભૂતિની અભિવ્યક્તિના માધ્યમ રમા પાનની સામગ્રીમાં હૃદયની લાગણી વ્યક્ત કરી હોવાથી પદ્મ પણ સ્વાભાવિક, લાવ્યો બે અર્થમાં પદ્મ નિરસ નહીં, પણ સરસ હોય તેવા અર્થમાં પદ્મને બદલે પદ્મરસ શબ્દપ્રયોગ ! કર્યો છે. અને એક સ્પષ્ટીકરણ થવું જ છે કે અન્ય નવ રસોમાંથી વિશેષ અર્થ આપતાં જે તે રસમાંથી મળતા અર્થવિદ જેવો કોઈ વિશિષ્ટ અર્થ સંદર્ભ પદ્મરસ શબ્દમાં નથી છતાં કવિનો નીરૂપેલો આ શબ્દ પ્રયોગ સાર્થકરૂપ છે. તેની પ્રતીતિ કાવ્યોમાં દેખાય છે.

'મૂંબાપા જતાં' શ્રેણીમાં એક કાવ્ય 'હવે દોર જતાં' આવે છે. જેમાં કવિ કહે છે કે પિતા-પુત્રના પરસ્પરના વાત્સલ્યનો અક્ષરદેહ તે પત્રો હતાં. લિપિમાં લપેટાયેલો વાત્સલ્ય રસ નીતારવાની ભાવના જેમાં કવિ વ્યક્ત કરે છે કે...

૩૫ "તમારા પત્રો રે, વત્સલસ્નની સંકુલ લિપિ
જીણી ઝાડી જેમાં, નજર ગૂંચવાઈ ન નીકળે"

kalpanu's

પિતા-પુત્રના સંબંધ રોતુ સમા, પત્નના ગાયનમાં પરસ્પરનું વાત્સલ્ય મતીબીંબિત થતું હતું, ગમે તે ટેવ મુજબ મૃત્યુ પછી પણ 'પ્રિય પિતાજી' જ્યારે લખાઈ ગયું પણ હૃદય ધ્રુજે છે, આંખો વાત્સલ્યિકતાથી ચોંકી ઉઠે છે અને '....ટપકી દુગો ઝૂંપી' નાખે છે તે પ્રસાંતના શબ્દોમાં કવિ ગરકી જાય છે ખાલી પડેલી જગ્યા તરફ અનિમિષ દષ્ટે જોઈ રહે છે. કંઈ સૂઝતું નથી કવિનું મન-પારાવાર શોક, અફસોસથી ભરાઈ જાય છે કે પ્રિય પિતાજીની જગ્યા કોઈ પૂરી શકે તેમ નથી સંબોધનથી સૂનો પન કવિના મનમાં કરુણ જગાવે છે કવિ દ્રવી ઉઠે છે. પિતાના મીઠા સંભારણામાં પત્ર અણમોલ છે. 'પત્ર રસ' માં કવિ પત્ર વ્યવહારમાં સામ-સામેના તંતુકમળના તંતુનું રહસ્ય જેજ પત્રો છે તેમ કહે છે. પત્રના અક્ષરે અક્ષરે હૃદય ધબકે છે. તેમ કહી કવિ પત્રનું જીવંત પણું સિધ્ધ કરે છે. પત્ર રસ જાણે કે રસનું ઝરણું લાગે છે. વાત્સલ્ય, વિયોગ, શોક, સ્મરણ ગેકલતા, અફસોસ, પિતૃમહિમાના વિલાવનુભાવમાંથી કરુણરસની અનુભૂતિ કરાવે છે. વિશેષતા એ છે કે નવાંજ વિભાવો અને વિભાવોના નવાંજ ઉપક્રમે કરુણ નિષ્પત્તિ આ કાવ્યોમાં છે.

કવિતામાં શાંતરસની જમાવટ કવિ પ્રતિભા પર આધારિત છે ભાવનું ગાઢુર્ય વર્તાય છતાં શોકની અસર ઓછી ન વર્તાય. કાવ્યના ભાવનિરૂપણમાં શોક પણ આહ્લાદ રેલાવી દે અને છતાં કરુણને આંચ ના આવે તે કવિ કૌશલની કસોટી રૂપ છે. શોક- શાંતિ- અને શાંત રસમાંથી કરુણની રસાનુભૂતિ કરાવવી તે લાવ્યોજ શ્રમ લાગે.

૩૬..'હજી હજી દૈહલતા ન પાંગરી
કોમાર્ય આહું ઉઘડ્યું ન ઉઘડ્યું
પ્હેરી રહે જીવન ચૂંદડી જરી,
સરી પડી ત્યાં તુજ ગંગથી એ ।'
સંસાર સાગર ને કિનારે

kalpatari

ઉભા રહી અંજલિ એક નિધી
ખારું મીઠું બે સમજી શકે ત્યાં
સરી પડ્યો પાય સમુદ્રની મહીં''

ઉઘડતાં ઉમંગ અને કૌમાર્યનો અચાનક અસ્ત અને લેનારથી વ્યાપેલું દુઃખદ આશ્ચર્ય, દિગ્મૂઢ સ્થિતિ કાવ્યમાં વ્યક્ત થાય છે. કલ્પાંત, વલોપાત, રુદન, કે કકળાટ નથી છતાં એક તરફ શાંતરસનો અનુભવ થાય છે તો બીજી તરફ દરેક કંડિકાની અંતિમ બે પંક્તિઓ ક્રેર મારે છે. કાવ્યમાં કશું જ વિક્ષુબ્ધ ઘટ્યા વિના જગતમાં ગણાતી વસંત-ની ફૂંકે ખરતી કળીની ઘટનાની કવિ હૃદય પર થયેલી ઘેરી વિષાદની લાગણી પણ વ્યક્ત કરે છે.

૩૭''છો કાળ આવે, શિશિરો ય આવે,
ને પુષ્પ ફૂલા, દવમાં બજાળે;
ચૂકો બધી દેહકળી ચરે, અરે,
વસંતની ફૂંક મહીં ખરી પડી ?''

સમગ્ર કાવ્યને ધ્યાનમાં રાખી ડૉ.સુરેશ જોશી કહે છે કે...ટ.'' ક્યારેક કાવ્યનો મુખ્ય ભાવ શોકનો હોય પણ કવિની રજૂઆત તેના શોકને ઉચ્ચ-કોટિ પર પહોંચાડે છે. તેમાંથી વ્યર્થ વિલાપની બદી કાઢી નાખે છે. કાવ્યમાં અનુભૂતિ કરુણ હોય પણ તે માધુર્યથી ભરપૂર હોય તેમાં જૂજ બાહ્ય કકળાટ, ઉપાલંભ કે ચાહોચ્ચ ના હોય તો તેનો શોક પણ આહ્લાદક શાંતિનો અનોખો પરિવેશ સર્જી જાય છે. ત્યાં શાંતરસનો અનુભવ પણ થાય છે. આ શાંતિ આસ્વાદનો અનુભવ એક વિષાય બની જાય છે. શોકમાંથી શાંતિપ્રદારા કરુણની પ્રસન્નતાનો આ નવો ચોંપ કાવ્યની અને મુખ્યભાવની સિધ્ધિ છે.'' ડૉ. જયંત પાઠક પણ નોંધે છે કે ૩૯.''.....નિદોષ ને નિર્મળ આંખ તારી' કુટુંબ જીવનની એક ઘેરી, કરુણ રચના છે.....કાવ્યમાં વેદનાની સચ્ચાઈ તથા રચનાનો

સહજ વેગ છે તેથી સ્વ. હરિશ્ચન્દ્રની આ એક લોકપ્રિય બનેલી રચના છે.''

શોકળીની અભિવ્યક્તિ તરીકે ઉશનસ્‌ના ઉદ્‌ગારો દુઃખદ આશ્ચર્યની અભિવ્યક્તિ સમાન છે એમાં વાત્સલ્ય, જીવનનિર્દેશ , અને મૃત્યુનું ઈંગિત દર્શન છે.

૪૦.''અમે જેને ખૂંધે, ચઢી ઊછરિયાં વેલ સરખાં
અમારી ખાંધે ને, તરુવર સ્વયં રે ચઢી ગયાં''

પેઢીના આ લેખનનો ઇશારો આ પંક્તિઓમાં છે. જેના છાંને નીચે વૃક્ષ તળે હોઈએ તેમ વેલ સરખા અમે વિકસી ગયા ને અમારી ખાંધે ચઢી ગયા કહેવામાં સદ્‌ગત પિતાના અવસાનનો નિર્દેશ તો છે જ પણ મૃત્યુની આવી સુંદર લાઘવ યુક્ત પંક્તિ સ્વના જવલ્લેજ મળે સમગ્ર જીવનનું દર્શન પણ એમાં છે.

૪૧.''અમોને આચ્છાદી રહ્યું તું ગરવી ને સદી થકી''

પચિસ્તેર વર્ષ સુધી જેના છત્રમાં જિંદગી ગઈ તેના વિના હવે નોંધારા થઈ ગયા. ઉશનસ્‌ની અભિવ્યક્તિમાં ખેદ, ઝૂરાપો, આકસ્મિક બીજાનું આશ્ચર્ય અને નિરાધારીની વેદના વણાઈને આવે છે. વાત્સલ્યમાંથી શોક વટાવી કરુણની સ્વાનુભૂતિ આ પંક્તિઓમાં પણ છે.

૪૨.''વિલુપ્ત થતાં તુંજ ઝંખ બેટી
સેવું દશા ભિષ્મ ક્ષોભ અસહ્ય દેવી''

એમ ન.ભો.દિ. જ્યારે લવંગિકા માટે વિલાપ કરે ત્યારે ઉશનસ્‌માં પુનર્હૃદયના વાત્સલ્યમાંથી ઝગટતો કરુણ અને ન.ભો.દિ ની પંક્તિઓમાંથી પિતૃહૃદયમાંથી ટપકતો કરુણ અનુભવાય છે.

કરુણ અને શાંતનો સમન્વય ન.ભો.દિ.ના 'સ્મરણ સંહિતા' માં 'મંગલ મંદિર ખોલો' પ્રાર્થનામાં પણ જોવા મળે છે.

૪૩.।। દિવ્ય તૃષાતુર આવ્યો બાળક
મેમે અમી–સ ઢોળો દયામય
મંગળ મંદિર ખોલો,

કવિતા હૃદયમાંથિ પ્રભુ પાસે આયનાના નીકળતા ઉદ્‌ગાર સચોટ છે. 'શીશુને ઉરમાં લ્યો.....લ્યો..... દયામય' કહી પુનવાત્સલ પિતાની સ્તુતિ કરાવે છે. કાવ્યતો દીર્ઘ કરુણ પ્રશસ્તિ કાવ્ય છે. પણ 'મંગલ મંદિર' પ્રાર્થના માટે ચંદ્રશંકર ભટ્ટ નોંધે છે કે ૪૪.''..... કરુણ પ્રશસ્તિનો કે સુંદર નમૂનો તેમને આપ્યો અને 'મંગલમંદિર ખોલો' નું શાંતરસનું અનુપમ કાવ્ય ગુજરાતી ઉર્મિકવિતાનું અમૂલ્ય રત્ન છે.'' એ નોંધવું જોઈએ.''

કરુણની સ્વનિષ્પત્તિ :-

મૃત્યુની રીતી અસર રૂપે કવિ પોતે શોક અનુભવે પણ એ શોકમાંથી ઘેરાતા કરુણને ઘૂંટનારા પ્રસંગોનો પણ ફાળો મહત્વનો બની જાય છે. સદ્‌ગતના મરણથી કવિ હૃદય શોકગ્રસ્ત હોય પણ તેને ઘેરા કરુણની અનુભૂતિ આપનારાં અનુભાવો પ્રસંગોની ભૂમિકા નાની સૂની નથી.

૪૫.।'અમારી માતાના કર–શિર–કપાળેથી ઉતરી,
જતાં સૌભાગ્યશ્રી, અદૃશ્ય તમને કેમ થતું નહીં તું ?
ક્ષમા તો વેદાન્તી નયન અમ થોડું ભીનું થતું ''

સદ્‌ગત પિતાને કવિ કહે છે તમે ભલે સ્થિતપ્રજ્ઞ, વેદાન્તી, વૈરાગી હો માયા તમને ભલે ના સ્પર્શે તમે અને તમારું ગમન તમારે પક્ષે નિર્દોષ પણ ખરું, છતાં તમે માતાના કર–શિર– કપાળેથી સૌભાગ્ય સ્વરૂપે વસતા હતા તે અદૃશ્ય થઈ ગયા એમાં માતા તો દુખી થઈ ગઈ. તમારા જવાથી તેને થયેલા શોકથી કે અમે પણ શોકમગ્ન થયા છીએ. આંતરિક વલોપાત અને વૈરાગી વેદાન્તી પિતા અને મમતાની મૂર્તિમાતાનું

Kalpatarus

વૈધવ્ય વગેરે વિરોધાભાસમાંથી શોક વધી જાય છે. 'ક્ષમા તો વેદાન્ત' માં પુન સહજ નમતા વ્યક્ત થાય છે. ક્ષમા માંગીને પણ કબૂલ કરવું પડે કે 'અશોકમાં પ્રભ માનનાર અમને તમે શોક ભીનાં કરી ગ્ર ગયાં' કારણ કે નયન અમ થોડું ભીનું થતું આ તમારા વિના વ્યાપેલા ઘેરા વિષાદનું કારણ છે.

'કલાનો શહિદ' કાવ્યોમાં ઉમાશંકર જોશીએ શિલ્પી હિરાધર પાછળ ગાયેલો કરુણ પણ હૃદયદ્રાવક છે. પથ્થરોને સંબોધન કરી જે ભાવજગત સર્જ્યું છે તે અસર કરી જાય તેવું છે. માનવી કરતાં જે પથ્થરોએ હિરાધરનું જીવન ઘડ્યું અને આ મરણાંત સાથ આપ્યો તે જ પથ્થરોને લીધે, તેજ પથ્થરોથી દૂર હવે તારે થવું પડશે. રેવાના રમણીય પથ્થરો, સુરંગના સંગેમરમર, બીણમાં નીકા લેતા પથ્થરો હિરાધરની અકારણ મૃત્યુની સ્થિતિપર લાચાર થઈ નમી પડે છે. લાચારીથી પથ્થરો ચલાક બની જાય છે. સંગેમરમરના પથ્થરો ચૂના થઈ જાય છે. પર્વતપર પ્રતિક્રિયા કરતાં પથ્થરોની હિરાધર ક્ષમા માંગે છે. કલાની ઊંચી ભાવના અને આદર્શ વ્યક્ત કરતાં હિરાધરની ખુમારી અને સ્થાપત્ય-નિષ્ઠા થી ભાવકના મનમાં કરુણ છવાઈ જાય છે.

શોક અને કરુણની પરલક્ષી રજૂઆતની દૃષ્ટિએ વચલા પુનના મૃત્યુ નિમિત્તે સુરેશ મજમુંદાર ઓગષ્ટ પ્રત્યે રોષ, ધિક્કાર, તિરસ્કાર, ચણમો, નારાજગી વ્યક્ત કરે છે. પુનનું મરણ પણ ઓગષ્ટમાં જ થયું છે. સમયના પ્રવાહમાં એક ઘટક ઓગષ્ટ છે અને 'કાળ જાય અને કહેતી રહી જાય' એ રીતે હે ઓગષ્ટ, તારા ગાળામાં બનેલી ઘટનાઓથી તું વગોવાઈને તિરસ્કારને પાત્ર બન્યો છે. શોકના ચક્રિયકિતની આ રજૂઆત રોષ-રૂપે હોવા છતાં એમાં પુનરાવસાનનું દર્દ છે. વિયોગની વેદના રોષ રૂપે પ્રગટ થઈ છે. ઓગષ્ટ ઐતિહાસિક સંદર્ભમાં મહત્વનો [illegible] મહિનો છે પણ પોતાના પુનને એ માસમાં ગુમાવવો પડ્યો તેથી દુખદ છે તિરસ્કાર

kelpano's

કે રોળાની પાછળ ચન્દ્ર પુત્રના મરણનો ખેદ ભૂંસે છે.

૪૬..."આવ્યો ? આવ્યો ? જશે ચાલ્યો ,
મારા ચોગઠ્ઠ તું છતાં
કરેલાં કાર્યો સૌ તારાં
ચંકાયા ઉર !"

હત્યા, શહાદતના તોફાની મારા તરીકે વગોવાઈ ગયો એના ઉપાલંભમાં ક્રવિયિત્રી આ ચોગઠ્ઠે તેનો પુત્ર પણ લીધો છે એ શોક વ્યક્ત કરે છે.

૪૭..."કહેને કરતા તારી, બની કોંગીની ક્યારથી ?
બની ના આજ એ સાથી, હતી એ પૂર્વકાળથી !"

– વેદનાનો સૂર આત્મીય આત્મલક્ષી અનુભૂતિમાંથી જાગી છે ઈતિહાસના વ્યાપક ફલક પર વિસ્તરી સ્વાનુભવ તરફ પાછો વળે છે.

૪૮..."ગરે કાં રોળાનો ભાર, ચોરાઉં તુજ ને શીરે ?
ના, ના, છે રોળારો હું, રહ્યું મુક્તિને પથે,
મુક્તિના પંથગામી હે ? બહુનાં ઉપકારને ,
આવ્યો ભારતી ભોમે, તે જ સ્વાતંત્ર્ય સૂર્યને !"

અભિવ્યક્તિનું કૌશલ એમાં એ છે કે વૈયક્તિક અનુભૂતિને વૈશ્વિક વિસ્તારમાં ફેલાવી પ્રક્ષિપ્ત પાછી આત્મલક્ષી સ્વાનુભવના રૂપે પૂર્ણતા પામે છે. દેશ-ભાવના, ઈતિહાસ, મૃત્યુ, શહાદત, તિરસ્કાર, ધીક્કાર ચોગઠ્ઠને કટાક્ષ, વ્યંગમાં લઈ ઉંડે પુત્રવિયોગ અને શોક છે. સ્ત્રી સ્વભાવની લાગણીનો પરિચય પણ ક્રવિયિત્રી આપી દે છે કે રોળાની ભીતરમાં પારાવાર વેદના છે, ચોગઠ્ઠ માટે ક્રવિયિત્રીને કંઈ જ મનમાં નથી પણ પુત્ર અને ચોગઠ્ઠમાં મરણ નિમિત્તે સંદર્ભે બંધાતા ચોગઠ્ઠ પુત્ર મરણનો નિમિત્ત બન્યો તેથી રોળા છે પણ પુત્ર જે કાંઈ છે તે પુત્ર ખાતર છે. શોક, રોળા, ધીક્કાર, ચેકરાર બધું જ પુત્રને કારણે ક્રવિયિત્રીને છે તેથી જેમ પુત્રના મૃત્યુના સંદર્ભે જે ચોગઠ્ઠ માટે રોળા વ્યક્ત કર્યો એજ ચોગઠ્ઠની

મહાનતા પણ કરુણિનીચે ગઈ છે કારણ કે તેમને લાગ્યું કે પુત્ર પણ આ મારમાં મૃત્યુ પામ્યો તેથી ઐતિહાસિક ઘટનાની જેમ પુત્રની ગણતા મહાપુરુષોમાં થાય તેવો તેમને અણસાર તેમાંથી મળે છે. વિલાપમુંભાવના વિવિધ રૂપોમાં છેલ્લે ચાર્હતા, કરુણ જ વ્યકત થાય છે. રો૧, રોકકું કર્મ છે અને તેનો અંત કરુણના આસ્વાદમાં મળે છે, તેથી રોકકું કરુણમાં રૂપાંતર પે વિલાપને કરુણની રસ સંક્રાંતિ અને રસાનંદ પ્રાપ્ત થાય છે. જુઓ!! અરે કાં કોળ્યનો ભાર ચોરાકું તુજ ને શીરે?!! પંક્તિમાં રાચા હૃદયનો પશ્ચાતાપ છે એ શોકનો વિલાપ છે. જે x કરુણને છેડે છે.

સ્વજાના શોકનું નિમિત્ત મૃત્યુ એવું ગમગમ છે કે ક્યારેક મૃત્યુંજય પણ ભ્યર્થ જાય છે.

૫૦.!!મૃત્યુંજયો ભીષ્મ રામાય ગાખરે
શક્યાં ઉતેંગી નહિ કાલધર્મને!!

મૃત્યુનો કાળનો ધર્મ છે. સંસારમાં મૃત્યુની પ્રથમિ ચરેજી કોઈને મૂક્યા નથી, તેના મૃત્યુઘાતના બ્રહ્માજ પ્રયત્નો માત્ર લોકાચાર બની રહેતા હોય તો, શોકનું સ્થાન ક્યાં મહત્વનું ગણાય? એ પ્રશ્નના ઉત્તરમાં એટલું સ્પષ્ટ કહી શકાય કે કાળ જેમાં ધર્મમાં જેટલો નિશ્ચિત છે. તેટલી જ નિશ્ચિત રાચા હૃદયની લાગણી પણ પોતાની સંવેદના માટે છે આત્મીયતા હોય ત્યાં લોકાચારમ જાય પરવા ક્યું વિના રાચો શોકજ વ્યકત થાનો સ્વાભાવિક શોક પ્રદર્શિત કરવાનો ભાવ જ મથી એનું રાચું મૂલ્ય અનુભવાયું છે. અનુભૂતિ કરનાર બીજા પ્રદર્શનની કાળજી કરતો નથી એ કરુણની રસનિષ્પત્તિ માટે પણ એટલું જ રાચું છે. મૃત્યુ જ એક એવી ઘટના છે કે નિતાંત મુગ્ધ કરુણ ને નિષ્પત્તિ આપે છે. કરુણ નિષ્પત્તિમાં એ દૃષ્ટિએ સ્વજાતિ નાશનું મૂલ્ય મોટું છે.

અભિવ્યક્તિની દૃષ્ટિએ 'પત્રસ્થ'માં બીતે ચઢી બેઠેલા વૃધ્ધ પિતાનું જીવનંત શબ્દચિત્ર સુંદર છે. તેને માંડ માંડ ઉભા થતા પણ તેને ઘેરી વળ્યો છે અને શરમાળા નયનોની મતિહીન આંખોમાં પાછી ઘરની થઈ કવિના પિતા હતાશ થઈ જતાં, રોજના આ નિત્ય ક્રમામાંથી કવિ ભાવચિત્ર અને કારુણ્ય પ્રાપ્ત કરે છે. પને પ્હો ટપકતા પિતાના વાત્સલ્યની ઝરમર કવિને મન મૂલ્યવાન છે. આ આલેખનમાં સુરેખતા અને તાદૃશતા પણ છે.

''મૃત્યુ'' સોનેટમાં સ્નેહરશ્મિ મિત્રના મૃત્યુ પરથી ચિંતન વ્યક્ત કરે છે પણ ''.....ક્ષણભર અરી તું ઉડો ગયો !'' કહી શોકની તીવ્રતા પણ વ્યક્ત કરે છે. શોક અને ચિંતન, બન્નેની અભિવ્યક્તિ ચિંતન દ્વારા કરી કવિ વેદના દ્વારા કરુણરસની પ્રાપ્તિ કરે છે.

ધ.ક.ઠા. 'દ્યુતિકણા'માં સદ્‌ગત પત્નીના આત્મા માટે જાણે છે કે તે વિશ્વવ્યાપી પરમાત્મામાં ભળી ગયો એટલે કવિ આત્માની જગત વ્યાપકતા સાબિત કરે છે. પણ તેનું અનુસંધાન પોતાની સાથે રાખે છે. એ દ્વારા પોતાની આત્મીયતા પુરવાર કરે છે. પત્નીનો આત્મા દ્યુતિકણો બની પ્રકાશરૂપે સર્વત્ર વ્યાપી ગયો પણ તે કવિ હૃદય સાથે આજે પણ ઘનીષ્ટ અભિબાધ્ય છે.

૫૧. 'પ્રકાશ ઉઠે સર્વે, જ્યાંયે, ત્યે
દિશા સર્વમાં
અમે મુજ સહે સદાય, અભિબાધ્ય
છાયા રહ્યા''

આ પંક્તિઓમાં પત્નીના આત્મા સાથે કવિહૃદયની એક રૂપતા, આત્મીયતા એકત્વ, સદાયેહું દેખાય છે. કવિ એ દ્યુતિકણને કહે છે.

૫૨. 'રહે, નવ સહે, બને, દ્યુતિકણી ઓ સર્વદ !
બની, વિશ્વ, વિભવ, વિમલ

નયનશોત ઉરખંડમાં''

હેડા ક્યારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જાના જેવી ઉર્ધ્વગતિ, ઉન્નતિ, ઋજુ ચાલ્યાનું અમરત્વ કવિ વ્યક્ત કરે છે.

આ ઉપરાંત કાન્તની ગંજની છંદનો પ્રયોગ પણ સહજ થાદ આવે.

પ૩''આકાશે જેના જે તારા
જેની જે જ્યોત્સ્નાની ધારા
નકુલનિશા પણ જેની જેવા
દારા ક્યાં છે જેની જેવા''

અતિશય લાચારીમાંથી કરુણ, અવસાદ, ઘોર વિષાદ, વ્યાપક જેકલતા અને શોકમાંથી કરુણની નિષ્પત્તિ આવી છે.

શોકાંજલિમાં સિધ્ધિનું શિખર શોકની અભિવ્યક્તિમાંથી કરુણની નિષ્પત્તિ છે. તેનો સ્વાનંદ ભાવક અનુભવે તે ઉત્તમ શોકાંજલિ બનાય પરંતુ જેમાં રસ સંક્રાંતિ હોય અને કરુણની નિષ્પત્તિ હોય તે શોકાંજલિનું ચઢતું પાસું હોય. વિભાવ, અનુભાવ અને વ્યાભિચારી ભાવોમાંથી નિષ્પન્ન થતો રસ ગમે તે પ્રકારનો હોય પણ તેની કરુણરસમાં સંક્રાંતિ થતી હોય તેવી કૃતિ વધુ કલાત્મક બની છે. દા.ત. શૃંગારમાંથી કરુણની રસ સંક્રાંત થતી હોય તેમાં પણ વિપ્રલંભ શૃંગાર, વિપ્રલંભકરુણની ગુંથણી હોય તે વધારે સુંદર કૃતિ બની રહે છે.

મૃત્યુની ઘટના અને તેમાંથી અનુભવાતો શોક, ઘેરો વિષાદ એ ઉપક્રમ સર્વસામાન્ય છે. પરંતુ શોકની અભિવ્યક્તિ, ઘેરા વિષાદની લકીરોનું વૈવિધ્ય પર ઘેરા, અજ્ઞાતા કરુણની ઉચ્ચવચતાનો આધાર રહે છે. ઉપકરણોનું વિનિયોજન પણ તેમાં અસર કરી જાય છે. કાવ્યત્વની દૃષ્ટિએ પણ આ બધાં કલાતત્વોની યથોચિત સમન્વય વધારે મહત્વનો છે. શૃંગાર, કરુણ, દાંપત્ય, શોક, મૃત્યુ વગેરે પાસાંઓ જ્યારે યોગ્ય

વિનિયોજન પામી કાવ્યત્વ પામે છે. ત્યારે કૃતિ કલાકૃતિ બને છે. પ્રેમ વ્યંજક દાંપત્ય, દાંપત્ય વ્યંજક શૃંગાર અને સ્મરણ વ્યંજક શોક અને શોક વ્યંજક કરુણ નિષ્પન્ન થાય છે. વળી શૃંગારની રસસંજ્ઞાતિમાં ઘેરા કરુણમાં થાય ત્યારે સમન્વય અને ગમસાથી રસાનુભૂતિ અને આસ્વાદ મળે છે.

વાત્સલ્યમાંથી કરુણની રસસંજ્ઞાંતિ થઈ હોય એવાં ઘણાં દૃષ્ટાંતો મળે છે. ઉશનસ્‌ની વાત્સલ્યની ચમત્કૃતિ અને તેમાંથી કરુણની રસ-નિષ્પત્તિ તૃપ્તિ, સંતોષ, આનંદની અનુભૂતિ કરાવે છે. શોકભાવ બાલકના ચિત્તમાં રસાસ્વાદ રૂપે પરિણમી, રસાનંદની અનુભૂતિ કરાવે તેના પાશ્ચાત્ય વિવેચકોએ ગણાવેલા કારણોમાંનું એક કારણ 'કલા-સૌષ્ઠવના' દર્શન થી થતી તૃપ્તિ' છે. કાવ્યના સંદર્ભે આપણે દર્શન શબ્દને ભાવન સમજીએ તો ઉચિત લેખાશે. સદ્‌ગત પિતાના સ્મરણમાં ગવાયેલી સંજ્ઞામાં વાત્સલ્યની સંપૂર્ણતા છે. જે કાવ્યમાં ભાવ અને રસ ભાવકને અસર કરી જાય તે કાવ્યમાં આત્મીયતાનો ભાવ આપમેળે કળી શકાય છે. ઉશનસ્‌ના કાવ્યોમાં આત્મીયતા, તાદૃશતા, વાત્સલ્ય, શોક અભાવયુક્ત ઘેરું કરુણ અને સંજ્ઞાનું મનોહર આલેખન જોવાને મળે છે. પનસ, પૂ.બાપા જતાં જેવા કાવ્યોમાંથી 'હું જ મુજ પિતા' માં પિતાનો અભાવ સુંદર રીતે આલેખ્યો છે. જનકહીન ગૃહના બાલીપામાં કવિ, પિતાની જેમ વ્યવહારમાં જીવવા પ્રયત્ન કરે છે. પિતાનું પંચિયું વગેરે ધારણ કરી જનકની ખાટે પિતાના ગોદડે સૂઈ ગયા ત્યાં કવિને 'હું જ મુજ પિતા'ની અનુભૂતિ થઈ પિતૃ પ્રેમ, વત્સલરસ, વિયોગ, આત્મીયતા, વિયોગમાં પામવાની ઉત્કટેચ્છા, જે ઇચ્છાના પ્રયત્નોમાં મળતી તૃપ્તિ ચમત્કૃતિમાં ઘેરાતો કરુણ કાવ્યને ઉત્કૃષ્ટ બનાવે છે. જે ઘરમાં વાત્સલ્યનું લેખન થતું હતું તે ઘર જો પિતા વિના ખાવા ધાતું હતું.

kalpana's

૫૪. ''હવે અકાશે પદ ઘડું.....''
.....કો અપરિચયથી જોઈ રહું છું''

શોકાંજલિઓમાં જ્યાં સ્મરણમાંથી શોક અને કરુણની નિષ્પત્તિ થઈ છે. તેવી કૃતિઓમાં ચાલેખની વિશેષતા એ જણાઈ છે કે ઓછા ચાલેખને, માત્ર ઉલ્લેખથી જ કરુણની નિષ્પત્તિ ચમત્કારક નીવડી છે. સ્મરણનો બિંદુથી ચક્રિબિંબનો વિકાસ જોતાં લાગે છે કે જીવનકાળ દરમિયાન જે મર્મો અને સ્મરણો સુખના, આનંદના કે વાત્સલ્યનાં બનેલાં હતાં તે જીવનકાળ પછી મૃત્યુપ્રસંગે દુઃખદાયક, શોકજનક, અને કરુણ વ્યંજક કલાકારો બની જાય છે.

૫૫. ''દાદાના સ્મરણો ગેલાં, ફટાક્યાં ફૂટતાં નથી
ચેકડેક અમને આંખ, દર્વે-અંતર આથમ્યાં''

દાદા આપેલું વાત્સલ્ય, આત્મીયતા સમજાવતાં કવિ કહે છે કે જીવનકાળ દરમિયાન દાદાએ ક્યારેય અમને છોડ્યા નથી અને હવે તેમના સ્મરણો અમને છોડતા નથી. એ ચાલેખમાં સ્મૃતિ દ્વારા શોક અને કરુણ વ્યંજન થાય છે.

૫૬. ''પ્રાણ અને પરોવાયાં, માણ્યા સ્મરણો તમાં
ગયા દાદા પરંતુ છે, જાની માળા ક્ષણક્ષણ જીવની''

'ચંદનવા ઝંખું' અને 'ચણુતો'ના જેવાં દાદા વિનાનો પરિવાર બેટલે વસંત વિહોણી વાત્સલ્યકુંજ.

૫૭. ''રહ્યાં ચૂનાં વાયે, રાતા ચમકારા ગત તણા
ઉરે ચંકાયેલી, અમર છબી એ જીવિત થઈ
સ્મરંતા ચક્ષુની ઉપર બાની ચાદ નયને''

દાદા વિહોણી આ વાત્સલ્યકુંજ માં શીશુ સુમનો જો હું નહીં ખીલે ? એ

બિના ઘેરા વિષાદગ્રસ્ત કરુણ સભરની રહે છે.

શોકથી રચની ભાવસૃષ્ટિ અને કાવ્યત્વમાંથી પણ કરુણ પ્રાપ્ત થાય છે. જેનો સથવારો કાળને પણ ગમ્યો તેવા ન્હાનાલાલ વિના મનસુખલાલને ગમ્યું નથી.

૫૮. 'રે, રે, નીહાળવાનાં ના, ગમારે કાંદિ આપનેજી'

રસસિધ્ધ કવિના અવસાનથી અફસોસ અનુભવતા કવિ મનસુખલાલને ત્યારે હૈયે 'સિધાવો કવિ' ગાં અનુભવે છે કે જેણે જીવનમાં મીઠાં ગીત ગાયાં, જેના જવાથી કવિઓની કવિતા અટકી પડી એવા ન્હાનાલાલ કાળના મલકમાં એક બુદ્ધ બુદ્ધ થઈને વહી ગયા. કવિતા બહારા ન્હાનાલાલે રસસિધ્ધ, પુણ્યવંત જેવા બિરુદો મેળવ્યા હતા તેથી કાળને પણ સથવારો છોડવો નથી ગમતો કાળના ઘટકમાં રહી ન્હાનાલાલે કાળને પણ શણગાર્યો હતો આ કારણે વાસ્તવિકતા જ શોક અને કરુણનું નિમિત્ત બને છે.

૫૯. 'જ્યોત શારદાની ઝંખ્યો, વીણા વાણીની ગાયની
બની હું ઝાંખી ? કરી હું ગે જો ના બબ્બી કેદિ ?

X X X X

૬૦. 'આપની સૃષ્ટિને મૃત્યુ, શકે શી લિધ સંહારી!'

કવિના વ્યક્તિત્વનો પ્રભાવ અને વ્યાપક અભાવ શોકગ્રસ્ત વાતાવરણ સર્જી દે છે. વ્યક્તિત્વ, જીવનકાર્ય, કવિતા ગાયના, લોક ગાયના, પ્રભાવ અને તેમાંથી કરુણવિષાદ કવિ વ્યક્ત કરે છે.

એક જ ભાવ, મૂલ્ય, રસપર ગાયાવિત કવિતા હોવા છતાં કાવ્યે કાવ્યે નૂતન શું પ્રાપ્ત થાય છે તેની ખોજ એ શોકાંજલિમાં કલાત્મકતાની ખોજ છે. બધું જ સામ્ય હોવા છતાં એકજ રસનિષ્પત્તિ હોવા છતાં રસના આસ્વાદમાં સ્વાદની કંઈ ભિન્નતા હશે ? જેથી એક

કરતાં વધારે કાવ્યો પણ ઉત્તમ કોટી રચી દે છે. આમ તો કવિનો સ્થાયિભાવ શોક જ છે. પણ તેના વિભાવનું ભાતનું વૈવિધ્ય આસ્વાદમાં અને આલેખનમાં વૈવિધ્ય લાવે છે. વિલાપ, ચેષ્ટાના, વિયોગ, કલ્પાંત સ્મરણ ઝંખના, અભાવ, લાચારીની બેદરકારીનો શોક અને કવિના આલેખનમાં વૈવિધ્ય લાવે છે. સ્થાની માનાની ઉચ્ચસ્થતાનું પણ રહસ્ય આમ પણ હોય છે. કવિતામાં પ્રયોજકતાનાં તત્વો, કલાતત્વોનો સહયોગ અને બીજું રહસ્ય કવિ મનિષા છે. કવિતામાં વપરાતી સામગ્રીમાંથી કલાકૃતિ સર્જનમાં કવિ મનિષા જે ભૂમિકા બનાવે છે તેનાથી પણ અભિવ્યક્તિ અને સ્વનિષ્પત્તિમાં વૈવિધ્ય વધે છે. શોક જ કવિની મૌલિક ભાવ, શોકના ભાત પર લખાયેલી કૃતિમાં ગુચ્છ બને છે એમાં મૌલિક પાત્ર હોય તો ગુચ્છ વિશિષ્ટ રૂપે આકાર લે છે. સ્નેહરશ્મિકૃત સદ્‌ગત કાંતિલાલ કાપડિયાને અર્પણ કરેલ સોનેટ, ઝવેરીના કાવ્યો, ઉશનસ્‌ના 'પૂ.બાપાજી'ના કાવ્યો, બ.ક.ઠા. ના ગુચ્છકાવ્યો, પ્રવિણાપ્રિયાં કાન્તના ગુચ્છકાવ્યો શોકકવિતાના ગુચ્છ છે. ગુચ્છ કાવ્યોમાં પણ અભિવ્યક્તિનું વૈવિધ્ય જોવા મળે છે. જેમાં ભાવના આલેખનના વૈવિધ્ય ઉપરાંત કવિના આલેખન કૌશલનો પરિચય પણ મળે છે. કેટલાંક કાવ્યોમાં સ્વરૂપ લક્ષી સમાનતા પણ જોવા મળે છે. દા.ત. સોનેટગુચ્છ, ગઝલ ગવારીનો અછાન્દસ કવિતાનો ગુચ્છ, મૌલિક વ્યક્તિ પર લખાયેલાં કાવ્યોમાં ગાંધીજીના કાવ્યોમાં ગુચ્છ વગેરે વૈવિધ્ય અનેક રૂપે શોકાંજલિમાં મળે પણ તેનો મોટો ભાગ કાવ્યસિધ્ધિ કે કલાસિધ્ધિનો જ રહ્યો છે. પહેલાં તે કૃતિ બની જોઈએ અને પછી કલાકૃતિ કવિતા બન્યા પછી તેમાં કાવ્ય કલા નિખરી જોઈએ. શોકાંજલિ કવિતા તો છે જ પણ ભાવાભિવ્યક્તિ, સ્વ નિષ્પત્તિ, અંજલિ, કાવ્ય સામગ્રીનું વિનિયોજન અને કલાસૌષ્ઠવ તેની સિધ્ધિનાં સોપાનો છે.

શોકનાં સ્વરૂપનો વિચાર કરીએ તો શોક દર્શનીય કે પ્રદર્શીત

kalpana's

કરવાનો ભાવ નથી પણ ઉદ્ભવતા વેધક અનુભૂતિ છે અનુભૂતિ-જન્યતા એનું લક્ષણ છે. શોક મૃત્યુ-જન્ય હોય છે. મૃત્યુ સ્વજન માટે શોક એ કરુણનો વિષાય છે. શુધ્ધ કરુણ મૃત્યુ જન્ય હોય છે અહીં એક સ્પષ્ટતા જરૂરી છે કે મૃત્યુ શોકનું કારણ છે પણ મૃત્યુનું નિવારણ નથી. પ્રયત્નો કરવા છતાં મૃત્યુનું નિવારણ કોઈ શોધી શક્યું નથી.

ઉમાશંકર.. ''નિવારણના રહી, મૃત્યુની જડી
આ વિશ્વમાં ક્યાંય, કદીય કોઈને
ઘડ્યું પિતાએ અનિવાર્ય જે જગે
તેની ખરે નિષ્ફળ માન શોચના''

એમ બેટાઈ કહે છે. મૃત્યુને બુધ્ધિ સ્પર્શે તો ચિંતન કરે અને હૃદયસ્પર્શે તો શોક કરે. ચિંતન અધ્યાત્મ તરફ, વૈરાગ્ય તરફ યોગ અને ઋષિ ચિંતન તરફ લઈ જાય છે. બીજો માર્ગ ભાવ, રસ, કવિતા અને કવિ તરફ લઈ જાય છે. '' પ્રેમ અને મૃત્યુ માનવજીવનમાં હૃદયને વીર્ણવિદીર્ણ, છીન્નભિન્ન કરી નાખનારાં પરિબળો છે. એમાં હૃદયને ફેરવી માનવને સંવેદનશીલ કરવાની શક્તિ હોય છે. જગત પરના આ બે પરમ સત્ય પરિબળ કે ભાવ કે વિષાય ને જગત પરના બે જ વિશિષ્ટ વર્ગો પામવાનો પ્રયત્ન કરે છે. એક છે ઋષિ અને બીજો છે કવિ.....''

આ વિધાનના સમર્થનમાં એમ સિધ્ધ થઈ શકે કે કવિઓએ ગાયેલી શોકની અભિવ્યક્તિ શોકાંજલિનું હાર્દ છે. શોકની અનુભૂતિનો આવેગ એવો વેગવંત હોય છે કે વેદનાની તાસીર અને અભિવ્યક્તિ ને પોતાની સાથે લઈને જ આવે છે. શોકના ભાવને જ્યારે વૈચારિક પરામર્શ મળે ત્યારે કરુણ ઝંકાર પામી આપણો હોય કોઈ ભાવજગતમાંથી આવીને ગાતો લાગે છે. ક્યારેક તે કવિતા માટે પ્રશ્નાર્થી પણ બને છે. 'વિધુરકરુણ' નું ચિંતન અને કરુણ બે દૃષ્ટિએ જોઈએ.અતિશય સરળ શબ્દોમાં કાન્ત, પત્નીનો વિલાપ ગાય છે.

૬૨.''સુધા વરસની બધે, નહિ જ ભગ્ન હોય પરે
કરે, તરફડે, ઠરે નહિજ, દેહ શાથી ધરે ?''

ઘૂંટાયેલા દર્દનો ઘેરો વિષાદ અને ચેકલતાં કવિ વ્યક્ત કરતાં કહે છે.

૬૩.''પ્રિયા ? પ્રિયતમા ગતા ? જગત સર્વ આંધુ થયું
ગયું, સુખ ગયું બધું, ન પણ જીવવાનું ગયું
તજી ગઈ વિલાસિની, નિજ કુરંગને સાવને
શૂનો ઘૂઘુવ પાલ તાત વરસે ન માતા કને''

દુખી મનનો પ્રલાપ કરુણ ચેરે છે. લાચારી ભર્યો કરુણ અને પત્નીના સહચર્ય વિનાનું જીવન''...ન પણ જીવવાનું ગયું'' એવો તિરસ્કાર શોક અને કરુણને ઉત્તમ અભિવ્યક્તિ આપે છે.

કરુણ નામે રસ એક છે જેમાં ઘેરો વિષાદ, વેદના, શોક વ્યક્ત થાય એવી સર્વ સ્વીકૃત વ્યાખ્યા હોવા છતાં કાવ્યે કાવ્યે કરુણ નવે રૂપે લાગે છે. કાન્તના કાવ્યોમાં ઈશ્વરની યોજનામાં રહેલી ત્રુટી, વિષમતા, અન્યાય શોક અને કરુણનાં કારણ છે. અન્યાયનો કોઈ ખુલાસો , સંતોષ નથી માળતો ત્યારે વ્યથિત હૃદયમાંથી કરુણ કવે છે.

૬૪.''દિસે છે ક્રૂરતા જેવી, જનાની કરણી મહીં
માતા જો હોય ચાની પ્રેમ સંભાળ લે નહીં ?''

જગતમાં ક્રૂરતા પાપની ક્રૂર શિક્ષા થાય એવી માન્યતાં મર્મને છે પણ એ શિક્ષાથી બનેલી ઘટનાના પરિણામ પર શું ફેર પડવાના છે ?

૬૫.''ક્રૂરતા હોય, તથાપિ આ ક્રૂર શિક્ષાથી શું થશે ?''

કયારેક માનની કોઈ [illegible] હકક માટે યોગ્ય અધિકારી હોય છતાં તે બાગ્યહીન બને ત્યારે પણ કરુણ સર્જાય છે. જેમાં વિલાપ ભળે તો તે દર્દિલ બને હૃદયાર ભળે ત્યારે માર્મીય લાગે અને એ રીતે રસાસ્વાદની

માનામાં ક્યારેક ઉચ્ચસ્થના નિમિત્તે કેરુણ કે ત્રાસવત દેખાય. બાકી રસ એક અને અન્ય છે. રસ નામે થતાં આનંદની આ આઠેક પ્રકારે ગોળાતી અભિવ્યક્તિઓ તેના નામ રૂપ જુદાં છે. બાકી રસની એકજ સિધ્ધિ છે પ્રત્યંક્ષ આનંદાનુભૂતિ.

કરુણ:'' કરુણનો સ્થાયક શાંત છે. શોકથી ક્ષુબ્ધ થયેલું હૃદય કઈ મહાસત્યમાં સાંત્વન શોધે છે. જાતની વિષમતા કે દુઃખદ ઘટનાથીક્ષુબ્ધ થયેલું હૃદય વધારે ઊંચે ચઢે છે અથવા આત્માના ગહનમાં ઉંડે ઉતરે છે. એવું કંઈ વિશાળ સત્ય શોધી કાઢે છે જે વિષમતાના બન્ને અંશોનું સમાધાન કરાવે છે.''

શોક અને કરુણની અભિવ્યક્તિ તેમજ નિષ્પત્તિ સ્વરૂપે એક ગણાય છતાં તેમાં આંતરપ્રવાહો પ્રવાહે, સ્વજનના સંબંધ, સૌંદર્ય પ્રમાણે, કવિપ્રતિભા પ્રમાણે, અનુભૂતિની માત્રાની ઉચ્ચસ્થના પ્રમાણે શોકની અભિવ્યક્તિમાં અને કરુણના આસ્વાદમાં જે તે સૌંદર્ય, સંબંધની માદે ભિન્નતા છવાયેલી જોવા મળે છે. અનુભૂતિ અને રસાનુભૂતિનો આનંદ એને સરખે લાગવા છતાં આનંદ જે માર્ગથી આવે છે તેની કોરમ, ટાર શોકાંજલિમાં સૂક્ષ્મ વૈવિધ્ય જોવા મળે છે. દા.ત. વાત્સલ્ય રસમાં લખાતા કાવ્યોમાં નિરૂપાયેલું વાત્સલ્ય સમાન હોવા છતાં બ્હેન, પિતા, પુત્ર, દાદાના સંબંધ ભેદ પ્રમાણે અભિવ્યક્તિમાં કંઈક ભેદ દેખાયા કરે છે. એજ પ્રમાણે સ્મરણ અનેક કાવ્યોમાં ભિન્નભાવ અને અનુભાવ રૂપે આવે છે પણ તેમાંથી વ્યક્ત થતી સંવેદનામાં ત્રાસવત રહ્યા કરે છે. પિનાકિન ઠાકોરના 'સ્વ.બ્હેનને' માં ભૂતિની પ્રેમ, વાત્સલ્ય અને તેમાંથી ઉભરાઈને નિષ્પન્ન થતા શોક અને કરુણનું આલેખન છે. શુભકાર્યમાં હસતી અને ચિંતામાં રોતી બ્હેન સંસારમાં સાચેજ સુખ-દુઃખની સાથી હતી એ બ્હેન નથી તો બ્હેનના સંભારણાં જ સાચી પૂડી છે. બ્હેનના સ્વભાવમાંથી વાત્સલ્ય અને અભાવમાંથી કવિ શોક અનુભવે છે. કોઈ પણ પ્રસંગો, રૂપે, ભાઈ પ્રત્યેના સ્નેહની બ્હેને સતત પ્રતીતિ કરાવી છે કે...

૬૭...''નિરંતર સુહાવતી મુજ અપૂર્ણતા દીધાને''

અને દુઃખમાં જોજ બહેન

''રડી રડી ચુકાટ જાજ વેદના ઠાલવે''

કવિ કહે છે કે જીવનમાં જ્યારે જ્યારે વિષમતા, વૈચિત્ર્યની કસોટી થાય છે ત્યારે પાર ઉતરું છું તેમાં બહેને શીખવેલી વાત સાંભરે છે અને માર્ગ મારું બહેનના ચરણોમાં મૂકી જાય છે. બહેન સાચોજ શંકર મૂર્તિ, પ્રેરણામૂર્તિ હતી !

૬૮...''તને નમન મા જ મા ઉર તણાં વહું બહેન હું

વહો સકલ વેદના, જાત પાવની બહેન જ્યાં''

એમાં વાત્સલ્ય, વ્યક્તિત્વ, કરુણ અને અંજલિના હેતુ કવિ સિધ્ધ કરી લે છે.

વિલાપ, રુદન અને આંસુ શોકના વિભાવાનુભાવ છે પણ વીર, વીર પુરુષો રોતા નથી, વિલાપ કરતાં નથી એનો અર્થ એવો ન કરી શકીયે કે શોક અનુભવતા નથી તેમની શોકની અભિવ્યક્તિ પ્રચલિત રૂપકનાં કારકે સાંકેતિક કે વિશિષ્ટ રૂપની જોવા મળે છે. આંસુ પચાવી , આહ રહી, છલોછલ આંસુને બોંય પર વેરાવા દીધા વિના ધારણ કરેલું મૌન અતિગંભીર હોય છે. તીવ્રતા, ઘેરુ, શોકની વેધકતા એમાં પણ ગેટલા જ તાર સ્વરે હોય છે આમેય પુરુષના બે બુંદ આંસુ સ્ત્રીના રુદન કે અશ્રુ ધાર કરતાં વધારે ઊંડા, કરુણ વ્યક્ત કરી દે છે. 'ફૂલ વિયોગ'માં આવો ગહન શોક છે. અને કવિ બેટાઈ કરુણ પણ એવોજ રેલાવે છે. ઝૂકી કિનારે સાગર લહેરાય, રાજ્યના ધ્વજોની હારમાળા લહેરાય, ઠંડો સમીર વાય ગોકુળમાં કથ્ય ગામ તો ગુજ્જા ગુંદર લાગે પણ એમાં જે વાતાવરણમાં મર્મ ગૂંથાય છે તે મૂળ શોકજનક કરુણ છે.

૬૯...''રાજ્યધ્વજો ફરકતી ઝુકીર નોકા

સંગી સમુધિ છાંઈ અંતર ઉપરની ?

હૈયે કથી હ્યાક ? શા મુખ મૌન ભાર ?
ગાંખો ચક્ષુંચ્ચ બનતી ત્યહિં બ્રહ્મતાર
ઢંકી જતી જ ચમ ચંતરસ્તત્વ જાણે ?
એ બ્રહ્મ પાન મહિં ભારતસર્વસાર ''

જેમ છાલક મારી સાગર તટને ભીંજવે છે તેમ આજે હૈયું પણ પ્રેમ છાલકે ભીંજાય છે. ~~મોઢરિક્ષ~~ મોઢા પર મૌનનો ભાર છે. આંખો સ્તબ્ધ બની ગઇ છે. અંતરમાં ઉંડે ઉંડે કોઇ વ્યથા-ખેદ ઘૂંચે છે અને અંતર સત્વને ઢંઢોળે છે અશ્રિથકુંભમાં માત્ર ગાંભીર્ય ન હતો પણ એ બ્રહ્મપાનમહિં ભારી સર્વસાર કરુણાદ્ર દૃષ્ટિ કુંભ પર બેઠાઇ છે. વિશ્વને ઘુજાવનારની મુઠ્ઠી ભર રાખ જાણે કે ભારતના સારનો પણ સાર હતો. જેમાં આખા ભારતની ભાવના-પ્રણોવાઇ હતી. ઘુઘ્ઘ સુંદર પ્રાકૃતિમાં મૂકાયેલો પ્રસંગ કરુણની તીણી ચીસારી વગાડે છે. કવિ ઉંગિતથી સૂચવી દે છે કે બહું જ સુંદર હે વાસ્તવાં આનંદની જગ્યાએ કૃત્યમાત્રેક ગંભીર સ્થિતિ, શોક અને ઘોર વિષાદના વાદળ ચહેરે ચહેરે છે. કરુણનું આ આલેખનમાં કવિ અશ્રિથ પ્રસારવતાં માનસહૈયાની વેદના પ્રગટ કરે છે કે

૭૦.''ને અંતર્ધનછવી બરબાંધ સાંચી
હૈયે ન...તોય 'ન તમે' ની પ્રતીતિ થાતી''

હે સાંવરી, તમારી છબી આંખલારીને, અંતરમાં ઉતારી, સંઘરી રાખવી છે. તો યે પ્રતીતિ જાણે આજે અધૂરી લાગે છે. કવિએ ફૂલના ચૂંથમાંથી પણ વ્યથા અને કરુણની તંતુ ખેંચ્યો છે. ૭૧.'' તમારા ફૂલ (અશ્રિથ) સાગરમાં પધરાવીશું પણ એ ફૂલની ઘુંથણ તો અમારા હૈયામાં ભરી રાખવાના છીએ ''

કવિ વિસ્મયમાંથી શોક વ્યવહારના કરુણની અશ્રિથકથિત, પ્રેમ-નાયકનાં 'પ્રિયકાન્તને' ત્યાં જાણે. મૃત્યુ જીવનનું સમાપન છે તો તેનું બીજું દર્શન એ પણ થયું છે કે મૃત્યુ બીજા જીવનનું વ્યવહાર પણ છે. જગતના મેળામાં માનવને મોકલનાર મૃત્યુજ છે અને મેળામાંથી પાછુ લઇ લેનાર પણ મૃત્યુજ છે.

મૃત્યુમાં મોક્ષના માટે મૃત્યુ નિશ્ચિત હતું તેમ જ લઈ જવા માટે પણ નિશ્ચિત છે જન્મ અને મૃત્યુ માત્ર સ્થાનફેરની પ્રક્રિયા છે. ૭૨. "જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ ધ્રુવં જન્મ મૃતસ્ય ચ" પરમશક્તિના બે સ્વરૂપ જન્મ અને મૃત્યુની અનુક્રમ એક પછી એક જો લેવાની જ હોય તો બે વચ્ચેમાંથી જ્યું ડાબું અને જ્યું જમણું બે હેઠ જોવો જ વ્યર્થ છે."

૭૩. "જન્મમાં મૃત્યુની છાયા, મૃત્યુમાં જન્મ જન્મ
રે ગાવું છે જ મે લિખવે, તો ડાબુ જમણું કયાંથી?"

સુંદરજી બેટાઈ પણ મૃત્યુ વિશે આવો અભિપ્રાય ગાયે છે. ~~ક્રિયેટિવ~~ ચિંતનની દૃષ્ટિએ આ વિચાર સમજી શકાય પણ જ્યાં શોકના ભાવની કે કરુણનિષ્પત્તિની વાત હોય ત્યાં મૃત્યુ જ સ્વજનનાં શોકનું કારણ બને છે. અને આકસ્મિકતાને કારણે મૃત્યુ દુઃખદ વિસ્મય ગાયે છે. તેથી જ તેની શોક વેધક્તા અને કરુણ ઘેરા વિષાદયુક્ત હોય છે. કવિઓ તેને વજ્રાઘાત સાથે સરખાવે છે તે ખોટું નથી. બેટાઈ તેથી 'અહીંક સવારી'માં અને પન્ના નાયક 'પ્રિયકાન્તને' માં આ કરુણ અને વિસ્મયને હૃદયદ્રાવક અનુભૂતિમાં ગાયેલ છે.

કરુણના રસાસ્વાદમાં કાવ્યમાં ~~ક્રિયેટિવ~~ નિયોજાયેલી નાનામાં નાની સામગ્રી પણ હેતુનિષ્ઠ હોય ઉપકરણો, મનુકિતઓ, ભાવ, અલંકારિકતા, વિસ્મય કે પ્રશ્નાર્થ જેવા ચિહ્નો, લય, દૃશ્યો સર્વની હેતુનિષ્ઠ નિષ્પત્તિ કરુણ છે. શોકાંજલિમાં સર્વની ઉપલબ્ધિ, વિધિ કરુણ ગણાય, બે બંદનું સ્વરૂપ અને સ્મૃતિચિન્હ કંઈક જુદાં પડે છે. સ્મરણ કરતાં સ્મૃતિચિન્હો કાવ્યતત્વને વધુ ચોટતા, ગહનતા, વેધકતા, તાદૃશતા આપી જાય છે. એમાંય સ્વપ્નસૃષ્ટિની અભિવ્યક્તિ તો સંવેદનશીલ હોય છે. ભૂતકાળ અને વર્તમાનની વાસ્તવિકતાની વચ્ચે ઝૂલતા કવિની વ્યથાનો ઝૂલો સ્વપ્ન સૃષ્ટિ છે જેનું એક આંદોલન સ્વપ્ન સૃષ્ટિના ભૂતકાળનું જાય છે. તેની સાથેજ વિષાદયુક્ત કરુણનો હેલકારો લઈ વાસ્તવિકતાનું

kalpan ?'s

ચાંદોલન આવે છે. શબ્દથી અર્થ સુધી અને ભાવથી રસ સુધીનાં સર્વની ગતિ કરુણ સિધ્ધ કરવામાં હોય છે. ૫.ક.ઠા. કૃતિ 'ચકરડું' એ સંદર્ભે તપાસીએ, લખતાં લખતાં ઝૂંપી લઈ, ઊભા ઊભા કવિ વિચારે ચઢી જાય છે. સામેના વૃક્ષની નીચે પત્ની, બાળક અને પોતે એમ ત્રણની નિપુટીના સ્વપ્નમાં, સંભારણામાં ચઢી જાય છે. ચકરડીથી બાળક અને બાળકથી તેની માતા આનંદથ્રુ છે તેથી કવિ પણ મુક્ત-ખુશહાલ છે. આ સ્વપ્ન સૃષ્ટિનું મુક્ત ચાંદોલન છે. ચકરડી બંધ થવાથી ખેદનું મોજું ફરી વળે છે. એ દરમ્યાન ખેદથી કવિ ચકરડી ફેરવવા જાય છે. ત્યાં...

૭૪.અને મેં યે લાંબો, કર જરિ ક્યાં યે પકડવા,
ચકડાંને ઉચ્ચી, ઘુમાડ રમતે થાકિલ થયા
તિહાં તો ચંપૂલી બાંધિ મુજ ઝૂંપી જરી કરી
ઉન્હાં અર્થે ન્હાસ્ય યે, યેહ શમ્યું
શૂં માર્યું ? તે હું અગાસ્ત ઉભો ઝાંઈ રહ્યો
મ્રુણેથી જોતો ઘુરમ તરુને ઝુંગિ ઘસતાં''

સ્વપ્નના મુક્ત ચાંદોલન પછી વાસ્તવિકતાનું ચાંદોલન એક સ્તબ્ધતા, જડતા , ઉતાશ , ખેદ, ગડમોચ, શોક અને કરુણ લઈને આવે છે. ઝૂંપીનો ઉન્હો સ્પર્શ વાસ્તવિકતામાં કવિની સંવેદનાને ચોટ મારે ત્યારે જાણે ઘાતક વિસ્ફોટ થાય છે.

વાત્સલ્યમાંથી કરુણ, વિસ્મયમાંથી કરુણ , ક્રોધ અને હિંસામાંથી, તેમજ ભાવ-પ્રતિભાવમાંથી કવિ કરુણ સિધ્ધ કરે છે. શોકાંજલિમાં સર્વ સામગ્રીનું સમર્પણ શોક અને કરુણની પ્રાપ્તિ માટે હોય એમ આ ચરણો છે.

શોક અને ચિંતનમાંથી કરુણ :-

ઘણાં શોકાંજલિ કાવ્યોમાં મૃત્યુ પછી ચાલેખન બે દિશામાં વિસ્તરતું જોવા મળે છે. મૃત્યુમાંથી ઘણા કવિઓ ચિંતન તરફ વળી જાય છે. અને ઘણા કાવ્યોમાં મૃત્યુમાંથી શોક અને કરુણ તરફ વળે છે. જે કવિતામાં મૃત્યુમાંથી શોક તરફ વળી કરુણ નિષ્પન્ન કરવાનું વલણ છે તે સ્વરૂપબધ્ધ શોકાંજલિ બને છે 'રડું હું તે કોને ?' કાવ્ય આ પ્રકારનું ઉદાહરણ બની શકાય કવિ મૃત્યુ પછી અફસોસ, પશ્ચાતાપ અને વિલાપ વ્યક્ત કરે છે.

૭૫."અને કેવા હીરા ? હરિ હરિ ? દિલડું નહીં ઝમે
શકરા હીરીજી દેવી, પ્રભુકરની મૂર્તિ કરુણા
અમારી મધ્યે જે વહી રહી'તી કાંઠા ભરી ભરી"

અફસોસ માંથી કરુણ વહે તેવો ઉત્કટ શોક કવિ વ્યક્ત કરે છે કે...

૭૬."અહીં બારે હૈયે, બાલતી ઘરિની જ્યકતી
મુખચ્છાયા ઝાંખી પડી ગઈ અહીં કાલ-ઘાયની
અને ભોળા મારા ગત રમ્યના સંસ્કાર -ગરલા
જ્યો ફ્રિ નાખ્યો રે ધવલ યશ ધૂળે તુજ ચમે"

કવિ પ્રશ્ન કરે છે કે હું કોની શોક કરું ? યુગ પુરુષનાને જગતને કે જગતના જીવને? 'રડું હું તે કોને?' કાંતિનું પ્રભુ ચેટલે વિલાયના સંસ્કારનું કલંક, ચાપલી અંધકારિતાનું પ્રતિક બની કવિ શરમજનક કૃત્ય 'કરુણાને ભુલાવ્યો'નો વિલાપ અને શોક વ્યક્ત કરે છે.

'વીર વિક્રેલાઈ' કાવ્યમાં મનોવેદના, વીરરસની પરાકાષ્ઠા છે. શક્તિ ચોતની ઘાટ ઉતર્યા છતાં મુક્તિ મળી નથી, તેમની શહાદતનું શું ? એ બંને કરેલો શોક મહારાત્મક, રોળ, ઠોબ્રુજ વીરરસમાં છે.

૭૭."ભોગ બની બોમકા, કર દાનવોને રક્ષતી

સુર માનવોને બહાની શું છેક વકી છે ત્યાં?
બહેનીરોના રુધિરથી હજી શાંતીબાઇ નથી, મુક્તિ માટે જે જે
ચાલ્યા થયા તે બધાને હરી લીધા."

૭૮"..."બહેનીરોના રુધિરની શું તૃપ્તિ હજી યે થતી નથી
મુક્યા મરણને કાંઠડે, જોઈ ચરણ તારા ભણ્યા..."
નવયુગને ઉંબરે ધર્યાં નવેસર નવલખ શક્તિઓ
જે જે કર્યા આદેશ ભક્તિ-સ્વાર્પણે તો સૌ ચલ્યાં..."

ભારતમાતાને માથું મૂંઝવું ઉપાલંભ છે. કટાક્ષો ક્યાંક ધારદાર છે. માનુષ્યિને ટકોર અને લક્ષ્યમાંથી મુક્તિની ઈમારતનો ઉલ્લેખ ખરેખર મનોવેદના અને દીનતાની પરાકાષ્ઠા વ્યક્ત કરે છે. બે ચરણની ભીતરમાં શોક અને કરુણ ઘટ્ટાયેલા છે. 'દીર-વિકુલભાઈનો નિમિત્તે સ્વાતંત્ર્ય સંગ્રામના વિવિધ વૈચારિક પણ રજૂ કરે છે.

'વિવર્તશીલનું ગાંધર્વ' ન.ભો.દિ. ની બે બહેરાવ્યાકારની કૃતિ છે. વિશેષતા એ છે કે ઉપજાતિ-વસંતતિલકા-અનુષ્ટુપ-માલિની, હરિણી જેવા અનેક છંદોમાં શોકાવસ્થા આલેખન કરી કૃતિ ચાલિત કરી દે છે કે છંદ પલ્લવિત ના હોય તો પણ શોક કે કરુણની અભિવ્યક્તિ ધારદાર રીતે કરી શકાય છે.

૭૯"..."ક્રમ ઘડી બહું તે જો, સંગમે રુધિર્યા જે
ઉદ્દામ-શ્વસનેરયા પ્રલયં મહીદ નિધુતે"

સંયમથી થયેલા આંસુ પુત્રીના શોકથી વહેતા ચાંદે છે સંયમની પાળ તોડી કરુણ વહે એ ઉત્કટ શોકની પ્રતીતિ કરાવે છે.

બ.ક.ઠા. પત્નીના અવસાન સમયે પોતાના હૃદયને જ ચારવાક્ય આપે છે કે...

૮૦"..."બહુની પ્રાણી જમિ રહી ચૂપ્તિ ન ધરવી"

ઉદ્બોધનનો પ્રારંભ થતાં આત્માનું આમાત્મામાં વિલિનીકરણ એમાંજ આત્માનું કલ્યાણ જોઈ કવિ કહે છે.

૮૧"...નમીએ તમને સખી, તમ વિશે રહ્યા જેહને
મને મળ્યું જો તો, મુજ વિશે નમો જેહને
વદાય આપી દ્યો, દિયો થાક મોટી ચિંતા વધી
ચિલો ર્નિ ચિલ ચોત પાન ચિદ્દષ્ટિ જીવનની ચિ"

શોક-ચિંતન-મૃત્યુ અને કરુણને માંગલ્ય કવિ બક્ષે છે. પ્રા કાવ્ય એ રીતે ઉલ્લેખનીય લાગ્યું કે શોક કરુણમાં જાે પણ કરુણનું પણ ઉચિત માર્મિક પરાંચિયાન કવિ વ્યક્ત કરે છે.

વિવિધ શોકાંજલિના અભ્યાસ પરથી જોઈએ તો અત્યંત સ્પષ્ટ થાય છે કે શોક જેટલો તીવ્ર તેટલો વિષાદ ઘેરો બને છે અને ઘેરા વિષાદ પ્રમાણે કરુણ ચારિત્ર્ય બને છે. આ આખી પ્રક્રિયાના મૂલમાં સ્વજન સાથેની આત્મીયતા નિમિત્ત છે. મૃત્યુ તો માત્ર શોકની અભિવ્યક્તિનું ચેતનવંતા બહાર છે અન્ય રાગીના ચિત્તોજનના પ્રભાવે શોક અને કરુણ સ્વરૂપ ધારણ કરે છે. મૃત્યુ પછી કેટલાંક કાવ્યોમાં વિલાપ જોવા મળે છે. શોક વ્યક્ત કરવા માટે ક્યારેક વિવિધ અંગ ચાતુરીનો, વિરોધાભાસ અને સ્મૃતિમાંથી શોક વ્યક્ત કરેલો કેટલાક કાવ્યો ચિંતન પર નિર્ભર હોય છે. પણ શોકની સઘન અભિવ્યક્તિ પણ થાય છે. ઉક્તિ વૈચિત્ર્ય અને ઉક્તિ વૈવિધ્ય પણ શોકની અભિવ્યક્તિ માટે જરૂરી લાગ્યાં છે. અમની એક ચિંતનાત્મક કાવ્યમાં કવિ આલેખન આપે પણ સ્મૃતિ કેટલી સઘન હોય કે અંતે નિષ્ફળ જાય છે ઠા૦ ન૦ 'ધંધો હવે નિષ્ફળ મારા', બાલમુકુંદ દવે રૂપક દ્વારા ગાંધીના અવસાનની ખેદ કરે છે કે કવિનો હંસલો હરિધામમાં ગયો". તીવ્ર શોકની એવી તાસીર છે કે મૃત્યુની વાસ્તવિકતાનું કહાપણ જાણતાં હોવાંછતાં ઉદ્વેગ, આઘાત અને શોકાકુલ થઈ જવાય છે. કોઈપણ પ્રકારનું

સમાધાન શોકને ઠગારી ના શકે ત્યારે શોક તીવ્ર બને છે અને તે
અનુભૂતિ ઉત્તમ ચમત્કૃતિ લાગે છે. કરસનદાસ માણેક કહે છે કે
'કયાંથી કહો રાખવી ઉર શાંતા ?' મંથન, ઉદ્વેગ અને હૈયાની
ઝાલ્ઝ ઠલવાથી શોક વધુ વેધક બને છે. આવા ઉદ્વેગ મુક્ત ચિંતન, મંથન,
આશ્વાસન અને સમાધીસ્થ શોક, એમ સર્વમાંથી ઠવતો કરુણ દીર્ઘ-
વિરહોર્મિની અત્યંત નિકટવર્તી બની શોકાંજલિમાં વહે છે. આ ચર્ચાને
આધારે એટલું સ્પષ્ટ થાય છે કે શોકાંજલિમાં પ્રાણ કે પ્રસંગ પ્રમાણમાં
ગૌણ રહે છે. પણ શોકાંજલિના કલાત્મકરૂપની સિધ્ધિ માટે કવિયુગ,
કલાયુગ , પ્રાણ આલેખનરીતિ, નિરુપણશૈલી, ભાવાભિવ્યક્તિ અને કરુણની
સ્વનિષ્પત્તિ જ મહત્ત્વનાં બની રહે છે. કાવ્યગત કવિએ પસંદ કરેલી
નિરુપણ માટેની રાગમયી જેટલી સૂઝ પૂર્વક વિનિયોજાય તેટલી કૃતિ
કલાકૃતિ બને. કારણ કે શોક અંતર્ગત વિલાપો અને અનુભાવો ક્યાં
ઝલાયા છે પણ તેની નિરુપણરીતિજ કાવ્યોની ભેદરેખાનું નિમિત્ત છે
લક્ષણ બની રહે છે. ભાવાભિવ્યક્તિનો અર્થ ત્યારે તેથી ચમત્કૃતિ હોય
તો તે સાર્થક નીવડે, નહિં તો શોકનું ગાંભીર્ય તૂટતાં હાસ્યાસ્પદ સ્થિતિ
સર્જાય, કવિ સદ્‌ગત મધ્યે સદ્‌ભાવ, આત્મીયતા, સંવેદના અને દયા
અનુભવે તેમાંથી તે પાત્ર માટે જ દયા કરુણા ઊગે તેમાંથી કરુણ-
નિષ્પત્તિ થાય છે.

'હું જાઉં' કાવ્યનાં ઉદ્ગારો વિવિધ કાવ્યખંડોમાં પિતાના
સાહચર્ય, વાત્સલ્યનો ગાઢો મહિમા ઉભો કરે છે. શોક એ કરુણને
બાપજીએ સાહજિક રીતે અનુસરતા દે છે. ચમત્કૃતિ નાટકના સાત
ખંડોમાં પિતાનું વ્યક્તિત્વ જીવંત કરી તેમાં શોક અને ચિંતનના પાસાં પાડે છે.
છે. પણ કાવ્યમાં ગંભીરપ્રમોદકા શોક અને ચિંતનનોજ સાક્ષી છે. કાવ્યના
પહેલાં ૭ ખંડોમાં વાત્સલ્યતાની ઊંડી વહે શોકનો ઘેરો રંગ પૂરે છે.

'નિસ્તેજ વાડી' કવિતામાં ગુલાબ અને ચંપાના મૃત્યુથી પુત્ર-
વિયોગનો શોક પ્રકૃતિ પ્રતિ ચિંતન કરી કવયિત્રી કરુણ રસ વહાવે છે.

ગુલાબની સાથે ચંપો વિકસી રહ્યો હતો. તેને માટે કવયિત્રીને મોટી આશા હતી પણ તે ફૂલમાં ખીલી ગઈ તેથી વિષાદ જન્મે છે. ગુલાબની જેમ તે પણ પાંગરશે, મહેકશે તેવી આશા માતાના મનમાં હતી પણ ''જાણ્યું હતું ગુલાબ શો નિજ પરિમલે એ પાંગરશે.'' પણ અદૃશ્ય ભાવીના 'દિ કોઈનાથી કળાયા છે? એમાં કવયિત્રી શોકનો સંદેહ મૂકી દે છે. સૌનો મનભાવન ચંપો વિકસી રહ્યો હતો પણ...

૮૨. 'વસુ તિક્ષ્ણતા નેને સર્યું મુજ પુષ્પ એ ચંપા તણું
ગંગા કિનારે ધામ કાશી, પૂર્ણ હર્ષે ભેંકતું
ઓ ઈશ કરથી ક્ષુણ્ણ થે, કાલ ભવિષ્ય કરમાઈ ગયું
કે જાહ્નવી જલની મહીં, નિજ પુષ્પ એ પોઢી ગયું''

માનુષિક રૂપક વ્યવહાર, પ્રતિકાત્મક શૈલીથી, પુષ્પ સૃષ્ટિ વ્યવહાર પુત્ર-વિયોગને કવયિત્રી વિષાદને વર્ણે છે. 'મૂલ્યનો બોધક ખેદ' ઓ સુખી જીવન પસાર થઈ ગયેલો શોક, ગ્લાનિની, ઝાંખી વ્યવહાર વ્યક્ત કરે છે કે ગુલાબ, મોગરો પણ ચંપાના વિયોગમાં ઝીરવાય છે. કળીને ખીલ્યા પહેલાં જાણે ગમ્યું નહીં કવયિત્રી શોકનો તંતુ વિસ્તાર જ સૂચવે છે કે આખા પરિવાર પર આ ઘટનાની અસર થઈ છે. પણ કવયિત્રીને નિયતિની એવી ક્રિયા પર સંદેહ થાય છે કે તેને જ આમ લેવાની શીઘ્ર હતી?

૮૩. 'પુષ્પ ગંભીરતે પાસ, કરતા પણ ચારવત્
ચોની જેમ ગણી લેવું, ગમ્યાનિ ચરિતા જ્યે?''

દૂરથી વ્યાપેલા શોકનો કવયિત્રી પાસે કોઈ વિકલ્પ નથી. એકજ ભાવમાં મગ્ન તેમનું હૃદય માત્ર પુત્રવિયોગ અને શોકને ગાય છે.

૮૪. ''સ્મૃતિ એ પુષ્પની પ્યારી, છાઈ ઉર ઉદ્યાનમાં
ચૂની ચૂની દીસે વાડી, દીસે સર્વત્ર ચૂન્યતા!''

નિયતિ આગળ કવયિત્રી લાચારી વ્યક્ત કરે છે કુદરત તેના વિના જાણે કે ભાવ 'નિરર્થક વાડી' બની ગયું છે. શોક વિલાપ, વિષાદ, કવયિત્રી

પ્રકૃતિની પુષ્પ સૃષ્ટિ દ્વારા વ્યક્ત કરે છે. એમાં 'ચૂની ચૂની દીસે વાડી.....'' માં વ્યથિત હૃદય દ્વારા કરુણ વ્યક્ત કરી દે છે.

શોક અને કરુણની ઘેરાયેલી સુંદરની બેટાઈ ગઈક સવારી'માં સુંદર કરે છે. મૃત્યુના મંથન અને ચિંતનમાંથી શોકનું નવું રૂપ કવિ ઉગારે છે. કવિ કહે છે કે કાવ્યમાં - આ ઘટના કેવી સ્વાભાવિક લાગે છે ? મારો મિત્ર તો ખરોજ , પણ તેના જીવંત ચેતનશીલ આત્મીયજનો પણ જાગી ગયા છે. મૃત્યુથી જાગેલી આ ચેતનતા કોને અસર કરી ગઈ નથી? આખું ય વાતાવરણ જડ થઈ ગયું છે. અરે જે મૃત્યુથી શોકને અભિવ્યક્તિ મળે એમાં આંસુ પણ જડ થઈ બેસી ગયા છે કે પછી તેઓ વહેવાનો પોતાનો ધર્મ ભૂલી ગયા છે ? પણ આ ધર્મ ભૂલવામાં પણ કોણ નિમિત્ત રૂપે છે ? બરોબર આ ઘટના વજ્રપાત કે ઉલ્કાપાત જેવી છે.

૮૫.'' દિ'ઊગ્યા અરે કેવી, જાગેલી સર્જના દિલે,
જડ નેત્ર થયાં જાણે, વહેવાનું ભૂલ્યાં જલે'
જ્યોત્સ્નાશીલ રજનીનાથું, હોય આ કેમ રે બને
કેમ ના ઝળકી ઉઠે, ઉલ્કાની ઉગ્ર વૃષ્ટિએ ?''

આઘાત,જડતા, સન્નાટો, શોકની વ્યાપકતા, ચેતનતા વગેરે વિભાવાનુભાવ શોકને સઘન બનાવી કરુણ નિષ્પન્ન કરે છે. તાર સ્વરે વેધક કરુણ તો કવિ નીચેની પંક્તિઓમાં વ્યક્ત કરે છે કે...

૮૪.''જનનીએ વહોરેલો શાન તો ચન્દ્ર સાથેનો,
કોમળા તુજ હૈયામાં પ્રેમની ચમિકો વસ્યો,
વિચ્છેદ થઈ જતાં આજે, ઘાત જેવડ છે થયો''

જનનીથી વહોરેલો, બાળપણથી નમાવો થયેલો ચેતા અનેક ઘા વેઠીને કવિનું જે દાઝેલું રહ્યું છે તેમાં વળી તારો શોકદાહ વધારે દાહક લાગ્યો છે.

ગાંધીના અવસાન પછી તેમનું દહન થતું જોઈ જોઈને કવિ મરુન

૮૫. ''શોધું નાનું દહન અહીં આ માન શું રાજાની ?''

ગાંધીનું દહન ચોતરફ તેમના થતાં અપ્રામાણિકતા, આદર્શોના દહન, નાશ, દંભનાં જુએ છે. રાજકાટ પર દહન થયું પણ ગુલામી, હિંસા, વગેરેથી સમાજ વેદના અનુભવતો હતો ત્યાં બધે ગાંધી દહન થતું કવિને લાગે છે. આજે ય અસત્ય, દુરાચાર, દંભ, ભ્રષ્ટાચાર ત્યારે પણ ગાંધીની આગ હજી શમી નથી એમ લાગે છે. ચરિત્રક, માનવતાના પૂજારી, પ્રેમાળ, કરુણાની મૂર્તિ જેવાં ગાંધીના ભાવચિત્રમાંથી કરુણા અને કરુણની રસ-નિષ્પત્તિ કવિ કેળવે છે. આદર્શોનો અપભ્રંશ, નાશ તેનાથી ગ્લાનિ ઘેરો વિષાદ કરુણ વ્યક્ત કરે છે. ગાંધીના સ્વપ્નનું ભારત આ નહોતું. તેના આદર્શો સમજ્યા વિના દેશ અનઘડ રહ્યો પોતે અનઘડ, એના ઘડવૈયાના હાથે ગાંધીની મૂર્તિ કેવી ઘડાઈ હશે એમાં ગાંધીનું અપમાન અને આદર્શોના અવમૂલ્યનથી કવિ કરુણની નિષ્પત્તિ મેળવે છે.

ભાવ અને રસની અભિવ્યક્તિ તેમજ નિષ્પત્તિમાં ઉશનસ્‌ની મૌલિક પ્રતિભા વધુ દેખાય છે. 'પ્રભુ આપો જનાં' કાવ્ય શ્રેણીના એક કાવ્યભાગમાં કવિ વર્ણવે છે કે પિતાના સમયનો મોટો ભાગ પરિવારની ચિંતામાં જતો રહેતો હતો. હવે તેઓ આ જગત અને જગતની ચિંતાથી પર થઈ ગયા છે. તેથી તેમનો સમય કેવી રીતે જતો હશે ? તેમને ગોઠતું હશે કે નહીં ? પણ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. પિતાની ચિંતાનો વિષય તો અમે બન્યાં હતાં. અમે કેમ નિશ્ચિંત હતા તે હવે સમજાયું હવે અમારા પિતા અમારાથી દૂર ચેકલા પડી ગયા હશે. અન્નપૂર્ણા વિના અમે બહુ ચેકલા પડી ગયા છીએ. અમને તમારા વિના ગોઠતું નથી આમ વિયોગ અને ચેકલતાના વિભાવોથી શોકમાંથી કવિ સ્મરણ અને કલ્પનાના બળે શોક વ્યક્ત કરે છે.

ગાંધીના વિચારો, જીવન અને પ્રભાવનું પ્રતિબિંબ અનેક કવિઓની કવિતામાં ઝીલાતું જોવાં મળે છે એમાં ગાંધીના સંદર્ભે જીવનની કરુણતા

kalpana's

આલેખન કેન્દ્રમાં છે આવા કાવ્યોમાંથી કેટલાંક કાવ્યોમાં ગાંધીના વ્યક્તિત્વ અને પ્રભાવનું રીઢું આલેખન છે તો કેટલાકં કાવ્યોમાં ગાંધીનો સંદર્ભ કરુણાના આલેખન માટે કલાત્મક રહ્યો છે. કેટલાંક કાવ્યોમાં માનવજીવનની કરુણસ્થિતિ, વેદનાને પણ એ નિમિત્તે ઠીકઠીક વાચા મળી છે. વેદનાને વ્યક્ત કરવાની નવીન અભિવ્યક્તિ મણિલાલની કવિતાનું કૌશલ છે. શોકને વ્યક્ત કરવાની કલાત્મકતા એમની આગવી સૂઝ કહી શકાય' કેનેડીના અવસાન પર' લખેલી કવિતામાં કેનેડીની કરુણા ગાંધી અને ઈશુસુધી કવિ વિસ્તારે છે અને બીજી તરફ વ્યથાને લોકોમાં સર્વત્ર વિસ્તારી દે છે અને હવે ઈશુ, ગાંધી અને કેનેડી જાં કોની કરુણા આશ્રય આપશે ? એવી ચિંતાથી વ્યથિત લોકોને કવિ કહે છે કે હવે લોકોને જઈ કહો કે દરેક જણ બેકબીજાની વ્યથાને હવે ચાહવા માંડે, માનવ માનવ વચ્ચે હૃદયનો સેતુ બંધાય અને લાગણી ધબકતી રહે પોતાનો ઘા સમજી દરેક પારકાના ઘાને પ્રેમથી પંપાળવા માંડે, માનવપ્રેમ વિકસાવે કારણ કે હવે કોઈ કરુણામૂર્તિ આપણી રક્ષાર્થે જન્મવાં નથી તેથી પરસ્પર ચાહો કાવ્યમાં વણાંક લેતી વેદના, કરુણાના અભાવની ચોટમાંથી વ્યથિત કવિહૃદય અને વ્યથિત લોકોની ભીડમાં ઉભરાતી વ્યથા-એ જોઈ કવિની ચિંતા અને કરુણાનો અભાવ વિષાદ પ્રગટાવે છે. વ્યથા-વિષાદ-કરુણની કલિએ જાણે કે પ્રેમ-ઈશ્વરની રચી છે. એમાં ચટવાતા નિરાધાર લાચાર, હૃદયની સ્થિતિમાંથી પણ વેદના જ વ્યક્ત કરે છે. કરુણનો સંદર્ભ હોવા છતાં કાવ્યના હાર્દમાં વેદના-દર્દ-વિષાદ છે.

૮૬ ''તો ફરી ચાલો
આપણે બધા પાછા વળીએ
ને બહાર ઉભેલી ભીડને કહીએ
કે
ઈશુ મરી ગયા છે.

kalnaad's

ગાંધી હવે મરી ગયાં છે,
જેથી
જે લોકો બેઉબીજાની વેદનાને ચાહતા માંડે,
એક બીજાના ઘાને પંપાળતા માંડે
અને
કાલે નહિ જીવતા સૂરજની રાહ જોવામાં
આજની રાત
ન બગાડે.'

શૃંગાર રસ :-

અભિનવ ગુપ્તે ગુચવેલા અને ભરતે સ્પષ્ટ કરેલા રસો વચ્ચેના ચાર સંબંધમાંથી શૃંગાર અને કરુણને પણ પરસ્પર વિરોધી ગણાવ્યા છે. એક જ વ્યક્તિ બેકજ સમયે બન્ને રસમાં અભિવ્યક્તિ આપી શકે નહીં નાટકની જેમ કવિતામાં પણ વિપ્રલંભ શૃંગારમાંથી કરુણ નિષ્પન્ન થતો જોવા મળે છે. પરંતુ રસાચાર્યોએ વિયોગને બે પ્રકારે જોયો છે. નિશ્ચિત સમયના ગાળાનો વિયોગ અને કાયમી વિયોગ, શોકોર્મિ-કવિતામા મૃત્યુ નિમિત્તે કાયમી વિયોગ નિમિત્તે કરુણ હૃદયના સહજોદ્ગારને પ્રગટ કરનારા ભાવ અને રસ છે. જેમ [illegible] ચર્વણની કૃત છે તેથી શૃંગારમાંથી ચરી આવતા કરુણની સંક્રાંતિ-નિષ્પત્તિ અને અભિવ્યક્તિ વધારે ચડિયાતી હોવાથી સુખી દાંપત્ય-ભાવ અને શૃંગારમાંથી કરુણની રસાનુભૂતિ કરવાના શોકોર્મિકાવ્યોનું મૂળ છે. મીઠા-મધુરા સ્મરણો, સુખી દાંપત્ય કાળ રતિપ્રસંગોના સ્મરણો વિયોગમાં કરુણની રસાનુભૂતિ કરાવે છે. દુઃખમાં શૃંગારના સંસ્મરણો શોક અને કરુણમાં પરિપોષક બને છે. શૃંગારમાંથી કરુણની રસાનુભૂતિ માટે કુમારસંભવનો-સ્ત્રીપર્વનો-કૃષ્ણપ્રિરાજાની પત્નીના વિલાપનો શ્લોક પ્રચલિત છે. શોકના પ્રસંગે આંસુ, ગદ્‌ગદ કંઠ, રુદન, નિશ્વાસ,

kalpana's

હતાશા, સ્મૃતિભ્રમ, કાયરેક મૂર્છા જેવાં અનુભાવો જોવા મળે શોકોર્મિકવિતામાં આવા અનેક અનુભાવો વ્યક્ત થયા છે. વિપ્રલંભ-શૃંગારમાંથે કારુણ્ય વતાંય છે. ૮૭. ''પરંતુ વિપ્રલંભ શૃંગારમાં જે કરુણ નજરે પડે છે. તેમાં બે ભેદ છે. એક સ્થાવી વિયોગ અને બીજો સ્થાયી વિયોગ.....પણ બેમાંથી એકનું મૃત્યુ થતાં જે વિયોગ થતાં જે ચિર-વિયોગની દશા પ્રાપ્ત થઈ તેનો કરુણ રસમાં સમાવેશ થાય છે શોકોર્મિ-કવિતામાં તેથી પ્રિયજનના વિયોગે ઉચ્ચકોટિનો કરુણ રસ પ્રાપ્ત-ઉપલબ્ધ છે. નાટકમાં તો અભિનય છે પરંતુ શોકોર્મિમાં એવું કોઈ અનુકરણ-અભિનય નથી પણ વાસ્તવિક અનુભૂતિની સીધી અભિવ્યક્તિ છે. તેથી વિયોગ-કરુણ વધારે હૃદયદ્રાવક બને છે.

પતિનું શબ પાસે પડ્યું હોય, જોઈ શકે પણ લાગણીનો કોઈ પરસ્પર વ્યવહાર થાય નહીં ત્યારે મૃત પ્રાયઃ પતિને જોઈ કલ્પાંત કરી પત્ની રડી ઉઠે છે કે.....

૮૮. ''જ્યાં નિરખું ત્યાં નાથ,
છે તારા સંભારનાં
પણ નહીં પહોંચે હાથ
બોલું પણ પામું નહીં''

એવી દગ્ધહૃદયની લાગણીઓ કરુણ પ્રગટ કરે છે.

શૃંગારનો સ્થાયિભાવ દાંપત્ય ભાવના છે. તેમાંય રતિભાવ શૃંગારનો વિશેષ સ્થાયિભાવ ગણાય. શૃંગારમાંથી કરુણ ને સ્વરૂપે લિધ્યો છે. વિખૂટા પડી જઈ એકબીજાના વિરહમાં શોક પ્રવર્તે, આનિમાં રહેલું જે વિપ્રલંભ કરુણ છે. વિપ્રલંભ કરુણમાં રતિભાવનું પ્રાધાન્ય હોય છે. પણ પ્રિયજનના અવસાન પર જે કરુણ વ્યક્ત થાય તે શુધ્ધ કરુણ છે એમાં પ્રાધાન્ય શોકભાવનું હોય છે. શૃંગારના બે સ્વરૂપોમાં સંભોગ-શૃંગાર

kalpana's

અને વિપ્રલંભશૃંગાર ગણાય છે. વિપ્રલંભ શૃંગાર અને વિપ્રલંભ કરુણ એક બીજાથી ઘણાં નિકટવર્તી છે. સંયોગ શૃંગારના શુધ્ધ પ્રસંગો વિપ્રલંભ શૃંગાર અને વિપ્રલંભ કરુણમાં સ્મરણથી દુઃખ, ગ્લાનિ, બેકલતાનો અનુભવ કરાવે છે પણ તેમાં રતિભાવ હોય છે. જ્યારે બેજ શુધ્ધ પ્રસંગો શુધ્ધ કરુણમાં બેદ, ઘેરો વિષાદ અને ઘેરો શોક આપે છે. ત્યાં રતિભાવ હોતો નથી માટે પ્રિયજન, પત્ની, પ્રેમિકા કે આપ્તજનના મૃત્યુપ્રસંગે વ્યકત થતો શોક શુધ્ધ કરુણ આપે છે. વિપ્રલભ કરુણ વિરહ આપે છે. પણ શુધ્ધ કરુણ વિયોગ આપે છે. વીર અને કરુણની જેમ શૃંગારરસને કરુણ બેક જ પાત્રમાં, બેક જ સમયે સાહજિક રીતે પ્રગટ થવાં અસંભવ છે. સમયાંતરે બધા બેજ સમયે પાત્રભેદે બેની સહસ્થિતિ સંભવે છે. પણ બેક જ સમયે બેકજ પાત્રમાં અસંભવ છે કારણ કે બેક રસની ફલશ્રુતિ-માંથી, તેના ફલસ્વરૂપે અન્ય રસ નીપજે બે રીતે શૃંગારનો અનુગામી કરુણ બને છે.

અર્વાચીન ગુજરાતી વિષાદ કાવ્યોમાં દાંપત્યના ફળ સ્વરૂપે લખાયેલાં શોકો ભિંકાવ્યમાં રમણભાઈ નિલકંઠના 'તું ગઈ' કાવ્ય ઉલ્લેખનીય છે પોતાના જીવનનું કેન્દ્ર જ પત્ની, અને તેના જવાથી હવે જીવન જાણે અસ્તવ્યસ્ત સ્થિતિમાં હોય તેનો વિયોગ કવિ ચાલેખે છે તેમાં ...

૮૯''ત્યારે ગઈ શું ચહિંથી પ્રિયા હું? મૂકી ગઈ આ હૈયું રિબાતું
હવે ભિંતે તે મુખ તાકિતાકી, નિહાળવાનું નહિં શું કદાપી?''
ગ્રહો ફરે છે રવિ ચારપાસ, છાયા ફરે છે વચમાં પદાર્થ
પ્રદક્ષિણા એમિય કેરિ અર્થે, કયાં હું ફરું રે તુજ વીણ મધ્યે''

પુરુષના જીવનની સ્થિરતા નારીને લીધે છે. તે જતાં ચુકાન લિધાના દિશા શૂન્ય નાવ જેવી તેની હાલતનો બેકરાર કવિ કરે છે ''તાકિતાકી'' પ્રયોગ લગ્ન પછી થોડા જ સમયમાં જોડી તૂટવાનો બેદ વ્યકત કરે છે.

kalpataru

૯૦. ''નરના ચિત્તને સ્વસ્થ, સ્થિર અને એક એક વસ્તુ રાખતું મધ્ય બિન્દુ નારી છે.'' સંસારના આ સત્યની કરુણ ઉદ્‌ગાર તું ગઈ માંહે. 'રેખા શૂન્યતા' અને 'તું ગઈ' બાં હૃદયનો રાકો પ્રગટતો હોવાથી વિચ્છિન્નતા તરીકે તેનું ગણનાપાત્ર સ્થાન છે. સુંદરજી તે માટે ખાસ નોંધે છે કે ...૯૧. '' રમણભાઈનાં ઊર્મિપ્રધાન કાવ્યો તેમનાં બધાં કાવ્યોમાં સૌથી સમૃધ્ધ છે. 'તું ગઈ' અને 'રેખા શૂન્યતા' બે વિરહનાં બે મીઠાંતત્વ સમૃધ્ધ કાવ્યો છે'' ભાવોની સબલતા ઝીલીલેતી તેમની ઊંડીસંવેદન-શીલતા તેમાં વ્યક્ત થાય છે.

વિયોગની બાહ્ય દર્દ અને કરુણતા, પ્રસંગનું ગૌરવ જાળવી દીધા વગર શેષ અને બેટાઈ સુંદર , મર્મ વેધક રીતે પ્રગટાવે છે. કંથન સ્વજનથી છૂટા પડવાની કરુણ ગંભીર ક્ષણને બન્ને કવિઓ વધાવે છે બંને પણ હૃદયની કરુણતા તેમાં તરવરે છે. 'છેલ્લું દર્શન' માં પ્રેમાનંદ શેખ કહે છે કે...

૯૨. 'ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજ ચિહ્ને કશું
રહ્યું વિકચતું જ અન્ત સુધી જેહ સૌંદર્ય, તે
અખંડ જ ભલે રહ્યું, હૃદયસ્થાન તેનું હજો
ન સંસ્મરણ વા ન કો સ્વજન બે કદી પૂરશે
મળ્યાં તુજ સમીપ અગ્નિ તુજ પાસ જુદાં થિયે
કરે અધિક મંગલ નથી શું બે સુંદરી ?''

દંપતીના મિલન અને વિયોગની બન્ને ક્ષણનો અગ્નિ સાક્ષી છે બે બેની વચ્ચે દાંપત્ય વહી ગયું હવે તેનું હૃદય સ્થાન અટલે જરહેશે. સ્વજન કે સંસ્મરણથી બે સ્થાન પૂરાશે નહીં. સુંદરજી બેટાઈ સદ્‌ગત ચંદ્રશીલાને' કાવ્યમાં દાંપત્યના સાક્ષીભાવ તરીકે ગોદાવરીને રાખે છે xxx વર્ષો પહેલાં તેના તટે મળ્યાં, આજે તેના તટે પત્નીનાં –

kalpataru

૯૩. ''શો એ હતો શોભન, સાંધ્ય ઉત્સવ
શો પ્રીતિનો યોજન – એ મહોત્સવ
તે રંગનું ઇંદ્રાલ થયું જીવને
બની હજે નિર્મમ મૃત્યુ મંગલ''

ગોદાવરીના તટની બે ક્ષણ-દાંપત્યના આદી અને અંતની સાક્ષી છે કવિ તેમાંથી જ કરુણ સ્થિતિ ચુસ્યે છે કે આ બે ક્ષણો જે તટ હતી અને તેની વચ્ચેથી વાધી જીવનસરિતા વહી ગઈ ! આજે કવિનું મન વિક્ષુબ્ધ છે અને વેદના-વિષાદ -કરુણતાથી કવિ અસ્તવ્યસ્ત, અસ્વસ્થ છે.

''આજે ગોદાવરી ડહોળી, અસ્તવ્યસ્ત વહી જતી
મારી જૈવાવહી કેરી પ્રતિચ્છવી કરે છતી''

ડહોળાયેલું કવિનું મનનું ગોદાવરીનું પ્રતિક બને છે. ૯૪. ''સુંદરજી બેટાઈએ બાળકૃષ્ણ, પત્ની અને ગુરુ નરસિંહરાવના અવસાન વિશે કાવ્યો આપ્યાં છે. તેમાં 'ઇન્દ્રધનુ' અને 'સદ્‌ગત ચંદ્રશીલાને' તીવ્ર છતાં અનાકુલ સંવેદન અને સ્વસ્થ ચિંતનને કારણે સ્મરણીય છે. સ્વજન સાથેના વાસ્તવિક પ્રસંગોનું સ્મરણ શોકને ઘેરો બનાવે છે. તેનું સંયમભર્યું નિવેદન સચોટતા વધારે છે. આમ તો સદ્‌ગત ચંદ્રશીલાને કરુણ પ્રશસ્તિ છે અને અદીઠ સવારી પણ બહુચિરહોર્મિકવિતામાં વર્ગની કવિતા ન ગણાય છતાંય શેષાના 'છેલ્લું દર્શન'નું સામ્ય 'અદીઠ સવારી'માં આ પ્રકારે સામ્ય ધરાવે છે.

૯૫. ''ધમાલ ન કરો, ધરો બધી સમૃદ્ધિ માંગલ્યની
ધરો અગરુ દીપ ચંદન ગુલાલને કુંકમ,
ધરો કુસુમ શ્રીફલો, ન કરી જીવને આ થતો
સુયોગ અનુકૂલ સુંદરમ્ સુંદર સુહાગી માંગલ્યનો''

સામગ્રીના સામ્યની સજાવટમાંથી દાંપત્યના માંગલ્યનું સ્મરણ આપી બેટાઈ

કરૂણ સાધે છે અને કાવ્યત્વ ધારણ કરે છે કાવ્યકોટિએ સૌંદર્ય પ્રગટાવે છે વિષ્ણુપ્રસાદ તેમને માટે અભિપ્રાય આપે છે કે ''કેટલાંક પ્રેક્ષકોમાં ઘણી વસ્તુઓને સમાવી લેવાની ગાયનની એમની રીતિમાં ખોવાં છતાં યાદી જેવું ક્યાંયે લાગતું નથી'' પણ રસનિષ્પત્તિની દિશામાં ગાળા વધે છે.

૯૭''હા ? એજ પીતાંબર, પુષ્પમાળ એ,
હા, બન્ધુઓનો ય હતો સમાજ એ
અકલ્પ્ય કિન્તુ સર્જિ, વૈપરિત્યે
હર્ષ બદ્યું મૂર્ચ્છિત શોક છાયમાં
ઉલ્લાસ તો સાગર સર્વ તીર્ણ
એના જલે શાન્ત કર્યો વિનાગ્નિ,
પરંતુ જે અંતર વહ્નિ ઉઠ્યો
તેની અરે લાવી નહીં જ શાન્તિ''

અન્ય વિષાદ કાવ્યોમાં પ્રગટતા કરૂણથી જુદીજ ભાત પાડતું મહ્લાદ પારેખનું 'વદાય' વિયોગમાં સ્મરણને વાગોળે છે.

૯૮''કોરે થઈને કદીક,તુજ આંખે જોયા કર્યાં
કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યાં''

''આપણે જોઈશું તો આમાં બહુધા તો વિષાદ મૃત્યુજન્ય છે, તેમ છતાં મહ્લાદ અને લાભશંકર જેવાનાં કાવ્યોમાં પોતાને ત્યજી જતાં પ્રિયજનનાં વિરહ-દુઃખનું ગાલેખન પણ છે. બીજું મૈમાનંદ જેવાની રચના પદ્યમાં છે તો 'શેષ' અને ઉમાશંકરની રચના સોનેટમાં છે. સ્નેહરશ્મિની રચનાગીતસ્વરૂપે છે. તો હરિશ્ચંદ્રની બે ચાર કડીની છે. સુંદરમ્ નું 'અગ્નિવિષ્ણુ' ઠીક ઠીક લાંબી રચના છે. આથી ફલિત થાય છે કે વિષાદ કાવ્યોનો પ્રકાર સ્વરૂપ મૂલક શ્રેણિ નથી પણ વિષયમૂલક છે.

kalpana's

૬૯.''.....ટૂંકમાં વિષાયમૂલક વિષાદકાવ્ય તરીકે 'વદાય' કાવ્યમાં વિષાદ પ્રિયજનથી એક ક્રમ આગળ જઈ, પ્રિયજનના વિરહમાંથી વિષાદ ચાલેખાય છે.

કરુણ કાન્તના કાવ્યોનું ગોરવ છે, 'વિપ્રયોગ' , વિધુરકુરંગ અને 'પ્રમાદી નાલિક' માં પ્રગટ તો કરુણ [illegible] ઉચ્ચકોટિનો છે. લાચારી ઝકોર, હતાશા, પ્રેમની ઘૂંટાતી વેદનામાં નિરુપાય સ્થિતિમાંથી તે કરુણ પ્રગટાવે છે. વિપ્રયોગમાં તે કહે છે.

૧૦૦.''આકાશે જેની એ તારા,
જેની એ જ્યોત્સ્નાની ધારા
નજીક નિશા જેની એ દારા
ક્યાં છે જેની એ ?
એ તો પ્રેમે હાલ્યાં નહીં જોવાની
આંખલડી એ નહીં લ્હોવાની
અંત સુધી મારે રોવાની:
ધારા જેની રે''

વિધુર કુરંગમાં કવિ શશીને જોઈને આકાશનાં તારામાં કુટુંબરત તારલા જુએ છે તેમાંથી પોતાના વેદનાર્થી કરુણ કલ્પાંત કરે છે.

૧૦૧.''શશી નિરખતો, મને ગગન મધ્ય ઉંડો કરી
સુંદર ઢંગ થી કુટુંબરત તારલાઓ ફરી
સુધા વરસતી બધે નહીં જ બધ્ય હૈયા પરે
કરે તરફડે, કરે નહિ જ, દેહ સાથી ધરે ?

પ્રિયા પ્રિયતમા ગતા ? જ્યાં સર્વ અંધ થયું
ગયું સુખ ગયું બધું, ન પણ જીવવાનું ગયું
નહીં હૃદયની બની હૃદય એક હાવાં વળે;
નહીં નયનને કરી નયન તે પ્રિયાના મળે

ફરી ઉચરયું, રડી ઉચરયું ફરી ચર્વદા
પ્રિયા! હૃદયદેવતા ? પ્રિયતમા ? સખી નર્મદા!''

કવિએ 'પ્રમાદી નાયિકા' માં પોતાને પ્રમાદી કલ્પ્યો છે. સહ્યારી પત્ની ને પતિએ પ્રમાદમાં ખોઈ હવે તેના સ્મરણ અફસોસ વધારી કરુણ ભરી દે છે. અને કાવ્યમાં નાયક અસહ્ય વેદનાથી સાગરમાં પડતું મૂકે છે.

૧૦૨''કહે કરુણ ચેષ્ટા: ''ન જાણું કિનારે સખે,
જરા જઈ સમાજમાં ? જઉ ભલે ઘવાશે રખે ?''
હતાં ચપ્પ નેન જે; મુજ ભરેલ નિદ્રા ભણે:
પડ્યો તરત ઊંમાં ? સ્મરણ તે ન હાલાં ખસે ?
કરાલ રજની મહીં ગગન ગર્તમાં ડૂબતી
દઈ દગ ઉઘાડતાં ચડી અનેક તારા ચતી,
હતી શિથિલ નાવડી સ્થિર જરા ત્ય દીઠી પ્રિયા
પડ્યો તરત ઝપતો જલધિમાં''પ્રિયા ? હા પ્રિયા?''

કરુણ ચહીં પરાકાષ્ઠા ચે પહોંચે છે કરુણરસ ઉત્પન્ન કરવાની કાન્તની રીતિ અભ્યાસકરવા યોગ્ય છે. અહીં તે રૂપક યોજી પોતાની વ્યથાને ઉચિત અભિવ્યક્તિ આપે છે. ૧૦૩''ચાવાં હૃદયને જગતનો અન્યાય, અવ્યવસ્થા, જગતની યોજનાની વિષમતા અસહ્ય લાગે ચે સ્વાભાવિક છે. ચાનાં હૃદયો પ્રીજાનો સતત અંતરતાપ તપ્યા કરે છે. સાધારણ માણસને તો આ તાપનો અનુભવ હોતો નથી. અને હોય તો તે સહી પણ ના શકે પણ વધિષ્ણુને આ સર્વ તાપમાં એક ઊંડુ સાંત્વન હતું : તેમના પત્નીનો પ્રેમ અને પ્રસાદ'' જ્યારે ચે પણ કવિ ખોઈ બેસે છે ત્યારે તેમની કરુણતા કિનારા તોડી વહી રહે છે. આ દૃષ્ટાંતો પરથી જણાશે કે કાન્તનો કરુણ જીવનની સંકટમય ઘડીઓને કસોટીમાં મૂકીને તાવીને, ગાળેલો છે :

kalpanic's

ન્હાનાલાલ અને કાન્તની તુલનામાં બ.ક.ઠા.ની કાવ્યબાની ક્લિષ્ટ 'મઝાયઝ' લાગે પણ જ્યાં શોક અને કરુણનું ગાન આવે છે ત્યાં બાની તેના સ્વાભાવિક રૂપમાં અનાયાસ સ્ત્રોત થઈને આવે છે તે ભાવનું ઝરણું થઈને આવે છે એમાં બુદ્ધિ કરતાં હૃદયની વેદના, ભાવના— નું મહત્વ વધારે તરવરે છે માટે પ્રયોગવીર કહી શકાય એવા બ.ક.ઠા. ના વિરહના કાવ્યો કાવ્યત્વના ઝરણાં લાગે છે. મૃત્યુસમયની સ્વજન પ્રત્યેની આપણી પ્રીતિજન્ય ધારણાએ જેવી વળતાં શોક વધે અને શૂન્ય તેની અવિરામ નિર્વિકલ્પ મતિભ્રાવો પરચો બતાવે ત્યારે કરુણ સ્ત્રિ સિવાય કંઈ માધ્યમ થતું નથી. શોકાક્રાન્ત અને કરુણની સ્ત્રિમૂર્તિ 'કોકિલ વિલાપ'માં મળે છે.

૨૦૪...'ઘાર્યું તું ઘાયલ થા શમશે,
ન્હોને કોકિલાં નરી ઉતરશે,
ઝાઝર કાનિલાં કોઠે જરશે
ને કોકિલ વિગતજ્વર મ્હારાં જોરો સૂર ચારો
ધાર્યું તું સૌ દૂર ગયું તે,
અદ્ભુતાશ્ચર્યમૂલની બ્રહ્મપ્રભુ તે
અબળ વંઠ મેહ્યા દવમૂં નકટ ઉરહીનૂં
ગોરે કોકિલ ? રે રે કોકિલ ?

X X X

વિમુક્તાકાશકિન્ન હે પાવન
તુજ પડ્યો રાજન ઉત્પાતન
અલય તાદરા નવલ બીજ ઘન ?
જાહેર તે : તો પણ આ ક્રંદન મારે આક્રંદન'

વિરહની અભિવ્યક્તિ નિમિત્તે ઠાકોર માનવિક સ્થિતિની વિવિધ અવસ્થાઓ ઉદાસ ગદ્ગદાભ્ય, વલોપાત, નિરાશા, બેકલતા, દુઃખ

વિરહ ક્યારેક આઘાતમાંથી જન્મતો રોષ, અને સ્મરણોને ગાય છે પણ બધાંમાં આંતરપ્રવાહ કરુણનો છે.

૧૭૫..''એકે એક સ્મરંત એ સ્મરકથા, રહ્યા ગઈ આધી
ને વીતીય નિશા, ઉષા ઉડતિ શી લ્યાતી રવિ નિષ્ઠુર''

સ્મરણનું સુખ પણ છીનવાઈ જાય ત્યારે જીવતર અકારું લાગે જીવન પણ જીવવું મોત લાગે ''મોત જીવવું મોત, એમાં વધુ વસમું શું ?'' એ પ્રશ્ન સતત મનમાં ઊઠે છે અને એનો સાંપડે છે દુખદ જવાબ.

૧૭૬..''હિને જિવંત રાખવા કરિ ચૂક્યો, બધું વ્યર્થ તો,
અને ક્રિદ્ગુણ વ્યર્થ સર્વ, જીવવું મુવા જુદ્ય ના

ત્યારે કવિ પોતાના જ ઘરમાં પરકતા અનુભવે છે.

૧૭૭..''હતો ઘર થકી ચક્રેલ, તું જતાં વિશેષો હવે''

સહગત પત્નીના અજ્ઞાનનો શોક ચિત્તમાં તરફડાટ, આતંક અને અંતે ચાહનામાં મગટે છે.

૧૭૮..''છે બે સાંધ્યા, નદી, બગીચો, જૅજ કુરેણી કોકિલનું
બે ચાર્દ્રચંદ્રમી પણ, જાતાં એક, બધું લિખ કાતિલ
મધુ ઊંજતે પ્રેમ જીવનને ઠારું રે, ક્યાં ય ઊર ના થરપે બ્હારું?

મૃત્યુજન્ય વિરહમાંથી કરુણની અભિવ્યક્તિ બાપામાં બ્હાનાલાલ, કાન્ત અને બ.ક.ઠા. વધુ સફળ અને સબળ રહ્યા છે. અનુભૂતિની સચોટ અભિવ્યક્તિ તેમની કાવ્યવાનીમાં નરી આવે છે. જેમાં કવિ દાંપત્યકાળના મીઠાં સંભારણા ગાય છે. સ્વજન ખોયાનું દુખ ગાય છે. અને અનુભૂતિને કાવ્યત્વ આપી અભિવ્યક્તિમાં લાવે છે. 'પ્રમાદી નાવિક' 'વિધુર કુરંગ' માં કાન્ત, અને 'જાગરણ', 'ધૂલિકણો',' વિરહના આંસુ' માં બ.ક.ઠા. તેનું આલેખન કરવામાં સફળ રહ્યા છે. ઝંઝાવાત બંધ તે માટે

નોંધે છે કે ૧૦૯.''દાંપત્યના ઉલ્લાસણાનમાં ન્હાનાલાલનું પ્રદાન ગૌરવવંતુ છે. 'કુલ યોગિની' કાવ્ય તેનું દૃષ્ટાંત છે. પ્રણયભાવનું ગાન કયા કવિ કર્યું નહીં હોય ? વિકલ પ્રણયનાં દર્દ કે પ્રેમની સંતુષ્ટિનું મુગ્ધ પ્રેમનું કે પ્રમની ઉછળતી ઊર્મિઓનું એમ અનેક વિધ પ્રણય-સંવેદનોનું ગલેખન ગાયણા કવિઓએ કર્યું છે. ઠાકોરમાં તો તેનું માતબર ગાલેખન છે તો કાન્તમાં પણ તેનું નખર ગાલેખન છે.''

૧૧૦.''પ્રભો ગમ સ્વાર્થજન્ય ઉર શોક- તોફાનને,
કરું સ્તબ્ધની ઉર્વંગભર શોભા ચારાર્તિકા ?
જિયે પ્રભુજ્યોતિથી ચડિ ઉદાર દેવી ધન્યાં,
નમોસ્તુ તુમને -- ચરે ચ્યવન, રોવું છાંડો જરા

X X X X

મધુની પ્યાલી જાગી રહી તૃપ્તિ ન ધરતી

X X X X

નમોસ્તુ તુમને રાખી તમ જિયે નમો એહને
મુને પ્રાપ્યું જ તો મુજ જિયે તમો જોઈને

પચ્ચીસ વર્ષના સુખી દાંપત્ય તૃપ્તિનો ભાવ વ્યક્ત કરે છે .

'પચીસ વરસોત્સો અજબ સાથ એ સાયણો''

X X X X

જિયે નવ રડી, જુઓ, રવસનરોધ સહેલાય ના
થતો જ પણ પૂર્ણ ચાં ન ઘટતી તથા લાલિની

દાંપત્યના સુખદુઃખને સ્મરી રોતો વ્યક્ત કરી કવિ પારાવાર વિયોગની વ્યથા અનુભવે છે. ગુંદરમ 'આરતી' કાવ્યમાટે લખે છે ૧૧૨.''.....પતિપત્નીના કોર મૃદુ સ્વભાવો, પરસ્પરનાં સ્વાર્પણો અને સેવાઓનું પ્રણયપર્વસમાથી નિરૂપણ અને વિરહની અસલ વ્યથા એ બધું વ્યક્ત થયું છે. એની સાથી વધુ મનોરમ અને આહલાદક એક કવિની

ઈશ્વર પરની અકલ્પ્ય શ્રદ્ધા છે. 'પ્રભુની પ્રતાળી જ્યોતિ રહી તૃપ્તિ ન ધરવી'નો સમર્પણ ભાવ, નથા ઘર ઘરમાં, ઋતુ ઋતુમાં, ગમે' ત્યિે પણ ગહનનું કુસુમ માત્રબોળે ત્યહાંથી માંડી છૂટી અનિ વણવગની ઉભરાય લાવ્હા પરાં, વસ્યે, રમસ્યે, તનુથી એકત્વમ એકમાં પહોંચતી ઈશ્વરની વિરાટ રૂપની 'આરતી'કવ્ય અને મનોહર છે.

કાન્ત, બ.ક.ઠા. બાલમુકુંદ દવેની કવિતા વિયોગના દર્દમાં ઘૂંટાઈને આવતી ઉત્તમ કરુણને નિષ્પન્ન કરતી કવિતા છે. કરુણ જીવનના કુદરતી સંકજાના સંકટમાંથી ઘૂંટાઈને આવે છે. ક્યારેક સ્મરણોના મુખમાંથી ટપકતું આંતરરુદન થઈ વહે છે. એમના અનેક વિધ પ્રત્યક્ષ સંવેદનોમાંથી કાન્ત કરુણ પ્રગટાવે છે. બ.ક.ઠા.નો કરુણ સ્મરણોમાંથી ઝરે છે. ઉત્તમ કરુણની અભિવ્યક્તિ આપતી શોકોર્મિકવિતાઓ સુખી દાંપત્યની ચારસી છે.

સુખી દાંપત્ય પછીનો પત્ની વિનાનો ગાર્હસ્થ્યકાળ યાતનામય રણાપાર લાગે એની કરુણતા બાલમુકુંદ દવે ' તું જતાં' માં વ્યક્ત કરે છે કે પૂર્વે બાદ લાગી પ્રગટેલી ચિતાની શમી જ્યોત પણ 'ઉર બીજી સળગી ઊઠવાની' કાજ કે પત્નીના ગયા પછી બાકીના દિવસો 'સપનોનું સ્મશાન જિંદગી' લાગે છે. સ્વપ્નમઢી સુખદ મિઠા જેવું સુખી દાંપત્ય ખંડિત થતાં હવે જીવન સ્મશાનવત્ લાગે છે. હવે ' તું જતાં'

૧૧૨.'' દિને ચારે બડકા છ અગના, રજની સારે ટગલા છ આંખના
વિવિના વસમાં છ વાયરા, નિરાશા અવસાન જિંદગી
પળમાં નવ હો ઉપાન, ને બખરી હોય ઘરજ ધોબણી
અન્ન હોય ન જોજનો લગી, ઉડતી હોય જ આગ કુંઠથી
તમને, મને તપાવતી, તેમ તું ગેબલો જાઉં રે ધપ્યો
બધનો પણ આ પ્રસંગ રે, અનુભૂત્યો પણ બેઉથી રહ્યો
કરચો સહું વેદની કરી, સ્વપ્નોની ગઠરી શિરે ધરી

kalpanas

કદમે કદમે તને સ્મરી, કરતો મૂક પ્રયાણની ભણી''

સ્વપ્નોની ગઠરી શીરે ધરીને પત્ની જવાથી કંટાઈ કવિને મૂકીને ગઈ તે મુકામની દિશામાં ચાલ્યા અનુસરવા માર્ગે ચાલ્યા જાણે જ હવે કવિનું જીવનકાર્ય છે. પંક્તિઓમાં પત્ની વિનાના જીવનની એકલતા કરુણ નિષ્પન્ન કરે છે.

હાસ્યરસ :-

કરુણરસની ચર્ચા કરતાં રામપ્રસાદ બક્ષીએ રસો વચ્ચેના સંબંધનો ચાર વર્ગોમાં અભિનવ ગુપ્તના અભિપ્રાયને દોહરાવ્યો છે.

૧. એક રસના આભાસમાંથી અથવા અનુકરણમાંથી બીજો રસ ઉત્પન્ન થાય.

૨. એક રસના ફલસ્વરૂપે અન્યરસ નીપજે.

૩. એક રસના અત્યંત નિકટ તરલ જ ઉત્પન્ન થતાં ફલસ્વરૂપે બીજો રસ આવે.

૪. એક રસની સાથે સાથેજ સહસ્થિતિરૂપે, બીજારસનો સમાવેશ થાય

એમાંથી પહેલા પ્રકારના સંબંધમાં કરુણ અને હાસ્યના સંબંધનો સમાવેશ થાય છે. હાસ્યરસ અનૌચિત્યજનિત આભાસ અને અનુકરણમાંથી ઉદ્ભવે છે. કરુણરસને બદલે કરુણનો અનૌચિત્ય રસાભાસ થાય અથવા કરુણના વિડંબનાત્મક અનુકરણમાંથી હાસ્યનો ઉદ્ભવ થાય છે. કરુણરસનું અનુકરણ એટલે કરુણરસના સ્થાયીભાવ, અને સહચારી ભાવે વ્યક્ત કરનારા અનુભાવોનું અનુકરણ સ્વજનના મૃત્યુ પ્રસંગે થતી કોઈપણ અભિવ્યક્તિમાં દંભ કે વ્યંગનો અંશ ના હોય તો તે જોનારના ચિત્તમાં શોક ઉત્પન્ન કરે પણ રોવા, કૂટવાનું કે શોકને વ્યક્ત કરવાનું અનુકરણ કરે તો તેમાંથી હાસ્ય ઉદ્ભવે છે. તેથી જ સિદ્ધ થાય છે કે કરુણ અને હાસ્ય વિરોધી રસ હોવા છતાં કરુણાભાસ કે કરુણવિડંબનનો હાસ્ય સાથે સંબંધ છે.

સદ્ગતના સ્મરણ રૂપે આદર વ્યક્ત કરવાનો શિષ્ટાચાર સંસ્કૃતિની દેન છે. પણ એ શિષ્ટાચાર અને પોતાના આચાર-વિચારમાં ખુલ્લા પડી

Kalpana's

ગયેલા માણસો, નેતાઓ, સમાજસુધારકોના શોક પ્રદર્શનમાં માન વ્યવહાર, ઔપચારિકતા, આચાર-વિચાર વાળો ભાંડકીછોડો પકડાઈ જાય છે. તેઓ ગાદર વ્યક્ત કરે તેવા વ્યવહાર, વાણી કે ઉદ્‌ગાર-ઉદ્‌બોધન જેવા ઢંગ, અનુકરણને લીધે કરુણને બદલે હાસ્ય નિષ્પન્ન કરે છે. ઉશનસ્ માર્મિક, છતાં વેધક વ્યંગથી ગાંધીજીને પૂછે છે પણ એમાં ઉઘાડા પડે છે ગાંધીનું ઢંગી અનુકરણ કરનાર માણસો અને શોકમાં વિસ્મયનો ભાવ મૂકી કરુણના ભાસમાંથી અણુ બદારા પ્રજાજનો હાસ્યને નિપજાવે છે.

૧૧૩. 'આદર્શનો અવશેષ જ્યાં છે બાકી
તમને હજી ય છે પ્રજામાં આ સાખ?'

કટાક્ષમાંથી કરુણમાંથી હાસ્ય ઊંધે છે.

વિષાદ-કરુણ-હાસ્યની તેજછાયાની સૃષ્ટિ નલિન રાવળના 'જ્યંતિ દલાલની પ્રથમ પુણ્યતિથિએ' કાવ્યમાં છે. કાવ્ય ગઝલ-દસ કૃતિ છે અને વિરામ ચિહ્નોમાંથી કવિ હાસ્ય-કરુણને ગૂંથે છે કવિએ લેખકના ખાલી ગ્રંથખંડમાં લેખકનો હસમુખો ચહેરો જોયો અને...

૧૧૪. 'અર્ધપ્રશ્નચિહ્નો વિષાદરેખાની અર્ધપ્રશ્નમાં,
હાસ્યસરી તસ્વરે આંખે મારી
તાજા તડકા જેવી તેજ તબકતી આંખો ''

જ્યંતિ દલાલની પ્રથમ પુણ્ય તિથિએ' કાવ્યમાં અર્ધ પ્રશ્ન હાસ્ય અને કરુણ સર્જે છે. અર્ધ પ્રશ્ન બદારા હાસ્ય અને અર્ધ પ્રશ્ન બદારા કરુણ-વિષાદ વ્યક્ત કરે છે. હાસ્યમાંથી વિષાદનું આ વીસ્ફ દષ્ટાંત ગણી શકાય હાસ્યમાં જ્યંતિ દલાલનો હસમુખો ચહેરો અને શ્રી દલાલનું અડધું સુખી જીવન વ્યક્ત કરી બીજા અર્ધ પ્રશ્નમાં મૃત્યુથી વ્યાપેલો શોક અને વિષાદ ચાલ્યો છે. પ્રશ્ન બદારા ગૂંથાયેલી આ ગૂંથણી ચમત્કારકતાવાળી અને કલાત્મક લાગે છે.

કરુણના રસાભાસ નિમિત્તે હાસ્યમાટે પ્રયોજાતો વ્યંગ અને કટાક્ષ, વક્રોક્તિ અને શ્લેષ પણ ચમત્કારક વેધક હાસ્ય નિષ્પન્ન કરે છે. એમાં ક્યારેક અનૌચિત્ય આભાસ અને ક્યાંક અનુકરણ જોવા મળે છે.

૧૧૫"...તારી યાદી તણી ઝાંખી અને સ્મારકોયાં સમાધિ,
કેવી ચલેવી સરસ ઘૂસ્યા કેરી આ રીત ગાંધી ?..."

માં હતાશાના ભાવમાંથી કરુણ છે પણ સ્મારક અને સમાધિ રચવાનાં દંભમાં ઘૂસી જવાની બેવકૂફીમાંથી કવિ હાસ્ય નિપજાવે છે. એ અર્થમાં તો આ પંક્તિ પણ ચમત્કારક લાગે છે કે...

૧૧૬"...શોધું, તારું દફન ક્યાં આ માન શું રાખવાની ?..."

ગાંધીના અવમૂલ્યન અને મૂલ્યોની ઉપેક્ષા, તિરસ્કાર કરુણ નિપજાવે છે. પણ તેનો દંભ હાસ્ય નિપજાવે છે.

હાસ્ય અને કરુણની ગંભીર મુદ્રા ઉમાશંકર 'રડી ન મુજ મૃત્યુને' કાવ્યમાં ઉપસાવે છે. મૃત્યુ પામેલા ગાંધીની વાણીમાંજ સ્વગતોક્તિ કાવ્યની સચોટ અભિવ્યક્તિ છે તેનો વ્યંગ વેધક છે.

૧૧૭"...રડી ન મુજ મૃત્યુને હરખ માય આ છાતીયાં
નરે ? - ક્યમ નમેય તો હરખતા ન હોય મહિં ?
X X X X
હતું શું બલિદાન આ મુજ પવિત્ર મુખું ન કે ?
અધૂરપ દીઠીકે શું છે મુજ અક્ષમ્ય તેથી રડો ?..."
X X X X ?

અન્ય રસમાંથી કરુણની ચઢાંતિના દૃષ્ટાંત જે ઉપલબ્ધ છે તેની સરખામણીમાં હાસ્ય અને કરુણના દૃષ્ટાંત જુદાં પડી જાય છે એમાં બે જ્ઞાત સ્વજનની મૃત્યુપ્રતિ પર લખાયેલી કવિતાની પંક્તિઓ દુર્લભ હોય

Kalpatru

એ સ્વભાવિક છે કારણ કે વ્યક્તિ સ્વજનના શોકમાં દંભ અસંભવ છે. તેથી હાસ્ય અને કરુણના દૃષ્ટાંત કટાક્ષ, વ્યંગ, વક્રોક્તિ, લોકાચાર, મૂલ્યોનો અપભ્રંશ, અનૌચિત્ય અનુકરણ કરુણના વિઝ્રંભનમાંથી શક્ય બનતાં જાહેર જીવનમાં આદર્શ મહાનુભાવના અવસાન પછી કાળક્રમે સ્વભાવગત સજાતી ઉપહાસ અને લોકાચાર દંભની સ્થિતિનું ચાલેબલ મળે છે. તેમ છતાં મૃત્યુના સ્મરણ નિમિત્તે કરુણ ગંભીર વાતાવરણ સર્જી દે તેવું ચાલેબલ હોય. એવી કરુણ ગંભીર અભિવ્યક્તિમાં હાસ્ય પણ તેના સ્થાને ઉલ્લેખનીય બની રહે, તેમાંથી કરુણાભાસ થવાને બદલે કરુણ વધારે વેધક બને હાસ્ય કોઈ કરુણ વિઝ્રંભન રૂપે ના હોય, કોઈ અનુકરણના રૂપે ના હોય કે કશું અનૌચિત્ય પણ ના હોય ત્યાં કરુણ અને હાસ્ય બન્ને પોતાને સ્થાને યથોચિત લાગે છે. કરુણ અને હાસ્યનો સંબંધ ત્યાં ઉંચા સ્તરે લાગે છે ત્યાં કોઈ હાસ્યાસ્પદ સ્થિતિનો આધાર વર્તાતો નથી અને કાવ્યાંતે હાસ્ય કરુણને વધારે સાબર બનાવે છે કરુણ નિમિત્તે હાસ્ય ત્યાં કલાકોટી સર કરે છે.

૧૨૮. ઘણના

શાંત નિર્જન પ્રદેશમાં
બાના
દૂર ભસેલા ઉંહકારા હવે સંભળાતા નથી
ડૉક્ટર-ઓપરેશન-ઈન્જેક્શન-ઓપરેશન
ડીફ્થેરિયા - બેક્ટ્રે
બધા જ
ચાલી નીકળ્યા છે યમની થાનાએ
બા રાથે
હવે સંભળાતો નથી
હિંચકાની ચિચૂડાટ

kalpanc's

ચહેલી પરોઢે ઝાકળનું નરવૈયાનું
પ્રભાતિયું
બોલી ગયું છે કોકિલ રૂપ બનીને ગોખલામાં
બાના હાથના સ્પર્શની
રાહ જોતી ઢીંગલાની
માળા
ઝૂલકાય છે ભીંત પર
મેકલી ચટ્ટલી
રંટીલના ડબ્બામાં મૂકેલું
બાનું જ દાંતનું ચોકઠું
હજી ય મને જોઈ
હસી પડે છે ખીંટીએ.....

શોક, વિષાદ અને કરુણનું ચાલેખન કરતી કવિતાઓમાં હાસ્ય જવલ્લે ઉપલબ્ધ છે તેનું એક કારણ આમેય તે કરુણનો વિરોધી રસ છે. ઘેરા વિષાદમાં હાસ્યની ઉપલબ્ધિ અસંભવ પણ બની છતાં મૃત્યુજન્ય વિષાદ વર્ણનની કેટલીક કવિતાઓમાં હાસ્યનો ઉલ્લેખ છે પરંતુ ત્યાં હાસ્ય તેના 'મૂળ સ્વભાવ-સ્વરૂપ' કરતાં કોઈ જુદી તાસીર લઈને આવે છે અને તેનું કર્મ કરુણને ઘેરા બનાવવાનું જ હોય છે તે શોક અથવા બદલાના અર્થમાં પણ પ્રયોજાય પ્રજાલાલ રચિત 'દાદા' કાવ્યમાં દાદાના આસાનથી કુટુંબમાં છવાયેલા આતંક રૂપે અટ્ટહાસ્યનો ઉલ્લેખ મળે છે. અને મૃત્યુ તેમજ બદલાનું વાતાવરણ સર્જે છે.

૧૧૯. "આપે વાવી' તી જે કુંજે, વરદાયિની વસંતને
આપે કોરેલ માગેને ચરોડાં ચાવડી રહ્યાં
તેમાં ભમી ભમી વાકું, ઘડીમાં અટ્ટહાસ્યથી
ધણા શો ઘાવને પાછો, ઘડીમાં ડૂસકાં ભરે"

અહીં ચટ્ટહાસ્ય અને ડૂસકાંની સ્થિતિ મનની વિહ્વળતાને વ્યક્ત કરી અંતે હાસ્યમાંથી કરુણનીજ નિષ્પત્તિ આપે છે પરંતુ બાનાથી વધુ કરુણ ગંભીર અભિવ્યક્તિ સુંદરમ્‌ના પ્રસિદ્ધ 'બાનો ફોટોગ્રાફ' કાવ્યમાં મળે છે. જિંદગીભર હાસ્યનો અનુભવ ન મળ્યો હોય તેના જીવનની કરુણતાનીયે તો પરાકાષ્ઠા જ હોય અને તેની કરુણામૂર્તિ બાને જાવાનું કહી ફોટો પાડવાની વૃત્તિ સંતોષવામાં તેણે વેઠેલા દુઃખ, દર્દ, કષ્ટોની મશ્કરી નહીં તો બીજું શું છે ? વળી બાને દીકરાએ કદી ક્યારે ય હસાવી નથી તે ફોટોગ્રાફર શું હસાવે ? એ પણ વિચાર માંગી લે તેવો મુદ્દો છે. ફોટોગ્રાફર હાસ્ય કરવા ચૂકતો બરોબર બાની કરુણતાનો ઉપહાસ કરે છે. ૧૨૦.''સૃષ્ટિઓમાં ઠાઠથી અને કૃત્રિમ હાસ્યથી ફોટો પડાવવા જેવું જે જૂઠો વર્તમાન, સાચો પણ ક્ષણિક ભૂતકાળ'' એ વેદના અને દર્દની ચીસ કાવ્યમાં સંભળાય છે.

૧૨૧.''જો જો બા સ્થિર ત્યાં રાખું હાથને શોક વિસ્મરી
ઘણમાં જેમ બેઠા હો જાતાં દુઃખડાં સ્મરી
રાખીશું હસજો ને બા, પાપણો પલકે નહીં
રાખશો જેવું ત્યાં તેવું બરાબર પડશે ત્યહીં
અને બા જાતી કેવું, જોવાને હું જહીં ફર્યો
જૂઠડા વર્તમાનેથી કારમા,, ક્ષણમાં સર્યો
X X X X X
પુનોથી પતિથી, રાણુ સસરાથી ઘરે બહો
વિશ્વથી સર્વદા સાચ્ચે વિચારી બા ઉપેક્ષિતા
પડાવા બેઠો ત્યાં ફોટો ફોટો ગ્રાફર ત્યાં ઊભો
ગજાવ્યો મીઠડો બાલી જાવા ત્યાં કહી રહ્યો
અને બા જાતી કેવું જોવાને હું ફર્યો જહીં
બોર શું આંસુ એકેક બાને નેત્ર ઠર્યું નહીં

ચિડાયો ચિત્ત લેનારો બાકી પ્લેટ માહરી
પ્લેટ શું જિંદગીનો કંઈ બાકી રે હરી હરી

કાવ્યમાં વર્ણવાયેલી પ્રસંગ કરુણ વેધક , દર્દનાક છે તેની પ્રતીતિ 'જિંદગીનો કંઈ બાકી રે હરી હરી' ના ઉદ્‌ગારમાં વ્યક્ત થાય છે કૃત્રીમ હાસ્યના પરાણે અળાયામાંથી બાલુકની વેદના અને મૂક દર્શકના આંસુ ઉદ્રાવક કરુણની સ્વાનુભૂતિ કરાવે છે.

અટ્ટહાસ્ય પણ હાસ્યનો જ એક પ્રકાર મનાય છે પરંતુ બન્નેના પ્રાગટ્ય સમયની ચિત્તવૃત્તિ અને મનોદશામાં ઘણો ફેર છે. તત્વતઃ હાસ્ય આનંદ, મનની પ્રસન્નતા કે પ્રફુલ્લિતતાનો પરિચય આપે છે પરંતુ અટ્ટહાસ્ય , ભય, આતંક, રોષ કે ક્રોધમાંથી પણ પ્રગટ થાય છે અને અટ્ટહાસ્યમાંથી ઘેલા ભાવ પણ જાગે છે એ દૃષ્ટિએ હાસ્ય અને અટ્ટહાસ્ય એક-બીજાથી વિરોધી પણ ગણી શકાય મૃત્યુના વ્યાપેલા ભય અને શોકમાંથી પણ અટ્ટહાસ્ય સંભવે ઘ.ક.ઠા.'કોકિલ વિલાપ' માં અને મૂળજાલાલ કૃત 'દાદા' કાવ્યમાં અટ્ટહાસ્ય એ રીતે આવે છે સ્વ.કાંતિભાઈ કાપડિયા માટે સ્નેહરશ્મિએ લખેલા ગુચ્છકાવ્યોમાં 'દિલાસો'ની પંક્તિઓમાં મૃત્યુના અટ્ટહાસ્યમાંથી આવો અર્થ મળે છે.

"૨૨. 'આશા જીવનાં, બાજ ઉરને, કર ઘાતન થાયે
બાંગી દેહો, કરુણા મલકે, મૃત્યુ જ્યાં અટ્ટહાસ્યે"

મૃત્યુના આવાં આઘાતમાંથી શોક અને કરુણ દ્રવે છે. એમાં અટ્ટહાસ્યમાંથી કરુણ પ્રાપ્ત થાય છે. પરંતુ એમના જ બે ગુચ્છો 'શાશ્વત' માં શોકના શમનરૂપે કરુણ પછી સમાધાનની ભૂમિકામાં વિલસતા હાસ્યનો ઉલ્લેખ છે. સદ્‌ગત મિત્ર જ એક તેજપુંજ હતો અને તેની પાસેથી રવિ, શશી, તારા, વધુ પ્રકાશી લ્યે છે. પણ કરુણ ઠંડાયેલો રહેતો નથી. કવિના હૃદયમાં તો મિત્રના અવસાનની કરુણતા વ્યાપેલી છે કે આજે જ

એવો વિરોધાભાસ છે કે તમે જોઈને ગાજે હું રહું અને તું તો તારા હોઠ પર હાસ્ય બલકાવ્યા જ કરે છે ?

૧૨૩...''ગૂંથ્યું રહે શું ગાજે, વિપરિત ક્રમે વિરવૂઝ્યું ?
રહું હું ને એને વદન કરે હાસ્ય ઉજ્યું ?''

આ પંક્તિઓમાં ખેદ અને સ્મિત સાથે છે.

આમ આપણે શોકોર્મિકાવ્યોની ચમીજા વદારા કરુણરસનો આસ્વાદ અહીં પૂરો કરીએ.

P.T.O

:- કવિની સ્વાનુભૂતિ :-

સંદર્ભ ગ્રંથ - સૂચિ

ક્રમાંક	કાવ્ય	કવિ	સંદર્ભ/ગ્રંથ	પાન નં.
૧.	૬૧૬	પૂજાલાલ	પારિજાત	૧૮૮
૨.	પૂ.બાપા જ્યાં ઉછર્યા		કુમાર ગ્રંથ	૮૭
૩.	-''-	-''-	-''-	''
૪.	વાઈ વિશ્વેશ	પૂજાલાલ	વૈજયંતી	૬૬/૬૭
૫.	પૂ. પિતાજીને	પિનાકિન ઠાકોર	ગોલાપ	૩
૬.	પિતૃ-તર્પણ	-હાનાલાલ	કવિ પ્રસ્તાવિત કાવ્યો સંપાદક-ચીકુભાઈ ઠાકર	૨૬
૭.	પૂ.બેનને	પિનાકિન ઠાકોર	ગોલાપ	૫
૮.	ભેટ્જા	પિનાકિન ઠાકોર	ગોલાપ	૫
૯.	-''-	-''-	-''-	''
૧૦.	વિવર્ત લીલાનું ગાન	ન.ભો.દિવેટિયા	કાવ્ય કુસુમો	૬૫ થી ૬૭
૧૧.	-''-	-''-	-''-	-''-
૧૨.	-''-	-''-	-''-	-''-
૧૩.	૬૧૬	પૂજાલાલ	પારિજાત	૧૮૮
૧૪.	-''-	-''-	-''-	-''-
૧૫.	-''-	-''-	-''-	-''-
૧૬.	-''-	-''-	-''-	-''-
૧૭.	પૂ.નાનાને	મણિલાલ દેસાઈ	રાનેરી	૧૧
૧૮.	બા	મણિલાલ દેસાઈ	રાનેરી	૧૨
૧૯.	-''-	-''-	-''-	-''-
૨૦.	વીર જતીન્દ્રના શ્રદ્ધાંજલિ	ઝવેરચંદ મેઘાણી	બેઉ તારો	૫૭ થી ૫૯
૨૧.	-''-	-''-	-''-	-''-
૨૨.	-''-	-''-	-''-	-''-
૨૩.	સ્વામી શ્રદ્ધાનંદ	પૂજાલાલ	પારિજાત	૩૮
૨૪.	મુકતાત્મન મોતીલાલ	કે.હ.શેઠ	પ્રભાપરાગ	૧૧૫
૨૫.	-''-	-''-	-''-	-''-

૧.	૨.	૩.	૪.	૫.	૬.
૨૬.	એક બાળકીના મરણ પ્રસંગે	ન.ભો.દિવેટિયા	હૃદયવીણા	૮૨	
૨૭.	-''-	-''-	-''-	-''-	
૨૮.	સ્વપ્ન	સ્નેહરશ્મિ	ગાન્ધર્વ	૧૭૪	
૨૯.	શ્રી સંચાયેલા સંદેશા	ઓરસંદ મેઘાણી	બોલતા રો.	૬૦/૬૧	
૩૦.	અકાલ મરણ	ન.ભો.દિવેટિયા	હૃદયવીણા	૦૩	
૩૧.	કોલ	સ્નેહરશ્મિ	ગાન્ધર્વ	૧૮૦	
૩૨.	નિદ્રોષ્ઠાને નિર્મળ આંખ તારી	હરિશ્ચંદ્ર ભટ્ટ	સ્વપ્નપ્રયાણ	૦૨	
૩૩.	ટિપ્પણ	ઇ.સ.મરીણ દરજી	હરિશ્ચંદ્ર ભટ્ટના કાવ્યો	૮૧	
૩૪.	આજ નયનો રડો	મનુભાઈ	કાવ્યસૌરભ	૨૦૮	
૩૫.	પૂ.બાપા જતાં	ઉશનસ્	પ્રભાનો પ્રેમ	૬૦	
૩૬.	નિદ્રોષ્ઠા ને નિર્મળ આંખ તારી	હરિશ્ચંદ્ર ભટ્ટ	સ્વપ્ન પ્રયાણ	૦૨	
૩૭.	-''-	-''-	-''-	-''-	
૩૮.	આસ્વાદ - નિદ્રોષ્ઠા નિર્મળ આંખતારી	સુરેશ જોશી	ગુ.કવિતાનો આસ્વાદ	૩૫ થી ૩૯	
૩૯.	ટિપ્પણ નિદ્રોષ્ઠા નિર્મળ આંખ તારી	જયંત પાઠક	રે ગુ.ઊર્મિકાવ્યો	૧૩૪,૧૩૫	
૪૦.	પૂ.બાપુ જતાં૨ રાખ અને સ્મરણ	ઉશનસ્	પ્રભાનો પ્રેમ	૮૭	
૪૧.	-''-	-''-	-''-	-''-	
૪૨.	વિવર્તશીલ નું અર્પણ	ન.ભો.દિવેટિયા	કાવ્ય કુસુમો	૬૫ થી ૬૭	
૪૩.	મંગલ મંદિર	ન.ભો.દિવેટિયા	ગુ.ઊર્મિકાવ્યો	૪૮	
૪૪.	ઊર્મિકવિતા	ભોળાનાથ ભટ્ટ	ઊર્મિકવિતા	૨૩૪	
૪૫.	- ને તો થ...	ઉશનસ્	પ્રભાનો પ્રેમ	૮૬	
૪૬.	ચોગસ્ટને	સુરેશ ગણપુલ ૧૨	ગૃહીમય કાવ્ય ગુચ્છ	૧૬	
૪૭.	-''-	-''-	-''-	-''-	
૪૮.	-''-	-''-	-''-	-''-	
૪૯.	-''-	-''-	-''-	-''-	
૫૦.	ચહીઠ્ઠ ચવારી	ઇંદુ રજી ભેટારા	વિશેષાંજલિ	૭૪ થી ૮૦	

૧.	૨.	૩.	૪.	૫.	૬.
૫૧.	ધુની ધ્રુજી	બ.ક.ઠાકોર	ભાકરાર	૧૮૧	
૫૨.	-''-	-''-	-''-	-''-	
૫૩.	વિયોગ	કાન્ત	પૂર્વાલાપ	૧૩૭	
૫૪.	હું મુંજ પિતા	ઉશનસ્	નૂતની પ્રભ	૯૩	
૫૫.	દાદા	પ્રાલાલ	પારિજાત	૧૮૮	
૫૬.	-''-	-''-	-''-	-''-	
૫૭.	-''-	-''-	-''-	-''-	
૫૮.	-''-	-''-	-''-	-''-	
૫૯.	શિવાવો કવિ	મનુભાલ ઝવેરી	વિશારદ	૬૩	
૬૦.	-''-	-''-	-''-	-''-	
૬૧.	ચટીક સવારી	સુંદરજી બેટાઈ	વિવેકાંજલિ	૭૮	
૬૨.	વિધુર કુરંગ	કાન્ત	પૂર્વાલાપ	૧૩૫	
૬૩.	-''-	-''-	-''-	-''-	
૬૪.	-''-	-''-	-''-	-''-	
૬૫.	-''-	-''-	-''-	-''-	
૬૬.	પ્રસ્તાવના	ર.લિ.પાઠક	પ્રાલાપ-કાન્ત	૬૬	
૬૭.	પૂ.હેમને	પિનાકિન ઠાકોર	આલાપ	૫	
૬૮.	-''-	-''-	-''-	''	
૬૯.	ફૂલ-વિસર્જન	સુંદરજી બેટાઈ	વિવેકાંજલિ	૯૬	
૭૦.	-''-	-''-	-''-	-''-	
૭૧.	ફૂલ-વિસર્જન	સુંદરજી બેટાઈ	વિવેકાંજલિ	૯૬	
૭૨.	ટિપાઈ-ચટીક સવારી	સુંદરજી બેટાઈ	વિવેકાંજલિ	૧૯૨	
૭૩.	-''-	-''-	-''-	૮૦	
૭૪.	ચકરડું	બ.ક.ઠાકોર	ભાકરાર, ગુચ્છ-૩	૧૮૬	
૭૫.	રહે હું તે કોને	મનુભાલ ઝવેરી	સ્મૃતિ	૧૬૫	
૭૬.	-''-	-''-	-''-	-''-	
૭૭.	વીર વિઠ્ઠલભાઈ	કેશવ હ.શેઠ	મધુપર્ક પરાગ	૧૫૬	
૭૮.	-''-	-''-	-''-	-''-	
૭૯.	વિવર્ત-લીલાનું અર્પણ	ન.ભો.દિવેટિયા	કાવ્યકુસુમો	૬૫ થી ૬૭	
૮૦.	જવાબ-ચાર	બ.ક.ઠાકોર	ભાકરાર	૧૭૭	
૮૧.	ચારતી-૭	બ.ક.ઠાકોર	ભાકરાર	૧૮૦	

૧.	૨.	૩.	૪.	૫.	૬.
૮૨.	નિસ્તેજ વાડી	શુરેશા ફજલુ ૧૨	અર્વાચા કાવ્ય સંગ્રહ	૧૧૬	
૮૩.	-''-	-''-	-''-	-''-	
૮૪.	-''-	-''-	-''-	-''-	
૮૫.	ઋતીક રચનારી ભાગ-૩	સુંદરજી બેટાઇ	વિશેષાંજલિ	૭૬	
૮૬.	કોકેડીના અવસાન પર	મણિલાલ દેસાઇ	રાનેરી	૩૮	
૮૭.	'સુવાટિકા' વિભાગ-લેખ	માગજી ઓસા	મુંબઇ સમાચાર (૧૭-૬-૮૪)	૧૩	
૮૮.	-''-	-''-	-''-	-''-	
૮૯.	કાં ગયા	રમણભાઇ નિલકંઠ	ગાયની કવિતા સમુચ્ચિ	૫૭	
૯૦.	વિવરણ	બ.ક.ઠાકોર	-''-	૧૮૮	
૯૧.	અર્વાચીન કવિતા	સુંદરમ્		૨૩૦	
૯૨.	છેલ્લું દર્શન	ર.વિ.પાઠક	કાવ્યોના કાવ્યો	૩૬	
૯૩.	ઉપોદ્ઘાત	કા.ધી.જોષી ઠાકર	કુરુક્ષ પ્રશસ્તિ કાવ્યો	૨૨	
૯૪.	સદ્ગત ચંદ્રવદનને	સુંદરજી બેટાઇ	કાવ્યાંજલિ	૩૯	
૯૫.	છેલ્લું દર્શન	ર.વિ. પાઠક	કાવ્યોના કાવ્યો	૩૬	
૯૬.	અભિપ્રાય લેખ	વિજ્યુ પ્રસાદ ત્રિવેદી	વિશેષાંજલિ	પૃષ્ઠ છેલ્લું	
૯૭.	ઋતીક રચનારી	સુંદરજી બેટાઇ	વિશેષાંજલિ	૭૫,૭૬	
૯૮.	વદાય	મણિલાલ પારેખ	પારેખ શ્રીધરાણીના કાવ્યો	૩૧	
૯૯.	ઊર્મિકવિતા	શંકર ઓંકર ભટ્ટ	ઊર્મિકવિતા	૧૯૩	
૧૦૦.	વિપ્રયોગ	કાન્ત	પ્રલાપ	૧૩૭	
૧૦૧.	વિધુરકુરંગ	કાન્ત	પ્રલાપ	૧૩૫,૧૩૬	
૧૦૨.	પ્રમાદી નાવિક	કાન્ત	પ્રલાપ	૧૩૪	
૧૦૩.	ઉપોદ્ઘાત	ર.વિ.પાઠક	પ્રલાપ	૨૧	
૧૦૪.	કોકિલ [illegible] વિલાપ	બ.ક.ઠાકોર	ભાકાર	૧૬૬,૧૬૭	
૧૦૫.	જાગરણ	-''-	-''-	૧૮૫	
૧૦૬.	મધુર મંજુલી ઋપતા	બ.ક.ઠાકોર	ભાકાર	૧૮૬	
૧૦૭.	-''-	-''-	-''-	-''-	
૧૦૮.	[illegible] ચાલ્યું વિરહ્યું	-''-	-''-	૧૮૩	
૧૦૯.	ઊર્મિકવિતા	શંકર ઓંકર ભટ્ટ	ઊર્મિકવિતા	૨૨૨	
૧૧૦.	ચારણી	-''-	-''-	૧૭૮	

૧.	૨.	૩.	૪.	૫.	૬.
૧૧૧.	અર્વાચીન કવિતા	સુંદરમ્		૩૫૪	
૧૧૨.	હું જતાં	બાલમુકુંદ ૠ દવે	પરિક્ષા	૧૦૫	
૧૧૩.	ગાંધીજીને ૠ માંગ્યું રાજ્યાટ	ઉશનસ્	ગાદી	૬૪	
૧૧૪.	જયંતી હાલની પ્રથમ પુણ્યતી થિમ	મણિલ નલિન રાવળ	પ્રકાશ	૮૩	
૧૧૫.	મંત્રિ હું રાંધ્યટે	ઉશનસ્	ગાદી	૬૪	
૧૧૬.	-''-	-''-	-''-	-''-	
૧૧૭.	રડી ન મુજ	ઉમાશંકર જોશી	કાવ્યસૌરભ	૨૧૬	
૧૧૮.	બાનો ચાળાલ	શિવલાલ શાસ્ત્રી	મોનપરે	૫૦ થી ૫૧	
૧૧૯.	દાદા	પુંજાલાલ	પદ્મિજાત	૧૮૮	
૧૨૦.	બાનો ફોટોગ્રાફ	સુંદરમ્	કાવ્ય પરિચય	૨૦૦, ૨૦૧	
૧૨૧.	-''-	-''-	-''-	૨૦૦, ૨૦૧	
૧૨૨.	દિલાસા	સ્નેહરશ્મિ	અર્ઘ	૧૭૬	
૧૨૩.	શાશ્વત	સ્નેહરશ્મિ	અર્ઘ	૧૮૧	

-૦- : અનુસંધાન માટે જુઓ
ભાગ : ૩.

P.T.O.

kalpataru's